સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 9

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ફાલ્ગુન સુદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૨ માર્ચ, ૨૦૨૫, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૯ થી ૧૫

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**વાઈટ હાઉસ બન્યું ફાઈટ હાઉસ** | **ખનિજને લગતા કરાર ન થયા** | **સંયુક્ત પત્રકાર પરિષદ રદ**

# ઝેલેન્સ્કીની જીહજૂરી કરવાની સાફ ના, ટ્રમ્પ તાડૂક્યા: ત્રીજા વિશ્વ યુદ્ધના ભણકારા?

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ઉપપ્રમુખ જે. ડી. વેન્સની સાથે વાઇટ હાઉસમાંની ઓવલ ઑફિસ ખાતે ઉગ્ર બોલાચાલી બાદ સ્વદેશ જવા રવાના થયા હતા.

તેમણે રશિયા સાથેના યુદ્ધમાં યુક્રેનને સહાય કરવા બદલ અમેરિકા અને ડોનલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો હતો.

ટ્રમ્પે શુક્રવારે ઓવલ ઑફિસ ખાતે ઝેલેન્સ્કીને મોટા અવાજે જણાવ્યું હતું કે તમે (રશિયા સાથે) યુદ્ધ કરીને લાખો લોકોના જાન જોખમમાં મૂક્યા છે અને આ લડાઇથી ત્રીજા વિશ્વયુદ્ધનો ભય ઊભો થયો છે.

ટ્રમ્પ અને વેન્સે યુક્રેનના પ્રમુખ પર આક્ષેપ કર્યો હતો કે તમને યુદ્ધમાં અમેરિકા વર્ષોથી સહાય કરી રહ્યું છે અને ટેકો આપી રહ્યું છે, તેમ છતાં તમે ક્યારેય આભાર નથી માન્યો. તમે રશિયા સાથે યુદ્ધ બંધ કરાવવા માટેની શાંતિ મંત્રણામાં પણ યોગ્ય પ્રતિભાવ નથી આપતા.

યુક્રેનના પ્રમુખ ગુસ્સે થઇને અમેરિકા સાથે ખનિજને લગતા કરાર પર સહી કર્યા વિના વાઇટ હાઉસમાંથી ઉતાવળે નીકળી ગયા હતા.

ઝેલેન્સ્કીએ વાઇટ હાઉસમાંથી નીકળ્યા બાદ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે હું અમેરિકાનો આભાર માનું છું. અમેરિકાએ અમને આપેલા ટેકા બદલ થેન્ક યૂ. આ મિટિંગ બદલ થેન્ક યૂ. અમે અમેરિકાના પ્રમુખ, કૉંગ્રેસ અને અમેરિકાના લોકોના આભારી છીએ. યુક્રેન શાંતિ ઇચ્છે છે અને તેના માટે કાર્ય કરી રહ્યું છે.

ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે વાઇટ હાઉસના ઇસ્ટ રૂમ ખાતે યોજાનારી સંયુક્ત પત્રકાર પરિષદ ઓવલ ઑફિસમાંની ઉગ્ર બોલાચાલીને પગલે રદ કરાઇ હતી.

વાઇટ હાઉસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમેરિકા અને યુક્રેનની વચ્ચે ખનિજને લગતો કરાર થવાનો હતો, પરંતુ તે આ ઘટના બાદ નહોતો થયો.

ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ સાથેની મિટિંગમાં જણાવ્યું હતું કે યુક્રેનમાં ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થઇ શકે છે અને તે ઇઝરાયલમાં અને એશિયામાં ફેલાઇને અન્ય દેશોમાં પણ વિસ્ફોટક સ્થિતિ સર્જી શકે છે. (એજન્સી)

## ટ્રમ્પ સાથેની ઉગ્ર બેઠક બાદ યુરોપના નેતાઓનો યુક્રેનને ટેકો

બર્લિનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથેની ઉગ્ર બેઠક બાદ યુરોપિયન દેશના નેતાઓએ શુક્રવારે મોડી રાત્રે યુક્રેનને ટેકો જાહેર કર્યો હતો.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ, ઉપપ્રમુખ જે. ડી. વાન્સ અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ આ બેઠકમાં ભાગ લીધો હતો. બે અઠવાડિયા અગાઉ વાન્સે મ્યુનિક સિક્યોરિટી કૉન્ફરન્સમાં આપેલા ભાષણથી યુરોપના નેતાઓ હચમચી ગયા હતા. આ ભાષણમાં વાન્સે યુરોપિયન દેશના નેતાઓને તેમની લોકશાહીની પરિસ્થિતિ અંગે પ્રવચન આપ્યું હતું. વિવિધ દેશના પ્રમુખ અને વડા પ્રધાનોએ સુરક્ષાની ચર્ચા માટે તાકીદે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી.

યુકેના વડા પ્રધાન કેર સ્ટાર્મરે રવિવારે લંડનમાં વધુ એક મહાબેઠકનું આયોજન કર્યું છે. યુક્રેન તેમ

(જુઓ પાનું ૨) ▸▸




## વિરાટ આજે અનોખો વર્લ્ડ રેકૉર્ડ પોતાના નામે કરશે!

**૩૦૦ વન-ડે, ૧૦૦ ટેસ્ટ**

**૧૦૦ ટી-૨૦ રમનારો વિશ્વનો પહેલો જ ખેલાડી બનશે**

દુબઈઃ વિરાટ કોહલી આજે (બપોરે ૨.૩૦ વાગ્યાથી) દુબઈમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ચૅમ્પિયન્સ ટ્રોફીની મૅચમાં રમવા મેદાન પર ઊતરશે એટલે ક્રિકેટજગતમાં તે નવો ઇતિહાસ સર્જશે તેમ જ મોટો વિશ્વવિક્રમ પોતાના નામે કરી લેશે.

વાત એવી છે કે વિરાટ આવતી કાલે ૩૦૦મી વન-ડે રમશે. એ સાથે તે ૩૦૦ વન-ડે ઉપરાંત ૧૦૦ ટેસ્ટ અને ૧૦૦ ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ રમનારો દુનિયાનો પહેલો જ ખેલાડી બની જશે.

ગ્રૂપ 'બી'માંથી ભારત અને ન્યૂ ઝીલૅન્ડ, બન્ને ટીમ સેમિ ફાઇનલ માટે ક્વૉલિફાય થઈ ગયા છે. એ જોતાં, રવિવારની તેમની વચ્ચેની મૅચ અનૌપચારિક બની રહેશે, પરંતુ પોતપોતાની સેમિ ફાઇનલ પહેલાં બન્ને ટીમને સારી મૅચ-પ્રૅક્ટિસ પણ થઈ કહેવાશે. ચોથી માર્ચની દુબઈ ખાતેની પ્રથમ સેમિ ફાઇનલમાં ભારત તો રમશે જ એ નક્કી થઈ ગયું છે.

વિરાટની વાત પર પાછા આવીએ તો તે અત્યાર સુધીમાં ૧૨૩ ટેસ્ટ અને ૧૨૫ ટી-૨૦ ઇન્ટરનૅશનલ ઉપરાંત ૨૯૯ વન-ડે રમ્યો છે. આજે તે રમશે તો એ તેની ૩૦૦મી વન-ડે

(જુઓ પાનું ૨) ▸▸



**ભૂસ્ખલનઃ**
જમ્મુ અને કાશ્મીરના રામબનમાં મેહરની નજીક ભેખડો ધસી પડતા રસ્તાને થયેલું નુકસાન. જમ્મુ - શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ કામચલાઉ બંધ કરી દેવો પડ્યો હતો. (પીટીઆઇ)

## ગુજરાત સહિત સમગ્ર દેશમાં ગરમીનો પારો ચડ્યોઃ ફેબ્રુઆરીમાં તૂટ્યો ૧૨૫ વર્ષનો રેકોર્ડ

અમદાવાદઃ ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણમાં બદલાવ આવ્યો છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં પડેલી ગરમીએ ૧૨૫ વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો. ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં સરેરાશ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસથી પણ વધારે રહ્યું હતું. જેના કારણે ૧૯૦૧ બાદ આ વર્ષે ફેબ્રુઆરી મહિનો સૌથી ગરમ રહ્યો હતો. ફેબ્રુઆરી મહિનાથી જ ગુજરાતમાં તાપમાન સતત વધી રહ્યું છે. છેલ્લા અઠવાડિયામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૪-૫ ડિગ્રી વધુ નોંધાયું છે ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ માર્ચ, એપ્રિલ અને મે મહિના દરમિયાન તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શકયતાઓ છે. ખાસ કરીને માર્ચના બીજા સપ્તાહથી ૪૨ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચે એવી શક્યતા છે.

ભારતીય હવામાન વિભાગ મુજબ, માર્ચ મહિનામાં જ રાજ્યમાં મે મહિના જેવી અકળાવનારી ગરમીનો અનુભવ થશે. વર્ષ ૨૦૨૫માં અસહનીય ગરમી પડશે. આ વર્ષે તાપમાન સામાન્ય કરતાં ત્રણ થી ચાર ડિગ્રી વધારે નોંધાશે. માર્ચમાં જ હિટવેવ જોવા મળશે અને ત્રીજા-ચોથા સપ્તાહમાં મળીને પાંચેક દિવસ હિટવેવ રહેશે.

સામાન્ય રીતે ઉનાળા દરમિયાન ગુજરાતમાં હિટવેવના બે થી છ દિવસ હોય છે. તેમ જ માર્ચ મહિના દરમિયાન અડધા દિવસથી લઇ બે દિવસ હિટવેવના રહેતાં હોય છે. રાજ્યમાં ઉનાળામાં ૩૫ થી લઇ ૭૫ ટકા સુધી સામાન્યથી વધુ ગરમી

(જુઓ પાનું ૨) ▸▸

## ઉત્તરાખંડ હિમપ્રપાતમાં ૪૬ કામદારને સુરક્ષિત બહાર કઢાયાઃ ચારનાં મોત, પાંચ લાપતા

નવી દિલ્હી : ભારત-ચીન સરહદ પર ઉત્તરાખંડના સરહદી જિલ્લા ચમોલીમાં શુક્રવારે થયેલા પ્રચંડ હિમપ્રપાતથી ઘણા કામદારોના જીવ જોખમમાં મુકાયા હતા. આ અકસ્માત માણા નજીક થયો હતો. જ્યાં બાંધકામ કાર્યમાં રોકાયેલા કામદારો બરફના તોફાનમાં ફસાઈ ગયા હતા. વહીવટીતંત્ર અને બચાવ ટીમોએ તાત્કાલિક રાહત કામગીરી શરૂ કરી દીધી હતી. જેમાં બચાવ ટીમોએ અત્યાર સુધીમાં ૪૬ કામદારોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે, જ્યારે ચાર કામદારોના મોત થયા છે. પાંચ કામદારો હજુ પણ લાપતા છે અને તેમને શોધવા માટે બચાવ કામગીરી ચાલુ છે.

હિમપ્રપાતને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે હવાઈ પટ્ટીને એલર્ટ મોડ પર રાખી છે. બચાવ અને રાહત કાર્ય માટે પોલીસ, આરોગ્ય વિભાગ,

(જુઓ પાનું ૨) ▸▸



**બચાવ કામગીરીઃ**
ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માણા ખાતે હિમપ્રપાતમાં ફસાયેલા લોકોને બચાવીને હેલિકૉપ્ટરની મદદથી જોશીમઠ લઇ જવાની ચાલતી કામગીરી. (પીટીઆઇ)

## ફેબ્રુઆરીમાં જીએસટી કલેક્શનમાં ૯.૧ ટકાનો વધારો

નવી દિલ્હીઃ ફેબ્રુઆરીમાં જીએસટી કલેક્શન ૯.૧ ટકા વધીને રૂ. ૧.૮૪ લાખ કરોડ થયું હતું. આ બાબત સ્થાનિક વપરાશમાં થયેલા વધારા અને અર્થતંત્રમાં સુધારાના સંકેત આપે છે, એમ સત્તાવાર બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

ફેબ્રુઆરીમાં સેન્ટ્રલ જીએસટીનું કલેક્શન વધીને રૂ. ૩૫,૨૦૪ કરોડ, સ્ટેટ જીએસટીનું કલેક્શન વધીને રૂ. ૪૩,૭૦૪ કરોડ, ઈન્ટિગ્રેટેડ જીએસટીનું કલેક્શન વધીને રૂ. ૯૦,૮૭૦ કરોડ અને કમ્પોઝીશન સેસનું કલેક્શન વધીને રૂ. ૧૩,૮૬૮ કરોડ થયું હતું.

ફેબ્રુઆરીમાં સ્થાનિક ટ્રાન્ઝેક્શન મારફતે જીએસટીની આવક ૧૦.૨ ટકા વધીને રૂ. ૧.૪૨ લાખ કરોડ થઈ હતી અને આયાતમાં જોવા મળેલા ૫.૪ ટકાના વધારા મારફતે રૂ. ૪૧,૭૦૨ કરોડની આવક થઈ હતી.

ફેબ્રુઆરીમાં કુલ રૂ. ૨૦,૮૮૯ કરોડનું રિફંડ આપવામાં આવ્યું હતું, જે અગાઉના વર્ષની સરખામણીએ ૧૭.૩ ટકાનો વધારો સૂચવે છે.

ફેબ્રુઆરી ૨૦૨૫માં જીએસટીની એકંદરે આવક વધીને રૂ. ૧.૬૩ લાખ કરોડ થઈ હતી. ફેબ્રુઆરી ૨૦૨૪માં જીએસટીની ગ્રોસ અને નૅટ આવક અનુક્રમે રૂ. ૧.૬૮ લાખ કરોડ અને રૂ. ૧.૫૦ લાખ કરોડ રહી હતી.

આયાત સંબંધિત જીએસટીની આવકની સરખામણીએ સ્થાનિક જીએસટીની આવકમાં સતત જોવા મળી રહેલો વધારો આત્મનિર્ભર ભારતના અસરકારક અમલ તરફ અંગૂલીનિર્દેશ કરે છે. તાજેતરમાં જ પૂરા થયેલા મહાકુંભને ધ્યાનમાં લેતાં આવતા મહિને જીએસટીની આવકમાં વધુ વધારો જોવા મળે તેવી શક્યતા છે. (એજન્સી)

## પંજાબમાં ડ્રગ્સના દૂષણ વિરુદ્ધ સરકારની મોટી કાર્યવાહીઃ ૧૨ હજાર પોલીસકર્મી, ૭૫૦ જેટલા સ્થળોએ દરોડા

ચંદીગઢઃ પંજાબમાં ડ્રગ માફિયાઓ સામે રાજ્ય સરકારે મોટી પોલીસ કાર્યવાહીનો પ્રારંભ કર્યો છે. ભગવંત માન સરકારે રાજ્યમાં 'ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ' અભિયાનનો પ્રારંભ કર્યો છે.

તે અંતર્ગત પોલીસે શનિવારે ૭૫૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. પંજાબ પોલીસના ૧૨ હજારથી વધુ અધિકારીઓ આ કામગીરીમાં જોડાયા હતા. પંજાબના ભટિંડા, ફિરોઝપુર, રોપર, પટિયાલા, જલંધર, મોહાલી અને હોશિયારપુર વગેરે સ્થળોએ દરોડા પાડયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર મુખ્ય પ્રધાન ભગવંત સિંહ માન દ્વારા પોલીસ અધિકારીઓને ત્રણ મહિનામાં રાજ્યને ડ્રગ્સ મુક્ત બનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. ત્યારબાદ પંજાબ પોલીસે શનિવારે 'ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ' અભિયાનના ભાગ રૂપે રાજ્યભરમાં ડ્રગ્સ

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતીય ઉત્પાદનો વૈશ્વિક બની રહ્યા છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભારપૂર્વક કહ્યું હતું કે 'વોકલ ફૉર લોકલ' ઝુંબેશનાં ફળ મળી રહ્યાં છે અને ભારતીય ઉત્પાદનો હવે વૈશ્વિક બની રહ્યા છે.

આખું વિશ્વ ભારતીય ઉત્પાદનોની નોંધ લઈ રહ્યું છે અને વિશ્વભરમાં તેની હાજરી વર્તાઈ રહી છે, એમ તેમણે કહ્યું હતું.

એક પરિષદને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે દાયકાઓ સુધી વિશ્વ ભારતીય ઉત્પાદનોની નોંધ નહોતું લેતું, પરંતુ હવે ભારત વૈશ્વિક ફેક્ટરી તરીકે ઊભરી રહ્યું છે.

હવે ભારત માત્ર 'વર્કફૉર્સ' નથી 'વર્લ્ડ ફૉર્સ' છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે હવે ભારત સેમીકન્ડક્ટર્સ, માલવાહક વિમાનોનું ઉત્પાદન કરવા માટે તેમ જ મખના, બાજરી અને જુવાર જેવા સુપરફૂડ્સ

(જુઓ પાનું ૨) ▸▸



**સફાઈઃ**
જમ્મુ અને કાશ્મીરના મહોર ગૂલ રોડ ખાતે બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચાલતી બરફને રસ્તા પરથી દૂર કરવાની કામગીરી. (પીટીઆઇ)

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨-૩-૨૦૨૫ થી તા. ૮-૩-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુન રાશિમાં મંદ ગતિએ, મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ મીન રાશિમાં મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. મિશ્ર ગતિએ શુક્ર મીન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મીન રાશિમાં રહે છે. તા. ૩જીએ મેષ, તા. પમીએ વૃષભ, તા. ૭મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સાહસ, અનુભવ આવડત દ્વારા ટ્રેડિંગ સફળ બનાવી શકશો. નોકરી માટે તા. ૫, ૬, ૭ શુભ જણાય છે. ભાગીદારીના મતભેદોમાં સાવધાની રાખવી જરૂરી છે. વેપાર, વ્યવસાય કારોબારના મિત્રો, ઉપયોગી થાય, પરંતુ પરિવર્તનો પણ અપનાવવા પડે તેમ છે. નાણા વ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવીન પ્રવૃત્તિઓના પ્રારંભ માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં મિત્રો સાથેના વ્યવહારમાં સાવધાની રાખવી જરૂરી છે. બેધ્યાનપણું આવે તેમ છે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ થાય. નોકરી માટે તા. ૫, ૭, ૮ શુભ જણાય છે. જૂનાં વેપારના નાણાંના વસૂલીના કામકાજ સફળ નીવડશે. વ્યવસાયના જૂનાં સંબંધો જાળવી રાખવા માટે વ્યવહારું વલણ દાખવવું જરૂરી જણાય છે. કામકાજના નિર્ણયો લેવા માટે દ્વિધા રહેશે. મોટા નાણારોકાણના પ્રયત્નો ટાળવા જરૂરી છે. મહિલાઓને પરિવારના સ્વજનોથી સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૃઢ મનોબળ, નિર્ણયશક્તિ, કાર્યદક્ષતા, એકાગ્રતા ઉપયોગી રહેશે. તા. ૩, ૪, ૮ના નોકરીના કામકાજમાં સફળતા મેળવશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ સફળ થશે. નાણાઆવક જળવાશે, પરંતુ મોટા જોખમવાળા કામકાજથી દૂર રહેવું જરૂરી છે. કોર્ટ પ્રશ્નોનો ઉકેલ આવશે. મહિલાઓના નોકરીના કામકાજ નિત્યરૂપે જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ થતાં જણાશે. તા. ૩, ૪ના કામકાજ સફળ બની રહેશે. પ્રવાસ દ્વારા વેપારના કામકાજ પણ પૂર્ણ કરી શકશો. મહિલાઓનો તીર્થપ્રવાસ સફળ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવીન કામકાજ પ્રારંભવા માટે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સટ્ટો, વાયદાના વેપાર, દૈનિક વેપાર, સફળ રહેશે. જૂનાં અનુભવો મુજબ નવું રોકાણ થઈ શકશે. તા. ૩, ૫, ૬ના નોકરીના કામકાજ યશસ્વી બની રહેશે. જીવનસાથીનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થાય. વેપારની નાણાઆવક વધશે. ગૃહિણીઓને પડોશ મિત્રોના મતભેદોમાં રાહત જણાશે. મહિલાઓના કારોબારમાં પ્રગતિ જણાશે. નાણાવ્યવસ્થા વધુ સક્ષમ બની રહેશે. વિદ્યાર્થીઓને શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થાય.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી થશે. જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરી માટે તા. ૨, ૬, ૭ શુભ જણાય છે. નોકરીના અધિકારી જૂના કામકાજ પૂર્ણ કરવા માટે મદદરૂપ બનશે. વેપારમાં મિત્રોનો ઉમેરો થશે. વેપાર વધશે. નાણાંની આવક પણ જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબના સદસ્યોથી સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓના ધાર્યા મુજબના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૩, ૪, ૮ના નિર્ણયો સફળ બની રહેશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પણ સંપન્ન થશે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી થાય. વેપારના હરીફો સામે વિજયી નીવડશો. અકારણ નાણાખર્ચ ટાળી શકશો. મદદનીશ મેળવશો. મહિલાઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના શાળા–કોલેજના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સમગ્ર સપ્તાહમાં અત્યંત પ્રવૃત્તિમય રહેશો. ટ્રેડિંગની આવક લાભદાયી પુરવાર થશે. તા. ૩, ૪, ૬, ૭ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. નવા વ્યવસાયના મિત્રો, ભાગીદાર મેળવશો. વેપારની કારોબારની નાણાઆવક જળવાશે. મિલકતની ખરીદી પણ શક્ય જણાય છે. કામકાજ માટે સગવડતાના સાધનો મેળવશો. મહિલાઓને નોકરીની પ્રવૃત્તિમાં યશ પ્રાપ્તિ થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં શ્રેષ્ઠ દેખાવ કરી શકશો. તેજીનો વેપાર પણ લાભદાયી બનશે. નોકરી માટે તા. ૪, ૫, ૭ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં સંપ અને સુલેહ જળવાઈ રહેશે. નવા પ્રોજેક્ટનો પ્રારંભ પણ સફળ બની રહેશે. સરકારી અધિકારીઓનો સહયોગ મેળવશો. પ્રવાસ, પર્યટન સફળ બનશે. મહિલાઓના નોકરીના કામકાજ નિયમિત થતાં જણાશે. વિદ્યાર્થીઓના અધ્યયનના કામકાજ સફળ રહેશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માહિતી, જ્ઞાન, કાર્યપદ્ધતિનું શિક્ષણ પણ મેળવશો. નવું રોકાણ પણ શક્ય જણાય છે. ભાઈ–બહેનોના મતભેદોનો ઉકેલ આવશે. કારોબારની નાણાઆવક જળવાશે. પ્રવાસ દ્વારા કોર્ટ–કાનૂની સવાલોનો ઉકેલ આવશે. જૂનાં નાણાંની ઉઘરાણીની વસૂલી થાય. પ્રવાસ દ્વારા મહિલાઓના કૌટુંબિક કામકાજ પણ પૂર્ણ થશે. તીર્થયાત્રા પણ સંપન્ન થશે. વિદ્યાર્થીઓને અધ્યયનના સાધનો, શૈક્ષણિક માર્ગદર્શન ઈત્યાદિ પ્રાપ્ત થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ થશે. બ્રોકરેજની આવકમાં વધારો થશે. કારોબાર માટે જરૂરી સગવડતાના સાધનો, વ્યવસ્થાઓ સંપન્ન થશે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી થાય. અર્થવ્યવસ્થામાં સુધારો કરાવનાર ગોચરફળ જણાય છે. એથી નવી પ્રવૃત્તિઓમાં પ્રગતિ જણાશે. મહિલાઓના આ સપ્તાહના નોકરીના કામકાજમાં પ્રગતિ રહેશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ પણ નિયમિત જળવાઈ રહેશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીનો વેપાર લાભદાયી થશે. દૈનિક સાપ્તાહિક વેપાર પણ સફળ બની રહેશે. તા. ૫, ૬, ૭ના કામકાજમાં પ્રગતિ જળવાઈ રહેશે. નવીન કાર્યપદ્ધતિનો ઉપયોગ નોકરીમાં સફળ બની રહેશે. અધિકારી પણ પ્રોત્સાહન માટે નિમિત્ત બનશે. વેપારના કામકાજમાં સફળતા છે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓના સાંસારિક કામકાજ સફળ બની રહેશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને અધ્યયન માટે સાધન સામગ્રી પ્રાપ્ત થાય. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૨-૩-૨૦૨૫,પંચક

ભારતીય દિનાંક ૧૧, માહે ફાગણ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ–૩
જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ–૩
પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧લો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૩જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સવારે ક. ૦૮–૫૮ સુધી, પછી રેવતી મધ્યરાત્રિ પછી ક. ૩૦–૩૮ સુધી (તા. ૩જી), પછી અશ્વિની. ચંદ્ર મીનમાં,ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૧, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતીઃ બપોરે ક. ૧૩–૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૪૯ (તા.૩)
ઓટઃ સવારે ક.૦૭–૨૬ ,રાત્રે ક. ૧૯–૩૯
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, ફાગણ શુક્લ – તૃતીયા. મુસ્લિમ ૯મો રમજાન માસારંભ, પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૩૦–૪૦.શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ –લક્ષ્મી પૂજા, લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, વિદ્યાર્થીઓએ બ્રહ્માજીનું પૂજન, ભગવાન સૂર્યનારાયણ, ગાયત્રી જાપ, પૂજા, યજ્ઞ, બુધ–ગુરુ ગ્રહ દેવતાનું પૂજન, ધ્રૂવ દેવતાનું પૂજન, અહિરબુધ્ન્ય દેવતાનું પૂજન, અગાઉ વાસ્તુ પૂજા થયેલ ઘરમાં રહેવા જવું. રાજ્યાભિષેક, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, ધજા, કળશ, પતાકા ચઢાવવી, સર્વશાંતિ–શાંતિ પૌષ્ટિક પૂજા, સીમંત સંસ્કાર, નામ કરણ. દેવદર્શન, અન્ન પ્રાશન, નવાં વસ્ત્રો–આભૂષણ, માલ લેવો, નવી નોકરી, દુકાન, વેપાર, ખેતીવાડી, પશુ –લે વેચ, નિત્ય થતાં ઘર, જમીન, મકાન, ખેતર, મિલકતનાં લેવડ દેવડ. ધાન્ય વેચવું, ધાન્ય ભરવું, વૃક્ષ વાવવાં, આંબો વાવવો, લીંમડો વાવવો, પરગામ પ્રયાણ. પરદેશનું પસ્તાનું. હજામત, બી વાવવું, ખેતીવાડી, બગીચો બનાવવો, નવી તિજોરીની સ્થાપના, પૂષાદેવતાનું પૂજન, વાહન, યક્ષરાજ કુબેર દેવતાનું પૂજન.

આચમનઃ ચંદ્ર–શુક્ર યુતિ સાહિત્યમાં રુચિ, બુધ–રાહુ યુતિ ભાષામાં કટુતા આવે, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ વિવાદ કરવાવાળો સ્વભાવ, બુધ–નેપ્ચૂન યુતિ સૂક્ષ્મ દ્રષ્ટિવાળા, સૂર્ય–ગુરુ ચતુષ્કોણ દંભી સ્વભાવ,ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર યુતિ, બુધ–રાહુ યુતિ, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ, બુધ–નેપ્ચૂન યુતિ, સૂર્ય–ગુરુ ચતુષ્કોણ.શુક્ર સ્થંભી થઇ વક્રી થશે.ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે.ગોચરગ્રહોઃગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, માર્ગી મંગળ–મિથુન, બુધ–કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨-૩-૨૦૨૫ થી તા. ૮-૩-૨૦૨૫

રવિવાર, ફાગણ સુદ–૩, વિ. સં. ૨૦૮૧, તા. ૨ માર્ચ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સવારે ક. ૦૮–૫૮ સુધી, પછી રેવતી મધ્યરાત્રિ પછી ક. ૩૦–૩૮ સુધી (તા. ૩જી), પછી અશ્વિની. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. મુસ્લિમ ૯મો રમજાન માસારંભ, પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૩૦–૩૮. લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

સોમવાર, ફાગણ સુદ–૪, તા. ૩જી નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૮–૨૯, પછી ભરણી. ચંદ્ર મીનમાં સવારે ક. ૦૬–૩૮ સુધી પછી મેષ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, સંત ચતુર્થી (ઓરિસ્સા), ભદ્રા સવારે ક. ૦૭–૩૦ થી ૧૮–૦૨. લગ્ન, સામાન્ય દિવસ.

મંગળવાર, ફાગણ સુદ–૫, તા. ૪થી, નક્ષત્ર ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૬–૩૭ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. સૂર્ય પૂર્વાભાદ્રપદામાં સાંજે ક. ૧૮–૪૧. સામાન્ય દિવસ.

બુધવાર, ફાગણ સુદ–૬, તા. ૫મી, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૦૭ સુધી (તા.૬ઠ્ઠી), પછી રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૦૮–૧૨ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. આચાર્ય સુંદર સાહેબની પુણ્યતિથિ (સચ્ચિદાનંદ સંપ્રદાય), ગોરુપિણી ષષ્ઠી (બંગાળ). શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, ફાગણ સુદ–૭, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર રોહિણી મધ્યરાત્રે ક. ૨૪–૦૬ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. હોળાષ્ટક પ્રારંભ ક. ૧૦–૫૦ (હોળાષ્ટક તા. ૧૪ બપોરે ક. ૧૨–૨૪ સુધી, હોળાષ્ટકમાં લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, ઉપનયન આદિ સાંસારિક, માંગલિક કાર્ય વર્જ્ય છે.), ભદ્રા ક. ૧૦–૫૦ થી ૨–૦૦. શુભ દિવસ.

શુક્રવાર, ફાગણ સુદ–૮, તા. ૭મી, નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૩–૩૧ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સવારે ક. ૧૧–૪૪ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, શ્રી હરિનવમી, શુભ દિવસ.

શનિવાર, ફાગણ સુદ–૯, તા. ૮મી, નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૩–૨૮ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ જયંતી. શુભ કાર્ય વર્જ્ય છે. ■

# અમિત શાહે સુરક્ષાદળોને મણિપુરના તમામ રસ્તાઓ પર લોકોની મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે સુરક્ષાદળોને આઠ માર્ચથી મણિપુરના તમામ રસ્તાઓ પર લોકોની મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

મણિપુરની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરવા માટેની એક બેઠકની અધ્યક્ષતામાં એમણે કહ્યું કે રસ્તાઓ પર અવરોધો ઊભા કરનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

મે ૨૦૨૩થી વંશીય હિંસાગ્રસ્ત આ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યા પછી આ પ્રકારની પ્રથમ બેઠક યોજાઈ હતી. હિંસામાં ૨૫૦થી વધુ લોકોએ પોતાનું જીવ ગુમાવ્યું છે.

‘‘ગૃહપ્રધાને મણિપુરમાં સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરી હતી. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની એકંદર સ્થિતિ પર એમને વિગતવાર માહિતી આપવામાં આવી હતી,’’ એમ સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્યપાલ અજય કુમાર ભલ્લા, સેના, અર્ધલશ્કરી દળો અને મણિપુર સરકારના ઉચ્ચ અધિકારીઓએ બેઠકમાં હાજરી આપી હતી.

એન બિરેન સિંહે મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપ્યા બાદ ૧૩ ફેબ્રુઆરીએ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું.

૨૦૨૭ સુધીનો કાર્યકાળ ધરાવતી રાજ્ય વિધાનસભાને સસ્પેન્ડેડ એનિમેશન હેઠળ મૂકવામાં આવી છે.

ગવર્નર દ્વારા ૨૦ ફેબ્રુઆરીના રોજ ગેરકાયદેસર અને લૂંટાયેલાં હથિયારો ધરાવનાર દરેકને આત્મસમર્પણ માટે આપવામાં આવેલા અલ્ટીમેટમ પછી સુરક્ષા સમીક્ષા યોજાઈ હતી.

સાત દિવસના સમયગાળા દરમિયાન, ૩૦૦થી વધુ શસ્ત્રો લોકો દ્વારા, મુખ્યત્વે ખીણના જિલ્લાઓમાં સમર્પણ કરવામાં આવ્યા હતા. તેમાં મીતેઈ કટ્ટરપંથી જૂથ અરામબાઈ ટેન્ગોલ દ્વારા સમર્પણ કરાયેલાં ૨૪૬ હથિયારનો સમાવેશ થાય છે.

પહાડી અને ખીણ વિસ્તારના લોકો દ્વારા વધારાના સમયની માગણીને પગલે ગવર્નરે શુક્રવારે લૂંટાયેલા અને ગેરકાયદેસર હથિયારોના શરણાગતિની સમયમર્યાદા ૬ માર્ચે સાંજે ૪ વાગ્યા સુધી લંબાવી હતી. લગભગ ૨૨ મહિના પહેલા શરૂ થયેલી વંશીય હિંસાના પ્રારંભિક તબક્કા દરમિયાન મણિપુરમાં વિવિધ સ્થળોએ પોલીસ પાસેથી હજારો હથિયારો લૂંટવામાં આવ્યાં હતાં.




**પ્રવચનઃ** દિલ્હીમાં શનિવારે યોજાયેલા ‘એનએક્સટી કૉન્ક્લેવ’ને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

# અંગ્રેજીને અમેરિકાની સત્તાવાર ભાષા બનાવાશે

## સ્પેનિશ અને અન્ય ભાષા બોલનારા નારાજ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અંગ્રેજીને અમેરિકાની સત્તાવાર ભાષા બનાવવા હિલચાલ શરૂ કરી છે અને તેને લીધે સ્પેનિશ તેમ જ અન્ય કેટલીક ભાષા બોલનારા અમેરિકાના લોકો નારાજ થયા હોવાનું કહેવાય છે.

ડોનલ્ડ ટ્રમ્પ અંગ્રેજીને અમેરિકાની સત્તાવાર ભાષા જાહેર કરતા જાહેરનામા પર શુક્રવારે સહી કરવાના હતા, પરંતુ વાઇટ હાઉસે આ સંબંધમાં મોડી રાત સુધી કોઇ જાહેરાત નહોતી કરી.

આમ છતાં, અમેરિકા સરકારની એજન્સીઓ અને સરકારી ભંડોળ મેળવતાં સંગઠનો પોતાના દસ્તાવેજો અને સેવા અંગ્રેજી સિવાયની ભાષામાં ચાલુ રાખવી છે કે નહિ, તે અંગે નિર્ણય લઇ શકશે. અગાઉ, ભૂતપૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટને પોતાના શાસનકાળમાં અમેરિકા સરકારની એજન્સીઓ અને સરકારી ભંડોળ મેળવતાં સંગઠનોને અંગ્રેજી નહિ બોલનારા લોકોને ભાષામાં સહાય કરવાનું ફરજિયાત બનાવતા આપેલા આદેશને પાછો ખેંચવા ટ્રમ્પે કાર્યવાહી શરૂ કરી હોવાનું કહેવાય છે.

દરમિયાન, વાઇટ હાઉસે જણાવ્યું હતું કે અંગ્રેજીને અમેરિકાની સત્તાવાર ભાષા જાહેર કરવાથી દેશના લોકોમાં એકતા વધશે તેમ જ સરકારી કામકાજ સરળ અને અસરકારક બનશે.

અમેરિકાના ત્રીસથી વધુ રાજ્યે અંગ્રેજીને પોતાની સત્તાવાર ભાષા જાહેર કરતો કાયદો ઘડ્યો છે. આમ છતાં, અમેરિકામાં સ્પેનિશ અને અન્ય ભાષા બોલતા લોકોમાં આ મુદ્દે ગૂંચવણ અને નારાજગી હોવાનું કહેવાય છે.

ટ્રમ્પ અગાઉ અમેરિકાના પ્રમુખ બન્યા હતા ત્યારે પણ તેમણે સરકારી વેબસાઇટમાંથી સ્પેનિશ ભાષા કાઢી નાખી હતી, પરંતુ તેમના પછી પ્રમુખ બનેલા જો બાઇડને પાછી સ્પેનિશ ભાષામાં વેબસાઇટ શરૂ કરાવી હતી. ટ્રમ્પે બીજી મુદત માટે પ્રમુખ બન્યા બાદ પાછી વાઇટ હાઉસની વેબસાઇટ પરથી સ્પેનિશ ભાષા કાઢી નાખી હતી.

અમેરિકાની સંસદમાં અંગ્રેજીને દેશની સત્તાવાર ભાષા બનાવવા માટેનો ખરડો પસાર કરાવવા દાયકાઓથી પ્રયાસ થઇ રહ્યો છે, પણ તેમાં હજી સુધી સફળતા નથી મળી. (એજન્સી)

# ચીનમાં બે હોડી ટકરાતા ૧૧નાં મોત

બી જિંગઃ દક્ષિણ ચીનમાં તેલના કડદા સાફ કરતા વહાણે એક નાની હોડીને ટક્કર મારતાં ૧૧ જણ મરણ પામ્યાં હતાં અને પાંચ ગૂમ થયા હતા, એવી મહિતી સરકારી માધ્યમોએ શુક્રવારે રાત્રે આપી હતી.

હુનાન પ્રાંતમાં યુનશુઈ નદીમાં ટક્કર થતાં ૧૯ જણ નદીમાં પડી ગયા હતા અને ત્રણ જણને એ જ દિવસે બચાવી લેવામાં આવ્યા હતા, એવો અહેવાલ ચીનની સત્તાવાર સમાચાર સંસ્થા ઝિનહુઆએ આપ્યો હતો. નદી જ્યાં ૬૦ મીટર (૨૦૦ ફૂટ) કરતાં વધારે ઊંડી છે અને ૫૦૦ મીટર (૧૬૦૦ ફૂટ) પહોળી છે ત્યાં અકસ્માત થયો હતો બચાવ ટીમે શુક્રવારે રાત્રે બોટને શોધી કાઢી હતી અને શોધખોળ ચાલુ હતી. એક વ્યક્તિએ પગ વડે બારી તોડીને બોટમાંથી બહાર આવ્યો હતો અને તેને બચાવી લેવામાં આવ્યો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પ સાથેની

જ સુરક્ષા અંગે ચર્ચા માટે યોજાનારી આ બેઠકમાં ઝૅલેન્સ્કી સહિત યુરોપ અને યુરોપિયન યુનિયનના ડઝનબંધ નેતાઓ હાજરી આપશે. મોટાભાગના નેતાઓએ ટ્રમ્પ કે વાન્સના નામનો ઉલ્લેખ કરવાને બદલે ચોથા વર્ષમાં પ્રવેશેલા રશિયા સાથેના યુદ્ધમાં યુક્રેનને સાથ આપવાની બાંયધરી આપવાની માગણી કરી હતી. (એજન્સી) ■

### ગુજરાત સહિત

પડવાની શક્યતા છે. જ્યારે માર્ચમાં ૫૫ થી ૭૫ ટકા સુધી સામાન્ય કરતાં વધુ ગરમી પડી શકે છે. આ વર્ષે ઉનાળા દરમિયાન કમોસમી વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની શક્યતા ૩૩ થી ૪૫ ટકા હોવાનું ભારતીય હવામાન વિભાગે શુક્રવારે તેના લાંબાગાળાના પૂર્વાનુમાનમાં જણાવ્યું હતું.

ભારતીય હવામાન વિભાગના લાંબાગાળાનું પૂર્વાનુમાન મુજબ, ગુજરાતમાં માર્ચ માસ દરમિયાન હિટવેવની અસર સામાન્ય કરતાં વધુ રહેશે. સામાન્ય રીતે રાજ્યમાં માર્ચ મહિનામાં ૩-૪ દિવસ હિટવેવ રહેતી હોય છે પરંતુ, આ વર્ષે ચારથી છ દિવસ સુધી હિટવેવની અસર વર્તાઈ શકે છે. હિટવેવની વધુ અસર ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં જોવા મળશે.

હવામાન વિભાગ મુજબ, વધુ તાપમાનનું મુખ્ય કારણ પ્રશાંત મહાસાગરમાં સૂર્યના કિરણોના કારણે વાતાવરણમાં તેની અસર જોવા મળતી હોય છે. માર્ચ મહિનામાં ગુજરાતમાં વરસાદની સંભાવના નહીંવત છે, જેથી સમગ્ર મહિનો ગરમીનો અનુભવ થશે. સાત માર્ચ પછી રાજ્યમાં ગરમી અસલી મિજાજ બતાવવાનું શરૂ કરશે. ૨૦૨૫નો ઉનાળો છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી ગરમ સાબિત થવાની શક્યતા છે. ■

### વિરાટ આજે

ઇન્ટરનૅશનલ કહેવાશે. વિરાટ ૨૦૦૮માં શ્રીલંકા સામે કરીઅરની પહેલી વન-ડે રમ્યો હતો. ૨૦૧૦માં તેણે વન-ડે ટીમમાં સ્થાન મજબૂત કર્યું હતું અને ત્યાર પછી તેણે પાછળ વળીને જોયું નથી અને દરેક વર્ષે ટીમમાં સ્થાન વધુ સ્ટ્રૉન્ગ કર્યું હતું. ૨૦૧૩માં તેણે વન-ડેમાં પહેલી વાર સુકાન સંભાળ્યું હતું. ૨૦૧૭માં તે વાઇટ બૉલ ક્રિકેટમાં કૅપ્ટન તરીકે એમએસ ધોનીનો અનુગામી બન્યો હતો.

૨૦૧૧માં ટેસ્ટમાં ડેબ્યૂ કરનાર વિરાટને એ પ્રથમ ટેસ્ટ સિરીઝ બાદ ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો હતો, પરંતુ ૨૦૧૧-’૧૨ની ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝથી તેણે પ્લેઇંગ ઇલેવનમાં ફરી જમાવટ કરી હતી. ૨૦૧૪-’૧૫માં તે ભારતનો ટેસ્ટ-કૅપ્ટન બન્યો હતો અને ટેસ્ટના સુકાની તરીકેની કારકિર્દી તેણે પૂરી કરી ત્યારે તેની કૅપ્ટન્સી હેઠળની ૬૮ ટેસ્ટમાંથી ૪૦ ટેસ્ટમાં ભારત જીત્યું હોવાથી તે ભારતનો સૌથી સફળ ટેસ્ટ સુકાની બન્યો હતો. વન-ડેમાં સૌથી ઝડપે ૧૦,૦૦૦ રન બનાવ્યા બાદ તાજેતરમાં જ તેણે સૌથી ઝડપે ૧૪,૦૦૦ રન પૂરા કરવાની સિદ્ધિ મેળવી હતી. ૨૯૯ વન-ડેમાં તેના નામે ૧૪,૦૮૫ રન છે જેમાં વિક્રમજનક ૫૧ સદી સામેલ છે. ■

### ઉત્તરાખંડ હિમપ્રપાતમાં

ફાયર બ્રિગેડ અને અન્ય ટીમો ત્યાં તહેનાત છે. એસડીએમ સંતોષ કુમાર પાંડે પોતે રાહત કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે.

હાલ આર્મી હૉસ્પિટલમાં ૨૬ કામદારોની સારવાર ચાલી રહી છે. જ્યારે બદ્રીનાથ ધામમાં આઇટીબીપી અને આર્મી કેમ્પમાં ૨૨ કામદારો સુરક્ષિત છે. આ સમગ્ર ઘટનામાં હજુ સુધી પાંચ કામદારો ગુમ છે. જ્યારે ચાર લોકોનાં મોત થયા છે.

ભારતીય સેના, એસડીઆરએફ અને ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ આઈટીબીપીની ટીમો સતત રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલી છે. ચમોલી જિલ્લામાં ખરાબ હવામાન અને ભારે હિમવર્ષાની શક્યતાને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. જોકે, ખરાબ હવામાન છતાં સૈનિકો રાહત કાર્યમાં રોકાયેલા છે. દેહરાદૂન સ્થિત પીઆરઓ ડિફેન્સ લેફ્ટનન્ટ કર્નલ મનીષ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ચાર કામદારોનાં મૃતદેહ મળી આવ્યા છે. બચાવ ટીમ પાંચ અન્ય ગુમ થયેલા કામદારોને શોધવામાં રોકાયેલી છે.

હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. ચમોલી જિલ્લામાં હિમપ્રપાતનો ભય હજુ પણ યથાવત્ છે. જેના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ આવી રહી છે. આ દરમિયાન, વહીવટીતંત્રે લોકોને સલામત સ્થળોએ રહેવાની અપીલ કરી છે અને ઊંચાઈવાળા વિસ્તારોમાં જવાનું ટાળવાની સલાહ આપી છે. ■

### ભારતીય ઉત્પાદનો

માટે પણ વિશ્વભરમાં જાણીતું બની ગયું છે. આયુષ ઉત્પાદનો અને યોગાને પણ વિશ્વભરમાં માન્યતા અને પ્રતિસાદ મળી રહ્યો છે.

આપણે ભારતને રંગબેરંગી ચિતરવાને બદલે જેવું છે તેવું જ રજૂ કરવાની જરૂર છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારતને મૅકઅપની કોઈ જરૂર નથી. દેશની વાસ્તવિકતા જ વિશ્વ સુધી પહોંચવી જોઈએ.

સતત ત્રીજી વખત કેન્દ્રમાં ભાજપને સત્તા આપી લોકોએ અમારી સરકારમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે એમ જણાવી તેમણે આશા વ્યક્ત કરી હતી કે ભારતની નવી ગ્લૉબલ ન્યૂઝ ચેનલ દેશની સિદ્ધિઓને વિશ્વભરમાં પહોંચાડશે.

૨૧મી સદીમાં વિશ્વ ભારત સામે આશાભરી નજરે નિહાળી રહ્યું છે કેમ કે દેશ સતત હકારાત્મક વાતાવરણનું નિર્માણ કરી રહ્યો છે.

જી-૨૦માં ભારતને પ્રમુખ સ્થાન અને તાજેતરમાં યોજાયેલી એઆઈ પરિષદનાં મળેલા યજમાનપદનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે ભારત હવે વૈશ્વિક સ્તરે અનેક બાબતોમાં આગેવાની લઈ રહ્યું છે.

મહાકુંભનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે મહાકુંભે વિશ્વને ભારતની આયોજન ક્ષમતાનો પરિચય કરાવી દીધો છે.

અમારી સરકારે બ્રિટિશકાળના અનેક કાળગ્રસ્ત કાયદા રદ કર્યા છે એમ જણાવી વિરોધીઓ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે ‘લ્યૂટન્સ જમાત’ અને ‘પીઆઈએલના ઠેકેદાર’ દરેક મામલે કોર્ટમાં જાય છે, પરંતુ બ્રિટિશકાળના કાળગ્રસ્ત કાયદાઓ અંગે ચુપકીદી સેવે છે ત્યારે તેમને સ્વાધીનતાનો વિચાર નથી આવતો. (એજન્સી) ■

### પંજાબમાં ડ્રગ્સના

માફિયાઓને પકડવા માટે સર્ચ ઓપરેશન અને દરોડા પાડ્યા હતા. કેબિનેટ પ્રધાન અમન અરોરાએ જણાવ્યું હતું કે ‘ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ’ અભિયાનમાં ડ્રગ તસ્કરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે ડ્રગ્સનાં વ્યસનીઓને દર્દીઓ ગણવામાં આવી રહ્યા છે અને તેમની યોગ્ય સારવારની વ્યવસ્થા પણ આ અભિયાનનો એક ભાગ છે.

તેમણે પંજાબના તમામ ધાર્મિક અને સામાજિક સંગઠનો અને પંજાબના તમામ લોકોને આ ઉમદા અભિયાનમાં રાજ્ય સરકારને ટેકો આપવા અને તેને સંપૂર્ણ સફળ બનાવવા અપીલ કરી. રાજ્યના નાણા પ્રધાન હરપાલ ચીમાએ જણાવ્યું હતું કે રાજ્યસ્તરીય ‘ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ’ અભિયાન અંગે યોજાયેલી બેઠક દરમિયાન તેના આગામી તબક્કાની ચર્ચા કરવામાં આવી હતી.

આ ઝુંબેશ જિલ્લા સ્તરે ચલાવવામાં આવશે અને પાંચ સભ્યોની પેટા સમિતિના તમામ સભ્યો પંજાબના વિવિધ જિલ્લાઓમાં ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ પર નજર રાખશે.

જલંધર જિલ્લામાં નશા પર લગામ લગાવવા માટે, ‘ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ’ અભિયાન હેઠળ, પોલીસ કમિશનર ધનપ્રીત કૌરના નેતૃત્વમાં કમિશનરેટ જલંધર હેઠળ ૧૧ સ્થળોએ મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનરે પોલીસ ટીમનું ભાર્ગો કેમ્પમાં નેતૃત્વ કર્યું હતું. ■

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પાંચ હજાર વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજીએ કચ્છ જિલ્લાની મુલાકાત દરમિયાન શનિવારે ખડીર બેટ સ્થિત પાંચ હજાર વર્ષ જૂની સભ્યતાના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી હતી. અહીં તેમણે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટની મુલાકાત લઈને પ્રાચીન માનવ સભ્યતાનો તબક્કાવાર વિકાસ તેમ જ શ્રેષ્ઠ નગર આયોજન વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી.

રાષ્ટ્રપતિને ભારતીય પુરાતત્ત્વ વિભાગના ડાયરેક્ટર જનરલ યદુબીરસિંઘ રાવતે વર્લ્ડ હેરિટેજ સાઇટ ધોળાવીરા વિશે વિસ્તૃત જાણકારી આપીને પ્રાચીન માનવ સભ્યતા વિશે અવગત કર્યાં હતાં. રાષ્ટ્રપતિએ મુલાકાત દરમિયાન હડપ્પન સંસ્કૃતિ, રહેણીકરણી, મહાનગરમાં જળસંગ્રહ તથા નિકાલની અદ્ભુત વ્યવસ્થા તેમ જ વિશાળ દીવાલો વિશે વિગતવાર માહિતી મેળવી હતી. આ તકે પ્રાચીન મણકા બનાવવાની ફૅક્ટરી, સુઆયોજિત પગથિયાંવાળી વાવ, અપર ટાઉન, મિડલ ટાઉન અને લોઅર ટાઉન વગેરે જોઈને તેઓ અભિભૂત થયાં હતાં.

ભારતીય પુરાતત્ત્વ મંત્રાલય દ્વારા ધોળાવીરા સાઈટના ઉત્ખનન દરમિયાન મળેલા વિવિધ પાસાઓ, માટીનાં વાસણો-અવશેષો, તાંબાની વિવિધ વસ્તુઓ, તોલમાપની વસ્તુઓ, પથ્થરનાં આભૂષણોનું નિદર્શન રાષ્ટ્રપતિ સમક્ષ કરવામાં આવ્યું હતું. મુલાકાતના અંતમાં રાષ્ટ્રપતિએ ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઇટના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. ■

# અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ૩૬૦ કિલોમીટરનું કામ પૂર્ણ : મહારાષ્ટ્રમાં પણ કામ પૂરજોશમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની મુલાકાતે આવેલા કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે માહિતી આપતાં કહ્યું હતું કે, અમદાવાદ અને મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ૩૬૦ કિલોમીટરની કામગીરી લગભગ પૂર્ણ થઈ ગઈ છે. સમુદ્રની નીચે જે રેલવે ટનલ પર કામગીરી કરવાની છે તેની બે કિલોમીટરની કામગીરી લગભગ પૂરી થઈ ગઈ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ અગાઉ મંજૂરી અટકાવી હોવાથી દોઢ વર્ષ સુધી કામગીરી થઈ શકી નહોતી. આ દોઢ વર્ષની કામગીરી પણ હવે પુરજોશમાં છે અને મહારાષ્ટ્રમાં પણ સારી પ્રોગ્રેસ છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈ વધુ એક બ્રિજ બનાવવામાં આવશે, જે ૨૦૦ મી.લાંબો 'મેક ઇન ઇન્ડિયા' સ્ટીલ બ્રિજ બનશે. આ બ્રિજના બે સ્પાન ૧૦૦ મીટર છે અને તેને નડિયાદ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ પર લોન્ચ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, ૧૪.૩ મીટર પહોળા અને ૧૪.૬ મીટર ઊંચા આ સ્ટીલ બ્રિજનું વજન લગભગ ૧૫૦૦ મેટ્રિક ટન છે અને તે ઉત્તર પ્રદેશના હાપુર નજીક સાલાસર વર્કશોપમાં બનાવવામાં આવ્યો હતો. સ્ટીલના ભાગોને જોડવાનું કામ ૧૦૦ વર્ષના આયુષ્ય માટે રચાયેલ ટોર્ક શીયર ટાઇપ હાઇ સ્ટ્રેન્થ બોલ્ટનો ઉપયોગ કરીને કરવામાં આવે છે. બ્રિજના ભાગોને સી-૫ સિસ્ટમ પેઇન્ટિંગથી રંગવામાં આવ્યા છે. ગુજરાતમાં ૬ સ્ટીલ પુલ સફળતાપૂર્વક બનાવવામાં આવ્યા છે. જેમાં રેલ્વે/ડીએફસીસી ટ્રેક, હાઇવે અને ભિલોસા ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે. આ સ્ટીલ બ્રિજનો પહેલો સ્પાન માર્ચ ૨૦૨૫માં શરૂ કરવાની અને ઑગસ્ટ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાની યોજના છે. ■

# કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટની કામગીરીની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવ અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. તેમણે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે આ ઉપરાંત બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંગે પણ કહ્યું હતું કે, ટૂંક સમયમાં અમદાવાદ મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડતી થઈ જશે.

કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, અમદાવાદનું કાલુપુર રેલવે સ્ટેશન શહેરની ઓળખ ધરાવતા હેરિટેજ લુક સાથેનું રેલવે સ્ટેશન બનશે. આ સ્ટેશનને હેરિટેજ લુક આપવા માટે તેની ડિઝાઈન બદલવામાં આવી છે. આ રેલવે સ્ટેશન ચાર વર્ષમાં તૈયાર કરવાનો પ્લાન છે, પણ તેનાથી ઓછા સમયમાં બની જાય તેવી ઝડપી કામગીરી ચાલી રહી છે. તેની ક્વૉલિટીમાં કોઈ સમાધાન નહીં થાય. વર્લ્ડ ક્લાસ રેલવે સ્ટેશન બનાવવા મોર્ડન અને સ્ટ્રક્ચરલ ડિઝાઇનની ટેકનોલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ કામગીરી દરમિયાન ઓછામાં ઓછી ટ્રેનને રદ કરવી પડે તેવા પ્રકારે આયોજન કરી, હાલમાં કામગીરી કરવામાં આવી રહી છે. કાલુપુર રેલવે સ્ટેશનમાં પ્લૅટફૉર્મની ડિઝાઇનમાં પણ થોડા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મને પહેલાં ૧ નંબર પ્લૅટફૉર્મથી લઈ અને ૧૦ નંબર સુધી કામગીરી કરવાની હતી, પરંતુ હવે ૧૦ નંબરથી લઈને ૧ નંબર તરફ કામગીરી થશે. રેલવે પ્લૅટફૉર્મ ઉપર આરામથી લોકો બેસી શકે, બાળકો રમી શકે તેવો વેઇટિંગ ઍરિયા અને છત બનાવવામાં આવશે. ■

# ઔડાનું ૨૨૩૧ કરોડનું બજેટ, એસપી રિંગરોડ ૧૦ લેનનો થશે, ટૂ અને થ્રી વ્હીલર્સને નો અન્ટ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી (ઔડા)એ ૨૦૨૫-૨૬ માટે ૨૨૩૧.૨૩ કરોડનું બજેટ જાહેર કર્યું હતું. બજેટમાં એસપી રિંગ રોડને અપડેટ કરવા ૩૦૦ કરોડની ફાળવણી કરાઈ છે. નવો તૈયાર થનારો રિંગરોડ ૧૦ લેનનો હશે. આ રિંગરોડ પર એક્સપ્રેસ હાઇવેની જેમ ટુ કે થ્રી વ્હીલરને પ્રવેશ આપવામાં આવશે નહીં. તેમણે સર્વિસ રોડનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત નક્કી કરેલા પોઈન્ટ પરથી વાહનોને એન્ટ્રી-એક્ઝિટ અપાશે. ગમે તે સ્થળેથી વાહનચાલક મુખ્ય રોડ પર આવી શકશે નહીં.

ઔડા હદ વિસ્તારના સાણંદ, કલોલ, મહેમદાવાદ, દહેગામ, બારેજામાં નવા રોડ માટે ૨૫૦ કરોડ. હયાત રોડની જાળવણી માટે ૧૨ કરોડ ફાળવાશે. પ્રદૂષણ ઘટાડવા અને વાતાવરણમાં ભેજ ટકાવી રાખવા વિવિધ વિસ્તારમાં બાયો ડાયવર્સિટી પાર્ક. વૃક્ષારોપણ માટે ૭ કરોડનું બજેટ રખાયું છે.

અમદાવાદની આસપાસ આવેલા મણિપુર-ગોધાવાની ટીપી ૪૨૯ને મોડેલ ટીપી તરીકે વિકસાવાશે. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સૌથી વધુ ભાર મૂકી તે મુજબ સુવિધાઓ વિકાસાવાશે. ઔડાની હદના ખોડિયાર, લપકામણ, લીલાપુરમાં તળાવોનું રિડેવલપમેન્ટ-બ્યુટિફિકેશન કરાશે. ઉપરાંત પાર્ક, ફૂટપાથ, સ્ટ્રીટ લાઇટ સહિતનાં કામો કરવામાં આવશે.

સાણંદની ટીપી સ્કીમ-૧થી ૧૦બી સુધીની સ્કીમને સેટેલાઈટ ટાઉનશિપની જેમ વિકસાવાશે. વિવિધ ટીપી સ્કીમમાં જુદાં જુદાં વિકાસ કાર્યો કરાશે. શેલા-મણિપુર અને સાણંદ ખાતે પાણી પુરવઠાના ચાલુ કામ અંગે ૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત નવી ડ્રેનેજ અને સ્ટોર્મ વોટરલાઈનો નખાશે.

જલજીવન મિશન હેઠળ તેલાવ, જાસપુર, કડાદરા, સહિતનાં ૫૫ ગામોને પીવાનું પાણી પૂરું પાડવા અંડર ગ્રાઉન્ડ પંપ, પંપ હાઉસ તેમ જ વોટર ટ્રીટમેન્ટ માટે ૬૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. સદ્ભાવના ગ્રામોત્થાન ફંડ હેઠળ ઔડા તેની હસ્તકનાં ૧૫૯ ગામોમાં આંતરમાળખાંકીય સુવિધાઓ માટે ૩૨ કરોડની ફાળવણી કરશે. જેમાં માળખાકીય સવલતોનો સમાવેશ થાય છે. ■

# અમદાવાદ ઍરપૉર્ટ પર જાન્યુઆરી ૨૦૨૫માં રેકોર્ડ ૧૩.૦૭ લાખ મુસાફરો નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટમાં જાન્યુઆરી ૨૦૨૫માં ઍરપૉર્ટ પરથી ૧૩.૦૭ લાખ મુસાફરોએ અવર-જવર કરી હતી, જે એક મહિનામાં અત્યાર સુધી મોટો આંક છે. જાન્યુઆરી ૨૦૨૪ની સરખામણીમાં આ ૩ લાખ મુસાફરોનો તીવ્ર વધારો દર્શાવે છે, જ્યારે ઍરપૉર્ટ પર ૧૦.૪૮ લાખ મુસાફરો જોવા મળ્યા હતા.

અમદાવાદ ઍરપૉર્ટમાં મુસાફરોની રેકોર્ડ બ્રેક સંખ્યાનું કારણ ઉત્તર પ્રદેશ મહાકુંભ, શહેરમાં કોલ્ડપ્લે કોન્સર્ટ્સ, અને ઉત્તરાયણ માણવા આવેલા લોકોનો મોટો ફાળો છે. સામાન્ય દિવસોમાં, અમદાવાદ ઍરપૉર્ટ પર દરરોજ સરેરાશ ૨૫૦ ફ્લાઇટ્સ આવે છે અને ઊપડે છે, જેમાં ૩૪,૦૦૦થી ૩૫,૦૦૦ મુસાફરો હોય છે. તેમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને મુસાફરોનો સમાવેશ થાય છે. જાન્યુઆરી ૨૦૨૫ના આંકડા અનુસાર, ૧૦.૮૭ લાખ ડોમેસ્ટિક પેસેન્જર્સ અને ૨.૧૯ લાખ ઈન્ટરનેશનલ પેસેન્જર્સે ઍરપૉર્ટ પરથી મુસાફરી કરી હતી. જાન્યુઆરી ૨૦૨૪ની સરખામણીમાં આ નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો, જેમાં ૮.૪૮ લાખ સ્થાનિક અને ૨ લાખ આંતરરાષ્ટ્રીય મુસાફરો હતા.

ફ્લાઈટની અવરજવરમાં પણ વધારો જોવા મળ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૫માં, ઍરપૉર્ટ પર ૯,૩૦૩ ફ્લાઈટ્સની હિલચાલ નોંધાઈ હતી, જે જાન્યુઆરી ૨૦૨૪ની ૭,૯૩૬ ફ્લાઈટ્સની સરખામણીમાં ૧,૩૦૦નો વધારો છે. ઍરપૉર્ટ અધિકારીઓએ આ વૃદ્ધિ માટે મોટા પાયે કાર્યક્રમો અને તહેવારોની મુસાફરીના સંયોજનને ગણાવે છે, જે અમદાવાદ ઍરપૉર્ટ માટે અત્યાર સુધીનો સૌથી વ્યસ્ત મહિનો રહ્યો હતો. ■

# ગુજરાતમાં ૧૪ માર્ચથી કાળઝાળ ગરમીનો આરંભ

## તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચવાનાં એંધાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ તાપમાનનો પારો ઊંચકાઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગની આગાહી અનુસાર, માર્ચ મહિનામાં જ રાજ્યમાં મે મહિનાની ગરમીનો અનુભવ થવાની શક્યતા છે. દર વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૫ના ઉનાળામાં ગરમી ભુક્કા બોલાવે તેવી આશંકા છે, કારણ કે આ વર્ષે તાપમાન સામાન્ય તાપમાન કરતાં ત્રણથી ચાર ડિગ્રી વધારે રહેશે, એટલે કે આકરી ગરમીનો અનુભવ થશે. ખાસ કરીને માર્ચના બીજા સપ્તાહથી ૪૨° ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચે એવી શક્યતા છે.

માર્ચના પ્રથમ સપ્તાહમાં પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય રહેશે, જેના કારણે ચાલુ સાલે ગુજરાતમાં ઉનાળાની આકરી ગરમીની શરૂઆત માર્ચના ત્રીજા સપ્તાહથી શરૂ થવાની સંભાવના છે. માર્ચથી મે મહિના સુધી ઉત્તર ગુજરાત, મધ્ય-પૂર્વ ગુજરાત અને સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર, પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ ગરમી પડવાની સંભાવના છે. આ દરમિયાન સામાન્ય હીટવેવના દિવસો ૬થી લઈ ૧૫ દિવસ રહેવાની શક્યતા છે.

રાજ્યમાં ઉનાળામાં ૩૫થી લઈ ૭૫ ટકા સુધી સામાન્યથી વધુ ગરમી પડવાની શક્યતા છે. જ્યારે માર્ચમાં ૫૫થી ૭૫ ટકા સુધી સામાન્ય કરતાં વધુ ગરમી પડી શકે છે. ચાલુ વર્ષે ઉનાળા દરમિયાન કમોસમી વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની શક્યતા ૩૩થી ૪૫ ટકા હોવાનું ભારતીય હવામાન વિભાગે તેના લાંબા ગાળાના પૂર્વાનુમાનમાં જણાવ્યું હતું.

હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતમાં માર્ચ માસ દરમિયાન હીટવેવની અસર સામાન્ય કરતાં વધુ રહેશે. સામાન્ય રીતે રાજ્યમાં માર્ચ મહિનામાં ૩-૪ દિવસ હીટવેવ રહેતી હોય છે, પરંતુ આ વર્ષે ૪થી ૬ દિવસ સુધી હીટવેવની અસર વર્તાઈ શકે છે. હીટવેવની વધુ અસર ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં જોવા મળશે. ■

# 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત ગુજરાત ૧૭ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં બીજા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૨૪માં 'એક પેડ મા કે નામ' રાષ્ટ્રવ્યાપી અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતે સમગ્ર દેશમાં ફેબ્રુઆરી-૨૦૨૫ની સ્થિતિએ બીજા નંબરે સૌથી વધુ ૧૭.૩૨ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યમાં ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન-રેકોર્ડ સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૩૯.૫૧ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. વન અને પર્યાવરણ પ્રધાન મૂળુભાઈ બેરાએ એક પેડ મા કે નામ' અભિયાન વિશે વિગતો આપતાં જણાવ્યું હતું કે, એક પેડ મા કે નામ અભિયાન હેઠળ દેશનાં ૩૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૧૨૧ કરોડથી વધુ વૃક્ષો વાવીને વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડથી વધુ વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશમાં અગ્રેસર છે.

વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલે આ અભિયાન હેઠળ ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં થયેલા વૃક્ષારોપણની વિગતો આપતાં કહ્યું હતું કે, ૨૭ ફેબ્રુઆરી-૨૦૨૫ની સ્થિતિએ ગ્રામીણ વિસ્તારમાં ૧૫.૭૧ કરોડ જ્યારે શહેરી વિસ્તારમાં ૧.૬૦ કરોડ વૃક્ષો વાવવામાં આવ્યાં છે. જેમાં સૌથી વધુ કુલ ૨.૯૪ કરોડ વૃક્ષારોપણ સાથે રણ વિસ્તારની ઓળખ ધરાવતો કચ્છ જિલ્લો રાજ્યમાં પ્રથમ નંબર પર છે.

તેમણે કહ્યું હતું કે, આ સિવાય વૃક્ષારોપણમાં અનુક્રમે જામનગર જિલ્લામાં ૧.૦૧ કરોડ, અમદાવાદ જિલ્લામાં ૭૩.૮૭ લાખ, બનાસકાંઠામાં ૭૨.૮૩ લાખ, ખેડામાં ૭૦.૬૩ લાખ, સુરતમાં ૬૯.૭૨ લાખ, નર્મદામાં ૬૧.૧૩ લાખ, સુરેન્દ્રનગરમાં ૫૬.૯૧ લાખ, વલસાડમાં ૫૩.૫૫ લાખ, દાહોદ જિલ્લામાં ૫૧.૯૯ લાખ તેમ જ સાબરકાંઠામાં ૫૦.૬૨ લાખ એમ કુલ ૩૩ જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર મળીને કુલ ૧૭.૩૨ કરોડથી વધુ વૃક્ષો 'એક પેડ મા કે નામ' અભિયાનમાં વાવવામાં આવ્યાં છે. ■

# પોરબંદર ઘેડ પંથકને પૂર મુક્ત કરવા ૧૫૦૦ કરોડનો પ્લાન, પાંચ વર્ષમાં ચાર કરોડ જૉબ નિર્માણ કરાશેઃ મનસુખ માંડવિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય શ્રમ રોજગાર અને રમત ગમત પ્રધાન મનસુખ માંડવિયા શનિવારે રાજકોટની મુલાકાતે આવ્યા હતા. તેમની મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા બજેટમાં ઘેડ પંથકને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

ઘેડ પંથક માટે રૂા. ૧૫૦૦ કરોડનો પ્લાન ઘડાયો છે, જે ખૂબ સારી બાબત છે. જૂનાગઢ અને પોરબંદર ઘેડ પંથકમાં ચોમાસા દરમિયાન પાણી ઘૂસી જવાના પ્રશ્ને નક્કર આયોજન કરાયું છે. ઘેડ પંથકમાં ૧૦થી ૧૫ કિલોમીટર સુધી નદીનાં પાણી ખેતરોમાં ઘૂસી જતાં હોય છે. આ સમસ્યા દૂર કરવા માટે રૂા. ૧૫૦૦ કરોડનો પ્લાન ઘડવામાં આવ્યો છે. જેમાં હવે નદીઓ ઊંડી ઉતારી અને પાણી ન ભરાય તેવું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં ચાર કરોડ જૉબ માટે ૨ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. તેમ જ દેશની ૫૦૦ જેટલી પ્રીમિયમ કંપનીમાં ૧ વર્ષ સુધી ઇન્ટર્નશિપ આપવામાં આવશે. જેના કારણે દેશભરની બીજી કંપનીઓને લાભ થશે. આ ઉપરાંત રૂા. ૧૨ લાખ સુધી આવકવેરો ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે, જેના કારણે લોકો પાસે રૂા. ૧ લાખ સુધીની બચત થશે. જેનો તેઓ ખર્ચ કે રોકાણ કરશે તેનાથી અર્થતંત્રને વેગ મળશે. ■

# ગુજરાતમાં સૌપ્રથમ હાથનું ટ્રાન્સપ્લાન્ટ

## સુરતમાં બ્રેઇનડેડ યુવકની કિડની અને ચક્ષુઓનું દાન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેર દેશમાં ઓર્ગન ડોનર શહેર તરીકે પ્રખ્યાતિ પામી રહ્યું છે. ગુજરાતમાં પહેલી વાર હાથનું ટ્રાન્સપ્લાન્ટ સુરતની કિરણ હૉસ્પિટલમાં કરવામાં આવ્યું હતું, શનિવારે ૨૮ વર્ષીય બ્રેઈનડેડ નરેન્દ્ર પ્રેમબિહારી શૃંગીના હાથ સહિત કિડની અને ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. શૃંગી પરિવારે ડોનેટ લાઈફ સંસ્થાના માધ્યમથી ૫ વ્યક્તિને નવજીવન બક્ષી માનવતાની મહેક ફેલાવી સમાજને નવી દિશા બતાવી હતી. સુરતની કિરણ હૉસ્પિટલમાં ગોવાની રહેવાસી ૨૫ વર્ષીય યુવતીમાં હાથનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

સેલવાસાના વડપાડા ખાતે પોતાના પરિવાર સાથે રહેતા શૃંગી બ્રાહ્મણ સમાજના અને પ્રાઈવેટ વાહન ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ૨૮ વર્ષીય નરેન્દ્ર પ્રેમબિહારી શૃંગીને મગજની લોહીની નસ ફાટી ગઈ હોવાનું નિદાન થયું હતું. ૨૮ ફેબ્રુઆરીના રોજ ડૉક્ટરની ટીમે નરેન્દ્રને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. બાદમાં હૉસ્પિટલના સ્ટાફે પરિવારને અંગદાનની સમગ્ર પ્રક્રિયા અને એનું મહત્ત્વ સમજાવ્યું હતું.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતાં બે કિડની અને હાથ સુરતની કિરણ હૉસ્પિટલને ફાળવવામાં આવ્યાં હતાં. દાનમાં મેળવવામાં આવેલી બંને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કિરણ હૉસ્પિટલમાં સુરતના રહેવાસી, ૪૪ વર્ષીય વ્યક્તિ અને ૪૦ વર્ષીય વ્યક્તિમાં કરવામાં આવ્યું હતું. દાનમાં મેળવવામાં આવેલા હાથનું ટ્રાન્સપ્લાન્ટ ગોવાની રહેવાસી ૨૫ વર્ષીય યુવતીમાં સુરતની કિરણ હૉસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. ■

# વ્યૂહાત્મક પહેલ અને માળખાકીય વિકાસ દ્વારા એઆઈ ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા ગુજરાત સરકાર કટિબદ્ધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેતૃત્વ હેઠળ, નવપ્રયોગ, સુશાસન, અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી શ્રેણીબદ્ધ વ્યૂહાત્મક પહેલો દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને વેગ આપવામાં નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે. ઇલેક્ટ્રૉનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય, નાસકોમ અને માઇક્રોસોફ્ટના સહયોગથી એઆઈ સેન્ટર ઑફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવી છે. જેનું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ઉદ્ઘાટન કરાયું હતું.

રાજ્ય સરકાર દ્વારા ગિફ્ટ સિટી ખાતે એઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવા, એઆઈ ઇનોવેશન ચેલેન્જ શરૂ કરવા, એઆઈ ટાસ્કફોર્સ અને એઆઈ કાર્ય યોજના તૈયાર કરવા, એઆઈ સાક્ષરતા અને ક્ષમતા નિર્માણ પહેલ, શાસન માટે એઆઈ આધારિત ઉપાયો વિકસાવવા, જીપીયુ આધારિત એઆઈ માળખા માટે સહયોગ કરવો, તેમજ સેવા તરીકે એઆઈ બુટ અને એઆઈ સંચાલિત ભાષાકીય ઉપાયો વિકસાવવા માટે સક્રિય પગલાં લીધાં છે. આ પહેલ રાષ્ટ્રીય એઆઈ મિશન અને ડિજિટલ ઇન્ડિયા વિઝન સાથે સુસંગત છે અને તે ગુજરાતને એઆઈ આધારિત પરિવર્તનમાં અગ્રણી તરીકેનું સ્થાન અપાવે છે.

ઉત્પાદન, આરોગ્યસંભાળ, કૃષિ, શાસન અને શહેરી વિકાસ જેવાં મહત્ત્વનાં ક્ષેત્રોમાં એઆઈ અપનાવવા માટે એક સમર્પિત કેન્દ્ર તરીકે એઆઈ સીઓઈ કામગીરી કરશે. આ પહેલ હેઠળ ચોક્કસ ઉદ્યોગ આધારિત ઉપયોગના કેસોમાં એઆઈ આધારિત કર્મચારીઓની ઉત્પાદકતામાં વધારો, ઈવી ચાર્જિંગ સ્ટેશનોની ભાવિ જાળવણી, એઆઈ આધારિત સર્જિકલ પ્લાનિંગ અને લેગસી મેડિકલ રેકોર્ડનું ડિજિટાઇઝેશનનો સમાવેશ થાય છે. ■

# અમદાવાદમાં ૨૦૩૬ના ઑલિમ્પિક માટે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી પરજોશમાંઃ કેન્દ્રીય પ્રધાન માંડવિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયા ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમણે રાજકોટની મુલાકાત દરમિયાન પ્રેસ કૉન્ફરન્સમાં જણાવ્યું હતું કે, ભારત સરકારે ૨૦૩૬માં યોજાનાર ઑલિમ્પિક ગૅમ્સની યજમાની માટે તૈયારી દર્શાવી છે. આ ઑલિમ્પિક માટે હાલ ૨૦૨૫માં બીડ કરવા માટે લેટર ઑફ ઇન્ટરેસ્ટ આપવાનો હતો જે ભારત દ્વારા મોકલી દેવામાં આવ્યો છે. અમદાવાદમાં આ ગૅમ્સનું આયોજન કરવા વિચારણા હોવાથી હાલ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ ઝડપથી થઈ રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આગામી ૨૦૩૬ના ઑલિમ્પિક માટે હાલ ૨૦૨૫માં બીડ કરવા માટે લેટર ઑફ ઇન્ટરેસ્ટ આપવાનો હતો જે ભારત દ્વારા મોકલી દેવામાં આવ્યો છે. કતાર, ઇન્ડોનેશિયા અને ટર્કી સહિત જુદા-જુદા દેશોએ પણ આ લેટર આપીને પોતાનો રસ બતાવ્યો છે. હવે તબક્કાવાર તેનું હિયરિંગ કરવામાં આવશે અને તેના આધારે ઑલિમ્પિક ગૅમ્સ કયા દેશમાં યોજવી તેનો નિર્ણય લેવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદમાં ઑલિમ્પિકનું આયોજન કરવાની વિચારણા હોવાથી સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી આગળ વધારવામાં આવી રહ્યું છે. અમદાવાદમાં નેશનલ લેવલની જુદી-જુદી ટુર્નામેન્ટનાં આયોજન પણ વધારવામાં આવી રહ્યાં છે. અમદાવાદમાં જે ફેસિલિટી છે, તેવી ઇન્ટરનેશનલ કક્ષાની ફેસિલિટી સાથેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અન્ય શહેરોમાં પણ ઊભું કરવામાં આવશે. હાલ જે કોઈ પણ સ્પોર્ટ્સને લગતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થાય છે તે ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડને ધ્યાનમાં રાખીને કરાય છે. ■

# અમદાવાદ ઍરપૉર્ટ પર જેદ્દાહથી આવેલા પ્રવાસી પાસેથી ૪૨ લાખની સોનાની સાત ચેઈન ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટમાં સોનાની તસ્કરી છેલ્લા ઘણા સમયથી વધી છે. આ દરમિયાન જેદ્દાહથી અમદાવાદ આવેલી ફ્લાઈટના મુસાફર પાસેથી ૪૨.૯૧ લાખની કિંમતની ૪૮૮ ગ્રામ સોનાની ૭ ચેઈન કબજે કરવામાં આવી હતી.

આ સોનું કોના માટે અને કેમ લાવ્યા હતા તેની પાછળ તેને કેટલી રકમ ચૂકવવાના હતા. વગેરે બાબતે કસ્ટમના ઍર ઈન્ટેલિજન્સ વિભાગે તપાસ હાથ ધરી છે.

જેદ્દાહથી અમદાવાદ વચ્ચેની ફ્લાઈટમાં રાજસ્થાનના બાડમેરનો વતની એવો એક પ્રવાસી અમદાવાદ ઍરપૉર્ટ આવ્યો હતો. જેની શંકાના આધારે એઆઈયુ વિભાગે અટકાવીને તપાસ કરતાં તેની પાસેથી પોકેટમાં રાખેલી ૫ ચેઈન અને ગળામાં ૨ ચેઈન એમ કુલ ૭ સોનાની ચેઈન મળી આવી હતી. જેની કિમંત આશરે ૪૨.૯૧ લાખની થવા જાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા દસ દિવસમાં સોનાની ચેઈનનો જથ્થો પકડાવાની આ બીજી ઘટના છે. આ અગાઉ જેદ્દાહથી આવતી ફ્લાઈટમાંથી ૪૪ લાખની કિંમતની સોનાની બે ચેઈન ઝડપાઈ હતી. ■

# કેન્દ્ર સરકારે સિંહોના સંરક્ષણ માટે ૨૯૦૦ કરોડથી વધુના ખર્ચે પ્રોજેક્ટ લાયન મંજૂર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૩ માર્ચના રોજ વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી કરવામાં આવશે. ગુજરાતમાં કાર્યરત પ્રોજેક્ટ લાયન એક પરિવર્તનકારી પહેલ છે. જે એશિયાઈ સિંહોની વસ્તીના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત પ્રોજેક્ટ છે, જે તેમના નિવાસસ્થાનના વ્યૂહાત્મક સંચાલન અને સામુદાયિક ભાગીદારી થકી સિંહોના લાંબાગાળાના અસ્તિત્વને સુનિશ્ચિત કરે છે.

વડા પ્રધાન મોદીએ ૧૫ ઑગસ્ટ ૨૦૨૦ના રોજ સ્વાતંત્ર્યદિનના અવસર પર પ્રોજેક્ટ લાયનની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકાર દ્વારા બીજી નવેમ્બર, ૨૦૨૨ના પત્રથી કુલ ૨૯૨૭.૭૧ કરોડના બજેટ સાથે ૧૦ વર્ષનો પ્રોજેક્ટ લાયન મંજૂર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ એશિયાઈ સિંહોનું સંરક્ષણ અને સંવર્ધન સુનિશ્ચિત કરવાનો છે. જેમની કુલ વસ્તી વર્ષ ૨૦૨૦ના વસ્તી ગણતરી અંદાજ મુજબ ૬૭૪ની છે. હાલમાં, રાજ્યના ૯ જિલ્લાના ૫૩ તાલુકાઓમાં કુલ ૩૦ હજાર ચોરસ કિમી વિસ્તારમાં સિંહોની વસ્તી જોવા મળે છે.

આ ઉપરાંત, રાજ્યમાં બરડા સ્થિત અભયારણ્યમાં ૮ સિંહોની વસ્તી સ્થાયી થઈ હોવાથી બરડા અભયારણ્યને આ પ્રોજેક્ટ હેઠળ સિંહોના 'સેકન્ડ હોમ' તરીકે વિકસિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં, બરડા વન્યજીવ અભયારણ્યમાં એશિયાઇ સિંહોના કુદરતી ફેલાવા અને સફળ સંવર્ધનને કારણે, બરડા આજે સિંહોના બીજા ઘર તરીકે ઊભરી આવ્યું છે. બરડા વિસ્તારમાં ૧૭ સિંહો વસવાટ કરે છે, જેમાં છ વયસ્ક સિંહ છે અને ૧૧ બાળસિંહ છે.

સિંહ સંરક્ષણને મજબૂત બનાવવા માટે વર્ષ ૨૦૨૪માં ૨૩૭ બીટ ગાર્ડ્સની ભરતી કરવામાં આવી હતી. તેઓ સંરક્ષિત વિસ્તારોમાં પેટ્રોલિંગ કરે છે, સંઘર્ષો અટકાવે છે અને સિંહોના રહેઠાણોનું રક્ષણ કરે છે. વાઇલ્ડલાઇફ ઇમરજન્સી માટે ઝડપી પ્રતિક્રિયા, જંગલી પ્રાણીઓના બચાવ અને સમયસર તબીબી સંભાળ સુનિશ્ચિત કરવા માટે ૯૨ રેસ્ક્યુ વ્હીકલ્સ તહેનાત કરવામાં આવ્યા છે.

માનવ-વન્યજીવન ઘર્ષણ ઘટાડવા માટે ૧૧,૦૦૦ માંચડાઓ બનાવવામાં આવ્યા છે, જે ખેડૂતોને તેમના પાકનું રક્ષણ કરવામાં મદદ કરે છે, તેમ જ સિંહો સાથેના સહઅસ્તિત્વ દરમિયાન તેમની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. સાસણ ખાતે ગીર વિસ્તારનાં વન્ય પ્રાણીઓના મોનિટરિંગ માટે એક હાઇ-ટેક મોનિટરિંગ સેન્ટર તેમ જ વેટરનરી હૉસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કસ્ટમ્સ વિભાગમાં નોકરીને નામે ચાર યુવક સાથે ૧૨.૨ લાખની ઠગાઇ

પાલઘરઃ કસ્ટમ્સ વિભાગમાં નોકરી મેળવી આપવાને બહાને ચાર યુવક સાથે ૧૨.૨ લાખ રૂપિયાની ઠગાઇ આચરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાવવામાં આવેલી ફરિયાદને આધારે પાલઘર જિલ્લાની પોલીસે યોગેશ મનવર સામે ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

આરોપીએ ૨૦૨૩થી માર્ચ, ૨૦૨૩ દરમિયાન યુવકોનો સંપર્ક સાધ્યો હતો અને કસ્ટમ્સ વિભાગમાં નોકરી મેળવી આપવાનું આશ્વાસન આપીને ૧૨.૨ લાખ રૂપિયા લીધા હતા.

નોકરીની ઑફરની વિશ્વસનીયતા અંગે ખાતરી કરાવવા આરોપીએ યુવકોને બોગસ ઓળખપત્રો અને દસ્તાવેજો પણ પાડ્યા હતા. યુવકોને ગેરમાર્ગે દોરતાં કહ્યું હતું કે તેમને નોકરી મળી ગઇ છે, એમ પોલીસે જણાવ્યું હતું.

જોકે યુવકોને નોકરી મળી નહોતી અને આરોપીએ તેમને પૈસા પાછા પણ આપ્યા નહોતા. પોતે છેતરાયા હોવાનું ધ્યાનમાં આવતાં તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)

# યુવતીને અશ્લીલ મેસેજ અને વીડિયો મોકલનારો અહિલ્યાનગરથી પકડાયો

મુંબઈ: મુલુંડમાં રહેતી ૨૧ વર્ષની યુવતીને અશ્લીલ મેસેજ અને વીડિયો મોકલનારા તથા યુવતીની બદનામી કરતો વીડિયો તૈયાર કરીને સોશિયલ મીડિયા પર વાયરલ કરનારા યુવકને મુલુંડ પોલીસે અહિલ્યાનગરથી પકડી પાડ્યો હતો. મુલુંડ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ મોહંમદ અબ્દુલ મોહન તાહીર (૩૨) તરીકે થઇ હોઇ તે ઉત્તર પ્રદેશનો વતની છે. આરોપી અબ્દુલ મોહનને કોર્ટમાં હાજર કરાતાં તેને ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. આરોપી અન્ય મહિલાઓને પણ અશ્લીલ મેસેજ પાઠવ્યા હોવાની શંકા પોલીસ તપાસી રહી છે. મુલુંડ વિસ્તારમાં રહેતી ફરિયાદી યુવતીને અલગ-અલગ ઇન્સ્ટાગ્રામ આઇડી પરથી અશ્લીલ મેસેજ તથા વીડિયો મોકલવામાં આવ્યા હતા. ઉપરાંત તેની બદનામી કરતો વીડિયો પણ વાયરલ કરવામાં આવ્યો હતો, જેને પગલે તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. યુવતીને જે ઇન્સ્ટાગ્રામ આઇડી પરથી મેસેજ અને વીડિયો મોકલાયા હતા તેની ચકાસણી કરી હતી, જેમાં મેસેજ અને વીડિયો મોકલનારો શકમંદ અહિલ્યાનગરમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. આથી પોલીસ ટીમ ત્યાં રવાના થઇ હતી અને અબ્દુલ મોહનને તાબામાં લીધો હતો. અબ્દુલ મોહને ગુનાની કબૂલાત કરી હતી અને પોલીસે તેનો મોબાઇલ જપ્ત કર્યો હતો.

સાતમાં પાનાનું ચાલુ

## જોલી જિમખાના

સમાચાર પાસે તેની નકલ છે) કરીને દર વધારીને મોકલવામાં આવ્યા હતા. બીજી બાજુ આ કાર્યક્રમને કારણે રવિવારે ક્લબની તમામ એક્ટિવિટીઓ બંધ રાખવામાં આવશે એવું પરિપત્ર બહાર પાડવામાં આવ્યું હતું. પાર્કિંગથી લઇને સ્વિમિંગ પૂલ કે પછી બેડમિંટન હોય કે અન્ય સ્પોર્ટ્સ હોય તમામ એક્ટિવિટી ક્લબમાં બંધ રાખવામાં આવશે, એવું પરિપત્રમાં જણાવવામાં આવ્યું હતું. આ પરિપત્ર મળતાં જ અનેક સિનિયર સિટિઝન અને બીજા સભ્યો નારાજ થયા હતા. તેમણે કમિટીની ઑફિસ ખાતે પણ આ અંગે પૂછતાછ કરી હતી અને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જોકે કમિટીએ આ અંગે કોઇ પણ પ્રકારનું આશ્વાસન આપ્યા વિના તેમની વાત એક કાને સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી હતી.

આ માટે અમુક મેમ્બરોએ મુંબઈ સમાચારનો સંપર્ક કર્યો હતો અને પોતાની વ્યથાને વાચા આપવા માટે વિનંતી કરી હતી. સમગ્ર મામલે મુંબઈ સમાચારે પૂછતાછ કર્યા બાદ એવું જાણવામાં આવ્યું છે કે આ કૉન્સર્ટને કારણે રવિવારે માત્ર રેસ્ટોરંટને બાદ કરતાં ક્લબની તમામ એક્ટિવિટી બંધ રાખવામાં આવી છે અને આનું કારણ જણાવવામાં આવ્યું નથી. સભ્યોએ એમ કહ્યું હતું કે તમારે એક્ટિવિટી ચાલુ રાખવી જ જોઇએ. કાર્યક્રમનો કોઈ વિરોધ નથી, કાર્યક્રમ થવા જ જોઇએ, ભૂતકાળમાં પણ અનેક કાર્યક્રમો થયા જ છે, પણ આ પ્રથમ વાર બન્યું છે કે જ્યારે કોઈ કાર્યક્રમ યોજાય ત્યારે ક્લબને બંધ કરી દેવી. જો આ વખતે વિરોધ નહીં નોંધાવીએ તો આ શિરસ્તો લાગુ પડી જશે અને વારતહેવારે આવી રીતે ક્લબની એક્ટિવિટીઓને બંધ કરી દેવામાં આવશે, એવી ભીતિ મેમ્બરોમાં છે.

જિમખાનાના ઓપન ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલા આ કાર્યક્રમને કારણે ક્લબની અન્ય એક્ટિવિટીને બંધ કરી દેવાના નિર્ણય સામે અનેક મેમ્બરોએ જિમખાનાની કમિટીને દોષ આપ્યો છે કે બીજા સભ્યોને અન્ય એક્ટિવિટી કરવી હોય તો એ ક્યાં જાય. આ ઉપરાંત કાર્યક્રમ ભવ્ય હોવાને કારણે તેની તૈયારીઓ તડામાર રીતે ચાલી રહી હોવાથી પાર્કિંગ પણ બંધ કરી દેવામાં આવ્યું છે. કાર લઈને આવી ન શકાય અને ઘાટકોપરમાં રિક્ષા મળવી મુશ્કેલ થઇ રહી હોવાની મોટી સમસ્યા. આવા કાર્યક્રમ કરવાની ના નથી, પણ કમિટીએ થોડો ખર્ચ કરીને બેરિકેડ્સ કે પડદા લગાડવા જોઇતા હતા કે અન્ય સભ્યો પણ પોતાની એક્ટિવિટી કરવાથી વંચિત રહી ન જાય. ઘાટકોપર જોલી જિમખાનાની કમિટી ખૂબ જ સારું કાર્ય કરી રહી છે, પણ છેલ્લાં ચાર વર્ષ દરમિયાન અનેક વાંધા-વચકાઓ ઊભા થઇ રહ્યા છે.

રવિવારે જ્યારે જોલી જિમખાનાના ઓપન ગ્રાઉન્ડમાં સોનુ નિગમનો ભવ્ય કાર્યક્રમ થવા જઇ રહ્યો છે ત્યારે ક્લબના મેમ્બરો શું કહે છે અને તેનો જવાબ કમિટીએ શું આપ્યો હતો.

**ક્લબના મેમ્બરોની રાવઃ**

ઘાટકોપરના પ્રતિષ્ઠિત ગણાતા જિતુભાઈ મહેતાએ કહ્યું હતું કે કાર્યક્રમ કર્યો છે એ સારી જ વાત છે, પણ બીજાને શા માટે કનડગત થવી જોઇએ. મને સંગીતનો કાર્યક્રમ માણવો ન ગમતો હોય તો મારે શું પરાણે જોવાનો. બીજું ક્લબે જો આવા કાર્યક્રમ કરવા જ હોય તો થોડા પૈસા ખર્ચીને થોડી બીજી વ્યવસ્થા, જેમ કે બેરિકેડ્સ કે પછી પડદા લગાવીને કાર્યક્રમ કરવો જોઇતો હતો.

આ ક્લબ અને કમિટી સાથે વર્ષોથી જોડાયેલી ટ્રસ્ટીપદે રહી ચૂકેલી અને હાલ નિવૃત્ત એવી એક પ્રતિષ્ઠિત વરિષ્ઠ વ્યક્તિએ મુંબઈ સમાચારને પોતાનું નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અનેક વર્ષ કમિટીમાં રહ્યા પછી તેમને પણ હાલની કમિટી દ્વારા જે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેની નવાઈ લાગી હતી. તેમણે પણ કમિટીના આવા વર્તનને આશ્ચર્યજનક ગણાવ્યું હતું. કમિટીએ જે કર્યું છે એ સભ્યો માટે કર્યું છે, પણ અન્ય પ્રવૃત્તિઓ બંધ કરવાનો કોઇ અર્થ નથી સરતો. મારા મુજબ તો આવા કાર્યક્રમ કરતાં પહેલાં મેમ્બરોને વિશ્વાસમાં લેવા જોઇએ. કમિટીએ પોતાની મનમાની કરીને કોઈ કામ ન કરવાં જોઇએ.

ક્લબના અન્ય એક મેમ્બર નિરંજનભાઈએ આ અંગે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ કરવા પાછળનો લોજિક શું છે. મેમ્બરોને મુશ્કેલી વેઠીને ક્લબ સુધી આવવું પડે અને બધુ બંધ હોય તો શું અર્થ. પડે કે તે જ પ્રવૃત્તિ દરરોજ કરે છે એ અને ખાસ કરીને રવિવારે જ કરવા ન મળે. ઘણા લોકો એવા હોય છે જેને રવિવારે જ સમય મળતો હોય છે. આ ઉપરાંત કાર્યક્રમને કારણે હું મારી કાર પણ નહીં લાવી શકું. પાછળના મેદાનમાં જ્યા ફાળવીને કાર પાર્કિંગ કરાવી શકાયું હોત. એક તો ઘાટકોપરમાં રિક્ષા મળવી એટલી મુશ્કેલ છે અને એમાં અમારા જેવા સિનિયર સિટિઝને કાર વિના આવવું એ તો ખૂબ જ આકરું છે. આ ઉપરાંત ટિકિટને બીજા દિવસે જ શું કામ ગેસ્ટ માટે એન્ટ્રી કરી દેવામાં આવી હતી. શું મેમ્બરો ઓછા થઇ રહ્યા હતા, એવો સવાલ તેમણે કર્યો હતો. અન્ય એક સભ્ય કનૈયા નંદાએ કહ્યું હતું કે મેમ્બરોને પ્રોબ્લેમ વધે એવું શું કોઇ કામ જ શું કામ કરવું જોઇએ. મેનેજમેન્ટે નોટિસ મૂકતાં પહેલાં આવા કાર્યક્રમ કરતાં પહેલાં મેમ્બરોને વિશ્વાસમાં લેવા જોઇએ કે શું કોઇને મુશ્કેલી થાય છે કે નહીં.

અહીં એક વાતને નોંધવી પણ ઘટે કે થોડા સમય અગાઉ એક વ્યક્તિએ ક્લબમાં થતી ગેરરીતિઓ અંગે ધ્યાન દોરતી નોટિસ ફટકારી હતી અને બાદમાં થોડા સમયમાં જ તેમની સાથે સમાધાન થયા બાદ નોટિસને પાછી ખેંચવામાં આવી હતી. ક્લબની અંદર કંઇ ને કંઇ થતું હોય તો જ આવી નોટિસો ફટકારીને પોતાના કામ કઢાવી લેવા એવી માનસિકતા ચાલી રહી હોવાનું લોકોનું માનવું છે. ખૂબ જ પ્રતિષ્ઠિત ક્લબની પ્રતિષ્ઠા ન ખરડાય જોવાની જવાબદારી પણ કમિટી મેમ્બરોની બનતી હોય છે. આ અગાઉ પણ શંકર મહાદેવનના કાર્યક્રમમાં કમિટીએ ગેરરીતિ આચરી હોવાનું સાંભળવા મળ્યું હતું. મેમ્બરો કરતાં મહેમાનોને ટિકિટ વધુ મળી હોવાનો આક્ષેપ પણ એ સમયે થયો હતો. જોકે એ કાર્યક્રમથી સબક લઇને કમિટીએ ટિકિટનું વેચાણ ઓનલાઈન જ કર્યું હતું. આ ઉપરાંત ક્લબના અમુક હોદ્દેદારો દ્વારા પણ આ કાર્યક્રમનો રોષ ઊઠતો હોવાનું જોવા મળે છે. જોકે તેઓ આ અંગે ખુલ્લી રીતે સામે નથી આવી રહ્યા.

## મુંબઈ બનશે વૈશ્વિક ફિનટેક હબ

કબજાનો લેટર મુંબઈ ટેક વીક (એમટીડબ્લ્યુ) ૨૦૨૫ દરમિયાન એનપીસીઆઈને સત્તાવાર રીતે સોંપવામાં આવ્યો હતો. એનપીસીઆઈના અત્યાધુનિક મુખ્યાલયની સ્થાપનાને સરળ બનાવવા માટે આ જમીન ૮૦ વર્ષ માટે ભાડે આપવામાં આવી છે.ભારતની રિટેલ ચુકવણી પ્રણાલીઓની કરોડરજ્જુ એનપીસીઆઈએ યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઈ), રૂ-પે, આઈએમપીએસ, આધાર-સક્ષમ ચુકવણી સિસ્ટમ (એઇ-પીએસ) અને નેશનલ ઇલેક્ટ્રોનિક ટોલ કલેક્શન (એનઈટીસી) જેવાં પ્લેટફોર્મ સાથે ડિજિટલ વ્યવહારોમાં ક્રાંતિ લાવવામાં પરિવર્તનકારી ભૂમિકા ભજવી છે. આ વ્યૂહાત્મક વિસ્તરણ સાથે, એનપીસીઆઈ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ચુકવણી ઉકેલોને વધારવાની અપેક્ષા રાખે છે, જે ડિજિટલ ફાઇનાન્સમાં ભારતનું નેતૃત્વ મજબૂત બનાવે છે.

## મુંબઈ સુધરાઈની ચૂંટણી

શિંદે સરકારના નિર્ણયને માન્ય રાખ્યો, તેથી હવે ઠાકરે જૂથે સુપ્રીમ કોર્ટમાં ધા નાખી છે. આ કેસની સુનાવણી ચોથી માર્ચે છે. જો આ બાબતે સ્પષ્ટ નિર્દેશ આવશે તો મુંબઈની ચૂંટણીની તૈયારીઓમાં રાજકીય પક્ષોએ લાગવું પડશે.

આ ચૂંટણીઓ ફરી મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ લાવનારી સાબિત થઈ શકે છે. હાલમાં સાથી પક્ષો એકસાથે મુંબઈની ચૂંટણી લડવા તૈયાર ન હોવાના સંકેતો આપી રહ્યા છે. જોકે એકવાર પાલિકાની ચૂંટણીની જાહેરાત થાય ત્યારબાદ રાજ્યોની ચૂંટણી જેટલી ધમાલ આ ચૂંટણીમાં પણ થશે તે નક્કી છે.

## શિંદેની પાછળ પડી ગયા છે ફડણવીસ

ફડણવીસ વચ્ચે ફરી વિવાદ થવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે, પરંતુ શિંદે સેનાના નેતા અને આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે આ વિશે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે આ નિર્ણય પાછળ પક્ષોને કોઈ લેવાદેવા નથી. ફક્ત આરોગ્ય વિભાગ જ નહીં, પરંતુ દરેક સરકારી વિભાગે નિયમો પ્રમાણે કામ કરવું જોઇએ.

આ દરમિયાન શિવસેના-યુબીટીના નેતા સંજય રાઉતે પણ આ નિર્ણયને આવકાર્યો હતો.

## રાહુલ ગાંધી હાજિર હો...

પોતાની બાજુ રજૂ કરવા માટે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ સ્વાતંત્ર્યવીર સાવરકર અંગે વિવાદાસ્પદ વક્તવ્ય કર્યું હતું. તેમના વિવાદાસ્પદ વક્તવ્ય બદલ સાવરકરના ચાહકોએ નાશિકના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ સ્વાતંત્ર્યવીર સાવરકર વિશે વિવાદાસ્પદ વક્તવ્ય કર્યું હતું. સાવરકરના ચાહકોએ સરકારવાડા પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવતાં પોલીસે રાહુલ ગાંધી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. શનિવારે પહેલી માર્ચના રોજ આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેને મે મહિનામાં મોકૂફ રાખવામાં આવી છે. જોકે કોર્ટે રાહુલ ગાંધીને હવે થનારી સુનાવણીમાં પ્રત્યક્ષ હાજર રહેવાની તાકીદ કરી હતી.

## જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

મોરચુપણા હાલ મીરારોડ, સ્વ. બાવચંદભાઈ ભવાનભાઈ દોશીના પુત્ર ધીરજલાલ (ઉં. વ. ૯૦) બુધવાર તા. ૨૬-૨-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે રમીલાબેનના પતિ. સ્વ. સુરેશ, ભાવેશ, યોગેશ, આશાબેન અરવીંદકુમાર, વર્ષાબેન વિપુલકુમારના પિતા. પારૂલબેન, અલ્પાબેન, શીતલબેનના સસરા. પુનમચંદભાઈ, સ્વ. ખાંતીભાઈ, કાંતીભાઈ, ચિમનભાઈ, સ્વ. રસીલાબેન વિનયચંદ દોશી, મંજુલાબેન જસવંતરાય વોરાના મોટાભાઈ. મણીલાલ હરીચંદ શાહ (બોરડાવાળા)ના જમાઈ. લૌકિક વહેવાર બંધ રાખેલ છે. ઠે. ભાવેશ ધીરજલાલ દોશી, સેક્ટર નં. ૩ એ-૩૯/૧૦૪ શાંનીનગર જૈન ઉપાશ્રયની બાજુમાં, મિરારોડ (ઈસ્ટ).

**મોરબી મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

હસમુખરાય મહેતા (ઉં. વ. ૮૯) લખતર નિવાસી હાલ કાંદિવલી સ્વ. સમરતબેન કેશવલાલ નેણસીભાઇના સુપુત્ર સરયુબેનના પતિ.ડો. મેહુલભાઇ તથા શેફાલીબેનના પિતા. ડો. રૂપાલીબેન તથા સલિલભાઇના સસરા. સ્વ. ચીમનલાલ વર્ધમાન શાહના જમાઇ. સ્વ. પ્રવીણભાઇ, સ્વ. કાંતિભાઇ, રમેશભાઇ, સ્વ. વિનુભાઇ, સ્વ. જશુમતીબેન, સ્વ. હસુમતીબેન, સ્વ. સ્મિતાબેન તથા નલીનીબેનના ભાઇ. તા. ૨૮-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ક. દ. ઓ. જૈન**

શા. ગં. સ્વ. રેવંતિ મૈશેરી (ઉં. વ. ૭૩) ગામ માંડવી હાલ મુલુંડ મુંબઇ તા. ૧-૩-૨૫ અરિહંતશરણ પામેલ છે. સ્વ. માણેકજી પદમસી મૈશેરી માંડવીવાળાના પુત્રવધૂ. સ્વ. ચંદ્રકાંત માણેકજીના પત્ની. રાજેશના માતુશ્રી. અ. સૌ. આરતી રાજેશના સાસુજી. સૃષ્ટિ અને પ્રિસાના દાદીમા. જેઠાભાઇ આણંદજી લોડાયા સાંઘવ હાલ ખામગામવાળાની પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩-૩-૨૫, ૫થી ૬.૩૦. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (પ.)

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર તિલકનગર સ્વ. સાકરચંદ ચાંપસીભાઇ મહેતાના સુપુત્ર રાજેન્દ્રકુમાર (ઉં. વ. ૭૩) તે વાસંતીબેનના પતિ. ધવલભાઇના પિતાશ્રી. સ્વ. પ્રભુભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, વિનુભાઇ તથા સ્વ. ભાનુબેન, સ્વ. ઇન્દુબેન, સ્વ. હસુબેન, સ્વ. મધુબેનના ભાઇ. મજેવડી નિવાસી (હાલ ઘાટકોપર) સ્વ. દલીચંદભાઇ તારાચંદ મહેતાના જમાઇ. શુક્રવાર, તા. ૨૮-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ થાણા, શાહ જયાબેન પ્રભુદાસ રાયચંદના પુત્ર રાજેશ (ઉં. વ. ૬૪) તે રીટાબેનના પતિ. ધવલ તથા ઋતુના પિતા. શૈલેષભાઇ, જયેશભાઇના મોટાભાઈ. સાસરાપક્ષે પ્રાણલાલ લક્ષ્મીચંદ શાહના જમાઈ ૨૮/૨/૨૫ના અવસાન પામેલ છે. ભાવયાત્રા ૨/૩/૨૫ના ૧૦ થી ૧૨. ટેંભીનાકા જૈન મંદિર, ચોથે માળે, થાણા વેસ્ટ.

**દશા શ્રી સ્થા જૈન**

વઢવાણ હાલ ગુંટૂર આંધ્રપ્રદેશ, સ્વ. ધીરજબેન શામળદાસ ખોડીદાસ શાહના પુત્ર વિનોદભાઈ (ઉં. વ. ૮૮) ૨૬/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નિર્મળાબેનના પતિ. નિમીષા, ભૂપેશ, અતુલના પિતા. હરેશભાઇ ઘોરીયા, જાગૃતિ તથા મેહાલીના સસરા. મોરબી નિવાસી સ્વ. ચંચળબેન માવજીભાઈ મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

બોટાદ હાલ પારસવડલો દહાણુ, સ્વ. હરજીવનદાસ જગજીવનદાસ શાહના પુત્રવધૂ. પ્રકાશભાઈના ધર્મપત્ની કોકિલાબેન (ઉં. વ. ૭૪) પ.પૂ મુની નયશેખર વિ મ. સા, ધર્મેશના માતુશ્રી. વૈશાલીના સાસુ. ધરનના નાની. પિયરપક્ષે લીંબડી નિવાસી હાલ અમદાવાદ સ્વ. રસિકલાલ જગજીવનદાસ ગાંધીના દીકરી તા. ૨૫/૨/૨૫ના દેવલોક પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી ઝાલાવાડી શ્વે.મૂ. જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ મુંબઈ, સ્વ. વિનુભાઈ ઉમેચચંદ બેચરદાસ શાહના ધર્મપત્ની ગં.સ્વ. રાજુલબેન (ઉં.વ.૯૦) તા.૧-૩-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.દામોદરદાસ કરસનદાસ શાહના પુત્રી. સ્વ. શૈલેષભાઈ, સીમાબેન પ્રકાશભાઈ, સેજલબેન કુણાલના માતૃશ્રી. સ્વ.રમણીકભાઈ, સ્વ. ચંપકભાઈ, સ્વ.નવીનચંદ્ર, સ્વ.સુરેશભાઈ, સ્વ. પદ્માબેન, કોકીલાબેન, સ્નેહ લતાબેન, સરોજબેનના ભાભી. શૈલી બિમલ, સુલસા, સુનયના પ્રતીકના દાદી. પ્રાર્થનાસભા તા.૪-૩-૨૦૨૫ના ૧૦:૩૦ થી ૧૨.૦૦. ઠે. વાય બી ચૌહાણ ઓડિટોરિયમ, જે. બી. રોડ, નરીમન પોઇન્ટ, મુંબઈ ૪૦૦૦૨૧.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબીયાના અ.સૌ. વનિતા રાજેશ સાવલા (ઉં. વ. ૫૧) તા. ૨૮-૨-૨૫નાં દેહ પરીવર્તન કરેલ છે. સ્વ. મણીબેન આણંદજી સાવલાના પુત્રવધૂ. રાજેશના ધર્મપત્ની. ભવ્ય અને વિધિના માતુશ્રી. વલસાડના પાલી પ્રેમા મનસુ ખારવીના સુપુત્રી. સ્વ. સુધીર, નવિન, સંતોષના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : રાજેશ સાવલા, ૧/૧૧, એ.એમ.જૈન સ્ટેટ, ભાટીયા હોસ્પીટલની સામે, વિલેજ રોડ, ભાંડુપ (વેસ્ટ).

બાડા હાલે નાલાસોપારાના જીતેન્દ્ર પ્રેમજી હરીયા (ઉં. વ. ૫૧) તા ૨૮-૨-૨૫ના અવસાન પામેલ છે. મુરીબાઇ પાસુના પૌત્ર. ભારતી પ્રેમજીના સુપુત્ર. અરૂણાના પતિ. રાજના પિતાશ્રી. ધર્મેન્દ્ર, મનોજના ભાઇ. જનાબાઇ સાહેબ રાવ બૈસાનેના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : અરૂણા જીતેન્દ્ર હરીયા, હેમનગર સોસાયટી, એ-૩૦૧, આંબાવાડી-તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.) .

પત્રીના મુલચંદ ધરોડ (ઉં. વ. ૭૮) ૨૮-૨-૨૫ના અવસાન પામેલ છે. દેવકાંબેન શીવજી મોણશીના પુત્ર. મંજુલાના પતિ. પરેશ, દિપેશના પિતાશ્રી. મણીબેન, રમણીક, ધીરજ, હસમુખ, દિનાના ભાઇ. ગુંદાલા માતુશ્રી ભાનુબેન પ્રેમજી ઘેલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દિપેશ ધરોડ, બી-૧૦૧, પુષ્પ કલશ-૨, બાલાજી સમફની ટાવરની સામે, સુકાપુર, ન્યુ પનવેલ (ઇ.) .

વાંકીના ખીમજી દના છેડા (ઉં. વ. ૮૭) તા. ૨૮-૦૨-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇ દના ચાંપશીના પુત્ર. સ્વ. જયવંતીના પતિ. ચંદન, વનિતા, સુનીલ, કવિતાના પિતાશ્રી. દેવજી, કાનજી, હંસરાજ, વેલજી, પ્રેમજી, નાનજી, ભાણબાઇ પ્રેમજી, ભચીબાઇ ભીમશી, ખેતબાઇ રામજીના ભાઇ. પ્રાગપરના લીલબાઇ પ્રેમજી પુનશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. બાર નવકાર ગણવા. ઠે. સુનીલ ખીમજી છેડા, ફલેટ નં.૬, ૧લે માળે, શિવકૃપા બીલ્ડીંગ, પામ એકર સોસાયટીની સામે, મહાત્મા ફુલે રોડ, ગવનપાડા બસ સ્ટોપ પાછળ, મુલુંડ (ઇ).

વડાલાના દમયંતીબેન ચંદ્રકાંત સોની (ઉં. વ. ૭૨) તા. ૨૭-૨-૨૫ના અવસાન પામ્યા છે. ભાણબાઈ તેજશી લધાના પુત્રવધુ. ચંદ્રકાંતના ધર્મપત્ની. હિરેન, પરેન, નીલમ, દીપાના માતુશ્રી. લાયજા મણીબેન ભવાનજી કુરપારના સુપુત્રી. વિમળાબેન રતીલાલ શીવજીના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લઘુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાશી જૈન**

સાવરકુંડલા હાલ મીરારોડ, દિનેશભાઈ કેશવજી ભીમાણી (ઉં. વ. ૮૧) તા.૨૮-૦૨-૨૫ના અરીહંત શરણ પામેલ છે. કુંદનબેનના પતિ. સ્વ. જીવરાજભાઈ સોનછાત્રાના જમાઈ. સ્વ. ઈન્દુબેન શાન્તીલાલ મહેતાના ભાઈ, કેતન, વંદના કેતન સંઘરાજકા તથા સ્વ. રાજેશના પિતા. દિક્ષીતા, ધાર્મિકના દાદા. ચિંતન અને રાજના નાના. પ્રાર્થનાસભા તા.૦૨-૦૩-૨૫ના ૩ થી ૫, સ્થળ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સેક્ટર નં ૬, શાંતિ નગર, મીરારોડ.

**ઝાલાવાડી શ્વેતાંબર મુર્તિપૂજક જૈન**

વઢવાણ હાલ કાંદિવલી, મિતાબેન (મીરા) શાહ (ઉં. વ. ૭૦) જે મિલનભાઈ રસિકલાલ હરચંદ શાહના પત્ની. તે ઝલક (ચિકી)ના માતુશ્રી. પિયરપક્ષે મોરબી નિવાસી સ્વ. વિમલાબેન લક્ષ્મીપ્રસાદ મહેતાના પુત્રી. સ્વ. દિપકભાઈ, સ્વ. આશીષભાઈ ત્થા રાજનભાઈના બહેન તા. ૧-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લોકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી, - સી-૨૧૧, ગોવર્ધનનગર, પોઈસર જીમખાનાનઈ સામે, કાંદિવલી વેસ્ટ.

**વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

છલાળા હાલ સાયન, સ્વ. અંજવાળીબેન વાડીલાલ શાહના સુપુત્ર દિપકભાઈ (ટીકુભાઈ) (ઉં. વ. ૬૬) તે જાગૃતિબેનના પતિ. ચિ. હર્ષ અને ઈશાના પિતાશ્રી. સૌ. મેઘા ત્થા ભાર્ગવના સસરા, શુક્રવાર તા. ૨૮-૦૨-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. વિજયાબેન કાંતીલાલ વોરાના જમાઈ. સ્વ. ભરતભાઈ, સ્વ. ધિરેન્દ્રભાઈ, પ્રકાશભાઈ તથા ઈંદીરાબેન જયંતીલાલ, ગીતાબેન રાજેનભાઇ, પ્રતિમાબેન મિલનભાઈના ભાઈ, ભાવયાત્રા તા. ૨-૩-૨૫ના ૨.૩૦ થી ૫.૩૦. નોર્થ ઈંડીયા એસોશિયેશન, ભાઉ દાજી રોડ એક્ષટેંશન, કીંગ સર્કલ સ્ટેશનની પાછળ, ઓફ સાયન રોડ, મું. ૨૨, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ બોરીવલી, સ્વ. જ્યોત્સનાબેન હસમુખલાલ કોઠારીના સુપુત્ર જીતેનભાઈ કોઠારી (ઉં. વ. ૫૭) તે જાઈબેનના પતિ. અ.સૌ. રીયાના પિતાશ્રી. ગૌરવ બ્રજમોહન ચવ્હાણના સસરા. સ્વ. સ્મીતાબેન સમીરભાઈ ધ્રુવના ભાઈ. ઈન્દીરાબેન સુરેન્દ્રભાઈ સંઘવીના જમાઈ, તા. ૨૮-૨-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

એરવદ રૂસ્તમ કાવસ દાદાચાનજી તે ઓસ્ટી નરગીશ તથા મરહુમ એરવદ કાવસ દાદાચાનજીના દીકરા. તે મેહેર પાસી માસ્તરના ભાઇ. તે અનોશક પરસી માસ્તરના મામા. તે પરસી ફિરોઝ માસ્તરના સાલા. તે એરવદ માહેસ્પનંદ, એરવદ હોરમઝ, આદિલ, રોશની, ખુરશીદ, નિવીલ, હવોવી, રોશની, કાશ્મીરા, બેહરોઝ, હોમીયાર તથા મરહુમો આદિલ, વિરાઝ, બજી, કેરમાન ને શાહરૂખના કઝીન. (ઉં. વ. ૫૮) રે. ઠે. ૧લે માળે, કયુ-૨૩, ગોદરેજ બાગ, મુંબઇ-૪૦૦૦૨૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૨-૩-૨૫ને બપોરે ૩-૪૫ કલાકે હ્યુજીશ રોડ મધ્યે વાચ્છા ગાંધી અગિયારીમાં.

રોશન હસમુખ શાહ (ઉં. વ. ૭૩) તા. ૨૮-૨-૨૫એ ગુજરી ગયા છે. તે મરહુમ હસમુખ શાહના વાઇફ. પ્રિયંકા શાહના મધર. મરહુમ ડોસાભાઇ કમિસરિઅન અને મરહુમ તેહમીનાના દીકરી. દાનેશ્વર ખોત અને શેરનાઝ નગરવાલાના સાસુ. મરહુમ વીરા નગરવાલા અને મરહુમ જેરૂ ચોથિયાના બેન. ઉઠમણું : તા. ૨-૩-૨૫મીએ.

## હિન્દુ મરણ

સ્વ. કાંતિભાઇ જીવરામ જેઠવા (ઉં. વ. ૭૫) અમદાવાદ નિવાસી હાલ વાલકેશ્વર મુંબઇ તે મંજુલાબેનના પતિ. નિલમ, ભાવીનના પિતા. સ્વ. અનિલભાઇ ગોહિલ તથા જાનકીના સસરા. અંશ, તનિષાના દાદા. યોગી, યશના નાના. તા. ૧-૩-૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૩-૨૫ સોમવારના ૫થી ૭. ઠે. ભારતીય વિદ્યાભવન ચોપાટી ખાતે રાખેલ છે.

સ્વ. મણીબેન બચુભાઇ ધીરાવાણી કચ્છ ગામ કોઠારાના પુત્ર ભગવાનદાસના ધર્મપત્ની અ. સૌ. હર્ષાબેન (ઉં. વ. ૬૧) હાલ મુલુંડ ચેકનાકા તા. ૨૭-૨-૨૫ના રામશરણ પામ્યા છે. પુનિત, કોમલના માતુશ્રી. પૂજા અને જીતેન રાયચનાના સાસુમા. સ્વ. ચત્રભુજ માવજી નીગારીયા કચ્છ ગામ અંજારના સુપુત્રી. હેમલતા નરેન્દ્ર કોટેચા, ભગવતી નરેશ પંડિતપૌત્રાના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૩-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. મુક્તેશ્વર મહાદેવ મંદિર હોલ, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે, બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ગં. સ્વ. પુર્ણિમા પરમાનંદ બોસમીઆ (ઉં. વ. ૮૭) તે સ્વ. પરમાનંદ બાલુભાઈ બોસમીઆના પત્ની. સ્વ.પ્રતાપરાય કાશીનાથ શાલવાલાની દીકરી. હિતેન, સંજીવ, દીપાલી, યુતિ તથા તારકના માતુશ્રી તા.૨૭/૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૨/૩/૨૫ રવિવારના ૧૦.૩૦ થી ૧૨.૦૦. જૈન મંદિર, ૧૨, ગ્યાનમંદિર રોડ, દાદર પશ્ચિમ.

**ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**

શિવાની ભાવેશ મહેતા (ઉં. વ. ૫૩) તા. ૨૭-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. ભાવેશના ધર્મપત્ની. મૌલીના માતુશ્રી. રેખાબેન મહેતાના પુત્રી. વંદના મેઘલ મહેતાના નણંદ. રચના વિલાસ ઉપાધ્યાયના બેન. પ્રાર્થના- રવિવાર, તા. ૨-૩-૨૫, ૪ થી ૬. ઠે. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, બી-૩૦૨, ડાયમોડા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બિલ્ડીંગ, દહીંસર પેટ્રોલ પંપ પાસે, એસ. વી. રોડ, દહીંસર (ઈસ્ટ).

**કપડવંજ દશા શ્રીમાળી વણિક**

કપડવંજ નિવાસી હાલ મુંબઈ રજનીકાંતભાઈ માણેકલાલ શાહ (ઉં. વ. ૯૪) તે સ્વ. પ્રતીભાબેનના પતિ. ચિરાગ, ઓજસના પિતા. વિભા, ભાવનાના સસરા. દેવાંશી, પ્રણાલી, ઝાકળના દાદા તા. ૨૭-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૩-૨૫ રવિવાર ૫ થી ૬. તેમના નિવાસ સ્થાનઃ ૬૧૨બી, સાઈઅમૃત, જયવંત સાવંત રોડ, દહિંસર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

સુરેશ સંપટ (ઉં. વ. ૮૧) (દેવા ભાણમવાળા) મુંબઈ નિવાસી શિલ્પાબેન (દેહુતી)ના પતિ. સ્વ. માધુરીબેન પુરસોતમ સંપટના સુપુત્ર. સ્વ. ચંદાબાઈ રતનશી વેદ (અફીણી)ના જમાઈ. વિરલ ઉર્વી તથા મીતા હીતેનના પિતા/સસરા. હરી અને અદીતીના નાના તા. ૧-૩-૨૫ના રોજ કલીકટમાં શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

હાલ મુંબઇ રજનીકાન્ત ઓચ્છવલાલ પરીખ (બખલી)ના ધર્મપત્ની સૂર્યાબેન (ઉં.વ. ૮૭) તે મયંકભાઇ, સંજયભાઇ, અપૂર્વભાઇના માતુશ્રી. ક્રિષ્ણાબેન, વંદનાબેનના સાસુ. સૌમિલ, સાહિલ, કાનનના દાદી. શનિવાર, તા. ૧-૩-૨૫ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩-૩-૨૫ના ૫થી ૭. ઠે. એ-૨૧, આનંદ જુહુલેન કો-ઓપ હા. સોસાયટી, ૧૭, જુહુ લેન, શોપર સ્ટોપની પાછળ, લોકલ સેલ્ફ ગવર્મેન્ટની નજીક, અંધેરી (વેસ્ટ) લૌકિ વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મંજુલાબેન પવાણી ગામ ગુંદાલા તા. ૨૮-૨-૨૫ શુક્રવારના રામશરણ પામેલ છે. તે સ્વ. વાલભાઇ હરચંદ રાણા (ઠક્કર)ના પુત્રી. સ્વ. મેઘજીભાઇ ભાગચંદ પવાણીનાં પત્ની. તે પ્રવીણા (મીના) વિનોદભાઇ, ઇલા કનૈયાલાલ, સ્વ. સુરેશ, સ્વ. દીપક, સ્વ. ઉમેશના માતુશ્રી. નયનાબેનના સાસુ. નિધી આશિષના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૨-૩-૨૫ને રવિવારના ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ કાંદીવલી મંજુલાબેન મનસુખલાલ મહેતા (ઉં. વ. ૯૦) તા. ૨૭-૨-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સુભાષ, ચેતના, રેખા, ગીતા, શૈલેષના માતુશ્રી. મીના સુભાષ, બિનિતા શૈલેષ, દિનેશભાઇ, ગિરીશભાઇ મીયાણી, રાજેન્દ્રભાઇ મહેતાના સાસુ. શામજીભાઇ ગુલાબચંદ મહેતાના દીકરી. રમાબેન, અનંતરાય શેઠ તથા પ્રવીણભાઇના બેન. ખુશ્બુ, જય, બંસરીના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૩-૨૫ના રવિવારના ૫થી ૭. ઠે. ઠક્કાઇ ભાટિયા વાડી, હોલ નં-૨, શંકર લેન, કાંદિવલી (વેસ્ટ).

**કપોળ**

હળમતિયાવાળા (હાલ યુ.એસ.એ) પ્રફુલકુમાર (ઉં. વ. ૭૦), તે સ્વ. જશુમતીબેન અને સ્વ. ચુનીલાલ જેરામદાસ મહેતાના સુપુત્ર. હેમાના પતિ. ધવલના પિતા. કાજલના સસરા. સ્વ. પ્રદીપભાઇ તથા હરીશભાઇના ભાઇ. શ્વસુર પક્ષે દેલવાડાવાળા સ્વ. રસીલાબેન તથા સ્વ. ખુશાલદાસ મણીલાલ મહેતાના જમાઇ. તા. ૧૬-૨-૨૫ના યુ.એસ.એ. માં શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક ક્રિયા બંધ છે.

**ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

સ્વ. નીતીનભાઇ લક્ષ્મીશંકર દવે (ઉં. વ.૬૯) ગામ કેશોદ હાલ બોરીવલી તા. ૨૭-૨-૨૫ના કૈલાસવાસ પામેલ છે. તે ગં. સ્વ. પ્રીતિબેનના પતિ. સ્વ. લક્ષ્મીશંકર કેશવજી દવે તથા વિજયાલક્ષ્મી લક્ષ્મીશંકર દવેના પુત્ર. ધવલભાઇ તથા વિધીબેનના પિતાજી. પ્રકાશભાઇ, પંકજભાઇ, ગીતાબેન જોષીના મોટાભાઇ. મોસાળ પક્ષે સ્વ. શાંતિલાલ દુર્ગાશંકર વ્યાસ રાજકોટના જમાઇ અવસાન થયેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૩-૨૫ના સોમવારે ૫થી ૭. ઠે. આંગન બેન્કવેટ, ફેકટરી લેન, એમ. કે. હાઇસ્કૂલની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

ગામ લખપત હાલે મુલુંડ, સ્વ. પરમાનંદ આશાનંદ જોબનપુત્રા (નાકાઇ)ના ધર્મપત્ની તે ગં. સ્વ. જવેરબેન જોબનપુત્રા (ઉં. વ. ૯૬) સ્વ.રાજેન્દ્ર, શોભા રમેશ જોબનપુત્રા તથા જયશ્રીના માતાજી. સ્વ. શિવદાશભાઈ, સ્વ.વિઠલદાસભાઈ તથા નરેન્દ્રભાઈના મોટાભાભી.સ્વ. રાધાબાઈ વેલજી ચાપ્સી પોપટ (ગામ ટેબીયો)ના પુત્રી. સ્વ.કિશોરભાઈ વેલજી પોપટના બેન, તા.૨૭/૦૨/૨૦૨૫ના રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. અ/૬ મારુતિ એપાર્ટમેન્ટ, રઘુવંશી નગર, જ ગ. રોડ, મુલુંડ વેસ્ટ.

**દશા ઝારોળા વણિક**

ભાવનગર, હાલ કાંદિવલી, બિપીનચંદ્ર જસવંતરાય બક્ષી (ઉં. વ. ૮૨) તે સ્વ. અ.સૌ. શકુંતલાબેનના પતિ. આશિષના પિતાશ્રી. હિરલના સસરા. ગં. સ્વ. રંજનબેન, સ્વ. પ્રદીપભાઇ, હર્ષદભાઈના ભાઈ. ખુશી અને ગર્વના દાદા તા.૨૪.૨.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩.૩.૨૦૨૫ સોમવાર ૫-૭. હાલાઈ લોહાણા મહાજન વાડી, પહેલે માળે, એસ.વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

નિરોણા (કચ્છ) હાલ બોરીવલી, સ્વ. જમનાદાસ લક્ષ્મીદાસ જોશીનાં ધર્મપત્ની ગં. સ્વ. સુશીલાબેન (બધુબેન) જમનાદાસ (ઉં. વ. ૮૦) તા. ૧-૩-૨૫ને શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે અતુલ, શૈલેષ, મનીષા, કિન્નરીનાં માતુશ્રી. સ્વ.લીલાવતી મથુરાદાસ પુરોહિતનાં દીકરી. સ્વ. કનુભાઈ, સ્વ. પંકજબેન, પ્રદીપભાઈ, બિપીનભાઈનાં બેન. સ્વ. ખરાશંકર, સ્વ. વિજયભાઈ, સ્વ. કનૈયાલાલ, સ્વ. પુષ્પાબેનનાં ભાભી. પ્રાર્થનાસભા તા.૩-૩-૨૫ને સોમવારે ૪ થી ૬, કેરાકેન્દ્ર હોલ, દલવી નગર, શિંપોલી રોડ ખાતે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિસા લાડ વાણિક**

મૂળ ગામ પનવેલ હાલ મીરા રોડ, સુરેશચંદ્ર મોહનલાલ પરીખ (ઉં. વ. ૮૯) બુધવાર તા.૨૬/૦૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. પ્રફુલ્લાબહેનના પતિ. ધર્મેશભાઈ, સ્વ. જનકભાઈ, કામિનીબહેન ભરતભાઈ મોદીના પિતાશ્રી. નીતિબહેન, પ્રિયાબહેનના સસરા. નગીનદાસ કાપડીયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**લેઉવા પટેલ**

ગામ જેસર હાલ મુંબઈ, કાનજીભાઈ જીવરાજભાઈ પટેલ (ગજેરા) (ઉં. વ. ૮૩) તા. ૨૭/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પુષ્પાબેનના પતિ. ભાવિનભાઈ, નિહારિકાબેન નિલેશકુમાર પટેલ, નિશાબેન અંકિતકુમાર ઉપાધ્યાયના પિતાશ્રી. સાસરાપક્ષે સ્વ. રામબાઈ રામજીભાઈ અશેદરિયાના જમાઈ. પ્રાર્થનાસભા તા.૩/૩/૨૫ના સોમવાર ૫:૩૦ થી ૭:૩૦. શ્રી સૌરાષ્ટ્ર સમાજ પટેલ વાડી, હનુમાન ટેકડી, અશોકવન, દહીંસર ઇસ્ટ.

**કપોળ**

જલાલપૂર માંડવા હાલ કાંદિવલી, સ્વ. સવિતાબેન જાગમોહનદાસ વળીયાના પુત્રવધૂ ગં. સ્વ. ઇલાબેન ભાસ્કરભાઈ વળીયા (ઉં. વ. ૬૫) ૧/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જીમિત તથા અમિતના માતુશ્રી. જીજ્ઞા તથા નિરાલીના સાસુ. પિયરપક્ષે પાલીતાણાવાળા સ્વ. મંજુલાબેન શાંતિલાલ હકાણીના દીકરી. ભુપતભાઇ, સ્વ. વામનભાઈ, અશ્વિનભાઇના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા ૩/૩/૨૫ના ૫ થી ૭. શ્યામ સત્સંગ ભવન, ઓફ મહાવીરનગર, એકતા નગર, લિંક રોડ, કાંદિવલી વેસ્ટ.

**ભોપા રબારી**

જામનગર બેડ હાલ કાંદિવલી, સ્વ. લીલાબેન તથા સ્વ. વજાભાઈ દેવાભાઇ રબારીના પુત્ર રમેશભાઈ (ઉં. વ. ૬૪) ૨૪/૨/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. સ્વ. સુરતાણી વરસીંગ કરમઠાના ભાઈ. ચેતન-રૂચિતા, ચેતના ચિંતનકુમાર દેસાઈ, નિકિતા, દિવ્યા, રાહુલ -આરતી, દીપમાલા સૌરભકુમાર સોનીના પિતા. સાસરાપક્ષે સ્વ. ઇન્દુબેન એકનાથ રાજગુરુના જમાઈ. પ્રાર્થનાસભા ૨/૩/૨૫ના ૫ થી ૭. દેસાઈ સઇ સુતાર વાડી, અશોક ચક્રવતી રોડ ૪, ગણપતિ મંદિરની સામે, કાંદિવલી ઈસ્ટ.

**માધવપુર ગીરીનારાયણ બ્રાહ્મણ**

નલિનીબેન (ઉં. વ. ૯૦) તે ઘનશ્યામભાઈ ત્રંબકલાલ કાપડિયાના ધર્મપત્ની. ભવનેશ, આશા, સંજય, સોનલના માતુશ્રી. જ્યોતિ, દક્ષા, દીપકકુમારના સાસુ. મુક્તાબેન અમૃતલાલ જોષીના દીકરી. ભાનુબેન તથા વિનોદભાઈના ભાભી. તા. ૨૮/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

મૂળ ટાણાના હાલ મુંબઈ, નિરંજન દિનકરરાય ભટ્ટ (ઉં. વ. ૮૫) શનિવાર ૧-૩-૨૫ના કૈલાસવાસી થયા છે. તે ઈન્દુબેનના પતિ, દીપિકા, નિલેશ, વૈશાલીના પિતા, આશિષ હાથી, આશા ભટ્ટ, શૈલેષ ઉદ્દેશીના સસરા, શરદભાઈ, ગં.સ્વ.પુષ્પાબેન દ્રુપદરાય ત્રિવેદી, સ્વ.દેવીબેન હર્ષદરાય જોશી, યશુબેન કિશોરભાઈ પંડયાના ભાઈ, સ્વ. પ્રાણજીવન પુરુષોત્તમ જોશીના જમાઈ, પ્રાર્થનાસભા સોમવાર, ૩-૩-૨૫ના ૫ થી ૭, ઠક્કાઈ ભાટિયા સેવા ફંડ, હૉલ નં. ૫, નમહ હૉસ્પિટલની સામે, શંકરલેન, એસ. વી. રોડ, કાંદિવલી -૬૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

જામનગર નિવાસી, ગં. સ્વ. ઇન્દુમતી સાંગાણી (ઉં. વ. ૯૦) તે સ્વ.કાંતિલાલ મૂળજીભાઈ સાંગાણીનાં ધર્મપત્ની. હર્ષદભાઈ સાંગાણી, જયશ્રીબેન કમલભાઈ ઝવેરી, રશ્મિબેન સુધીરભાઈ માંડવીયાનાં માતા. સ્વ. છાયાબેનનાં સાસુ. દિપકભાઈ, ઓજસ મણિલાલ સાંગાણીનાં કાકી. જયશ્રીબેન મનસુખલાલ વિભાકર, સ્વ. મધુસુદનભાઈ, વિનોદભાઈ પ્રભુદાસ મલકાણનાં મોટાંબહેન. સ્વ. હિમાંશુભાઈ મનસુખલાલ વિભાકરનાં માસી. ૨૮ ફેબ્રુ.ના શ્રીજીચરણ પામ્યાં છે. સાદડીપ્રથા બંધ છે.

**પરજિયા સોની**

ભાયંદર નિવાસી, રશ્મિ સોની (ઉં. વ. ૬૦) તે સ્વ. અમૃતલાલ સોનીના પત્ની. સ્વ.શાંતાબેન મણીલાલ કાનાબારના દીકરી. શોભા વિજય સેદાની, રેખા રમેશ સવજીયાની, આશા દિલીપ સોનપાલ, મુકેશ કાનાબાર, સ્વ.મીનાબેન મોદીના બહેન, બીના અરવિંદ (ઉમેશ) ઠકરારના માતૃશ્રી, અરવિંદ (ઉમેશ) ઠકરારના સાસુ. ધ્વનિ અને પ્રિસાના નાની. ૨૮/૦૨/૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ જોલાપરના હાલ મહાલક્ષ્મી, સ્વ. પ્રવીણ ચૌહાણ ૨૦-૨-૨૫ના રામશરણ પામ્યા છે. તે સ્વ. વાલીબાઈ તથા સ્વ. આતા સામત ચૌહાણના પુત્ર. પ્રેમિલાબાઈના પતિ. વિનય અને રવિના પિતા. મહેશના સાળા, નિર્મળાબાઈ, નીલમબાઈ, વર્ષાબાઈ, હિનાબાઈ અને રાહુલના સસરા. દેવજી, ધનજી, શાન્તુ, પિન્કી, જ્યોતિના ભાઈ. તેમનું બારમું સોમવાર, તા. ૩-૩-૨૫ના ૫.૦૦ વાગ્યે મહાલક્ષ્મી એ-૬ બિલ્ડિગ પાસે રાખવામાં આવેલ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ સાંતાક્રુઝ, સ્વ. અનસુયાબેન નાનાલાલ દોશીના સુપુત્ર હસમુખ દોશી (ઉં. વ. ૭૨) તા. ૧-૩-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રતિમા (પન્ના) દોશીના પતિ. તેજસ, મિતેશ, કેયુરના પિતાશ્રી. શ્વેતા, વૃંદા, વિધીના સસરા, સ્વ. પ્રફુલ્લભાઈ, સ્વ. હેમંતભાઈ, ગં.સ્વ. દિપીકાબેન અશ્વિનકુમાર મહેતા, પન્નાબેન અજીતકુમાર મહેતાના ભાઈ, તે મહુવાવાળા ગં.સ્વ. કળાબેન બળવંતરાય ગોરડિયાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૦૩-૦૩-૨૫ સોમવારના ૫ થી ૭. શ્રી હીરાવલી બેન્કવેટ હોલ, પોદ્દાર સ્કુલની બાજુમાં, ટાગોર રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

## અમને આપો ટ્રાન્સફર

ફડણવીસ આ મામલે શો નિર્ણય લેશે તેના પર સૌની નજર રહેલી છે.

*શા માટે બીડ નહીં ?*

બીડ જિલ્લાના મસાજોગના સરંપચ સંતોષ દેશમુખની હત્યા બાદ કેટલાક અધિકારીઓ અને પોલીસ અધિકારીઓનાં દુષ્કૃત્યો નજરે ચડી રહ્યાં છે. ગુનેગારો સાથેનાં અનેક પ્રકારનાં જોડાણો અને તેમના કાળા ધંધામાં ભાગીદારીના ખુલાસા બહાર આવી રહ્યા છે. હત્યાકેસ બાદ પોલીસની છબિ ખરડાઈ રહી છે. હત્યામાં પીએસઆઈ રાજેશ પાટીલ સહિત કેટલાક અધિકારીઓના આરોપીઓ સાથે વ્યાવસાયિક સંબંધો હોવાનું જાણવા મળ્યું હતું. ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે પણ અનેક પોલીસ અધિકારીઓ સામે આરોપો લગાવ્યા છે અને તપાસની માગ કરી છે.

*એસપી નડતર બન્યા છે?*

સંતોષ દેશમુખ હત્યા કેસ, લોકસભા અને વિધાનસભાની ચૂંટણીને કારણે અહીં જાતિવાદ વકર્યો છે અને તેને કારણે ઉદ્ભવી રહેલા આરોપ-પ્રત્યારોપને કારણે બીડ જિલ્લામાં ફરજ બજાવવા કોઇ રાજી નથી. અધૂરામાં પૂરું આઈપીએસ અધિકારી નવનીત કાવતની એસપી તરીકે નિમણૂક થયા બાદ અધિકારીઓને મોટો ઝટકો લાગ્યો છે.

*જાતિવાદને ડામવા એસપીના પ્રયાસ*

અહીં વકરી રહેલા જાતિવાદને નાથવા માટે એસપી કાવતે મોટો ફેરફાર કર્યો છે. પોલીસ અધિકારીના પૂરા નામને બદલે હવે ફક્ત પ્રથમ નામવાળી નેમપ્લેટ હશે. પોલીસ દળમાં જાતિવાદ નાબૂદ કરવા માટે એસપીએ એક ખયાલ રજૂ કર્યો છે. આનો શનિવારથી કરવામાં આવ્યો છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ‘મુંબઈ સમાચારમાં છપાયું એટલે એ સત્ય!’

## ‘મુંબઈ સમાચાર ૨૦૦ નોટ આઉટ’ દસ્તાવેજી ફિલ્મના સ્ક્રીનિંગમાં સેલિબ્રિટીઓએ વ્યક્ત કર્યો આવો મતઃ ફિલ્મ-નાટકોની અનેક સેલિબ્રિટીઝ હાજરઃ મુંબઈ સમાચારને દ્વિ-શતાબ્દી માટે આપ્યા અભિનંદન

















(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અખબાર એટલે વર્તમાનપત્ર. દરેક વર્તમાનને ચોકસાઈ અને સચ્ચાઈથી વહાલા અને વફાદાર વાચકો સુધી નિષ્ઠાપૂર્વક પહોંચાડવાનું કામ એશિયાનું આ સૌથી પ્રાચીન અખબાર ‘મુંબઈ સમાચાર’ છેલ્લાં ૨૦૩ વર્ષથી અચલ અને અડીખમ રહી અવિરતપણે કરતું આવ્યું છે.

માલિકની દખલ વિના તંત્રીને અખબાર ચલાવવાનો પૂર્ણ અધિકાર, સ્વતંત્રતા અને તંત્રીની સજાગતાને કારણે ‘મુંબઈ સમાચાર’માં છપાયું એટલે સાચું જ હશે’ એવો ભરોસો વાચકોના મનમાં બેસી ગયો છે. આ વિશ્વસનીયતા અખબારે ઊભી કરી છે. એટલું જ નહીં, ‘મુંબઈ સમાચાર ૨૦૦ નોટ આઉટ’ દસ્તાવેજી ફિલ્મના સ્ક્રીનિંગના અવસરે હાજર રહેલી સેલિબ્રિટીઝ સહિત અનેક ઘરમાં બાળપણથી ‘મુંબઈ સમાચાર’ આવે છે અને આગામી પેઢી પણ આ જ અખબાર વાંચી ભવિષ્યમાં ૪૦૦ - ૫૦૦ વર્ષ કે એથી વધુ વર્ષની ઉજવણીમાં સહભાગી થશે એવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગુરુવાર, ૨૭ ફેબ્રુઆરીએ અંધેરી લોખંડવાલા વિસ્તારમાં સ્થિત ‘ધ રિક્રિએશન ક્લબમાં ‘મુંબઈ સમાચાર’ની બસ્સો વર્ષની યાત્રા પર આયોજિત વિશેષ દસ્તાવેજી ફિલ્મ ‘મુંબઈ સમાચાર - ૨૦૦ નોટ આઉટ’ના સ્પેશિયલ સ્ક્રીનિંગને જોવા આવેલી સેલિબ્રિટીઝ દસ્તાવેજી ફિલ્મ પર ઓવારી ગઈ હતી અને બધાએ ‘મુંબઈ સમાચાર’ને બિરદાવી અવિરત સફર માટે શુભેચ્છા આપી હતી. આ દસ્તાવેજી ફિલ્મ ‘મુંબઈ સમાચાર’ની દ્વિ-શતાબ્દી નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી તૈયાર કરવામાં આવી છે અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા એનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ‘મુંબઈ સમાચાર’ના જૂનાં દસ્તાવેજો અને રેકર્ડબુકના આધારે તંત્રી નીલેશ દવેએ સમગ્ર કન્સેપ્ટ તૈયાર કર્યો. એમના આઈડિયા અને એડપ્શનના આધારે લાઈફોગ્રાફર અને ડિરેક્ટર રજની આચાર્યની ટીમે ફિલ્મનું સ્વરૂપ આપ્યું.’

આ સ્ક્રીનિંગમાં હિન્દી - ગુજરાતી ફિલ્મો અને નાટકોની અનેક સેલિબ્રિટી, સાહિત્યકારો અને સમાજના વિવિધ વર્ગના અગ્રણીઓ હાજર રહ્યા હતા. જાણીતા ગાયક મનહર ઉધાસ, ગુજરાતી નાટકો અને હિન્દી ફિલ્મોના એક્ટર શર્મન જોશી, નાટ્યલેખક પ્રવીણ સોલંકી, જાણીતા કવિ શોભિત દેસાઈ, ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના ક્રિયેટર આસિત મોદી, એક્ટર અને નિર્માતા - દિગ્દર્શક જમનાદાસ મજીઠિયા, લેખક અને નિર્માતા - દિગ્દર્શક સંજય છેલ, સંગીતકાર ઉદય મઝુમદાર, એક્ટર અને નિર્માતા - દિગ્દર્શક દીપક તિજોરી, જાણીતા તસવીરકાર હરેશ દફતરી, જાણીતું કોરિયોગ્રાફર યુગલ અર્ષ તન્ના અને સમીર તન્ના, એક્ટર - દિગ્દર્શક અરવિંદ વેકરિયા તેમ જ સંજય ગોરડિયા, તન્મય વેકરિયા (બાઘા), અનુરાગ પ્રપન્ન, દિલીપ રાવલ, લલિત શાહ, આશુ પટેલ, ગીતા માણેક, જસ્મીન શાહ, અભિલાષ ઘોડા, રાજકુમાર જાની, અનિલ રાવલ, પત્રકાર કેતન મિસ્ત્રી, હેન્રી શાસ્ત્રી, ભરત ઘેલાણી સહિત અનેક લોકો હાજર રહ્યા હતા.

‘મુંબઈ સમાચાર’ એ કેવળ અખબાર નથી, વર્તમાનના ધબકારને ઝીલતું વર્તમાનપત્ર છે, ભરોસાનું સરનામું અને પરિવારનો એક સભ્ય છે. અસંખ્ય ગુજરાતી પરિવારોની સવાર ચાની સાથે ‘મુંબઈ સમાચાર’થી થતી આવી છે.

બધી સેલિબ્રિટીઝને એક સવાલ અચૂક કરવામાં આવ્યો હતો કે ‘મુંબઈ સમાચાર’ શા માટે?’ ત્યારે બધાનો એક સૂર હતો કે ‘મુંબઈ સમાચાર’ ક્યારેય સનસનાટી ફેલાવવામાં કે ન્યૂઝની દોડમાં અડધા - અધૂરા કે અસત્ય સમાચાર નથી છાપતું. આટલાં વર્ષોમાં આ અખબારે ક્યારેય કોઈની માફી નથી માગવી પડી એ જ દર્શાવે છે કે તેમનાં મૂલ્યો કેટલાં ઉચ્ચ, તેમની વિશ્વસનીયતા કેવી જડબેસલાક છે. નાનપણથી સાંભળતા આવ્યા છીએ કે ‘મુંબઈ સમાચાર’માં છપાયું એટલે સાચું. આ ‘મુંબઈ સમાચાર’ની સિદ્ધિ છે.

કેટલાક લોકોએ એવો મત વ્યક્ત કર્યો હતો કે નવી પેઢીને સમાચાર વાંચવાની અને સમજવાની સરળતા રહે તે માટે ગુજલીશ (અંગ્રેજી શબ્દોને ગુજરાતી લિપીમાં લખવા)નો ઉપયોગ કરવાની આવશ્યકતા છે, જ્યારે અમુકે એમ પણ કહ્યું કે ‘મુંબઈ સમાચાર’ને કારણે અમારી આગામી પેઢી ગુજરાતી વાંચતા શીખી રહી છે.

ગુજરાતી નાટકોના સિદ્ધહસ્ત કલાકાર સંજય ગોરડિયાએ કહ્યું હતું કે ‘મુંબઈ સમાચાર’માં મારા નાટકની પહેલી જાહેરાત છપાઈ ત્યારે અમે ગર્વ અનુભવ્યો હતો. ‘મુંબઈ સમાચાર’ દ્વારા નોંધ લેવામાં આવે ત્યારે જ એક કલાકારને ગર્વની લાગણી થાય છે, એમ પણ અનેક કલાકારોએ કહ્યું હતું.

આ કાર્યક્રમમાં ‘મુંબઈ સમાચાર’ની નવરાત્રિના જજ તેમ જ ગરબા વર્કશોપના ૩૦ જેટલા કોરિયોગ્રાફર પણ ઉપસ્થિત હતા. ડિજિટલ ગ્લોબલ ગરબાના દુષ્યંત સોની, મનીષા કેતન શેઠ સહિતની ટીમ પણ હાજર હતી.

‘મુંબઈ સમાચાર’ અખબારને ૨૦૩ વર્ષ સુધી ધબકતું રાખવા બદલ વાચકોનો આભાર વ્યક્ત કરતાં ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવેએ કહ્યું હતું કે ‘મુંબઈ સમાચાર’ અનેક નવી દિશામાં આગળ વધી રહ્યું છે અને વાચકોનો સાથ આવી જ રીતે મળતો રહેશે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

આ ડોક્યુમેન્ટરીમાં ‘મુંબઈ સમાચાર’નો ખરો મિજાજ પ્રગટ કરતું ગીત સંજય છેલનું છે. સંગીત સ્વરકાર છે ઉદય મઝુમદાર. સ્ક્રીન પર આ કથા રજૂ કરતાં એંકર સૂત્રધાર છે જાણીતા કલાકાર ઓજસ રાવલ. વોઈસ ઓવરની કથાનું આલેખન કર્યું છે મનજિત કોહલી અને ગુજરાતી આલેખન ભરત ઘેલાણીનું છે. બેક ગ્રાઉન્ડ મ્યુઝિક ઉત્તંક વોરા તથા સિનેમેટોગ્રાફર પ્રકાશ કારલેકર સાથે એડિટર પ્રકાશ જાધવ અને રિસર્ચ હેન્રી શાસ્ત્રીનું છે.

બે અવોર્ડ વિજેતા ‘મુંબઈ સમાચાર - ૨૦૦ નોટ આઉટ’ ડોક્યુમેન્ટરી ટૂંક સમયમાં જાહેર જનતા માટે વિવિધ માધ્યમમાં ઉપલબ્ધ થશે. એની જાણકારી માટે ‘મુંબઈ સમાચાર’ વાંચતા રહેજો. એક ગુજરાતી અખબાર ૨૦૦ વર્ષ સુધી કેવી રીતે વિશ્વસનીયતા ટકાવી શક્યું છે એ તમને તાદશ્ય થશે આ ફિલ્મમાં ! ■

(તસવીરોઃ જયપ્રકાશ કેળકર)

















# રણજી ફાઈનલમાં સેન્ચુરિયન કરુણ નાયરે વિદર્ભને મજબૂત સ્થિતિમાં લાવી દીધું

નાગપુરઃ વિદર્ભએ પાંચ દિવસની રણજી ટ્રોફી ફાઇનલના પ્રથમ દાવમાં ૩૭૯ રન બનાવ્યા બાદ કેરળને ૩૪૨ રન સુધી સીમિત રાખ્યા બાદ ગઈ કાલે ચોથા દિવસે બીજા દાવમાં ચાર વિકેટે ૨૪૯ રન બનાવીને મૅચ પરની પકડ વધુ મજબૂત કરી હતી. સરસાઈ સાથે વિદર્ભના ૨૮૬ રન છે અને હજી એની છ વિકેટ પડવાની બાકી છે. કરુણ નાયર (૧૩૨ નૉટઆઉટ, ૨૮૦ બૉલ, બે સિક્સર, છ ફોર) આજની રમતનો સુપરસ્ટાર હતો.

નાયર અને ડેનિશ માલેવાર (૭૩ રન, ૧૬૨ બૉલ, પાંચ ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૮૨ રનની ભાગીદારી થઈ હતી. એક તબક્કે વિદર્ભનો સ્કોર બે વિકેટે ફક્ત સાત રન હતો અને માલેવારની ત્રીજી વિકેટ પડી ત્યારે વિદર્ભના ખાતે ૧૮૯ રન બની ગયા હતા.


કરુણ નાયરે ઉપરાઉપરી બે સ્પર્ધામાં ફટકારેલી કુલ નવ સદી વિશે ભારતીય સિલેક્ટર્સને ઈશારામાં કહી દીધું હતું કે 'હવે તો મને સિલેક્ટ કરો'.

નાયર સાથે કૅપ્ટન અક્ષય વાડકર ચાર રને રમી રહ્યો હતો.

કેરળના જલજ સક્સેના અને નાગપુરમાં જ રહેતા આદિત્ય સરવટે સહિત ચાર બોલરને એક-એક વિકેટ મળી હતી.

એ પહેલાં, વિદર્ભએ ૩૭ રનની જે સરસાઈ લીધી એ આ મૅચ માટે નિર્ણાયક બની શકે. કારણ એ છે કે રવિવારના પાંચમા દિવસે મૅચ ડ્રૉમાં જશે તો પ્રથમ દાવમાં લીડ લેનાર ટીમ વિજેતા ઘોષિત થશે. ભારત વતી રમી ચૂકેલા કરુણ નાયરે વર્તમાન રણજી સીઝનમાં આ ચોથી સદી ફટકારી છે. વિજય હઝારે ટ્રૉફીની પાંચ સેન્ચુરી ગણતાં તેણે ઉપરાઉપરી બે મોટી ડોમેસ્ટિક સ્પર્ધામાં કુલ નવ સદી ફટકારી છે અને ભારતીય સિલેક્ટર્સનું ફરી ધ્યાન ખેંચ્યું છે. ■

# આજે ભારતનો કિવીઓ સામે મુકાબલોઃ રોહિત માટે '૧૩'નો આંકડો નસીબવંતો સાબિત થઈ શકે



દુબઈઃ રોહિત શર્માએ ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં પહેલી બે મૅચમાં ૪૧ રન અને ૨૦ રન સાથે સાધારણ પર્ફોર્મ કર્યું છે, પણ આજે ન્યૂ ઝીલૅન્ડ સામે (બપોરે ૨.૩૦ વાગ્યાથી રમાનારી) મૅચમાં તેને માત્ર ૧૩ રન પણ એક મોટી સિદ્ધિ અપાવી શકે જેમાં તે ક્રિસ ગેઇલના એક મોટા કીર્તિમાનને ઓળંગી લેશે.

વાત એવી છે કે રોહિતે અત્યાર સુધીમાં ભારત વતી ૪૯૬ મૅચની ૫૨૯ ઇનિંગ્સમાં બૅટિંગ કરી છે અને એમાં તેણે કુલ ૧૯,૫૮૧ રન બનાવ્યા છે. એમાં તેની ૪૯ સેન્ચુરી અને ૧૦૭ હાફ સેન્ચુરી સામેલ છે.

જો રોહિત આજે કિવીઓ સામે ફક્ત ૧૩ રન બનાવશે તો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા બૅટર્સમાં ગેઇલને ઓળંગીને ૧૪મા સ્થાને બિરાજમાન થઈ શકશે. ગેઇલે ૪૮૩ મૅચની ૫૫૧ ઇનિંગ્સમાં ૧૯,૫૯૩ રન બનાવ્યા છે.

ભારત વતી સૌથી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવનારાઓમાં રોહિત ચોથા નંબરે છે. તેની આગળના ત્રણ બૅટર્સની વિગત આ મુજબ છેઃ સચિન તેન્ડુલકર (૩૪,૩૫૭ રન), વિરાટ કોહલી (૨૭,૫૦૩ રન) અને રાહુલ દ્રવિડ (૨૪,૨૦૮ રન).

રોહિત આ વર્ષમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૦,૦૦૦ રન પૂરા કરી શકે એમ છે અને એવું કરનાર તે દુનિયાનો ૧૪મો બૅટર બનશે. ■

# મારો અંતરાત્મા કહે છે કે ભારત એક રનથી ફાઇનલ જીતશેઃ માઈકલ ક્લાર્ક

## ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન કેપ્ટને એવું પણ કહ્યું કે રોહિત ટૉપ-સ્કોરર બનશે'

મેલબર્નઃ આઇસીસી ટૂર્નામેન્ટ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં હજી તો સેમિ ફાઇનલની હરીફ ટીમો નક્કી નહોતી થઈ ત્યાં તો ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન માઇકલ ક્લાર્કે ફાઇનલની હરીફ ટીમોના નામ 'નક્કી' કરી લેવાની સાથે એ ફાઇનલના પરિણામ વિશે આગાહી કરી દેવાનો અણધાર્યો અને ચોંકાવનારો અભિગમ અપનાવ્યો એ બદલ ક્લાર્ક ખૂબ ચર્ચામાં છે.



ક્લાર્કનું એવું માનવું છે કે ભારત અને ઑસ્ટ્રેલિયા ફાઇનલમાં પહોંચશે અને એ ફાઇનલ એટલી બધી રોમાંચક થઈ જશે કે જેમાં છેલ્લે ભારત ફક્ત એક રનથી ફાઇનલ જીતી લેશે.

ક્લાર્કની આ ભવિષ્યવાણી એવા તબક્કે આવી છે જ્યારે ભારતે ફાઇનલમાં તો શું, સેમિ ફાઇનલમાં કોની સામે રમવાનું છે એ પણ નક્કી નહોતું. આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યારે સ્થિતિ અસ્પષ્ટ હતી અને સેમિ ફાઇનલમાં ભારતના સાઉથ આફ્રિકા સામેના મુકાબલાને પગલે જ ભારતને એ સેમિ જીતીને ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે રમવા મળે એવી સંભાવના હતી. જોકે આ તબક્કે એવું કંઈ જ નક્કી નહોતું થયું.

આ તબક્કે સ્થિતિ માત્ર એટલી સ્પષ્ટ હતી કે ગ્રૂપ 'એ'માંથી ભારત અને ન્યૂ ઝીલૅન્ડ સેમિ ફાઇનલમાં પહોંચ્યા હતા અને ગ્રૂપ 'બી'માંથી સાઉથ આફ્રિકા તથા ઑસ્ટ્રેલિયાએ સેમિમાં એન્ટ્રી કરી હતી.

ક્લાર્કે એક જાણીતી ચૅનલને મુલાકાતમાં કહ્યું, 'મને લાગે છે કે ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન્સ ટ્રૉફીની ફાઇનલમાં પહોંચશે અને એમાં એની સામે ભારત હશે. હું તો ઇચ્છું છું કે ઑસ્ટ્રેલિયા જ ફાઇનલ જીતે, પણ મારો અંતરાત્મા કહે છે કે ભારત ફાઇનલ જીતશે અને એ પણ ફક્ત એક રનથી. હાલમાં ભારતની ટીમ જ સર્વશ્રેષ્ઠ છે અને વિશ્વની નંબર-વન ટીમ પણ છે.'

માઇકલ ક્લાર્કે રોહિત શર્મા વિશે પણ અનપેક્ષિત અને ચોંકાવનારી આગાહી કરી છે. વાત એવી છે કે રોહિતે આ ટૂર્નામેન્ટમાં હજી સુધી બે મૅચમાં ફક્ત ૬૧ રન બનાવ્યા છે, તે ટોચના પચીસ બૅટર્સમાં પણ નથી. રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સામેની છેલ્લી લીગ મૅચમાં રોહિતના રમવા વિશે શંકાઓ પણ જાગી હતી એ સ્થિતિમાં ક્લાર્કે આગાહી કરી હતી કે 'રોહિત આ ટૂર્નામેન્ટનો ટૉપ-સ્કોરર બનશે. તે ફરી ફૉર્મમાં આવી ગયો છે. આ સ્પર્ધા પહેલાં કટકમાં તેણે ઝમકદાર સદી ફટકારી હતી. તે વધુ કેટલીક આક્રમક સદીઓથી ભારતને ટ્રૉફી અપાવી શકે એમ છે.' ■

# સાઉથ આફ્રિકા સાત વિકેટે જીત્યું, ઇંગ્લૅન્ડ સતત સાતમી વન-ડેમાં પરાજિત

કરાચીઃ સાઉથ આફ્રિકાએ ગઈ કાલે અહીં ઇંગ્લૅન્ડને ચૅમ્પિયન્સ ટ્રૉફીની અંતિમ લીગ મૅચમાં સાત વિકેટે હરાવીને સેમિ ફાઇનલમાં સ્થાન નિશ્ચિત કરી લીધું હતું. ખરેખર તો સાઉથ આફ્રિકાએ બ્રિટિશરોને ૩૯ ઓવરની અંદર ૧૭૯ રનના સ્કોર પર ઑલઆઉટ કરી નાખ્યા હતા ત્યારે જ સેમિમાં એણે સ્થાન ચોક્કસ કરી લીધું હતું અને ત્યાર બાદ સાઉથ આફ્રિકાએ માત્ર ૨૯.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૧૮૧ રન બનાવીને શાનદાર વિજય મેળવ્યો હતો. ઇંગ્લૅન્ડ સતત સાતમી મૅચ હાર્યું છે.

ઇંગ્લૅન્ડની ટીમ ત્રણેય લીગ મૅચ હારીને સ્વદેશ પાછી જઈ રહી છે અને જૉસ બટલરે કૅપ્ટનપદેથી રાજીનામું આપી દીધા પછી હવે નેતૃત્વની છેલ્લી મૅચમાં પણ પરાજય જોવો પડ્યો છે. ૩૯ રનમાં બ્રિટિશરોની ત્રણ વિકેટ લઈને તેમને અંકુશમાં રાખવામાં સૌથી મોટી ભૂમિકા ભજવનાર ફાસ્ટ બોલર માર્કો યેનસેનને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

ગ્રૂપ 'બી'માંથી સાઉથ આફ્રિકા ઉપરાંત ઑસ્ટ્રેલિયા સેમિ ફાઇનલમાં પહોંચ્યું છે. જોકે ગ્રૂપ 'એ'માંથી ભારત અને ન્યૂ ઝીલૅન્ડ સેમિમાં તો પહોંચી જ ગયા છે, પરંતુ આજે (બપોરે ૨.૩૦ વાગ્યાથી) દુબઈમાં ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે રમાનારી મૅચના પરિણામ પરથી નક્કી થશે કે આ ગ્રૂપમાં કોણ મોખરે રહેશે અને કોણ બીજા સ્થાને. એ સ્થિતિ સેમિ ફાઇનલની લાઇન-અપ નક્કી કરશે. ટૂંકમાં, ચોથી માર્ચે દુબઈમાં રમાનારી સેમિમાં ભારતની સામે (સાઉથ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયામાંથી) કઈ ટીમ રમશે એ આવતી કાલે નક્કી થશે.

સાઉથ આફ્રિકાને પાંચ બોલરના સહિયારા શાનદાર પર્ફોર્મન્સ ઉપરાંત ખાસ કરીને બે બૅટર રૅસી વૅન ડર ડુસેન (૭૨ અણનમ, ૮૭ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) તેમ જ હિન્રિક ક્લાસેન (૬૪ રન, ૫૬ બૉલ, અગિયાર ફોર)એ આસાન વિજય અપાવ્યો છે.

ક્લાસેન અને ડુસેન વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૨૨ બૉલમાં ૧૨૭ રનની ભાગીદારી થઈ હતી.

સાઉથ આફ્રિકાની ત્રણમાંથી બે વિકેટ જોફ્રા આર્ચરે લીધી હતી.

એ પહેલાં, ઇંગ્લૅન્ડે બૅટિંગ પસંદ કર્યા બાદ ૩૮.૨ ઓવરમાં જે ૧૭૯ રન બનાવ્યા હતા એમાં જો રૂટના ૩૭ રન હાઇએસ્ટ હતા.

સાઉથ આફ્રિકાનો ફાસ્ટ બોલર માર્કો યેનસેન (૭-૦-૩૯-૩) અને મિડિયમ પેસ બોલર વિઆન મુલ્ડર (૭.૨-૦-૨૫-૩) બે સૌથી સફળ બોલર હતા. ભારતીય મૂળના સ્પિનર કેશવ મહારાજે ૩૫ રનમાં બે વિકેટ તેમ જ બીજા ફાસ્ટ બોલર્સ લુન્ગી ઍન્ગિડીએ ૩૩ રનમાં એક અને કૅગિસો રબાડાએ ૪૨ રનમાં એક વિકેટ લીધી હતી. ટૂંકમાં, પાંચેય બોલર બ્રિટિશ બૅટર્સ પર એકધારું દબાણ રાખીને વિકેટ લેવામાં સફળ રહ્યા હતા.

આ ટૂર્નામેન્ટમાં સૌનું ધ્યાન આકર્ષિત કરનાર અને સેમિ ફાઇનલમાં પહોંચી ચૂકેલા ઑસ્ટ્રેલિયા સામે બાવીસમી ફેબ્રુઆરીએ ૧૬૫ રનનો વિક્રમી સ્કોર નોંધાવનાર ઓપનર બેન ડકેટ (૨૪ રન) પણ મોટી ઇનિંગ્સ રમવામાં નિષ્ફળ ગયો હતો. ■

### જાણો, સાઉથ આફ્રિકાએ અફઘાનિસ્તાનને સત્તાવાર રીતે કેવી રીતે બહાર કર્યું

કરાચીઃ સાઉથ આફ્રિકાના પાંચ બોલરે સહિયારા ઉમદા પર્ફોર્મન્સથી ઇંગ્લૅન્ડને અહીં ગ્રૂપ 'બી'ની અંતિમ લીગ મૅચમાં ૨૦૦ રન પણ નહોતા કરવા દીધા. વાઇટ બૉલ ક્રિકેટમાં જૉસ બટલરની કૅપ્ટન તરીકે આ છેલ્લી મૅચ છે અને એમાં તેના નેતૃત્વમાં બ્રિટિશ ટીમ ૩૮.૨ ઓવરમાં ફક્ત ૧૭૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

સાઉથ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા સત્તાવાર રીતે સેમિ ફાઇનલમાં પહોંચી ગયા છે. અફઘાનિસ્તાનને નેટ રનરેટને આધારે સેમિમાં પહોંચવાનો નહીં જેવો મોકો હતો, પરંતુ સાઉથ આફ્રિકાએ ઇંગ્લૅન્ડને ૩૯ ઓવરની અંદર આઉટ કરી દીધું એ સાથે એ નક્કી થયું હતું કે અફઘાનિસ્તાનના -૦.૯૯૦ના રનરેટ સામે સાઉથ આફ્રિકાનો રનરેટ (આ મૅચના હાર-જીતના કોઈ પણ પરિણામને અંતે) અફઘાનિસ્તાનથી ચડિયાતો છે. ■

# 'તું પચીસ કરોડ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે, જાહેરમાં કંઈક તો વિચારીને બોલ': રિઝવાન વિશે આવું કોણે કેમ કહ્યું?

કરાચીઃ પાકિસ્તાનને આઇસીસી ઇવેન્ટનું ૨૯ વર્ષે યજમાનપદ મળ્યું અને એ ટૂર્નામેન્ટમાં મોહમ્મદ રિઝવાનની ટીમ પોતે જ નૉકઆઉટ રાઉન્ડ પહેલાં જ સ્પર્ધાની બહાર થઈ ગઈ એટલે સોશિયલ મીડિયામાં તેમ જ ટીવી પર ટીમના કૅપ્ટન મોહમ્મદ રિઝવાન તેમ જ સમગ્ર ટીમને ટિપ્પણીઓથી નિશાન બનાવવાની કોઈ તક નથી છોડવામાં આવતી અને તાજેતરમાં એવું જ બન્યું. રિઝવાનના અધકચરા અંગ્રેજી અને સમજી-વિચારીને બોલ્યા વગરના વિધાન બદલ એક ટીવી પ્રેઝન્ટરે તેની હાંસી ઉડાવી છે.



ભારત સામેના ઘોર પરાજય સાથે ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં લીગ રાઉન્ડમાં જ રેસની બહાર ફેંકાઈ ગયેલી પાકિસ્તાનની ટીમના સુકાની રિઝવાનને 'સમટાઇમ્સ યુ વિન, ઑર યુ લર્ન' તેમ જ સમટાઇમ્સ ઇટ્સ ક્રૅમ્પ, સમટાઇમ્સ ઇટ્સ ઍક્ટિંગ' એવું બોલવાની આદત છે.

તબિશ હાશમી નામના ટીવી પ્રેઝન્ટરે એક વીડિયોમાં ભૂતપૂર્વ ખેલાડીઓ મોહમ્મદ આમિર, શેહઝાદ એહમદ અને રાશિદ લતીફ સાથેની ચર્ચા દરમ્યાન કૅપ્ટન રિઝવાન વિશે એવું કહ્યું હતું કે 'તે દેશના પચીસ કરોડ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. આપણે હંમેશાં એવું ઇચ્છતા હોઈએ છીએ કે આપણા દેશનો પ્રતિનિધિ જાહેરમાં સારી રીતે બોલે, સારો દેખાય, સમજી વિચારીને વિધાનો આપે તેમ જ પ્રામાણિકપણે નિર્ભય થઈને રમે. હું આપણા કૅપ્ટન મોહમ્મદ રિઝવાનને જ્યારે પણ પ્રેસ કૉન્ફરન્સમાં જોઉં છું ત્યારે તેણે ઇંગ્લિશમાં જ બોલવું જોઈએ એવું ક્યારેય નથી ઇચ્છતો. તે ભલે ઉર્દૂમાં બોલે, પરંતુ તેણે સમજી વિચારીને જ બોલવું જોઈએ.'

તબિશ હાશમીએ રિઝવાનની હાંસી ઉડાવતા એવું પણ કહ્યું હતું કે 'આ શું! ક્યારેક તમે જીતો અને ક્યારેક ભૂલ પરથી શીખો. ક્યારેક શરીરના સ્નાયુઓમાં કળતર થાય અને ક્યારેક ઍક્ટિંગ હોય છે.'

ટીવી પ્રેઝન્ટર તબિશે આવું કહ્યું એટલે આમિર હસવાનું રોકી શક્યો હતો, પણ લતીફ હસી પડ્યો હતો. શેહઝાદ અહમદ તો તબિશની મિમીક્રી સાંભળીને ખડખડાટ હસી પડ્યો હતો. ■

### કોહલી કોહિનૂર છે, હજુ આગામી બે-ત્રણ વર્ષ સુધી રમશેઃ સિદ્ધુ

નવી દિલ્હીઃ છેલ્લા છ મહિનામાં વિરાટ કોહલીની દૃઢતા અને ચેમ્પિયન્સ ટ્રૉફીમાં પાકિસ્તાન સામેની તેની અણનમ સદીને જોતા ભૂતપૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુને લાગે છે કે ભારતનો આ સ્ટાર બેટ્સમેન આગામી બે થી ત્રણ વર્ષ સુધી રમતો રહેશે. કોહલીએ ફૉર્મમાં વાપસી કરતા તેની ૫૧મી વન-ડે સદી ફટકારી હતી. ■

# મુશ્તાક અહમદનો વકાર સામે ૨૦ કરોડનો અને અકરમ સામે ૧૫ કરોડનો બદનક્ષીનો દાવો, જાણો શા માટે...

કરાચીઃ પાકિસ્તાન ક્રિકેટ રાષ્ટ્રીય ટીમની પછડાટ સાથે અત્યારે અભૂતપૂર્વ કંગાળ અને ખરાબ સ્થિતિમાં છે, દેશની ટીમ તેમ જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પર ટીકાઓનો વરસાદ થઈ રહ્યો છે અને અધૂરામાં પૂરું કેટલાક ભૂતપૂર્વ ક્રિકેટરો વચ્ચે બારમો ચંદ્રમા પણ છે. ભૂતપૂર્વ સ્પિનર મુશ્તાક અહમદ બે જૂના સાથી ખેલાડીઓ વકાર યુનુસ અને વસીમ અકરમ સામે કરોડો રૂપિયાનો બદનક્ષીનો દાવો માંડવાની તૈયારી કરી રહ્યો છે.

મુશ્તાકનો એવો દાવો છે કે પોતાની ક્રિકેટ પ્રત્યેની સમજબૂઝ તેમ જ કોચિંગ પદ્ધતિ વિશે તાજેતરમાં એક લાઈવ ટીવી શોમાં વકાર અને અકરમે તેની ખૂબ હાંસી ઉડાવી હતી.

મુશ્તાકે વકાર અને અકરમને કાનૂની નોટિસ મોકલી છે. વકાર સામે મુશ્તાક ૨૦ કરોડ રૂપિયાનો અને અકરમ સામે ૧૫ કરોડ રૂપિયાનો બદનક્ષીનો દાવો માંડવાની તૈયારીમાં છે.

મુશ્તાકનું એવું પણ કહેવું છે કે 'મારા બંને ભૂતપૂર્વ સાથી ખેલાડીઓએ ટીવી શોમાં મારા વિશે અને મારા કોચિંગની સ્ટાઈલ વિશે ઘણું ખોટું કહ્યું હતું. હું આ બન્નેને જણાવી દઉં કે તેઓ મારા નીચા કદને ધ્યાનમાં લઈને મને અન્ડરએસ્ટિમેટ ન કરે. ખુદને માટે લડવાનું હું બહુ સારી રીતે જાણું છું.'

બાંગ્લાદેશના કોચ મુશ્તાક અહમદે જૂની વાત કરતા કહ્યું હતું કે ક્રિકેટને લગતી મારામાં બહુ સારી ટૅલન્ટ છે અને મારી આ સમજબૂઝને અગાઉ ખૂદ અકરમ પણ બિરદાવી ચૂક્યો હતો. જોકે આ બંને જણે અગાઉ ઘણીવાર મારો આત્મવિશ્વાસ તોડવાનો પ્રયાસ કર્યો હતો. અગાઉ તેમનો જો મને પૂરો ટેકો મળ્યો હોત તો હું પાકિસ્તાનના શ્રેષ્ઠ ઑલરાઉન્ડર્સમાં ગણાતો હોત.'

એક અહેવાલ મુજબ મુશ્તાક અહમદે બદનક્ષીનો દાવો માંડવાની વાત કરી એટલે વકાર યુનુસે તેની માફી માગી લીધી છે જેમાં વકારે ફરી એક વાર મજાકમાં કહ્યું છે કે 'મારી પાસે ૨૦ કરોડ રૂપિયા છે જ નહીં એટલે કહું છું કે જો મારા કોઈ વિધાનથી મુશ્તાકનું દિલ દુભાયું હોય તો હું માફી માગું છું. હા, એક વાત સાચી છે કે તે જે કંઈ કરી રહ્યો છે એનાથી અમારા પ્રોગ્રામનો ફેલાવો વધી ગયો છે.'

બીજી બાજુ, વસીમ અકરમે નમવાની કોઈ તૈયારી નથી બતાવી અને સ્પષ્ટ કહી દીધું છે કે તે કોર્ટમાં મુશ્તાકનો સામનો કરવા તૈયાર છે.

અકરમે મજાકમાં એવું પણ કહ્યું છે કે ટીવી પ્રોગ્રામમાં મારા કરતાં વકારે મુશ્તાકની વધુ હાંસી ઉડાવી હતી એટલે મુશ્તાક તેની પાસે મારા કરતાં પાંચ કરોડ રૂપિયા વધુ રૂપિયા માગવાની તૈયારીમાં છે. કોઈ વાંધો નહીં, મુશ્તાક જે કંઈ કરશે એનાથી અમારા પ્રોગ્રામની લોકપ્રિયતા વધશે.' ■

# લૂંટારુઓએ ફૂટબોલરને લૂંટી લીધો, તેની ટ્રકની પણ ચોરી કરીને ભાગી ગયા!



મેક્સિકો સિટીઃ ઉરુગ્વેના જાણીતા ફૂટબૉલ ખેલાડી નિકોલસ ફૉનેસ્કા અહીં એક ટૂર્નામેન્ટ માટે પ્રૅક્ટિસ કરવા માટે આવ્યો ત્યારે કેટલાક લૂંટારુઓ તેનો સામાન લૂંટી લીધો હતો તેમ જ તેની ટ્રક પણ ચોરી ગયા હતા. ચોર લોકોની ગૅન્ગ લૂંટ માટે આવી હતી અને ફૉનેસ્કા પર હુમલો કર્યો હતો જેમાં તેને કોઈ ઈજા નહોતી થઈ.

ફૉનેસ્કા મેક્સિકોની લીઓન ક્લબ માટે રમવા આવ્યો હતો. તેની સાથેની ચોરીની ઘટના લીઓન અને યૅલિસ્કો વચ્ચેના હાઇવે પર બની હતી.

આ ઘટનાના કલાકો બાદ ફૉનેસ્કાએ પોતાની ટીમ સાથે પ્રૅક્ટિસ શરૂ કરી દીધી હતી.

સ્થાનિક અખબારો અને અન્ય મીડિયામાં એવી અફવા ફેલાઈ હતી કે ફૉનેસ્કાનું અપહરણ થયું છે અને તેને દૂરના કોઈ વિસ્તારમાં એકલો છોડી દેવામાં આવ્યો છે. જોકે લીઓન ટીમના મૅનેજમેન્ટે આ વાતને અફવા ગણાવી હતી અને એના પર ધ્યાન ન આપવાની સૌને સલાહ આપી હતી.

લીઓન શહેર ઉદ્યોગો અને કૃષિ માટે જાણીતું છે. જોકે મેક્સિકોના ૩૨ રાજ્યોમાંથી લીઓનમાં સદોષ મનુષ્ય વધના કિસ્સા સૌથી વધુ બને છે. વર્ષોથી આ રાજ્યમાં યૅલિસ્કો અને સાન્તા રોઝા દ લિમા નામની બે ગૅન્ગ વચ્ચે ઘર્ષણ ચાલે છે. ■

# સૌથી વૃદ્ધ ટેસ્ટ ક્રિકેટર ડ્રૅપરનું નિધન, હવે નીલ હાર્વી ઑલ્ડેસ્ટ પ્લેયર

કેપ ટાઉનઃ ટેસ્ટ જગતના સૌથી મોટી ઉંમરના જીવંત ખેલાડી રૉન ડ્રૅપરનું શુક્રવાર, ૨૮મી ફેબ્રુઆરીએ અવસાન થયું હતું. તેઓ ૯૮ વર્ષના હતા. હવે ઑસ્ટ્રેલિયાના ૯૬ વર્ષના મહાન ક્રિકેટર નીલ હાર્વી ક્રિકેટજગતના સૌથી વૃદ્ધ જીવંત ખેલાડી છે.


રૉન ડ્રૅપર

ડ્રૅપર ૧૯૪૫માં ૧૯મા જન્મદિને તેઓ પ્રથમ કક્ષાની જે પહેલી મૅચ રમ્યા એમાં તેમણે સદી ફટકારી હતી. સાઉથ આફ્રિકા વતી તેઓ ૧૯૫૦માં બે ટેસ્ટ રમ્યા હતા. તેઓ વિકેટકીપર-બૅટર હતા અને બન્ને ટેસ્ટ ઑસ્ટ્રેલિયા સામે રમ્યા હતા.

તેઓ ૧૯૫૧માં જે છેલ્લી ફર્સ્ટ-ક્લાસ મૅચ રમ્યા એમાં તેમણે ગ્રિક વેસ્ટ નામની ટીમ ૯૨ રન બનાવ્યા હતા.

ડ્રૅપરની પહેલાં જે બે સૌથી મોટી ઉંમરના ક્રિકેટર હતા તેઓ પણ સાઉથ આફ્રિકાના જ હતા. નોર્મન ગૉર્ડનનું ૨૦૧૬માં ૧૦૩ વર્ષની ઉંમરે અને જૉન વૉટકિન્સનું ૨૦૨૧માં ૯૮ વર્ષની ઉંમરે નિધન થયું હતું.

હાલના ઑલ્ડેસ્ટ ક્રિકેટર નીલ હાર્વીએ ૧૯૪૮થી ૧૯૬૩ દરમ્યાન ઑસ્ટ્રેલિયા વતી ૭૯ ટેસ્ટમાં ૨૧ સેન્ચુરીની મદદથી ૬,૧૪૯ રન કર્યા હતા. ■

# ઘાટકોપર જોલી જિમખાના ફરી વિવાદનાં વમળમાં

## આજના સોનુ નિગમના કાર્યક્રમને કારણે ક્લબની તમામ એક્ટિવિટી બંધ થવાથી મેમ્બરોમાં આક્રોશ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ: પૂર્વના પરામાં ઘાટકોપર ખાતે ઘાટકોપર જોલી જિમખાના એક અતિસમૃદ્ધ ક્લબ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં જોલી જિમખાનાએ પોતાની એક્ટિવિટી લઇને ખાસ્સી પ્રતિષ્ઠા મેળવી છે. મુંબઈ સમાચાર પણ તેના અનેક ખેલ મહોત્સવ આ ક્લબમાં યોજી ચૂક્યું છે. છેલ્લાં પચીસ વર્ષથી એટલે કે અઢી દાયકાથી એક જ કમિટી છે અને એ કમિટી અઢી દાયકાથી ક્લબનું સુચારુ સંચાનલ કરી રહી છે. જોક છેલ્લાં બે-ત્રણ વર્ષમાં આ ક્લબની કેટલીક ઘટનાઓ સામે આવી છે, જેને કારણે મેમ્બરોમાં ખૂબ જ નારાજગી જોવા મળી છે.

આજે, રવિવારે બીજી માર્ચના રોજ ક્લબ દ્વારા સોનુ નિગમનો એક સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ મુદ્દે જ્યારે થોડા દિવસ પૂર્વે ટિકિટના ભાવ જાહેર કરાયા ત્યારે પણ મેમ્બરોમાં રોષની લાગણી ભભૂકી હતી. ટિકિટના દર જે મોકલવામાં આવ્યા હતા તેને પછીથી ફરી રિપ્રિન્ટ (મુંબઈ (જુઓ પાનું ૪)

### અમે તો મેમ્બરોને મનોરંજન મળે એ માટે જ કાર્યક્રમ કર્યો છે: સેક્રેટરી

રવિવારે જોલી જિમખાનામાં થનારા કાર્યક્રમ અંગે જિમખાનાના નોટિસ બોર્ડ પર જેના નામે નોટિસ (નકલ મુંબઈ સમાચાર પાસે છે) લગાવવામાં આવી છે એ જિમખાનાના સેક્રેટરી મુકેશ બદાણીનો સંપર્ક સાધવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે અમે તો મેમ્બરોના મનોરંજન માટે કાર્યક્રમ કર્યો છે. મેમ્બરોનો વિરોધ હોય તો તમે તેઓ માટે જે પણ છાપવું હોય એ છાપી શકો છો અમે એ અહેવાલનો જવાબ બીજા માધ્યમથી આપીશું. ■

### શિંદેની પાછળ પડી ગયા છે ફડણવીસ

# હવે હેલ્થ ખાતાના ૩,૨૦૦ કરોડનાં કામનો કૉન્ટ્રેક્ટ રદ

મુંબઈ: ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને કાર્યકાળમાં લેવાયેલા નિર્ણયોને હાલના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા રદ કરવામાં આવતા મહાયુતિમાં બધુ સમુંસૂતરું ન હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે હવે ફરી એક વાર એકનાથ શિંદે દ્વારા લેવાયેલો નિર્ણય ફડણવીસે રદ કર્યો છે. ભૂતપૂર્વ આરોગ્ય પ્રધાન તાનાજી સાવંતના કાર્યકાળમાં આપવામાં આવેલા ૩,૨૦૦ કરોડ રૂપિયાના કામના કોન્ટ્રેક્ટ રદ કરવામાં આવ્યા છે.

એકનાથ શિંદે મુખ્ય પ્રધાન હતા ત્યારે તાનાજી સાવંત પાસે આરોગ્ય ખાતું હતું. તે સમયે અધિકારીઓની બદલી, એમ્બ્યુલન્સની ખરીદીમાં ગેરરીતી આચરવામાં આવી હોવાના આક્ષેપ કરાયા હતા. તેમજ આરોગ્ય વિભાગ હેઠળ આવતી દરેક પ્રશાસકીય હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો-ઉપકેન્દ્રોને બહારની યંત્રણા દ્વારા સાફસફાઇ કરાવવા માટેનું કામ આપવામાં આવ્યું હતું. આ માટે પ્રતિ વર્ષે ૬૩૮ કરોડ રૂપિયા પ્રમાણે ત્રણ વર્ષ માટે ૩,૧૯૦ કરોડ રૂપિયાના કોન્ટ્રેક્ટ પુણેની એક ખાનગી કંપનીને આપવામાં આવ્યો હતો. આ કોન્ટ્રેક્ટ હાલમાં રદ કરવામાં આવ્યો છે.

આ નિર્ણયને કારણે શિંદે અને (જુઓ પાનું ૪)

# મુંબઈ સુધરાઈની ચૂંટણીનો માર્ગ મંગળવારે મોકળો કરશે સુપ્રીમ કોર્ટ?

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનો આધાર ચોથી માર્ચે સુપ્રીમ કોર્ટમાં થનારી સુનાવણી પર છે. જો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓને મામલે સુપ્રીમ કોર્ટ સ્પષ્ટ નિર્દેશ આપે તો મુંબઈ મહાનગરપાલિકા અને મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારની ચૂંટણી ચોમાસા પહેલા યોજાય એવી શક્યતા છે ખરી.

ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીના કહેવા મુજબ સુપ્રીમ કોર્ટની સ્પષ્ટ સૂચનાઓ અને નવા વોર્ડની રચનાની પ્રક્રિયા પૂર્ણ થાય કે તરત જ ચૂંટણીની તારીખો જાહેર થવાની શક્યતા છે.

હકીકતમાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનો પાંચ વર્ષનો કાર્યકાળ સાતમી માર્ચ, ૨૦૨૨ના રોજ સમાપ્ત થયો હતો. તે સમયે રાજ્યમાં મહાવિકાસ આઘાડી સરકાર હતી. ઉદ્ધવ ઠાકરેની સરકારે નગરપાલિકાના વોર્ડ માળખામાં ફેરફાર કર્યો હતો. મુંબઈના વોર્ડની સંખ્યા વધારી ૨૨૭ને બદલે ૨૩૬ કરવામાં આવી. શિવસેનાના બે ભાગલા પડતા અને એકનાથ શિંદેએ બળવો કરતા ઠાકરે સરકાર પડી ભાંગી. ભાજપ સાથે જોડાઈ મુખ્ય પ્રધાન બનેલા શિંદેએ ફરી વોર્ડની સંખ્યા ૨૨૭ કરી. આના વિરોધમાં ઠાકરે જૂથ હાઈકોર્ટમાં ગયું. હાઈકોર્ટે (જુઓ પાનું ૪)

# મુંબઈ બનશે વૈશ્વિક ફિનટેક હબ

## બીકેસીમાં એનપીસીઆઈને ગ્લોબલ હેડક્વાર્ટર માટે ફાળવાયો કોમર્શિયલ પ્લોટ

મુંબઈ: ભારતના ડિજિટલ પેમેન્ટ ઇકોસિસ્ટમને વધુ બળવત્તર બને એ માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માં એક મુખ્ય કોમર્શિયલ પ્લોટ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ને તેના વૈશ્વિક મુખ્યાલય માટે ફાળવ્યો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં આ પહેલને અમલમાં મૂકવામાં આવી હતી.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતામાં એમએમઆરડીએની ૧૫૮મી ઓથોરિટી મીટિંગ દરમિયાન આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી, જે મુંબઈને વૈશ્વિક ફિનટેક હબ તરીકે સ્થાન આપવાના રાજ્યના વિઝન સાથે સુસંગત છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા આયોજિત એઆઈ-કેન્દ્રિત કાર્યક્રમ, બીકેસીના જી-બ્લોકમાં સી-૪૪ અને સી-૪૮ માટે (જુઓ પાનું ૪)

# રાહુલ ગાંધી હાજિર હો...

## સાવરકર વિરુદ્ધ વિવાદાસ્પદ વક્તવ્ય કરવાના મામલે નાશિક કોર્ટમાં પ્રત્યક્ષ હાજર રહેવું પડશે

મુંબઈ: સ્વાતંત્ર્યવીર સાવરકર વિરુદ્ધ વિવાદાસ્પદ વક્તવ્ય બોલવા પ્રકરણે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને નાશિક કોર્ટમાં પ્રત્યક્ષ હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ ઓનલાઈન નહીં, પણ પ્રત્યક્ષ હાજર રહીને પોતાની વાત કહેવી, એવો આદેશ કોર્ટે આપ્યો હતો. આ પ્રકરણ અંગે અરજીકર્તા વકીલ મનોજ પિંગળેએ માહિતી આપી હતી અને હવે પછીની સુનાવણી મે મહિનામાં થશે, એવું તેમણે જણાવ્યું હતું.

કોર્ટમાં તમામ વ્યક્તિ એકસમાન જ હોય છે, એવો મત કોર્ટે વ્યક્ત કરીને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને ઓનલાઈન પોતાની બાજુ કહેવાને બદલે કોર્ટમાં પ્રત્યક્ષ હાજર રહીને (જુઓ પાનું ૪)

# ટેસ્લાનો શોરૂમ બીકેસીમાં ખૂલશે

મુંબઈ: ઇલોન મસ્કની ઓટોમોબાઇલ કંપની ટેસ્લાએ મુંબઈના બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માંના મેકર મેક્સિટીમાં શોરૂમ માટેની જગ્યા પસંદ કરી લીધી હોવાના અહેવાલો છે. આ જગ્યાનું મહિનાનું ભાડું ૩૫ લાખ રૂપિયા હશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ટેસ્લાનો કાર શોરૂમ મેકર મેક્સિટીના કમર્શિયલ ટાવરના ગ્રાઉન્ડ ફ્લોરમાં ૩૦૦૦ ચો. ફૂટની જગ્યા પર હશે અને તેનું મહિનાનું ભાડું ૩૫ લાખ રૂપિયા છે. આ જગ્યામાં કાર પાર્કિંગની જગ્યાનો પણ સમાવેશ થાય છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ઓટો ઇન્ડસ્ટ્રીમાં આ અત્યાર સુધીનો સૌથી વધુ શોરૂમ રેન્ટલ સોદો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ટેસ્લા દ્વારા દિલ્હીમાં પણ ૪૦૦૦ ચો. ફૂટની જગ્યા પર શોરૂમ બનાવવામાં આવનાર છે જેનું ભાડું મહિને પચીસ લાખ રૂપિયા છે.

દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ નજીક બ્રૂકફિલ્ડ પ્રોપર્ટીના એરોસિટી વિસ્તારમાં ટેલ્સાનો શોરૂમ બનાવવામાં આવશે. ■

# અમને આપો ટ્રાન્સફર: બીડના પોલીસોની માગણી

મુંબઈ: બીડ જિલ્લામાં ફરજ બજાવવા માટે હંમેશાં ઉત્સુક રહેતા પોલીસ અધિકારીઓએ મોટી સંખ્યામાં ટ્રાન્સફર માગતી વિનંતી શું કામ કરી છે એ હાલમાં ચર્ચાનો વિષય બની ગયો છે. અહીંના અધિકારીઓ કહે છે, અમને બીડમાં ડ્યૂટી નથી કરવી, અન્યત્ર ટ્રાન્સફર આપો.

હું બીડ જિલ્લામાં ફરજ નથી બજાવવા માગતો, એવું પોલીસ અધિકારીઓ દ્વારા લખવામાં આવી રહ્યું છે. આને કારણે હવે પ્રશ્ન એ થઇ રહ્યો છે કે એવું તો શું બન્યું છે બીડ જિલ્લામાં કે જેને કારણે પોલીસ અધિકારીઓ અહીં ફરજ બજાવવામાં ખચકાટ અનુભવી રહ્યા છે.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર જેઓ બીડ જિલ્લાના પાલકપ્રધાન છે તેઓ પણ અહીંના પાલકપ્રધાન ન હોવા જોઇએ, એવું પણ અધિકારીઓ કહી રહ્યા છે. આ પહેલાં દરેક અધિકારીઓ બીડ જિલ્લાને જ પસંદ કરતા હતા. જોકે આટલી મોટી સંખ્યામાં ટ્રાન્સફરની વિનંતી આવતાં તે ચર્ચાનું કારણ બની રહ્યું છે. પાલકપ્રધાન બન્યા બાદ અજિત પવારે એવી ખાતરી આપી હતી કે અહીં ખોટું કામ ચલાવી નહીં લેવામાં આવે. આને કારણે એવું કહેવાય છે કે પોલીસ ફોર્સમાં અંદરોઅંદર ઝઘડા વધી ગયા છે.

બીડમાં ૧૦૭ પોલીસ અધિકારીઓએ ટ્રાન્સફર જોઇતી હોવાની વિનંતી કરતી માગ કરતાં હવે આખો મામલો મુખ્ય પ્રધાનની કોર્ટમાં ગયો છે. હવે દેવેન્દ્ર (જુઓ પાનું ૪)

# યુનિવર્સિટી સ્પેલિંગ પરીક્ષામાં નાપાસ: મુંબઈ નહીં પણ મુમાબાઇ લખ્યું

મુંબઈ: મુંબઈ યુનિવર્સિટીએ મહાનગરના નામનો સ્પેલિંગ (જોડણી) ખોટો લખીને મુમાબાઇ નામથી ગ્રેજ્યુએશન સર્ટિફિકેટો જારી કર્યા છે. આ ભૂલને કારણે મુંબઈ યુનિવર્સિટી શરમજનક સ્થિતિમાં મુકાઇ છે.

૨૦૨૩-૨૪માં કુલ ૧.૬૪ લાખ વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા હતા. તેમ છતાં હજી સ્પષ્ટ થયું નથી કે કેટલા વિદ્યાર્થીઓને મુમાબાઇ નામ લખેલા સર્ટિફિકેટ મળ્યા છે.

પ્રીન્ટિંગની ભૂલને કારણે અમુક સર્ટિફિકેટ પર આ રીતે ખોટું છપાયું હતું. અમે તે ભૂલ સુધારી લીધી છે, એમ મુંબઈ યુનિવર્સિટીના એક અધિકારીએ જણાવ્યું હતું.

નવા સર્ટિફિકેટ કોઇ પણ વધારાનો ચાર્જ લીધા વિના ટૂંક સમયમાં પૂરા પાડવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■



**તૈયારી પૂરજોરમાં:** ચર્ચગેટ પાસે વાનખેડે સ્ટેડિયમને રસ્તા સાથે જોડતા રેલવે લાઈનની ઉપરના પુલના ગર્ડર બેસાડવાની તૈયારીઓ ગઈ કાલે કરાઈ હતી. (જયપ્રકાશ કેળકર)

# પુણેમાં રેપના વિરોધના નામે જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારાઓને નહીં બક્ષાય: અજિત પવાર

પુણે: પુણેમાં રાજ્ય પરિવહનની બસમાં એક મહિલા પર કથિત બળાત્કારના બનાવ બાદ જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શનિવારે આપી હતી. મંગળવારે વહેલી સવારે શહેરના મધ્ય ભાગમાં આવેલા સ્વારગેટ બસ સ્ટેન્ડ પર મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ની પાર્ક કરેલી બસમાં ૨૬ વર્ષની યુવતી પર બળાત્કાર કરવામાં આવ્યો હતો.

બીજા દિવસે શિવસેના (યુબીટી)ના સ્થાનિક નેતા વસંત મોરે અને તેમના પક્ષના કાર્યકરોએ ઘટનાનો વિરોધ કરવા માટે સ્વારગેટ બસ ડેપોમાં સુરક્ષા કેબિનની તોડફોડ કરી હતી. અહીં પત્રકારો સાથે વાત કરતા પવારે કહ્યું હતું કે જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

તપાસને પૂરી થવા દો અને તમામ હકીકતો સામે આવવા દો. તે પછી, જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમને બક્ષવામાં આવશે નહીં. જો કોઈ આરોપીની ધરપકડ ન થાય તો શું કોઈ પોતાના ઘરની બારીના કાચને નુકસાન પહોંચાડે છે? 'અગાઉ કોર્ટે પણ સ્પષ્ટ કર્યું હતું કે જો કોઈ જાહેર સંપત્તિની તોડફોડ કરે છે, તો તેનું નુકસાન આ પક્ષના કાર્યકરો અથવા પક્ષ પાસેથી વસૂલવું જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

આવી ઘટનાઓ પછી ગુસ્સો આવવો સ્વાભાવિક છે, પરંતુ તે ગુસ્સો વ્યક્ત કરવાના અન્ય રસ્તાઓ પણ છે, એમ પણ પવારે કહ્યું હતું.

'અમે આ બધા લોકો સામે કાર્યવાહી કરીશું જેઓ વધુ પડતા ઉત્તેજનામાં આવીને આવી બાબતોનો આશરો લે છે,' એમ તેમણે કહ્યું હતું. દરમિયાન, પવારના નિવેદનનો જવાબ આપતાં, શિવસેના (યુબીટી)ના વસંત મોરેએ કહ્યું કે, જો નાયબ મુખ્ય પ્રધાનને બારીના કાચને થયેલા નુકસાનની ચિંતા હોય, તો તેમણે પીડિતાના આત્મસન્માન વિશે પણ વિચારવું જોઈએ, જેને આવી ગંભીર પીડામાંથી પસાર થવું પડ્યું છે.

આ બનાવ પછી પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે રાજ્ય પરિવહન ખાતાના ૨૩ કર્મચારીઓને સસ્પેન્ડ કરી નાખ્યા છે. રોષ વ્યક્ત કરનારા પાર્ટીના કાર્યકર્તાઓ સામે તમારે ગુના નોંધવા હોય તો તમે એમ કરી શકો છો, અમારી સામે નોંધાનારા ગુનાથી અમે ડરતા નથી, એમ પણ તેમણે કહ્યું હતું.

પવારે અસામાજિક તત્વો દ્વારા વાહનોને પહોંચાડવામાં આવતા નુકસાન સામે કાર્યવાહી કરવી જોઈએ. પુણેમાં કોયતા ગેંગ પર નિયંત્રણ ન હોવાને કારણે શહેરમાં ધોળા દિવસે હત્યાઓ થઈ રહી છે, એમ પણ તેમણે કહ્યું હતું. ■

## ગરવા સર્જક શોભિત દેસાઈના ગઝલની ગુંજતી સરગમનો પ્રયોગ આજે ભારતીય વિદ્યા ભવનમાં



મુંબઈ: ગુજરાતી ભાષાના ગઝલ અને કાવ્ય સાહિત્યના જીવતોજાગતા કોશ ગણાતા સાહિત્યકાર શોભિત દેસાઈના અત્યંત સફળ શો, ગઝલની ગુંજતી સરગમનો એક પ્રયોગ રવિવાર, બીજી માર્ચે ભારતીય વિદ્યા ભવનમાં સાંજે સાડાસાત વાગ્યે ભજવાશે. આજ સુધીના ઉત્તમોત્તમ ગઝલ-કાવ્યસર્જકોમાંથી ચૂંટેલા અમુક અફલાતૂન સર્જકોની અમર કૃતિઓ આ શોમાં દર્શકોને માણવાની તક છે.

ગુજરાતી ગઝલોનો મહાકુંભ અને ગુજરાતી શાયરોનું પંચામૃત તરીકે સન્માનિત આ શોમાં દર્શકોને દમદાર રજૂઆત વચ્ચે એમની અત્યંત પ્રિય રચનાઓનું રસપાન કરવા મળશે. ■

# હાઇ સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ્સના દર અન્ય રાજ્યો જેટલા જ: સરકાર

## વધુ ચાર્જ લેવામાં આવતા હોવાના વિપક્ષોના આક્ષેપોને રાજ્ય સરકારે નકારી કાઢ્યા

મુંબઈ: હાઇ સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ્સ (એચએસઆરપી) માટે વધુ ફી લેવામાં આવી રહી હોવાના વિપક્ષોના આક્ષેપોને મહારાષ્ટ્ર સરકારે ફગાવી દીધા હતા અને સ્પષ્ટતા કરી હતી કે અન્ય રાજ્યની જેટલો જ ચાર્જ લેવામાં આવે છે. શુક્રવારે મોડી સાંજે રજૂ કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે રજિસ્ટ્રેશન પ્લેટ્સ માટે ટેન્ડર આપતી વખતે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું અને હાઇ-પાવર કમિટીએ આ દરોને મંજૂરી આપી હતી.

એચએસઆરપી માટે કંપનીઓને આપવામાં આવેલા કોન્ટ્રેક્ટ અંગે તપાસ કરાવવાની માગણી વિપક્ષો એનસીપી-એસપી અને કોંગ્રેસે શુક્રવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને કરી હતી.

એચએસઆરપી લાઇસન્સ પ્લેટ છે જે વાહનોની ચોરી અને અન્ય છેતરપિંડીથી બચવા માટે વાહનોને પૂરા પાડવામાં આવે છે.

સરકારે પહેલી એપ્રિલ, ૨૦૨૯ પહેલા રજિસ્ટર્ડ કરાયેલા વાહનો માટે એચએસઆરપી ફરજિયાત કરાવી છે અને આ માટે ૩૦મી એપ્રિલ સુધીની મુદત આપી છે. ■

# ચુનાભઠ્ઠીમાં ચાલતા કૉલ સેન્ટર પર પોલીસની રેઇડ

## ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ પર સારા નફાની લાલચે લોકો સાથે ઠગાઇ: યુવક પકડાયો

મુંબઈ: ચુનાભઠ્ઠી વિસ્તારમાં ચાલતા કૉલ સેન્ટર પર પોલીસે રેઇડ પાડીને ૨૯ વર્ષના યુવકની ધરપકડ કરી હતી, જ્યારે ત્રણ જણને તાબામાં લીધા હતા. કૉલ સેન્ટરમાંથી ખોટા નામે લોકોને કૉલ કરીને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ પર સારા નફાની લાલચે લાખો રૂપિયાની ઠગાઇ આચરવામાં આવતી હતી, એવું તપાસમાં બહાર આવ્યું હતું.

ફોરેક્સ ટ્રેડિંગને નામે લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની અનેક ફરિયાદ પોલીસને પ્રાપ્ત થઇ હતી. ફરિયાદ અનુસાર શૅર ટ્રેડિંગને બદલે ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ પર સારા વળતરની લાલચ આપવામાં આવતી હતી. તેમને ફોરેક્સ ટ્રેડિંગ ઍપ ડાઉનલોડ કરવાનું કહેવામાં આવતું હતું અને લોગ-ઇન આઇડી તથા પાસવર્ડ આપવામાં આવતો હતો. રોકાણ કરનાર લોકોને નફો થયો હોવાનું દેખાડવામાં આવતું હતું અને વધુ રોકાણ કરવા માટે તેમને ફરજ પાડવામાં આવતી હતી. બાદમાં તેમની સાથે છેતરપિંડી આચરવામાં આવતી હતી.

લોકોની અનેક ફરિયાદો મળ્યા બાદ પોલીસે તપાસ આદરી હતી, જેમાં ચુનાભઠ્ઠી વિસ્તારમાં ચાલી રહેલા કૉલ સેન્ટર વિશે માહિતી મળી હતી. પોલીસે આ અંગે ખાતરી કર્યા બાદ ત્યાં રેઇડ પાડીને સોહેલ રફીક સોલંકી, અરબાઝ શેખ, ગૌસિયા શેખ અને ગૌરી પ્રમોદ કાંબળેને તાબામાં લીધા હતા. ત્યાંથી પોલીસે છ કમ્પ્યુટર, છ લેપટોપ, ૨૭ મોબાઇલ, વિવિધ કંપનીના ૨૩ સિમ કાર્ડ તથા અન્ય મતા જપ્ત કરી હતી. નેરુલમાં રહેતો સોહેલ સોલંકી અન્ય આરોપીઓના સંપર્કમાં હોવાનું તપાસમાં જણાયા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. ■

# નાલાસોપારાના પંચકર્મ કેન્દ્રમાંથી વેપારીની ૧૭ લાખની મતા ચોરનારો કેરટેકર પકડાયો

મુંબઈ: નાલાસોપારામાં પંચકર્મ કેન્દ્રમાં વેપારીના દાગીના, રોકડ સહિત ૧૭ લાખ રૂપિયાની મતા ચોરનારા કેરટેકરને પોલીસે મધ્ય પ્રદેશથી પકડી પાડ્યો હતો. આરોપીની ઓળખ રાકેશ શિવશંકર પાંડે (૩૨) તરીકે થઇ હોઇ તેની પાસેથી તમામ મતા જપ્ત કરાઇ હતી. બોરીવલી પૂર્વમાં રહેતો વેપારી પ્રદીપ ગુપ્તા પચીસ ફેબ્રુઆરીએ નાલાસોપારા પશ્ચિમમાં આયુર્વેદિક પંચકર્મ કેન્દ્રમાં પંચકર્મ ઉપચાર લેવા માટે ગયો હતો. ગુપ્તાએ તેની પાસેના દાગીના, રોકડ સહિત ૧૭ લાખની મતા ત્યાંની રૂમમાં રાખી હતી. દરમિયાન પંચકર્મ કેન્દ્રનો કેરટેકર રાકેશ પાંડે વેપારીની મતા ચોરીને ફરાર થઇ ગયો હતો. આરોપી રાકેશ પાંડે બિહારનો વતની હોઇ તે ટ્રેનમાં પોતાના વતન જઇ રહ્યો હોવાની માહિતી મળતાં પોલીસ ટીમને ત્યાં રવાના કરવામાં આવી હતી અને પોલીસ ટીમે મધ્ય પ્રદેશના ખંડવાથી તેને ઝડપી પાડ્યો હતો. ■

# ઘાટકોપર, કુર્લામાં પાણીપુરવઠો પૂર્વવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પવઈ-વેન્ચુરીમાં આવેલી ૧,૮૦૦ મિલિમીટર વ્યાસની પાઈપલાઈનમાં થયેલા ગળતરનું યુદ્ધનાં ધોરણે હાથ ધરવામાં આવેલું સમારકામ શનિવારે વહેલી સવારના પૂરું કરવામાં આવ્યું હતું. બપોર બાદ ઘાટકોપર અને કુર્લાના વિસ્તારોમાં તબક્કાવાર પાણીપુરવઠો પૂર્વવત્ થયો હતો.

મિલિંદ નગર, પવઈ-વેન્ચુરીમાં ૧,૮૦૦ મિલિમીટર વ્યાસની પાણીની પાઈપલાઈનમાં જોડાણ પરના ૩૦૦ મિલિમીટર વ્યાસના બાયપાસ પર શુક્રવારે થયેલા ગળતરને પગલે ઘાટકોપર અને કુર્લાના વિસ્તારોમાં શુક્રવાર સાંજથી પાણીપુરવઠો ખોરવાઈ ગયો હતો. પાઈપલાઈનમાં થયેલા ગળતરને પગલે ઘાટકોપર જળાશયને થનારો પાણીપુરવઠો બંધ થઈ જતા પાણીપુરવઠાને અસર પડી હતી.

શુક્રવાર સાંજથી જ પાણીપુરવઠા વિભાગે સમારકામ હાથ ધર્યું હતું, જે શનિવારે વહેલી સવારના પાંચ વાગે પૂરું થયું હતું. એ બાદ ઘાટકોપર જળાશયોમાં પાણી ભરવાનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૮૦૦૦ મિલિમીટર વ્યાસની પાઈપલાઈનને શનિવારે સવારના સાત વાગે ચાલુ કરવામાં આવી હતી. બે કલાક ઘાટકોપર જળાશય ભરવામાં સમય ગયો હતો. એ બાદ તબક્કાવાર તમામ વિસ્તારમાં પાણીપુરવઠો ચાલુ કરવામાં આવ્યો હતો. ■

# અમીન પટેલને મહારાષ્ટ્ર વિધાનસભામાં કૉંગ્રેસના ડેપ્યુટી લીડર બનાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કૉંગ્રેસ દ્વારા ચોથી વખતના વિધાનસભ્ય અમીન પટેલને મહારાષ્ટ્ર વિધાનસભામાં પાર્ટીના ડેપ્યુટી લીડર બનાવવામાં આવ્યા છે અને અમિત દેશમુખને પાર્ટીના મુખ્ય વ્હીપ બનાવવામાં આવ્યા છે.

પાર્ટી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે વિશ્વજિત કદમને પાર્ટીના વિધાનસભા જૂથના સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. જ્યારે શિરીષ નાઈક અને સંજય મેશ્રામ વ્હીપ તરીકે ફરજ બજાવશે.

મુંબઈ કૉંગ્રેસના સિનિયર નેતા અને ચાર વખત મુંબાદેવી વિધાનસભા બેઠક પરથી ચૂંટાઈ આવેલા અમીન પટેલ નિષ્ઠાવંતોમાં સ્થાન ધરાવે છે.

અત્યારે કૉંગ્રેસ રાજ્ય વિધાનસભામાં પોતાની સૌથી ખરાબ અવસ્થામાં છે,. તેમની પાસે ફક્ત ૧૬ વિધાનસભ્યો છે.

પાર્ટીએ વિધાન પરિષદમાં પક્ષના જૂથનેતા તરીકે સતેજ પાટીલની નિયુક્તિ કરી છે. અભિજીત વંજારીને મુખ્ય વ્હીપ જ્યારે રાજેશ રાઠોડને વ્હીપ બનાવવામાં આવ્યા છે. પાર્ટી પાસે વિધાન પરિષદમાં આઠ સભ્યો છે. ■

# ડૉલર ઈન્ડેક્સની મજબૂતી અને નફારૂપી વેચવાલીથી સોનાની તેજીને બ્રેક

## ઊંચી સપાટીએથી સોનાના ભાવ પાછા ફરતા માગમાં ધીમો સળવળાટ



**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

વિતેલા સપ્તાહ દરમિયાન આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાની સાથે વિશ્વ બજારમાં સોનાના ભાવ વિક્રમ સપાટીએથી પાછા ફર્યા હતાં. તેમ જ ભાવમાં પીછેહઠની સાથે સાથે રોકાણકારોની નફારૂપી વેચવાલી પણ નીકળતાં ભાવઘટાડાને વધુ ટેકો મળ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સપ્તાહ દરમિયાન સોનાના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, પરંતુ ડૉલરની મજબૂતીને ધ્યાનમાં લેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૬૯ પૈસાનું ધોવાણ થયું હોવાથી સોનાની આયાત પડતરો વધવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનામાં ભાવઘટાડો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૩૬ સુધી મર્યાદિત રહ્યો હતો. એકંદરે સપ્તાહ દરમિયાન ભાવમાં ઊંચા મથાળેથી પીછેહઠ થવાને કારણે માગમાં થોડોઘણો સળવળાટ જોવા મળ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૨મી ફેબ્રુઆરીના ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૬,૦૯૨ના બંધ સામે સાધારણ સુધારાના અન્ડરટોને રૂ. ૮૬,૩૫૬ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૮૫,૦૫૬ અને ઉપરમાં રૂ. ૮૬,૬૪૭ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૧.૨૦ ટકા અથવા તો રૂ. ૧૦૩૬ના ઘટાડા સાથે રૂ. ૮૫,૦૫૬ની નીચી સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, ભાવમાં ઘટાડાનું વલણ શરૂ થવાથી માગમાં થોડો ઘણો સળવળાટ જોવા મળ્યો હોવાનું અમદાવાદ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું, જ્યારે મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું કે વર્તમાન ફેબ્રુઆરી મહિનામાં બૅન્કો દ્વારા આયાત એકદમ નહીંવત્ જેવી થઈ હોવાથી પુરવઠાસ્થિતિ તંગ હોવા છતાં વિશ્વ બજાર પાછળ ભાવ ઘટી આવતા સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૨થી ૨૭ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ ૩૫ ડૉલરની સપાટીએ રહ્યું હતું. નોંધનીય બાબત એ છે કે વર્તમાન ફેબ્રુઆરી મહિનામાં દેશમાં સોનાની આયાત ૮૫ ટકા ઘટીને ૨૦ વર્ષની નીચી સપાટીએ રહેવાની ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

ગત સપ્તાહ દરમિયાન ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાની સાથે નફારૂપી વેચવાલીના દબાણને કારણે સોનાના ઘટતા ભાવને ટેકો મળ્યો હતો. સપ્તાહના અંતે અમેરિકાના જાન્યુઆરી મહિનાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટામાં બજારની અપેક્ષાનુસાર ૦.૩ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી તેમ જ આ ડેટાને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતમાં સાવચેતીનું વલણ જાળવી રાખે તેવી શક્યતા પ્રબળ બની હતી. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી ૪ માર્ચથી કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે ૨૫ ટકા ટેરિફ લાદવાની અને ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા અતિરિક્ત ટેરિફ લાદવાની જાહેરાત કરી હોવાથી વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવી હતી અને અનિશ્ચિતતાનું વાતાવરણ હોવા છતાં સોનામાં ડૉલરની મજબૂતી અને નફારૂપી વેચવાલીને કારણે તેજીને બ્રેક લાગી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ગત સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે ત્રણ મહિના પછી સૌથી મોટો ૩.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, માસિક ધોરણે ભાવ સુધારાતરફી રહ્યા હતા. જોકે, આગામી સપ્તાહ દરમિયાન પણ વૈશ્વિક સોનામાં વેચવાલીનું દબાણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૨૮૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ઔંસદીઠ ૨૯૪૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૨,૫૦૦ની સપાટી ટેકાની અને રૂ. ૮૬,૫૦૦ની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેમ જણાય છે.

દરમિયાન ગઈકાલે અમેરિકાના જાન્યુઆરી મહિનાના ફુગાવાના ડેટાની જાહેરાત પશ્ચાત્ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતમાં સાવચેતીનું વલણ અપનાવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલર ઈન્ડેક્સ બે સપ્તાહની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૨૮૪૬.૧૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ૧.૬ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૨૮૪૮.૫૦ ડૉલરની સપાટીએ બંધ રહ્યા હતા. તાજેતરમાં ડૉલરની મજબૂતી અને નફારૂપી વેચવાલીને કારણે પીછેહઠ જોવા મળી રહી છે. તેમ જ અમુક અંશે ઈક્વિટી માર્કેટમાં થયેલી નુકસાની સરભર કરવા માટે પણ રોકાણકારોનું સોનામાં વેચવાલીનું દબાણ વધ્યું હોવાનું ઝેનર મેટલ્સનાં સ્ટ્રેટેજિસ્ટ પીટર ગ્રાન્ટે જણાવ્યું હતું. અમેરિકાની ટેરિફની નીતિઓની અર્થતંત્ર પર કેવી અસર પડે તેની અવઢવને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ ટૂંકા સમયગાળાના ધિરાણના વ્યાજદર ૪.૨૫થી ૪.૫૦ ટકા આસપાસની સપાટીએ જાળવી રાખે તેવી શક્યતા ફિલાડેલ્ફિયા ફેડનાં પ્રેસિડૅન્ટ પેટ્રિક હાર્કરે વ્યક્ત કરી હતી. જોકે, ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૪.૭૫૮ અબજ ડૉલરનો વધારો



મુંબઈઃ ગત ૨૧મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૪.૭૫૮ અબજ ડૉલર વધીને ૬૪૦.૪૭૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૫૪ અબજ ડૉલર ઘટીને ૬૩૫.૭૨૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્ટેમ્બર, ૨૦૨૪માં દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હતી, પરંતુ છેલ્લાં કેટલાંક સપ્તાહથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં હસ્તક્ષેપ થઈ રહ્યો હોવાથી અનામતમાં ઘટાડો થઈ રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન દેશની કુલ અનામતમાં મુખ્ય અથવા તો બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪.૨૫૧ અબજ ડૉલર વધીને ૫૪૩.૮૪૩ અબજ ડૉલરની સપાટીએ પહોંચી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૪૨.૬ કરોડ ડૉલર વધીને ૭૪.૫૭૬ અબજ ડૉલરની સપાટીએ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ અથવા તો એસડીઆર ૭.૩ કરોડ ડૉલર વધીને ૧૭.૯૭૧ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૭૦ લાખ ડૉલર વધીને ૪.૦૯ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હોવાનું રિઝર્વ બૅન્કે સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. ■

# સાહસને ઉંમરનું બંધન ખરું?

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

૨૧મી સદીમાં જેટલા ખતરા અખતરાઓ થતા હશે એટલા કદાચ ક્યારેય જોવા નહીં મળ્યા હોય કારણ કે આ સદીમાં લોકોને સાહસમાં મદદ કરવામાં ટેક્નોલોજી અને ટ્રેઈનિંગનો પૂરો સાથ મળી રહે છે.

મેરેથોન શબ્દ સામાન્ય માણસ ઓલિમ્પિકમાં એક લાંબી દોડની રમત તરીકે ઓળખતા હતા પણ આજકાલ દુનિયામાં લોકો ફીટ અને ચુસ્ત રહેવા માટે બહુ કાળજી લે છે અને તેજ મુખ્ય કારણ છે કે જ્યારે મેરેથોન (ચાલવાની લાંબી રેસ) માત્ર ઓલિમ્પિક કે મેટ્રો જેવાં શહેરોમાં જ જોવા મળતી હોય તે હવે નાનાં શહેરો, ગામડાઓમાં સામાજિક સંસ્થાઓ અને એનજીઓ દ્વારા સામાજિક મુદ્દાને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવે છે અને લોકો તેમાં ઉત્સાહભેર ભાગ પણ લે છે. જનરલી આ મેરેથોન ૪ કિલોમીટરના ડ્રીમ રન, ૭ કિલોમીટર, ૨૧ કિલોમીટર કે ૪૨ કિલોમીટરની હોય છે પણ તમે જાણો છો દુનિયાની સૌથી મોટી મેરેથોન કેટલી લાંબી છે?

**ઑસ્ટ્રેલિયન મેરેથોનઃ**

ઑસ્ટ્રેલિયામાં દર વર્ષે દુનિયાની સૌથી લાંબી મેરેથોનનું આયોજન કરવામાં આવે છે જે સીડની થી મેલબોર્ન વચ્ચેની છે અને તેનું અંતર છે ૮૭૫ કિલોમીટરનું. દોડવીરો આ અંતર ૫ દિવસમાં પૂરું કરે છે અને તેમાં ભાગ લેવાવાળા મોટા ભાગે અનુભવી યુવાનો જ હોય છે કે જે મહિનાઓ પહેલા આ દોડ માટે ટ્રેનિંગ શરૂ કરે છે. આ યુવાનો ૩૦ વર્ષથી નીચેની ઉંમરના હોય છે અને તેને 'નાઇકી' શું કંપની જેવી અન્ય મોટી કંપનીઓ સ્પોનસર કરતી હોય છે.

**૧૯૮૩ની અદ્ભુત મેરેથોનઃ**

આજથી ૩૫ વર્ષ પહેલા ૧૯૮૩માં યોજાયેલી ઑસ્ટ્રેલિયન મેરેથોનમાં કલીફ યંગ નામની ૬૧ વર્ષની વ્યક્તિ આવી અને ત્યાં ઉપસ્થિત દોડવીરો અને મેરેથોનના આયોજકોને થયું કે આ કદાચ કોઈ વીઆઈપી પ્રેક્ષક હશે પણ તેઓના આશ્ચર્ય વચ્ચે કલીફ યંગ કે જે સામાન્ય કપડાંમાં લેધર શૂઝમાં હતો તેણે મેરેથોનમાં ભાગ લેવાનો તેનો બિલ્લો કલેક્ટ કર્યો અને રેસમાં જોડાઈ ગયો. હાજર મેદની તો ડઘાઈ ગઈ કે આ માણસ શું કરે છે. જ્યારે મોટા ભાગના દોડવીરો ત્રીસીમાં છે ત્યારે આ સિનિયર સિટીઝન શું ચસકેલ છે કે દુનિયાની સૌથી લાંબી અને મુશ્કેલ મેરેથોનમાં ભાગ લેવા આવી ગયો છે?

મેરેથોનના આયોજકો, દોડવીરો અને ટ્રેઈનર્સ વગેરેએ યંગને કહ્યું કે આ પાગલપન છોડ કે ૬૧ વર્ષની ઉંમરે તે આ ૮૭૫ કિલોમીટરની મેરેથોન પૂરી કરી શકશે, ત્યારે યંગએ આ લોકોને જવાબ આપતા જણાવ્યું કે તેનો જન્મ બહુ સાધારણ ખેડૂતના ઘરમાં થયેલો હતો આર્થિક હાલત એવી સારી ન્હોતી કે ૨૦૦૦ એકરનું ખેતર ખેડવા માટે ટ્રેક્ટરો વસાવી શકે તેઓ પાસે ૨૦૦૦ જેટલા ઘેટાઓ હતા અને જ્યારે વાવાઝોડું આવતું ત્યારે કેટલાક ઘેટાઓ આ વંટોળિયામાં એટલા દૂર ફેંકાઈ જતા કે તેને ૩થી ૪ દિવસ ચાલીને તેને શોધીને પાછા લાવવા પડતા હતા. તેથી આ મેરેથોન તેના માટે મુશ્કેલ નથી પણ કોઈને તેની વાતમાં વિશ્વાસ નહોતો બેસતો હતો.

મેરેથોન ગેમ શરૂ થઈ અને જે પ્રોફેશનલ મેરેથોન રનર્સ હતા તેઓએ શરૂઆતમાં જ સ્પીડ પકડી લીધી અને યંગને પાછળ રાખી દીધો. યંગ વ્યવસ્થિત ચાલી પણ ન્હોતો શકતો અને ટીવી પરના જીવંત પ્રસારણ જોતા લોકોને પણ યંગની આ પરિસ્થિતિ ઉપર દયા આવતી હતી.

મેરેથોનમાં ભાગ લેતા પ્રોફેશનલ રનર્સને ખબર હતી કે આ મેરેથોન લગભગ ૫ દિવસમાં પૂરી થાય છે એટલે સરેરાશ રોજના ૧૮ કલાક ચાલવાનું અને ૬ કલાકનો આરામ કરવાનો તેથી તેઓ ૧૮ કલાક ચાલતા અને ૬ કલાકની ઊંઘ કરતા હતા.

પહેલી રાતના આરામ પછી બીજા દિવસની સવારે મેરેથોન રનર્સે જોયું કે યંગ તેઓની સાથે નથી તેથી બધાએ માની લીધું કે યંગએ થાકીને મેરેથોન છોડી દીધી હશે પણ તેઓના આશ્ચર્ય વચ્ચે જોયું કે યંગએ આખી રાત ચાલીને તેઓથી થોડો આગળ નીકળી ગયો હતો. યંગએ તેનો આ નિત્ય ક્રમ ચાલુ રાખ્યો તે ચાલવામાં ધીમો હતો પણ દિનરાત એક સરખો ચાલીને તે ધીમેધીમે પ્રોફેશનલ રનર્સથી રેસમાં આગળ આવવા લાગ્યો અને અંતમાં ૬૧ વર્ષના કલીફ યંગએ રેકોર્ડ સર્જીને ૮૭૫ કિલોમીટરની રેસમાં પ્રથમ આવ્યો હતો.

૬૧ વર્ષની ઉંમરે ફિઝિકલ એક્ટિવિટીમાં જો કલીફ યંગ વર્લ્ડ રેકોર્ડ સર્જી શકતો હોય તો ધંધા, વ્યવસાય, નોકરી કે ભણવામાં ઉંમરનો કોઈ બાધ હોય શકે ખરો? એક્ટિવિટીમાં કોઈ ક્યારેય વૃદ્ધ થતું નથી વૃદ્ધ થાય છે માત્ર મનથી. "ઈટ ઈઝ નોટ ધ યર્સ ઈન લાઈફ ધેટ કાઉન્ટસ, ઈટ ઈઝ ધ લાઈફ ઈન યોર યર્સ ધેટ ઈઝ ઈમ્પોર્ટન્ટ." ■

# ખાંડમાં ₹ ૩૦થી ૪૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે એકંદરે સ્ટોકિસ્ટોની લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં વર્તમાન માર્ચ મહિના માટે સરકારે મુક્ત વેચાણ માટે જાહેર કરેલો ૨૩ લાખ ટન ખાંડનો ક્વૉટા માર્ચ, ૨૦૨૪નાં ૨૩.૫૦ લાખ ટનના ક્વૉટા કરતાં ઓછો હોવાથી એકંદરે પુરવઠા સ્થિતિ તંગ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે હાજરમાં ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૦ વધી આવ્યા હતા, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૪૦થી ૯૦નો ઉછાળો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે ઓછા ક્વૉટાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૪૦ વધીને રૂ. ૩૯૬૦થી ૪૦૨૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ વધીને રૂ. ૪૦૦૨થી ૪૧૦૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦થી ૫૦ વધીને રૂ. ૩૮૫૦થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૭૦થી ૯૦ વધીને રૂ. ૩૯૫૦થી ૪૦૧૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વર્ષ ૨૦૨૫-૨૬ની રવી મોસમમાં ૩.૧ કરોડ ટન ઘઉં પ્રાપ્તિનો લક્ષ્યાંક

નવી દિલ્હીઃ સરકારે ગત શુક્રવારે આગામી પહેલી એપ્રિલથી શરૂ થનારી વર્ષ ૨૦૨૫-૨૬ની રવી માર્કેટિંગ મોસમમાં ૩.૧ કરોડ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો છે.

પાક વર્ષ ૨૦૨૪-૨૫ (જુલાઈ-જૂન)માં કૃષિ મંત્રાલયે દેશમાં ઘઉંનું ઉત્પાદન ૧૧.૫ કરોડ ટનની વિક્રમ સપાટીએ રહેવાનો અંદાજ મૂક્યો હોવા છતાં ઓછી પ્રાપ્તિનો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો છે. ગત શુક્રવારે રાજ્યોનાં ફૂડ સેક્રેટરીઓની યોજાયેલી બેઠકમાં ઘઉં, ચોખા અને જાડા અથવા તો કડ ધાન્યની પ્રાપ્તિનાં લક્ષ્યાંક મૂકવામાં આવ્યા હોવાનું એક અધિકૃત યાદીમાં જણાવાયું છે.

આ બેઠકમાં થયેલી વિસ્તૃત ચર્ચા બાદ વર્ષ ૨૦૨૫-૨૬ની માર્કેટિંગ મોસમમાં ૩.૧ કરોડ ટન ઘઉં, ૭૦ લાખ ટન ચોખા અને ૧૬ લાખ ટન જાડા અથવા તો કડ ધાન્યની પ્રાપ્તિનો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો હતો. તેમ જ રાજ્યોને વધુમાં વધુ પ્રાપ્તિ માટે પગલાં લેવા તેમ જ ખેડૂતો વધુ પોષકત્વ ધરાવતા બાજરી જેવાં પાક તરફ વિકેન્દ્રિત થાય તે તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૫-૨૬ની રવી માર્કેટિંગ મોસમનો આરંભ પહેલી એપ્રિલથી થઈ રહ્યો છે, જેમાં ઘઉંના લઘુતમ ટેકાના ભાવ ક્વિન્ટલે રૂ. ૨૪૨૫ નિર્ધારિત કરવામાં આવ્યા છે. તેમ જ ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા ઘઉંની પ્રાપ્તિ પ્રક્રિયા હાથ ધરે છે અને ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવની બાંયધરી આપે છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારે ૩થી ૩.૨ કરોડ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો હતો, પરંતુ ૨.૬૬ કરોડ ટનની પ્રાપ્તિ થઈ હતી. ■

# ટીન, નિકલ અને લીડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરીમાં એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. જોકે, આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨ અને રૂ. ૧૭નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ



સામે નવી લેવાલીનો અભાવ અને વપરાશકાર ઉદ્યોગની માગ પાંખી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨ ઘટીને રૂ. ૨૮૪૬ અને રૂ. ૧૭ ઘટીને રૂ. ૧૩૭૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૧૭, રૂ. ૮૮૬ અને રૂ. ૨૭૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ અને એલ્યુમિનિયમમાં છૂટાછવાયાં કામકાજે ટકેલું વલણ રહ્યું હતું. ■

# સફેદ વટાણાની ડ્યૂટીમુક્ત આયાતની મુદત સમાપ્તઃ ગ્રોમાનો આવકાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ ડ્યૂટીમુક્ત આયાતની મર્યાદાની મુદત પૂરી થયા બાદ નવી મુદત લંબાવવાનું કોઈ નોટિફિકેશન જાહેર ન કર્યું હોવાથી સફેદ વટાણાની આયાત સંભવતઃ પ્રતિબંધિત હોવાનું નિષ્ણાતો જણાવે છે.

પહેલી માર્ચ, ૨૦૨૫ થી સફેદ વટાણાની આયાતને લગતી અનિશ્ચિતતા ઉકેલાઈ ગઈ હોય તેવું લાગે છે, જે કઠોળના વેપારને ખૂબજ જરૂરી સ્પષ્ટતા પૂરી પાડે છે, બજારના નિષ્ણાતોના મતે ડિરેક્ટોરેટ ડીજીએફટીના નોટિફિકેશન ૪૩/૨૦૨૪-૨૫ અનુસાર ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ડ્યૂટી-ફ્રી આયાતને મંજૂરી આપતી હતી, તે સમાપ્ત થઈ ગઈ છે અને સત્તાવાળાઓ દ્વારા કોઈ નવી સૂચના અથવા સ્પષ્ટતા બહાર પાડવામાં આવી નથી અને જ્યાં સુધી નવું નોટિફિકેશન ન આવે ત્યાં સુધી જૂનું ડ્યૂટીમુક્તિ પહેલાનું નોટિફિકેશન કાર્યાન્વિત હોય છે. જેમાં ૨૦૦ ટકા ડ્યૂટીનો નિર્દેશ હતો.

આમ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અથવા તે પહેલાંની તારીખના બિલ ઓફ લેડિંગ સાથેના માલ સામાન સિવાય, સફેદ વટાણાની તમામ નવી આયાત હવે સંભવતઃ પ્રતિબંધિત છે.

૧ માર્ચ, ૨૦૨૫થી સફેદ વટાણાની આયાત પર ફરીથી પ્રતિબંધ મૂકવામાં આવશે. આ ૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ અથવા તે પછીના તમામ બિલ ઓફ લેડિંગ પર લાગુ થશે.

કોલકાતા પોર્ટ દ્વારા જ તેની આયાત કરી શકાય છે. લઘુતમ આયાત ભાવ પ્રતિ કિલો રૂ. ૨૦૦ હોવી જોઈએ.

વેપાર વિશ્લેષકોના મતાનુસાર આ ફેરફાર સ્થાનિક કઠોળ બજારને રાહત આપી શકે છે, જ્યાં સફેદ વટાણાના પ્રવાહને કારણે ચણા, તુવેર અને મસુર સહિતના મુખ્ય કઠોળના ભાવમાં દબાણ આવ્યું હતું. ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઇલસીડ્સ મર્ચન્ટસ એસોસિએશન (ગ્રોમા) તરફથી સફેદ વટાણાની ડ્યૂટીમુક્ત આયાતને લઈને કેન્દ્ર સરકારના દરેક મંત્રીઓને વારંવાર લેખિત રજૂઆત



કરવામાં આવી હોવાનું ગ્રોમાના પ્રમુખ ભીમજીભાઈ ભાનુશાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે આ રજૂઆતોને કારણે સરકાર તરફથી લેવામાં આવેલ આ નિર્ણયને અમે આવકારીએ છીએ. આ નિર્ણયને કારણે ભારતના ખેડૂતોને તેમની ઊપજના સારા ભાવ મળતા પાક લેવાનું પ્રોત્સાહન પણ મળશે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૨-૩-૨૦૨૫



# ઉફ...તોબા તોબા આ ગરમી...!

**એક બાજુ આપણા શેરબજારમાં જે રીતે ઈન્ડેક્સમાં કડાકો થયો ને પાંચ દિવસમાં ૨૦ કરોડથી વધુની રકમનું ધોવાણ થયું એનાથી રોકાણકારો ચિંતાના પરસેવે નીતરી ગયા તો બીજી બાજુ કલુષિત પર્યાવરણને લીધે ત્રાટકેલા વણનોતર્યા ઉનાળાના ઉકળાટે પણ બધાને ત્રાહિમામ્ પોકરાવી દીધા... હવામાનના આવા ફેરબદલાનું કારણ શું?**

કવર સ્ટોરી
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

વ્હાઇટ હાઉસમાં અમેરિકાના માથાફરેલ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી વચ્ચે જે ઉગ્ર બોલાચાલી થઈ એનાથી અન્ય રાષ્ટ્રોમાં આગામી મહાયુદ્ધની શક્યતાનો ઉકળાટ છે.

આપણે ત્યાં ભારતમાં શાસન પક્ષ વચ્ચે એવી કોઈ ગરમાગરમ ચર્ચા થતી નથી (એવો દમદાર વિપક્ષ ક્યાં?) સંસદમાં નહીં તોપણ ભારતના વાતાવરણમાં ગરમી સતત વધી રહી છે. સરેરાશ તાપમાનની દૃષ્ટિએ ૨૦૨૪ ભારતનું સૌથી વધુ ગરમ વર્ષ રહેલું છે, પણ ગઈ સાલનો એ રેકોર્ડ આ વર્ષે તૂટી જશે એવાં એંધાણ હમણાં ફેબ્રુઆરીથી આવી રહ્યાં છે. માર્ચ અંતમાં નાણાકીય વર્ષ પૂરું થાય એ પહેલાં ૨૦૨૫ સૌથી વધુ ગરમ વર્ષ તરીકે નવો વિક્રમ સરજી દે તો નવાઈ નહીં, કારણ કે મુંબઈ અને પશ્ચિમ ભારત અત્યારથી જ અભૂતપૂર્વ રીતે ગરમીનાં મોજાંનો અનુભવ કરવા માંડ્યું છે. મુંબઈમાં તો તાપમાનનો પારો છેક ૩૮.૪ ડિગ્રીના આંકને આંબી ગયો!

આ જોઈને ભારતીય હવામાન ખાતાએ બહુ ગંભીરતાપૂર્વક ચેતવણી આપી છે કે ઘણા પ્રદેશોમાં તાપમાન ઉનાળાના આગમન પહેલાં જ વધી જશે. આપણે ત્યાં ગરમીની મોસમ સામાન્ય રીતે માર્ચથી જૂન સુધી ચાલે છે, પણ હવે ઉનાળો માર્ચના અંત સુધી રાહ નહીં જુએ.

આમ તો સદીઓથી એવું થતું આવ્યું છે કે આખું ભારત એકસાથે હોળીના અગ્નિથી ઠંડીને એક વર્ષ માટે અલવિદા કહે અને ધૂળેટી પછી ઉનાળાનું વિધિવત્ આગમન થાય, પણ છેલ્લાં થોડાં વર્ષોથી વાતાવરણની ગતિવિધિઓ બદલતાં એવો સમય આવ્યો છે કે કેલેન્ડર અને પરંપરાઓમાં પલટાવ આવી ગયા છે. હવામાનમાં પરિવર્તન એ હદે આવ્યું છે કે હોળી સુધી હવે આપણી પ્રકૃતિ રાહ નહી જુએ. નિયત સમય પહેલાં જ ઉનાળો શરૂ થઈ જશે. પર્યાવરણનો બદલાવ નજીકના ભવિષ્યમાં રાષ્ટ્રીય ચિંતાનો વિષય હોવો જોઈએ.

તાપમાનમાં થઈ રહેલો આ અચાનક વધારો જાહેર આરોગ્ય, કૃષિ અને ક્લાઈમેટ ચેન્જની વ્યાપક અસર ચિંતામાં વધારી કરી રહ્યાં છે.

ફેબ્રુઆરીના અંતમાં, દરિયાકાંઠાના વિસ્તારો, ખાસ કરીને મુંબઈ અને મહારાષ્ટ્ર તથા ગોવાના કેટલાક ભાગમાં ખૂબ જ ઊંચું તાપમાન નોંધાયું હતું. ૨૬ ફેબ્રુઆરીના રોજ, મુંબઈનું મહત્તમ તાપમાન ૩૮.૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું, જે આ સમયના સામાન્ય તાપમાન કરતા ૫.૯ ડિગ્રી વધારે હતું! એક જ વર્ષમાં આટલો બધો ફેરફાર ચિંતાજનક જ નહી, પણ આઘાતજનક છે. તેવી જ રીતે, દરિયાકાંઠાના મહારાષ્ટ્ર અને ગોવાના અન્ય વિસ્તારોમાં તાપમાન ૩૭°સી.થી વધુ નોંધાયું હતું, જ્યારે દરિયાકાંઠાના કર્ણાટક અને ગુજરાતમાં તાપમાન ૩૫°સી.થી ૩૭°સી.ની વચ્ચે રહ્યું હતું.



અમુક હવામાનશાસ્ત્રીઓ આ શરૂઆતની ગરમીને અપવાદરૂપે શુષ્ક શિયાળાને આભારી માને છે. દર વર્ષે સર્જાતી નોંધપાત્ર હવામાન પ્રણાલીઓના અભાવે સરેરાશ વરસાદ ઓછો થયો, જેનાં પરિણામે મધ્યપ્રદેશ જેવા વિસ્તારોમાં સતત ચક્રવાતી વિરોધી સ્થિતિ સર્જાઈ. આના કારણે પશ્ચિમ કિનારા પર ગરમ પૂર્વીય પવનો ફૂંકાય છે, પરિણામ સ્વરૂપ દરિયાઈ પવનોના આગમનમાં વિલંબ થાય છે અને જમીની પવન લાંબા સમય સુધી ફૂંકાય છે. એના કારણે તાપમાનમાં વધારો થાય છે.

નિષ્ણાતો કહે છે કે માનવ-પ્રેરિત ક્લાઈમેટ ચેન્જ આ હવામાન પરિવર્તનની ચરમસીમાઓને ફેલાવી રહ્યું છે. ક્લાઈમેટ સેન્ટ્રલ દ્વારા બહાર પાડવામાં આવેલા 'ક્લાઈમેટ ચેન્જ ઈન્ડેક્સ' (CSI) દર્શાવે છે કે માનવસર્જિત ક્લાઈમેટ ચેન્જને કારણે ગોવાના પણજીમાં તાજેતરના તાપમાનમાં ઓછામાં ઓછો પાંચ ગણો વધારો થવાની શક્યતા છે, જ્યારે મુંબઈમાં તે ઓછામાં ઓછા ત્રણ ગણું વધુ છે!

આ વાત સૂચવે છે કે ગ્રીનહાઉસ ગૅસનું ઉત્સર્જન ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લીધાં વિના, આવી આત્યંતિક હવામાન ઘટનાઓ ભવિષ્યમાં વારંવાર બની શકે છે અથવા તો બનશે જ!

ભારતના ઘઉંના પાક માટે અત્યારથી પ્રસરી રહેલા ગરમીનાં મોજાં એક મોટા ખતરા સમાન છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ ચેતવણી આપી છે કે માર્ચ ૨૦૨૫ અત્યાર સુધીના સૌથી ગરમ મહિનાઓમાંનો એક હોઈ શકે છે, જેમાં મહત્તમ અને લઘુતમ તાપમાન સામાન્ય કરતાં ખૂબ વધુ રહેવાની ધારણા છે. આ ગરમી ઘઉંના પાક પર પ્રતિકૂળ અસર કરી શકે છે, જેના કારણે સતત ચોથા વર્ષે ઊપજમાં ઘટાડો થશે અને પૂરતો સ્થાનિક પુરવઠો સુનિશ્ચિત કરવા માટે વર્તમાન ૪૦% આયાત કર ઘટાડવા અથવા દૂર કરવાની જરૂર પડશે.

IMD એવી પણ આગાહી કરે છે કે માર્ચથી મે - ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન ભારતના મોટા ભાગના ભાગોમાં સામાન્ય તાપમાન મહત્તમ તાપમાન કરતાં વધુ રહેવાની શક્યતા છે. પરિણામે, ઉત્તર-પૂર્વ ભારત, દૂરના ઉત્તરીય વિસ્તારો અને દક્ષિણ દ્વીપકલ્પીય ભારતના કેટલાક ભાગો સિવાય, સમગ્ર દેશમાં ગરમીના દિવસોની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે.

ભારતમાં ગરમીના મોજાની શરૂઆત આબોહવા પરિવર્તન દ્વારા ઊભા થયેલા પડકારો અને કૃષિ અને જાહેર આરોગ્યમાં અનુકૂલનશીલ પગલાંની જરૂરિયાત દર્શાવે છે. આ કપરી પરિસ્થિતિ વધતાં તાપમાનની અસરને ઘટાડવા માટે વૈશ્વિક અને સ્થાનિક પહેલની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડે છે.

ટૂંકમાં, તાપમાનમાં આ રીતે અચાનક ફેરફાર કરીને ફરી એક વાર કુદરતે માનવજાતને ચેતાવણી આપી છે કે પર્યાવરણને વધુ ને વધુ દૂષિત થતાં અટકો, નહીંતર પ્રકૃતિ પણ એની એવી પ્રતિક્રિયા આપશે, જે બધા માટે પ્રતિકૂળ નીવડશે! ■

# ભારતમાં ટી ટુરીઝમ

## ભારતના ચાના બગીચાઓમાં પ્રવાસ



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

ચા ભારતમાં પીણાથી પણ વિશેષ છે. તે રાષ્ટ્રના સાંસ્કૃતિક અને સામાજિક રેસા થકી ગૂંથેલો મહત્ત્વપૂર્ણ ધાગો છે. તાજેતરનાં વર્ષોમાં ટી ટુરીઝમ અજોડ પ્રવાસ પ્રવાહ તરીકે ઊભરી આવ્યું છે, જે મુલાકાતીઓને ભારતના હરિયાળા ચા ઉગાડતા પ્રદેશોમાં રોમાંચક અનુભવ પ્રદાન કરે છે. આસામમાં વિશાળ એસ્ટેટ્સથી લઈને દાર્જીલિંગના ધુમ્મસછવાયા ઢાળ અને શાંત નીલગિરિની ટેકરીઓ સુધી ટી ટુરીઝમ ઈતિહાસ,સંસ્કૃતિ અને મંત્રમુગ્ધ કરનારા નિસર્ગસૌંદર્યનું ઉત્તમ સંમિશ્રણ પૂરું પાડે છે.

ભારતના ચાના બાગ થકી આ પ્રવાસમાં પ્રવાસીઓને ચાની વાવણી નજરોનજર જોવા મળે છે, હેરિટેજ બંગલો અનુભવી શકે છે અને આ ઉત્કૃષ્ટ પીણું માણી પણ શકે છે. આ લેખમાં આપણે ભારતીય ચાનો ઉદભવ, નામાંકિત ચાના પ્રદેશોની અજોડ વિશિષ્ટતાઓ અને ભારતના ચાના વારસાની ઉજવણી કરતા સ્વર્ણિમ મહોત્સવો વિશે જાણીશું.

### ભારતીય ચાનો ઉદભવ

ભારતમાં ચાનું પગેરું 19મી સદીના આરંભમાં મળી આવે છે, જ્યારે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ચામાં ચીનની મોનોપોલી તોડવાનું બીડું ઉપાડ્યું હતું. 1823 માં સ્કોટિશ સાહસિક રોબર્ટ બ્રુસે આસામમાં જંગલી ચાનાં છોડવાં શોધી કાઢ્યાં હતાં અને ટૂંક સમય પછી બ્રિટિશ દ્વારા મોટે પાયે ચાની રોપણી કરવામાં આવી હતી. સમયાંતરે ચાની વાવણી દાર્જીલિંગ અને નીલગિરિમાં વિસ્તરીને ભારતને દુનિયાના સૌથી મોટા ચાના ઉત્પાદકમાંથીએક તરીકે આકાર આપ્યો છે.

આજે ભારત ચાના વિવિધ પ્રકાર સાથે પ્રતિકાત્મક છે, જેમાં આસામની બોલ્ડ, માલ્ટી બ્રુઝ, દાર્જીલિંગની નાજુક મસ્કેટલ ફ્લેવર્સ અને નીલગિરિની સુગંધી, બ્રિસ્ક ટીનો સમાવેશ થાય છે. દરેક પ્રદેશની પોતાની અજોડ ઉગાડવાની સ્થિતિઓ અને પદ્ધતિઓ છે, જે વૈવિધ્યપૂર્ણ તેટલો જ સ્વાદિષ્ટ અનુભવ નિર્માણ કરે છે.

### આસામ: ભારતીય ચાનું ઘોડિયું

સામર્થ્યશાળી બ્રહ્મપુત્રા નદીના પટના સાંનિધ્યમાં વસેલું આસામ ભારતના સૌથી વિશાળ ચા ઉગાડતા પ્રદેશનું ઘર છે.તેનું ઉષ્ણકટિબંધીય હવામાન, ભારે વરસાદ અને નીચાણવાળા સપાટ રસ્તાઓ સિગ્નેચર માલ્ટી સ્વાદ સાથે મજબૂત,સંપૂર્ણ ખીલેલી ચાના ઉત્પાદન માટે ઉત્તમ સ્થિતિ નિર્માણ કરે છે.

આસામ માટે મુલાકાતીઓ વિશાળ ટી એસ્ટેટ્સની મુલાકાત લઈ શકે છે, જ્યાં કુશળ ચાના શ્રમિકો પાનની લણણી કરતા હોયતે નજારો મંત્રમુગ્ધ કરનારો અનુભવ બની રહે છે. ઘણી બધી એસ્ટેટ્સ, જેમ કે, પ્રસિદ્ધ જોરહાટ ટી એસ્ટેટ ચાના બાગમાં ગાઈડેડ વોક,ચાનો સ્વાદ લેવાના સત્રો અને ચાના ઉત્પાદનની નાજુક પ્રક્રિયામાં ઈનસાઈટ્સ આપે છે.

બ્રિટિશ યુગના બંગલોમાં મુકામ આસામમાં ટી ટુરીઝમની એક હાઈલાઈટ છે. આ હેરિટેજ લોજિંગ બ્રિટિશ ઉત્પાદકોનું એક સમયે ઘર હતું,જે મહેમાનોને વીતેલા યુગની ખૂબીઓનો અનુભવ કરાવે છે. નિરંતર હરિયાળાં ખેતરો જોતાં જોતાં વિશાળ વરાંડામાં ચાની ચુસકીઓ માણવીતે શુદ્ધ શાંતિનો અવસર બની રહે છે.

આસામની ચાની સંસ્કૃતિના ઊંડાણમાં ઊતરવાની ઉત્સુકતા હોય તો જોરહાટમાં ટોકલાઈ ટી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લઈ શકાય,જ્યાં ચાનું વિજ્ઞાન, નાવીન્યતા અને સક્ષમતામાં અદભુત ઈનસાઈટ્સ મળે છે. ઉપરાંત પારંપરિક ચા બનાવવાની પદ્ધતિ માટે જ્ઞાત ઘરેલુસિંગફો આદિવાસીઓ સાથે સહભાગ આસામના સમૃદ્ધ ચાના વારસામાં ડોકિયું કરાવે છે.

### દાર્જીલિંગ: ટેકરીઓની રાણી

હિમાલયની તળેટીમાં વસેલું દાર્જીલિંગ ચા પ્રેમીઓ માટે સ્વર્ગ છે. તેની વિશિષ્ટ, ઊંચાઈ પર ચા માટે જાણીતો આ પ્રદેશ હલકી સુગંધીચા ઉત્પાદન કરે છે, જેની મોટે ભાગે ફાઈન વાઈન સાથે તુલના કરાય છે. આ અજોડ જગ્યા, ઠંડી પહાડી હવા, ધુમ્મસિયા ઢોળાવઅને ઉત્તમ નિતારેલી માટી દાર્જીલિંગની ચાને અજોડ ફ્લેવર આપે છે.

દાર્જીલિંગના ટી એસ્ટેટ્સની મુલાકાત ઈતિહાસમાં પ્રવાસ જેવું છે. એસ્ટેટ્સમાં મકાઈબારી, ગ્લેનબર્ન અને હેપ્પી વેલી પ્રવાસીઓને બે પાન અને કળીમાંથી કાળજીપૂર્વક હાથથી ખેંચવામાં આવતી ચાના સાક્ષી બનાવે છે. પર્યટકો વિશિષ્ટ ચાનો સ્વાદ લેવાનાં સત્રોમાં ભાગ લઈ શકે છે, જ્યાં તેઓ અલગ અલગ પ્રકાર વચ્ચે ભેદ પાડવાનું શીખે છે, જેમાં વસંતઋતુનો નાજુક પ્રથમ પ્રકાર, ઉનાળાનો મસ્કેટલ બીજો પ્રકાર અને પાનખરની લણણીના સમૃદ્ધ,સંપૂર્ણ શરીરવાળા પ્રકારનો સમાવેશ થાય છે.

હેરિટેજ ટી એસ્ટેટના બંગલોમાં મુકામ અનુભવમાં લક્ઝુરિયસ સ્પર્શનો ઉમેરો કરે છે. સવારે ઊઠતાં ધુમ્મસથી ઘેરાયેલી પહાડીઓનો નજારો જોતાં જોતાં સૂર્યપ્રકાશ પડેલી અગાશી પર તાજી ચાની ચુસકીઓ માણવાનું અને તે પછી ગાઈડેડ ટી એસ્ટેટ વોક અવિસ્મરણીય અનુભવ બનાવે છે.પ્રદેશની વિલક્ષણ કેફે અને ઐતિહાસિક મોનેસ્ટરીઝ સાથે બ્રિટિશ યુગની ખૂબીઓ પ્રવાસને વધુ સમૃદ્ધ બનાવે છે.

ચાની પાર દાર્જીલિંગ તિબેટીયન, નેપાળી અને બ્રિટિશ પ્રભાવોના તેના સંમિશ્રણ સાથે સાંસ્કૃતિક ખૂબીઓ પ્રદાન કરે છે.પ્રવાસીઓ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ દાર્જીલિંગ હિમાલયન રેલવે જોઈ શકે અથવા મોમોઝ અને ઠુકપા જેવાં સ્થાનિક ખાદ્યો માણી શકે છે,જે ગરમ ગરમ દાર્જીલિંગ ચા સાથે ખાવાની મજા જ અલગ છે.

### નીલગિરિ: ચાની વાદળી પહાડીઓ

ભારતનો એકદમ ઉત્તરીય ચા ઉગાડતો પ્રદેશ નીલગિરિ હિલ્સને 'બ્લુ માઉનટેન' તરીકે પણ ઓળખવામાં આવે છે,જે અલગ અલગ ચાના અનુભવ કરાવે છે. આસામ અને દાર્જીલિંગથી વિપરીત નીલગિરિ ચા નીચી સપાટીઓ ખાતે ઉગાડવામાં આવે છે,પરંતુ ઊંચી સપાટીઓ પર સુગંધી, સ્મૂધ અને બ્રિસ્ક ચા ઊગે છે, જે આઈસ્ડ ટી સંમિશ્રણ માટે ઉત્તમ બની જાય છે.

નીલગિરિમાં ટી ટુરીઝમ અત્યંત આહલાદક છે. ઊટી, કુનૂર અને કોટાગિરિમાં એસ્ટેટ્સ મુલાકાતીઓને ઢળતી ટેકરીઓ અને ધુમ્મસથી છવાયેલી ખીણોના સાંનિધ્યમાં વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવેલા બાગ જોવા આમંત્રિત કરે છે. યુકેલિપ્ટસની સુગંધ ધરાવતી હવા ચાના મઘમઘાટથી ખીલી ઊઠે છે,જે એકદમ આહલાદક વાતાવરણ નિર્માણ કરે છે.

ચુનંદી એસ્ટેટ્સ ખાતે ચા સંમિશ્રિત કરવાના વર્કશોપમાં મહેમાનોને નિષ્ણાતના માર્ગદર્શનમાં તેમની પોતાની ચા સંમિશ્રિત કરવાનું શીખવવામાં આવે છે. આ ઈન્ટરએક્ટિવ અનુભવો અલગ અલગ ફ્લેવર, ફ્લોરલ, સાઈટ્રસી અથવા સ્પાઈસી એકત્ર કરીને પરફેક્ટ ચા નિર્માણ કરવાની રીતનીઊંડી સમજ આપે છે.

નીલગિરિ ટોડા આદિવાસી માટે ઘર પણ છે, જે ઘરેલુ સમુદાય અજોડ બેરલ આકારનાં ઝૂંપડાં અને નાજુક એમ્બ્રોઈડરી માટે જ્ઞાત છે. તેમની પરંપરા અને ધરતી સાથે તેમના જોડાણ વિશે શીખવું તે મુલાકાત માટે સાંસ્કૃતિક ઊંડાણનો ઉમેરો કરે છે. દરમિયાન સ્થાનિક ટ્રીટ્સ, જેમ કે, ઊટીના વાર્કે બિસ્કિટ્સ અને ઘરે બનાવેલા ફ્રૂટ જેમ ચા સાથે ખાવાની મજા જ અનેરી હોય છે.

### ચાની ઉજવણી: મહોત્સવો અને ઉપક્રમો

ભારત વર્ષભર ચા મહોત્સવોનું આયોજન કરે છે, જે તેની સમૃદ્ધ ચાની સંસ્કૃતિની ઉજવણી કરે છે. આ ઉપક્રમો મુલાકાતીઓને વિશિષ્ટ ચાના ઊંડાણમાં ઊતરવાની, પારંપરિક ચા સમારંભો જોવાની અને ઉદ્યોગના નિષ્ણાતો સાથે વાર્તાલાપ કરવાની તક આપે છે.

આસામ ટી ફેસ્ટિવલ (જોરહાટમાં આયોજન) ચા પ્રેમી અને ઉત્પાદકોને પ્લાન્ટેશન ટુર્સ, ચાનો સ્વાદ લેવાની સ્પર્ધાઓઅને સાંસ્કૃતિક કાર્યક્રમો થકી એકત્ર લાવે છે. મુલાકાતીઓ ચાની લિલામીમાં ભાગ લઈ શકે અને બિહુ જેવાં પારંપરિક નૃત્ય સ્વરૂપો જોઈ શકે,જે અનુભવમાં જીવંત સ્પર્શનો ઉમેરો કરે છે.

દાર્જીલિંગ ટી એન્ડ ટુરીઝમ ફેસ્ટિવલમાં પ્રદેશની ઉત્કૃષ્ટ ચા પ્રદર્શિત કરવા સાથે નયનરમ્ય એસ્ટેટની મુલાકાત, ઈન્ટરએક્ટિવ વર્કશોપ અને સંગીત કાર્યક્રમ ઓફર કરે છે. આ ઉજવણી હિમાલયની ખૂબી સાથે ચાની સરાહનાને સંમિશ્રિત કરે છે.

નીલગિરિ ટી ફેસ્ટિવલ દક્ષિણ ભારતનો ચાનો વારસો જોવાની તક આપે છે. તેમાં ચાની ફ્લેવર્સ સાથે ગૌર્મે ફૂડ, હેરિટેજ ટી ટ્રેઈલ્સ અને ટી પેરિંગ પર વર્કશોપનો સમાવેશ થાય છે, જે તેને રસોઈકળાના શોખીનો માટે અજોડ ઈવેન્ટ બનાવે છે.

આ મહોત્સવો ભારતની ચા વૈવિધ્યતા આલેખિત કરવા સાથે સક્ષમ ચા ઉત્પાદન અને ઉદ્યોગમાં ઈનોવેશન્સને પણ પ્રમોટ કરે છે.

### મૂલ્યવાન પ્રવાસ

ભારતમાં ટી ટુરીઝમ ઈતિહાસ, નિસર્ગ અને સંવેદનશીલ ખુશીનું સંમિશ્રણ છે. તમે ચાના શોખીન હોય કે પર્યટક હોય,ભારતના ચા ઉગાડતા પ્રદેશ જોવા જેવો અનુભવ બીજો કોઈ નહીં હોઈ શકે.

આસામની મજબૂત ચાથી દાર્જીલિંગની મનોહર મસ્કેટલ ફ્લેવર્સ અને નીલગિરિની તાજગીપૂર્ણ ફ્લોરલ ચા સુધી દરેક પ્રદેશ અજોડ વાર્તા કહે છે.ચાની વાવણી આસપાસનું હેરિટેજ, નિસર્ગસૌંદર્ય અને પરંપરા પ્રવાસ આરામદાયક અને જ્ઞાનવર્ધક પણ બનાવે છે.

દરેક ચુસકી સાથે પ્રવાસીઓ ચાના ઉત્પાદનની ધરતી, તેના લોકો અને સદી જૂની કળા સાથે પોતાને જોડે છે. તો, તમારી બેગ પેક કરો,ટી ટ્રેઈલ પર નીકળવા અને ભારતની ખૂબીઓ અને એક સમયે એક કપ ચા માણવા માટે તૈયાર થઈ જાઓ.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.





વર્ષમાં માત્ર એક જ ચાન્સ છે!

લેહ-લડાખનું અલૌકિક સૌંદર્ય એ દરેક ભારતીયનું સપનું! હિમાલયના અદભૂત નઝારા, તારાલોકથી ઝળહળતું આકાશ, ઘાટ રસ્તાઓ, વહેતી નદીઓ, પ્રાચીન વિહારો અને ઉષ્માભર્યા સ્થાનિકો... આ બધું લડાખને અનન્ય બનાવે. અહીં ભારતીય સૈનિકોને મળવાની તક સાથે, પર્યટન આધારિત અર્થતંત્રમાં યોગદાન આપવાનો અવસર પણ છે. તો ચાલો, લડાખની અદ્ભુત સફર પર નીકળી જઈએ!

| | | |
|---|---|---|
| હાઈલાઈટ્સ ઓફ લડાખ (7D) May 3, 11, 17, 21 - 67K-70K | બેસ્ટ ઓફ લડાખ - 9 Days May 6, 12, 24 - 82K-85K | વુમન્સ સ્પેશિયલ લડાખ (7D/ કારગીલ 9D) May 9, 23/May 4, 18 - 67K-85K |
| લેહ લડાખ મનાલી - 11 Days Jul 19, Sept 6 - 90000 | લેહ લડાખ મનાલી કાશ્મીર (15D) Jul 19, Sept 6 - 120000 | લેહ લડાખ કારગીલ કાશ્મીર (11D) June 18, Aug 8 - 98000 |

T&C Apply

વીણા વર્લ્ડ
લેહ લડાખ!
ચાલો, બેગ ભરો, નીકળી પડો!

Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 22 7979

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




લગ્નની વિધિ દરમિયાન અકબર ફોટા પાડતો રહ્યો. શફીનાએ મારાજને કેસરી દૂધ બનાવી આપ્યું અને સીમા તથા અભિને ગુલાબનું શરબત આપ્યું...અભિને ભાવ્યું નહીં, પણ શફીનાનો પ્રેમ જોઇને પી ગયો.

વિધિ બાદ મારાજને મોટું કવર આપતી વખતે અકબર પીઆરે કહ્યું: 'આપ મુજે આપકી સંસ્થા કા સર્ટિફિકેટ દેના...મેરે પાસ ફોટોઝ હૈ, ઉસ બેઝ પર મૈં મેરેજ સર્ટિફિકેટ બનવા લુંગા.'

મારાજે તગડું કવર બતાવતા કહ્યું: 'ઇસમેં સે સબ હો જાયેગા. એક પેંડો પોતાના મોંમાં મૂકતા બોલ્યો: મેરા રોલ ઇતના હી થા ના....મૈં ચલું.?' થેલો ઉપાડીને ચાલવા લાગ્યો.

'મારાજ બુરખા તો પહેન લિજિયે. ઔર હાં, મેઇન ગેટ તક આપ ગૂંગે હો..' શફીનાએ હસીને કહ્યું.

'અચ્છે એક્ટર હો યાર આપ' બુરખો પહેરી રહેલા મારાજને અભિએ કહ્યું.

'પહેલે સ્ટ્રગલર થા...બાત જમી નહીં તો ઇસ લાઇન મેં આ ગયા.' મારાજે મોં ઢાંકી દીધું. સીમા સિવાય બધા ખડખડાટ હસી પડ્યાં.

'સીમા, તૂ કેમ ચૂપ છો.?' અભિએ પૂછ્યું.

'અભિ, ચહેરા છુપાવીને અકબરભાઇના ઘરની સિક્યોરિટી તો પાર કરી લીધી. તારા ઘરને દરવાજે ઊભેલી સિક્યોરિટીનું શું.?' સીમાએ કહ્યું.

'સીમા, આપણે પોતે ક્યાં સિક્યોર છીએ.? આપણી પોતાની કોઇ સિક્યોરિટી છે ખરી? જો હોગા વો દેખા જાયેગા.'

'ભાઈસાબ, હનીમૂન માટે ક્યાં જવાના ?' શફીનાએ વાતનો દોર બદલ્યો.

'મારા ઘરે...સોરી, અમારા ઘરે.' અભિ બોલ્યો.

'શાદી મુબારક.' શફીનાએ બંનેને પેંડા ખવડાવ્યા.

'અભિ, એક નસીહત આપું છું. હવે તારી શાદી થઇ ચૂકી છે. તું હવે તારું આ અલ્લડપણું....તારા ફિતૂર...તારા તરંગો...બધું છોડી દેજે.' અકબર પીઆરે બંનેને બુરખા આપતા કહ્યું.

જવાબમાં અભિ અકબર પીઆરને ભેટીને બોલ્યો: 'થેન્ક યુ અકબરભાઇ.

'થેન્ક યુ તારી ભાભીને કહે.....શાદીની આટલી સરસ જગ્યા માટે.'

************

અભિએ ટેક્સી એના બંગલાથી થોડે દૂર ઊભી રખાવી. ભાડું ચૂકવીને બંને બંગલા સુધી ચાલતા ગયાં. બે બુરખાધારી મહિલાઓને જોઇને એના દરવાને પૂછ્યું. 'મોહતરમા, રુકો રુકો....કિધર જાના હૈ?'

અભિએ બરખો ઊંચો કરીને પોતાનું મોઢું બતાવતા કહ્યું: 'બહાદુર, પાસ મેં હી મેરા શૂટીંગ ચલ રહી થી...વહીં સે ચલ કે આ ગયે, બુરખે મેં તાકી કોઇ પહેચાન ન લે.'

'સોરી સાબજી...ગલતી હો ગયા.' નેપાળી દરવાને સલામ ઠોકીને ગેટ ખોલ્યો. બંને અંદર જતાં જોઇને દરવાન મનમાં બબડ્યો: 'સા'બ કે સાથ યે મોહતરમા કૌન થી? છોડો,..હોગી કોઇ...એક રાત કી મહેમાન.'

*************

'શું પીશ?' અભિએ બુરખો કાઢતાની સાથે પૂછ્યું.

'ઠંડું...કંઇક ઠંડું ઠંડું પીવાની ઇચ્છા છે.' સીમાએ બુરખો ફગાવ્યો.

'ઠંડું પીને ગરમ થોડું થવાય. ગરમ પી...કંઇક ગરમ.' બાર પાસે ઊભા રહેલા અભિએ પોતાનો પેગ બનાવતા પૂછ્યું.

'મને એવી કોઇ જરૂર નથી પડતી ખબર છેને તને?' સીમાએ અભિના હોઠ પર આંગળી ફેરવી.

'ચિયર્સ.' અભિ સીમાને એકદમ ઠંડી કોકાકોલા આપતા બોલ્યો.

'મને તારું ઘર નહીં બતાવે?' સીમાએ કહ્યું.

'આપણું ઘર' અભિ એનો હાથ પકડીને અંદર લઇ ગયો.

'આ આપણું કિચન. ઘર પ્રવેશ કરતી લેડીઝને સૌથી પહેલાં કિચન જોવું ગમે. રાઇટ.?'

'આટલું ચોખ્ખુંચણાક કિચન.....મને ખાતરી છે કે આ તું તો નહીં જ કરતો હોય.'

'કૂક અને બીજા નોકરચાકર'

'એ બધા અહીં જ રહે છે.?'

'ના, અહીં કોઇ નહીં...હા, સર્વન્ટ રૂમો છે, પણ કોઇને રૂમમાં રાખતો નથી. દરવાન શિફ્ટવાઇઝ ડ્યુટી કરીને જતા રહે.' અભિ સીમાનો હાથ પકડીને આગળ વધ્યો.

'આ બેડરૂમ. ઘરમાં કિચન પછી પત્નીની બીજી મનપસંદ જગ્યા. કિંગસાઇઝ બેડરૂમ.' સીમા અભિને વળગી પડી.

'અભિ, તેં તારું સપનું સાકાર કરી બતાવ્યું. અને.....મારું પણ. સીમાએ અભિની આંખમાં આખ મિલાવતા કહ્યું.

'આપણે હનીમૂન માટે ક્યાં જઇશું...સીમાએ પૂછ્યું.

'એક એવી જગ્યાએ જ્યાં આપણે બે જ હોઇએ....બીજું કોઇ આવી ન શકે.'

'અભિ, એવી તો વળી કઇ જગ્યા છે...'

'આપણો બાથરૂમ....' અભિ એને તાણીને અટેચ્ડ બાથરૂમમાં લઇ ગયો.

'ઓહ બાપરે...મારી ત્રણ રૂમ ભેગી કરું તોય આટલો મોટો બાથરૂમ ન થાય.

'અભિ, આપણે હનીમૂન માટે ક્યાંય જવાની જરૂર નથી.'

> 'અભિ, હવે તારી શાદી થઇ ચૂકી છે. તું હવે તારું આ અલ્લડપણું....તારા ફિતૂર...તારા તરંગો...બધું છોડી દેજે.' અકબર પીઆરે કહ્યું.

સીમાના પાનેતરનો પલ્લુ સરક્યો. થોડી ક્ષણો પછી બાથટબના ચારેય ખૂણે ધીમે ધીમે પીગળી રહેલી મીણબત્તીના કામોત્તેજક અજવાસમાં....બાથટબના હૂંફાળા પાણીમાં સામસામે બેઠેલાં અભિ અને સીમા...એકમેક પર ફીણ ઉડાડી રહ્યાં હતાં.

*******************

'બંસી, પૈસે કે લિયે મેરે ઘર પે નહીં આને કા......તુમકો જોરાવર સે પૈસા મિલ રહા હૈના..?' બસ્તા શેઠ તાડુક્યા.

'શેઠ, લાસ્ટ દો ટાઇમ કા પૈસા જોરાવર નહીં દિયા હમકો.'

'જોરાવર....જોરાવર...' ધૂંધવાયેલા બસ્તા શેઠે બૂમ મારી.

'બોલો શેઠ...' બોલતો જોરાવર અંદર આવ્યો. એની નજર બંસી પર પડી.

'તુમ યહાં ક્યું આયે હો.?' જોરાવર બંસી પર ભડક્યો.

'મને પૂછ એ કેમ આવ્યો છે......એના પૈસા કેમ નથી પહોંચ્યા.?'

'શેઠ, ભૂલી ગયો...હમણા જ આપી દઉં..'

બસ્તા શેઠે જોરાવરને એક તમાચો ચોડી દીધો. આટલાં વરસોમાં બસ્તા શેઠે પોતાના આ વફાદાર માણસ પર ક્યારેય હાથ ઉપાડ્યો નહતો કે ઊંચા અવાજે કાંઇ કહ્યું નહતું. આજે બે કોડીના માણસની સામે ઇજ્જ ત ઉતરડી કાઢી. સમસમી ઉઠેલો જોરાવર ખુન્નસથી બંસીને જોવા લાગ્યો.

'મને ગદ્દાર માણસો પસંદ નથી. પહેલીવાર છે... એટલે માફ કરું છું.' હાથના ઇશારે એને જતા રહેવા કહ્યું. જોરાવરે જતા પહેલાં ગુસ્સામાં બંસીને પૈસા આપ્યા. આખીય ઘટનાથી બંસી હેબ્તાઇ ગયો. જોરાવર સાથે દુશ્મની કરી બેઠો. એ જમીન પર બેસી ગયો. બસ્તા શેઠે એને ઊભો કરીને બીજો થોડા રૂપિયા આપ્યા.

'શેઠ, અગલે હપ્તે આખરી સૂનવાઇ હૈ...જો ભી સઝા મિલે કાટ લૂંગા...આપ મેરે પરિવાર કા'

'પુરા ખયાલ રખુંગા. તૂ.....જા.' બંસીલાલ પગે લાગીને નીકળી ગયો.

બંસી, તેરા ઔર તેરે ફેમિલી કા પુરા ખયાલ રખુંગા.....લેકિન સોચતા હું તેરી આખરી સૂનવાઇ...મેરી પહેલી સૂનવાઇ ન બન જાયે....

***************

જોરાવર ભયંકર નારાજ હતો. બંસીની હાજરીમાં પડેલી થપ્પડ એના કાનમાં શોર મચાવતી હતી. બે બદામના ટ્રક ડ્રાઇવરની સામે મને બસ્તા શેઠે બેઆબરૂ કરી નાખ્યો. જોઇ લઇશ....બંસીને જોઇ લઇશ....બસ્તાનેય જોઇ લઇશ. બારમાં ઢીંચી રહેલા જોરાવરનો બબડાટ ચાલુ હતો ત્યાં જ મોતીબાબુ દાખલ થયો.

'મોતી, બસ્તાને તેરે ગલે મેં સોને કી જંજીર ડાલ દી હૈ....તોડ કે નીકલ જા. અભી ભી તેરે પાસ ટાઇમ હૈ....ચંદર કા હાલ કિયા એસા તેરા હાલ હોગા...લિખ લે.'

મોતીબાબુને એટલું સમજાયું કે બસ્તા શેઠ અને જોરાવર વચ્ચે મોટી તિરાડ પડી છે. આ તિરાડને બૂરવી નથી કે નથી એને પહોળી કરવી, પણ તિરાડનું કારણ તો જાણવું પડશે. ત્યાર પછી જોરાવરે સંભળાવેલું બસ્તાપુરાણ મોતીબાબુ માણતો રહ્યો એટલું જ નહીં, કેટલીક વાત ગાંઠે બાંધી લીધી.

*****************

અભિની લોકપ્રિયતાથી અકળાયેલા આદિલ ખાને બસ્તા શેઠને ફરી યાદ કર્યા.

'બસ્તા શેઠ, મૈંને આપકા કામ કર દિયા.....અબ આપકી બારી હૈ.....યાદ હૈના કી ભૂલ ગયે.?'

'ભૂલા નહીં હું. તુમ્હારા કામ હો જાયેગા.' બસ્તા શેઠે કહ્યું.

'મુજે અભિનય નામકી ફિલ્મ કા ધી એન્ડ ચાહિયે બસ્તા શેઠ.' આદિલ ખાને ફોન પછાડીને મૂકી દીધો.

******************

'અપ્પા સાહેબ આપને મુજે યાદ કિયા....મૈં હાજર હો ગયા ફરમાઇએ.' અભિએ કહ્યું.

'મૈં કલ દિલ્હી જા રહા હું....મૈં હાઇ કમાન્ડ કો તુમ્હારા નામ બોલતા હું....તૂમ ઇલેક્શન લડોગે.'

'બીલકુલ લડુંગા. જીવન મેં લડતે આયા હું, તો ઇલેક્શન ભી લડુંગા. કબ હૈ ઇલેક્શન.?'

'છેહ મહિના.....હાઇ કમાન્ડ ઐલાન કરેગી....તબતક ફિલમ કે જેસા સસ્પેન્સ.' અપ્પા સાહેબે કહ્યું.

'સસ્પેન્સ નહીં રહેગા અપ્પા સાહબ. દિલ્હી સે ન્યૂઝ લીક હોગી...દેખ લેના આપ. હનુમંતરાવ સૂંઘ લેગા....ઔર વો આદિલ કો મેરે સામને ઇલેક્શન મેં ઉતારેગા.'

'અચ્છા હૈ....ટક્કર કાંટે કી હોગી.' અપ્પા સાહેબે ચાની ચુસ્કી મારતા કહ્યું.

****************

મોતીબાબુ બંસી અને વકીલને કોર્ટની બહાર ઉતારીને ટેક્સી પાર્ક કરવા ગયો. ધીમે ધીમે ચાલી રહેલો ચિંતિત બંસી અચાનક ઊભો રહી ગયો.

'વકીલ સાબ કિતની સજા હોગી...આપકે હિસાબ સે?'

'કૂછ કહે નહીં સકતે. સબ કોર્ટ અનાડી હોતી હૈ. મૈં સામને સે તમ્બાકુ કી પુડી લાતા હું' કહીને વકીલ સામે પાન બીડીની કેબિને ગયો.

અચાનક એક કાર ધસી આવી...એમાંથી ઊતરેલા બે બુકાનીધારીઓએ બંસીના મોં પર કપડું ઢાંકીને અંદર હડસેલી દીધો. કાર પુરપાટ નીકળી ગઇ. કોર્ટની બહાર ઊભેલાઓમાં બુમરાણ મચી ગઇ.

'પકડો...પકડો....દોડો દોડો....કોઇ પુલીસ કો ફોન કરો.'

લોકોની હો હા અને કોલાહલની વચ્ચે વકીલ દોડી આવ્યો. ટેક્સી પાર્ક કરીને પાછા આવેલા મોતીબાબુએ લોકોના ટોળામાં વકીલને જોયો.

'કોઇ મેરે અસીલ બંસીલાલ કો ઉઠા કે લે ગયા.' વકીલે ત્યાં ધસી આવેલા એક હવાલદારને કહ્યું. (ક્રમશઃ)■

ફોકસ

પ્રભાકાંત કશ્યપ
feedback@bombaysamachar.com

# કબૂતરબાજોની હવે ખેર નથી...

## દાયકાઓ સુધી સડશે જેલમાં!




ગેરકાયદેસર રીતે લોકોને વિદેશ મોકલવાની પ્રક્રિયા માટેનું ગુપ્ત નામ અથવા કોડ વર્ડ 'કબૂતરબાજી' છે. જો કે આ ગુનો પહેલાથી જ સંવેદનશીલ છે, પરંતુ જ્યારથી ગેરકાયદે રીતે અમેરિકા ગયેલા લોકોને દેશમાં પરત લાવવામાં આવી રહ્યા છે, ત્યારથી આ શબ્દ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. જેના પરિણામે આને લગતા કાયદાને વધુ કડક બનાવવાની વાત ચાલી રહી છે. કદાચ આ જ કારણ છે કે આ દિવસોમાં રાજ્ય પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓ જેમ કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) વગેરેએ પણ મની લોન્ડરિંગ અને અન્ય સંબંધિત ગુનાઓ માટે તેમની ધરપકડમાં વધારો કર્યો છે. ઉદાહરણ તરીકે, ઇડીએ તાજેતરમાં જ કેનેડિયન કોલેજોમાં નકલી એડમિશન દ્વારા ભારતીયોને ગેરકાયદે રીતે અમેરિકા મોકલતા ઘણા એજન્ટોની ધરપકડ કરી છે, તેમ જ તેમના અત્યંત જટિલ નેટવર્કની પણ તપાસ કરી છે, જેના કારણે ત્યાંથી ઘણા ભયાનક કિસ્સાઓ બહાર આવ્યા છે.

સવાલ એ છે કે, શું તમે જાણો છો કે કબૂતરબાજી સામે ભારતીય ન્યાય-સંહિતાની કઈ કઈ કલમો લાગુ પડે છે? ભારતીય નાગરિકોને ગેરકાયદેસર રીતે વિદેશ મોકલનારા એજન્ટો સામે કેન્દ્ર અને રાજ્ય સરકારો વિવિધ કાયદાકીય કાર્યવાહી કરી શકે છે. આ કાર્યવાહી મુખ્યત્વે ભારતીય દંડ સંહિતા (આઇપીસી), જે હવે ભારતીય ન્યાયિક સંહિતા તરીકે ઓળખાય છે, તે સ્થળાંતર અધિનિયમ, ૧૯૮૩ હેઠળ કરવામાં આવે છે. ભારતીય ન્યાય-સંહિતા (બીએનએસ) ૨૦૨૩ ગયા વર્ષથી એટલે કે પહેલી જુલાઈ ૨૦૨૪ થી અમલમાં આવી છે, તેણે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ નું સ્થાન લીધું છે. આ ફેરફાર સાથે, ઇન્ડિયન પીનલ કોડની ઘણી કલમો એટલે કે આઇપીસીની અનેક કલમોની સંખ્યા બદલાઈ ગઈ છે અને કેટલાકમાં સજાની જોગવાઈઓ પણ બદલાઈ ગઈ છે. આ ઉપરાંત, આ કલમો હેઠળ આવરી લેવામાં આવતા ઘણા ગુનાઓમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. કબૂતરબાજીના સંદર્ભમાં, આ ફેરફાર આ મુજબ થયો છે-

| ગુનો | આઈપીસી કલમ | બીએનએસ કલમ સંખ્યા |
|---|---|---|
| છેતરપિંડી | ૪૨૦ | ૩૧૬ |
| દગાબાજી | ૪૬૫ | ૩૩૭ |
| નકલી દસ્તાવેજો | ૪૭૧ | ૩૩૮ |
| માનવ તસ્કરી | ૩૭૦ | ૯૨ |
| છેતરપિંડીની કલમ | ૩૧૬ | |

કોઈપણ વ્યક્તિને છેતરીને નાણાં અથવા મિલકતથી વંચિત રાખવું.

કબૂતરબાજીના સંદર્ભમાં તે તેના કરતા ઘણું વધારે છે. કારણ કે તેમાં માત્ર વ્યક્તિ જ નથી છેતરાતી, સંપૂર્ણ દેશ સાથે પણ છેતરપિંડી થાય છે. તેથી અહીં આ કલમ ૩૧૬ વિશ્વાસ ભંગનો ફોજદારી પક્ષપાત બને છે અને અત્યાર સુધી તેમાં મહત્તમ ૫ વર્ષની જેલની જોગવાઈ છે, પરંતુ કબૂતરબાજીના કેસમાં હવે તેને બદલીને ૧૦ વર્ષની સજા કરવાની ચર્ચા ચાલી રહી છે. જો કે, દંડ કોર્ટની વિવેકબુદ્ધિ મુજબ નક્કી કરવામાં આવે છે અને ભવિષ્યમાં પણ તે જ રાખવાની યોજના છે. જો કે, આ કિસ્સામાં, જો ગુનેગાર વાહક દસ્તાવેજો પર હસ્તાક્ષર કરનાર, વેરહાઉસ મેનેજર, કારકુન, નોકર, સરકારી કર્મચારી અથવા બેંક કર્મચારી, તો સજા વધારીને ૭ વર્ષ કરી શકાય છે.

કલમ ૩૩૭ ફોર્જરી

સજા: મહત્તમ ૩ વર્ષની જેલ.

દંડ: કોર્ટની વિવેકબુદ્ધિથી નક્કી કરવામાં આવે છે.

આમાં પણ કબૂતરબાજીના સંદર્ભમાં સજા વધારીને ૫ વર્ષ કરવાની વાત થઈ રહી છે.

કલમ ૩૩૮ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ

હાલમાં મહત્તમ સજા ૩ વર્ષની કેદ છે.

કબૂતરબાજીની દૃષ્ટિએ, તેને વધારીને ૫ કે ૭ વર્ષ કરવાની ચર્ચા છે.

દંડ: કોર્ટની વિવેકબુદ્ધિ પર નિર્ધારિત.

કલમ ૯૨ માનવ તસ્કરી

સજા: મહત્તમ ૧૦ વર્ષની કેદ

કબૂતરબાજી માટે ૨૦ વર્ષ અથવા તો આજીવન સજા કરવા અંગે ચર્ચા છે.

દંડ: કોર્ટની વિવેકબુદ્ધિ પર નિર્ધારિત.

જોકે, સજા અને દંડની વાસ્તવિક અવધિ અને રકમ હજુ પણ કેસની ગંભીરતા અને ચોક્કસ સંજોગોના આધારે કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે છે. જો આપણે કબૂતરબાજીના સંદર્ભમાં જોઈએ, તો અગાઉ પણ તે એક નાજુક મામલો હતો પણ હવે નાજુક હોવા ઉપરાંત દેશની બદનામી અને અપમાનનો પણ મુદ્દો બની ગયો છે. અગાઉ પણ ઉપરોક્ત કલમો હેઠળ ગેરકાયદે રીતે લોકોને વિદેશ મોકલનારા એજન્ટો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. હવે પણ આવું જ થશે, પરંતુ હવે સજાની જોગવાઈ વધુ કડક થશે. તેથી જે લોકો ગેરકાયદે રીતે લોકોને વિદેશ મોકલે છે તેમણે ચેતવાની જરૂર છે. જો કે, માનવ તસ્કરી સંબંધિત તમામ વિભાગોમાં સુધારા અને સ્થળાંતર અધિનિયમ, ૧૯૮૩ના અમલ પછી, કાયદાઓ પહેલાથી જ વધુ કડક બની ગયા છે. તેથી, લોકોએ વિદેશ જવાની પ્રક્રિયા ફક્ત રજિસ્ટર્ડ અને અધિકૃત એજન્ટો દ્વારા જ પૂર્ણ કરવી જોઈએ, જેથી છેતરપિંડી અને ગેરકાયદે પ્રવૃત્તિઓ ટાળી શકાય. ■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# વિદેશી ટૅક્સીક્ષીડ્રાઇવર




**હંસાબેન** મહેતા અને રમણિકભાઈએ પ્રથમ વાર વિમાનમાં પ્રવાસ કર્યો, અને પહેલી જ વાર ૧૨ દિવસની યુ.એસ.એ. ટૂર માણી. રમણિકભાઈ એક પ્રાયવેટ કંપનીમાં મેનેજર તરીકે કામ કરતા હતા અને હંસાબેને એક શાળામાં શિક્ષિકા તરીકે ૩૩ વર્ષ કામ કરીને આ ઓક્ટોબરમાં રિટાયર થશે.

મોટો દીકરો કેતન ડેન્ટિસ્ટ હતો, જ્યારે નાનો દીકરો રાજીવ યુ.એસ.ની એક આઇ.ટી કંપનીમાં હતો. રમણિકભાઈનું કુટુંબ વેલસેટલ અને એજ્યુકેટેડ છે.

મમ્મીને રીટાયર થવાના ત્રણ મહિના બાકી હતા ત્યારે કેતને નાનાભાઈ રાજીવને ફોન પર કહ્યું- રાજીવ, મોમ હવે રિટાયર થશે, લેટ અસ ગીવ ગુડ સરપ્રાઈઝ ટુ મોમ એન્ડ ડેડ.

હા, સ્યોર. આજે આપણે જે કાંઈ કરી શકીએ છીએ એ તેમના જ આશિષ વડે. આપણને ભણાવ્યા- તું ડોક્ટર થયો અને મને ઠેઠ અમેરિકા ભણવા મોકલ્યો.- રાજીવે ભાવવિભોર થતાં કહ્યું.

મને યાદ નથી કે મોમ-ડેડ પોતે કોઈ વાર લોંગ ટૂર પર ગયા હોય. તે દિવસે મોમ એમની બેનપણીને કહેતા હતા કે આફ્રિકા કે સિંગાપુર અમે કેવી રીતે જઈએ. હું તો એકે વાર પ્લેનમાં પણ ગઈ નથી. એવા મોટા ખર્ચા આપણને પોષાય નહીં. કેતને કહ્યું.

ભાઈ, મોમ-ડેડના વિઝા તો તેં કરાવ્યા જ છે. તો મોમ-ડેડને યુ.એસ. ટૂરની જ સરપ્રાઈઝ આપીએ. હું પ્લાન કરીને તને મોકલાવું છું. તું ત્યાંના ટ્રાવેલર્સને પણ પૂછી જો. જો પહેલાં મારે ઘરે ન્યૂજર્સી આવશે.પછી ૧૨ દિવસની ટૂર ગોઠવીશું. આમ પણ મોમ-ડેડ પહેલી વાર આવે છે, વળી નવરાત્રિ પણ છે તો અંબા માતાની પૂજા પણ કરીશું. રાજીવે કહ્યું.

રાજુ આ સરપ્રાઈઝ ગિફ્ટ છે. હમણાં કહેવાનું નથી. કેતને કહ્યું.

ભાઈ, પપ્પા ટૂરમાં બધું મેનેજ કરી શકશે ને? રાજીવે પૂછ્યું.

અફકોર્સ વાય નોટ. અને ટ્રાવેલર એજન્ટને પણ હું ખાસ સૂચના આપીશ જેથી ડેડીને કોઈ તકલીફ ન પડે. આપણે બંને પણ કોન્ટેક્ટમાં હોઈશું.

જે દિવસે હંસાબેન રિટાયર્ડ થયા ત્યારે શાળાનો વિદાય સમારંભ પતાવી ભારે હૈયે ઘરે આવ્યા, ત્યારે સાંજે કેતન અને પ્રિયા તેમની નાની દીકરી મીતાલીને લઈને આવ્યાં. જમ્યા પછી મીતાલીએ કહ્યું- દાદી, ધીસ ઈસ યોર સરપ્રાઈઝ ગિફ્ટ કહેતાં અમેરિકાની એરટિકિટ આપી.

રમણિકભાઈ અને હંસાબેનની આંખો હર્ષથી છલકાઈ ગઈ.

મોમ, અમને બધાને બેસ્ટ લાઈફ મળે એ માટે તમે અને પપ્પાજીએ ખૂબ મહેનત કરી છે. નાવ યુ એન્જોય. પ્રિયાએ કહ્યું.

બેટા, આટલો બધો ખરચો ન પોષાય. રમણિકભાઈએ કહ્યું.

ડેડી, અમારા બધા તરફથી તમને અને મોમને આ સરપ્રાઈઝ ગિફ્ટ છે.

મુંબઈના ઈંટરનેશનલ એરટર્મિનસ પર કેતને વિશેષ વ્યવસ્થા કરી હતી કે જેથી ચેકિંગમાં કે એ ટુ ટર્મિનસ શોધવામાં મોમ-ડેડને કોઈ તકલીફ ન પડે.

ન્યૂયોર્ક ટર્મિનસ પર પણ રાજીવનો મિત્ર ઓનડ્યૂટી હતો.

આ વર્ષે મોમ-ડેડ સાથે રાજીવ અને માધુરીએ તેમના ઘરે નવરાત્રિનો ઉત્સવ બમણા આનંદથી માણ્યો, અઢી વર્ષનો મયંક તો દાદા-દાદીની આંગળી જ ન છોડે.

નવરાત્રિ પૂરી થતાં જ કેતને એક વીડિયો કોલ કર્યો અને બંને ભાઈઓએ મોમ-ડેડને એક નવી સરપ્રાઈઝ આપતાં કહ્યું- મોમ-ડેડ ૧૪દિવસની લોંગ યુ.એસ.ટૂર એન્જોય કરો.

રાજીવે ટૂરની આખી ફાઇલ આપી જેમાં કયા દિવસે ક્યાં જવાનું છે. કેવી રીતે જવાનું છે. કઈ હોટલમાં રહેવાનું, સાઈટસીનની ચોક્કસ માહિતી આપી હતી. બધું જ એડવાન્સ બુકિંગ થઈ ગયું હતું.

રમણિકભાઈ અને હંસાબેનને નવી દુનિયા જોવાનો આનંદ તો હતો. પણ વિદેશની યાત્રાનો આ પ્રથમ પ્રવાસ જેટલો રોમાંચક એટલો જ પડકાર રૂપ.

નવો દેશ, અજાણ્યા લોકો, અજાણી ભાષા અને વિદેશમાં શું ભારતમાં પણ કયારે ય લાંબા પ્રવાસનો અનુભવ નહીં. રમણિકભાઈને થયું કે આ તો મારી ખરી કસોટી છે.

પહેલા જ પડાવમાં કસોટી થઈ. લાસ વેગાસ જવા ડોમેસ્ટીક એરપોર્ટ પર પહોંચ્યા તો મશીનમાં એમની ટિકિટ ઓ.કે. થતી ન હતી. રમણિકભાઈ મૂંઝાયા. ત્યાં ડ્યૂટી પરના એક વિદેશીએ કહ્યું- તમારે ટર્મિનલ- ૩ પર જવાનું છે. અને તમે ટર્મિનલ એક પર આવ્યા છો. પણ ચિંતા ન કરો અમે મેસેજ મોકલીએ છીએ, અમે તમને ત્યાં પહોંચાડી દઈશું.

જો, પેલા વિદેશીએ મદદ ન કરી હોત તો એ લોકો પ્લેન મીસ કરત. પ્રવાસનું શેડ્યૂલ ચૂકી જાત. હંસાબેને કહ્યું- ભગવાન તારું ભલું કરે.

પેલો મૂંઝાઈ ગયો. હાથના ઈશારાથી કહેવા લાગ્યો-વોટ હેપન?

રમણિકભાઈએ કહ્યું- શી સેઝ ગોડ બ્લેસ યુ.

લાસ વેગાસ એરપોર્ટ પર ઊતર્યા ત્યારે મિ.રમણિક મહેતાનું પાટિયું લઈને હોટલના બે માણસો રાહ જોતા ઊભા હતા. હોટલની કારમાં સામાન ગોઠવીને રમણિકભાઈ અને હંસાબેન પાછલી સીટમાં ગોઠવાયા, અને આ અજાયબ દુનિયા જોઈને રોમાંચ અનુભવતા હતા.

એમ.જી. ગ્રાન્ડ હોટલ પાસે આવીને કાર ઊભી રહી. મુંબઈની તાજમહાલ હોટેલ કરતાં પણ ભવ્ય અને શાનદાર હોટેલ જોઈને હંસાબેન બોલ્યા- આપણે આ હોટેલમાં રહેવાનું છે ?- આ તો બહુ મોંઘી હશે. સામાન પણ ઊંચકવાનો નહીં-ને પાછા બધા આપણને સલામ ભરે.

હોટલના મેનેજરે રમણિકભાઈને કહ્યું- કાલે સવારે તમારે આઠ વાગે આવી જવાનું છે. તમારે ડોમેસ્ટિક એરપોર્ટ પર સવારે ૧૧ વાગે પહોંચવાનું છે. હેલિકોપ્ટર તમને ગ્રાન્ડકેનીયન વેલી લઈ જશે. ઈટ્સ વંડર્સ ઓફ વર્લ્ડ.

રમણિકભાઈએ જરૂરી માહિતી મેળવી લીધી.

એમ.જી. ગ્રાન્ડ હોટલના ૨૮મા માળેથી લાસવેગાસ શહેરનું રમણીય રૂપ જોવાનો આનંદ લેતા હંસાબેન અને રમણિકભાઈ સૂઈ તો ગયા, પણ રમણિકભાઈએ તો ગંભીરતાથી પેલી ફાઈલને ફરીથી વાંચી, જેથી કયાંય કોઈ ગરબડ ન થઈ જાય, આ દેશ પણ અજાણ્યો- લોકો પણ અજાણ્યા. બોલે તો અંગ્રેજી પણ ઉચ્ચાર એવા કે તરત ન સમજાય.

મેનેજરે કહ્યું હતું તે પ્રમાણે બરાબર આઠ વાગે હોટલના મેઈનગેટ પાસે રમણિકભાઈ અને હંસાબેન ઊભા રહી ગયા. સાડા આઠ વાગી ગયા પણ બસ આવી નહીં.

સાડા આઠ વાગી ગયા, હજુ સુધી બસ કેમ નથી આવી? રમણિકભાઈએ મેનેજરને પૂછ્યું.

ઓહ, યોર બસ ફોર ગ્રાન્ડકેનીયન હેઝ ઓલરેડી લેફ્ટ- આય એમ સોરી યુ મીસ્ડ ધ બસ.

બટ વી આર વેઈટિંગ હીયર ફ્રોમ કવોટર ટુ એઈટ. ધે ડીડ નોટ કોલ અવર નેમ એન્ડ લેફ્ટ અસ લાઈક ધીસ!

રાઈટ સર, યુ વેર વેઇટિંગ, બટ યુ શુડ નોટ વેઈટ હીયર, બટ યુ શુડ વેઈટ એટ પીક અપ પોઈંટ.

સો નાવ પ્લીઝ હેલ્પ અસ. વોટ શુડ બી ડન. જો અમે ત્યાં સમયસર ન પહોંચીએ તો વી વીલ મીસ અવર ગ્રાન્ડકેનીયન વેલી પોઈંટ.

સર. વી કેન એરેન્જ સ્પેશિયલ કેબ ફોર યુ. બટ યુ હેવ ટુ પે ફોર ઈટ.

ઓ.કે. નો પ્રોબ્લેમ, બટ વી શુડ રીચ ટુ ડોમેસ્ટિક એરપોર્ટ ઈનટાઈમ.

પાંચ મિનિટમાં જ પ્રાયવેટ ટેક્ષી આવી ગઈ. મેનેજરે કહ્યું- એન્જોય યોર ટૂર, સર.

હંસાબેન અને રમણિકભાઈ ટૅક્સીમાં બેઠા પણ ભારે ટેન્શનમાં હતા. આ ટૅક્સીવાળો જો સમયસર એરપોર્ટ પર નહીં પહોંચાડે તો? ફલાઈટ ચૂકી જઈશું. રમણિકભાઈએ ચિંતાતુર થતા કહ્યું.

અરે,રાજીવે કહ્યું હતું કે એણે ખાસ આપણા માટે નાનું ચાર્ટર પ્લેન કર્યું છે. હવે આપણે પહોંચી ન શકીએ તો એના કેટલા બધા પૈસા ફોગટ ગયા. હંસાબેન અકળાઈ ગયા.

ટૅક્સીડ્રાઇવર આ વૃધ્ધદંપતીની વ્યગ્રતા કળી ગયો. ઇન્ડિયન સરદારજીએ હસતા હસતા વાત શરૂ કરી.

સર, યુ આર ફ્રોમ ઇન્ડિયા?

યસ.

ફ્રોમ ગુજરાત ? નો, ફ્રોમ મુંબઈ.

સર, મૈં ઇન્ડિયન હૂં ઔર અભી બીસ સાલ સે ટેક્ષી ચલા રહા હૂં. આપકો દેખકે મુઝે પંજાબ કે ગાંવમેં રહેતે મેરે બૂઢે મા-બાપ કી યાદ આ ગઈ.

હાં, હાં, લેકીન ભાઈસાબ ટૅક્સી જરા જલદી ચલાઓ નહીં તો હમારા પ્લેન છૂટ જાયેગા. અકળાઈને હંસાબેને કહ્યું.

રમણિકભાઈએ કહ્યું- ઔર કીતના દૂર હૈ?

સર. આપ ચિંતા મત કરો, હમ સમય પર પહોંચ જાયેંગે.

એક વિદેશી ટૅક્સીચાલક આ પ્રવાસીમાં પોતાના માતા-પિતાને જોતો હતો, એમની ચિંતા દૂર કરવા માંગતો હતો. જયારે વિદેશની આ ધરતી પર આ આશ્રિતદંપતીને આ યુવાટૅક્સી ચાલકના હાસ્યમાં પોતાના દીકરા કેતન અને રાજીવ જ દેખાતા હતા. અડધા કલાકમાં જ એરપોર્ટ પર ટૅક્સી પહોંચી ગઈ. ટૅક્સી ડ્રાઇવરે કહ્યું- આન્ટી યુ રીચ્ડ ટુ યોર ડેસ્ટિનેશન. દેખો પ્લેન ટેકઓફ હોને મેં બીસ મિનિટ બાકી હૈ.

હંસાબેને ટૅક્સીડ્રાઇવરના માથે હાથ મૂકતાં કહ્યું- ભગવાન તુઝે ખુશ રખે.

માજી અમરિકા મેં સબ મિલતા હૈ, મગર મા જૈસી દુવા નહીં મિલતી.

હેલિકોપ્ટરમાં બેસીને હંસાબેન અને રમણિકભાઈએ ગ્રાન્ડ કેનીયન વેલીનો તથા અન્ય રમણીય સ્થળોનો અદ્ભુત આનંદ માણ્યો પણ એ વિદેશી ટૅક્સીડ્રાઇવરની ઉષ્મા એમના હૈયે જડાઈ ગઈ. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

### જર-જમીન-જોરુ કજિયાના છોરુ:

# સંપત્તિના અધિકારનું ચક્કર કઈ રીતે ચાલુ થયું?

હૈદરાબાદમાં એક દિલધડક ઘટના બની. અહીં એક પૌત્રએ સંપત્તિને લઈને એના ઉદ્યોગપતિ દાદાની નિર્દયતાથી હત્યા કરી નાખી. 'વેલજન ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ'ના ૮૬ વર્ષીય ચૅરમૅન - મૅનેજિંગ ડિરેક્ટર વી. સી. જનાર્દન રાવની ૬ ફેબ્રુઆરીની રાત્રે એમના ૨૯ વર્ષીય પૌત્ર તેજાએ છરીના ૭૦ ઘા મારીને હત્યા કરી હતી. રાવના ઘરે રહેતી માતાએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેજાએ એના પર પણ છરી વડે હુમલો કર્યો હતો. સંપત્તિની વહેંચણીને લઈને એનો દાદા રાવ સાથે વિવાદ હતો. તેજાએ રાવને છરી મારીને કહ્યું હતું, 'તમે મિલકત યોગ્ય રીતે વહેંચી નથી, કંપનીમાં કોઈ મને માન નથી આપતું, મને મારા પૈસા આપો.'

આ કિસ્સામાં પૌત્ર તેજાની માનસિકતાને લઈને પ્રશ્નો થઈ શકે (અને એની સામે ઉચિત કાનૂની કાર્યવાહી પણ થશે), પરંતુ પરિવારોમાં સંપત્તિના વિવાદ થવા અને તેમાં પરસ્પર સહમતીથી સમાધાન ન થાય તો કાનૂની લડાઈથી લઈને હત્યા જેવાં આત્યંતિક પરિણામો આવવાં એ નવાઈની વાત નથી.

સંપત્તિના વિવાદ માનવ જીવનના કેન્દ્રમાં છે. માણસ જ્યારે ભટકતું જીવન જીવતો હતો, ત્યારે એનું કોઈ નિશ્ચિત ઠેકાણું નહોતું. એનો કોઈ વસવાટ નહોતો એટલે એના કોઈ અધિકાર પણ નહોતા. માણસે જ્યારે સંગઠિત સ્વરૂપે રહેવાનું શરૂ કર્યું ત્યારે એણે જમીન અથવા ક્ષેત્ર પર અધિકારો સ્થાપ્યા હતા. તેમાંથી ક્ષેત્રોનું સશસ્ત્ર રક્ષણ કરવાની અને એનો વારસો આપવાની વૃત્તિ પેદા થઈ હતી. પ્રાકૃતિક સંપદાઓ પર માલિકી સ્થાપવાની આ માનવીય વૃત્તિમાંથી જ આધુનિક સમાજમાં સંપત્તિના અધિકારો અને રાષ્ટ્રનિર્માણની પ્રથા અમલમાં આવી હતી. ચાહે પરિવાર હોય કે દેશ, આજે પણ દુનિયામાં સૌથી વધુ વિવાદ અને ઝઘડા સંપત્તિ અને સરહદોને લઈને થાય છે.


ગુજરાતીમાં એક કહેવત છે : 'જર, જમીન અને જોરુ આ ત્રણેય કજિયાના છોરુ' આ કહેવત સંપત્તિના માલિકીભાવમાંથી આવી હતી. ત્યારે ધન (જર), જમીન અને સ્ત્રી (જર) સંપત્તિ ગણાતી હતી અને એની માલિકીને લઈને તકરાર થતી હતી.

ભારતના સૌથી પ્રાચીન ગ્રંથ મહાભારત અને રામાયણમાં પણ વિચારધારા અને મૂલ્યોની લડાઈ તો છે જ, પરંતુ તેની સમાંતર સંપત્તિનો વિવાદ પણ છે. રામાયણમાં ભરતની માતા કૈકેયી રાજ્યની સત્તા માટે રામને વનવાસમાં મોકલવા દશરથને મનાવી લે છે. મહાભારતમાં કૌરવો પાંડવોને જુગાર રમાડીને આ કૃત્ય કરે છે. ઉપરાંત, બંને કથામાં સ્ત્રીઓ (સીતા અને દ્રૌપદી) સાથે બદસલૂકી કરવામાં આવે છે.

સંપત્તિની માલિકીનો સીધો સંબંધ માણસના અહંકાર (હુંપણા) સાથે છે અને સંપત્તિ પર માલિકીની ભાવના ક્ષેત્રિય અધિકારની ભાવનામાંથી આવે છે. એક સમયે માણસો અને પશુઓમાં ક્ષેત્રિય ભાવના હતી. આજે પણ જંગલમાં પ્રત્યેક પશુઓ પોત પોતાનાં ક્ષેત્રોમાં રહે છે અને તેનું જાનના જોખમે રક્ષણ કરે છે.

માણસોએ કદમ આગળ જઈને 'આ ઝાડ મારું, આ ઘર મારું, આ ધન મારું, આ પેદાશ મારી, આ પરિવાર મારો' એવા અધિકાર વિકસાવ્યા હતા. એ





તેના અહંકારનો વિસ્તાર હતો. પશુઓ તેમના પરિવાર ને ક્ષેત્રનો અધિકાર વારસામાં નથી આપતાં એટલા માટે તેમની વચ્ચે કોઈ મતભેદ પણ નથી થતા. હા, ક્ષેત્ર મેળવવા માટે તેમણે લડાઈ કરવી પડે છે. તેમાં જે તાકાતવર હોય તે જીતે છે અને કમજોર હારી જાય છે. તેને 'જંગલનો કાનૂન' કહે છે.

માણસોમાં સંપત્તિના વારસાની પરંપરા છે એટલે મારી અને તમારી માલિકીને લઈને વિવાદો અને ટેન્શન પેદા થાય છે. સંપત્તિનો સંબંધ અહંકાર સાથે હોવાના કારણે જ તેમાં લાગણીની મોટી ભૂમિકા હોય છે. એટલે જ યુદ્ધ થાય અને એટલે જ હત્યા થાય છે.

પ્રાચીન સમયથી લઈને આધુનિક સમાજો સુધી, માણસે જેટલી પણ સિદ્ધિ અને પાયમાલી જોઈ છે તેના કેન્દ્રમાં સંપત્તિ રહી છે. સંપત્તિ માટે ક્રાંતિઓ થઈ છે, કત્લેઆમ થઈ છે, દેશોનું નિર્માણ થયું છે, દેશોનું પતન થયું છે. આ એટલું સામાન્ય થઈ ગયું છે કે સંપત્તિના અધિકારને આપણે (હવા, પાણી, પ્રકાશ જેવા) પ્રાકૃતિક અધિકાર માનતા થઇ ગયા છીએ.

વાસ્તવમાં પ્રકૃતિમાં સંપત્તિનો અધિકાર નથી. એ અધિકાર માણસે વિકસાવેલો છે. જંગલમાં ઝાડ સાર્વજનિક છે, પરંતુ માણસે તેના પર માલિકી સ્થાપીને તેના પર 'બોર્ડ' માર્યું કે આ ઝાડ મારું છે. જેમ એક કાગળના ટુકડાને મૂલ્ય પ્રદાન કરીને તેને રૂપિયાનું સ્વરૂપ આપવાનું કામ માણસનું મન કરે છે, તેવી રીતે એણે સંપત્તિ પર અધિકાર બનાવ્યો છે.

એક સમયે જે બધું જ સાર્વજનિક હતું એને માણસે પોતાના અહંકારનો વિસ્તાર કરીને એક પછી એક ચીજો પર તેના અધિકાર સ્થાપ્યા. એટલું જ નહીં, મર્યા પછી પણ એનું નામ જીવતું રહે તે માટે તે એની વારસાઈ પણ કરે છે. અમુક આદિવાસી સમાજોમાં, મૃત સંબંધીઓને નિશ્ચિત જગ્યાએ દફન કરીને તે જમીન પર અધિકાર કરવામાં આવતો હતો. એટલા માટે આપણે ત્યાં મર્યા પછી શરીરને અગ્નિદાહ આપીને એની ભસ્મને નદીમાં વહાવી દેવાની પરંપરા છે, જેથી જમીનના ટુકડા પર માલિકી સ્થાપિત ના કરવામાં આવે.

દિગંબર જૈનોમાં ભગવાન મહાવીરની એક વાર્તા છે. પોતડી પહેરેલા મહાવીર એકવાર જંગલમાંથી ચાલીને જતા હતા. અચાનક એમની પોતડી એક ઝાંખરામાં ભરાઈ ગઈ. પોતાની નગ્નતાને ઢાંકવા માટે એમણે હાથ વડે કાંટામાંથી પોતડી કાઢવાનો પ્રયાસ કર્યો ત્યારે એમને એક વિચાર આવ્યો, 'બધું જ ત્યજી દીધું છે, તો પછી પોતડીમાં પણ આસક્તિ શા માટે?' અને એ પોતડીને ત્યાં જ રહેવા દઈને દિગંબર અવસ્થામાં આગળ વધી ગયા. માલિકી ભાવને ત્યજી દેવાનું આ સૌથી ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# મહાકુંભની મહા સફળતાનું મહા અર્થકારણ

### આ અવસર દેશના ધાર્મિક-આધ્યાત્મિક ટુરિઝમને નવું આર્થિક સ્વરૂપ આપી શકે






ગયો આખો મહિનો દેશ-વિદેશોમાં ભારતના રાજય ઉત્તરપ્રદેશના શહેર પ્રયાગરાજના મહાકુંભની ચર્ચા રહી, એનાં કારણ અને ત્યાં સર્જાયેલા વિક્રમો જાહેર છે. આ એક એવી અભુતપૂર્વ ઐતિહાસિક ઘટના હતી, જેનાં સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક પાસાંઓની અનેક વાત છે, પરંતુ આપણે અહીં એના આર્થિક પાસાંની ચર્ચા કરીએ.

લોકોની શ્રદ્ધા- અંધશ્રદ્ધા કે વિશ્વાસ કે માન્યતા જે પણ કહો, વાસ્તવિકતા એ છે કે વિશ્વભરમાંથી આશરે ૬૬ કરોડ લોકો મહાકુંભમાં સહભાગી થયા.

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જેવા એક જ સ્થળે આવી વિરાટ માનવમેદની ભેગી થાય ત્યાં એ બધાને ધાર્મિક, આધ્યામિક અને સાંસ્કૃતિક અનુભવ થાય, પણ સાથે-સાથે રાજયના અર્થતંત્ર માટેય ૨ એક અ-નોખી ઘટના ગણાય, કારણ કે અહીં એક અંદાજ મુજબ રૂા. ૩ લાખ કરોડનો વેપાર-ધંધો નોંધાયો છે.

આ અવસરે દેશ ઉપરાંત વિદેશની નાની-મોટી અનેક હસ્તીઓએ મહાકુંભમાં ભાગ લીધો એના કારણ મહાકુંભને એક ગ્લોબલ ઈમેજ મળી.

એકંદરે એક રાજય તરીકે ઉત્તર પ્રદેશને અને એક શહેર તરીકે પ્રયાગરાજને ભરપૂર આર્થિક લાભ થયો. તેની આસપાસના વિસ્તારોને પણ આર્થિક લાભ થયો. હોટેલ, લોજ, ધર્મશાળાઓ, ટ્રેનો, ફલાઈટસ, બસો, રિક્ષાઓ, બોટસ વગેરેના ધંધા જોરમાં રહ્યા. કંઈક લોકોએ તો આખા વરસની કમાણી આ એક જ મહિનામાં કરી લીધી.

અગાઉ રામ મંદિર સ્થાપના અને હમણાં કુંભમેળાના અવસરને લીધે યુપીના ટુરિઝમ ઉદ્યોગને નવું અને નકકર પ્રેરકબળ પ્રાપ્ત થયું છે. આ પરિબળ ઉત્તર પ્રદેશને એક વિશિષ્ટ સ્થાન બનાવી દેશે એ ઉપરાંત, હવે પછી દેશનાં અન્ય રાજ્યોનાં ધાર્મિક-આધ્યાત્મિક સ્થળો પર યાત્રા-પ્રવાસ વધતા જવાના છે. અર્થાત્, જે પ્રકારે અને સ્વરૂપે મહાકુંભની સફળતા રહી છે તેને ધ્યાનમાં રાખતાં કોઈ પણ નવા રાજકરણ વિના કે રાજકીય કાવાદાવા વિના ભારતમાં સનાતન ધર્મ-હિંદુ ફિલસૂફી, પરંપરાઓ, માન્યતાઓ, આસ્થા વધી રહી છે. ભારતના ટુરિઝમ ઉદ્યોગને એક નવી જ દિશા મળી છે. એ તરફ, યુવાવર્ગ, વિદેશી વર્ગ પણ નવા ઉત્સાહ સાથે આકર્ષાશે.

મહાકુંભને પરિણામે કે પ્રતાપે ઉત્તર પ્રદેશ સરકારને અંદાજિત રૂ.૫૪૦૦૦ કરોડની રેવન્યુ મળી છે. આ રાજય અને શહેરોના સ્થાનિક લોકોને કલ્પના બહાર મુલાકાતીઓની વિવિધ ડિમાંડ-સપ્લાયનું એક નોખું ઈકોનોમિકસ અહીં જોવા મળ્યું.

આર્થિક-સામાજિક નિષ્ણાતો કહે છે કે આવા અવસર હવે માત્ર ધાર્મિક સ્વરૂપનાં રહ્યાં નથી, બલકે તેના પરિણામે આર્થિક અસરો પણ મોટે પાયે જોવાય છે. નાના વેપારીઓથી માંડી ફેરિયાઓ અને જાયન્ટ કૉર્પોરેટસની આવકમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળતી થઈ છે.

કુંભમેળા દરમિયાન બૅન્કોની વિશિષ્ટ કામગીરી પણ જોવા મળી હતી. નાણાકીય વ્યવહારો માટે આ મહાકુંભ વખતે ૧૬ બૅન્કોએ તેમની ખાસ શાખાઓ અહીં સ્થાપી હતી અને આશરે રૂ. ૩૭ કરોડના વ્યવહાર થયા હતા, જેમાં 'સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા' મોખરે રહી હતી. બૅન્કોએ ૫૫ જેટલાં એટીએમ પણ સેટ કર્યાં હતાં, જોકે ડિજિટલ વ્યવહારોને લીધે એટીએમની ડિમાંડ ધારણા કરતાં ઓછી રહી હતી. મહાકુંભમાં આશરે ૭૬ જેટલા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, વિવિધ દેશોના લોકો ભારતીય ધાર્મિક-આધ્યાત્મિક પ્રસંગોમાં- ઉત્સવોમાં કેટલો રસ લે છે તેનો આ જબરદસ્ત પુરાવો હતો. એકલા નેપાળમાંથી પચાસ લાખ મુલાકાતીઓ હાજર રહ્યા હતા.

રાજ્યો અને પ્રજાના હિતમાં ઉત્તર પ્રદેશ સરકારે આ પ્રસંગ માટે રૂ.૭૦૦૦ કરોડ ફાળવ્યા હતા, જયારે કેન્દ્ર સરકારે પ્રયાગરાજની કાયાપલટ માટે રૂ.૧૫૦૦૦ કરોડની ફાળવણી કરી હતી. સરકાર સ્થાપિત અને આયોજિત ઈન્ફ્રાસ્ટ્રકચર અને ટેકનોલૉજીસ દ્વારા પણ આ પ્રસંગને પાર પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

મહાકુંભ એક એવો બેન્ચમાર્ક અવસર થઈ ગયો કે તે ભાવિ ધાર્મિક-આધ્યાત્મિક અવસરો માટે પણ દાખલારૂપ બનશે. આ ઘટના દેશ માટે અર્થતંત્રના વિકાસમાં નવી નોંધપાત્ર ભૂમિકા ભજવશે. આમાંથી પાઠ લઈ વિવિધ રાજય સરકારો અને કેન્દ્ર સરકાર આ દિશામાં વધુ વિચારીને ભવિષ્ય માટે રિલિજીયસ-સ્પિરિચ્યુઅલ ટુરિઝમના વિકાસ માટે ખાસ વ્યૂહરચનાઓ પ્લાન કરી શકે છે, જે તમામ સંબંધિત રાજય- પ્રજા તેમ જ વેપાર-ઉધોગના આર્થિક વિકાસમાં સહાયરૂપ થશે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# નામાંકિત લેખકોની લખવાની અનોખી આદતઃ રોજ કેટલાં શબ્દો લખે?

(આગોતરી ચેતવણી. પ્રસિદ્ધિ પુરુષોત્તમ, વાંધા-પ્રેમી કે વિવાદ - પ્રિયોને કહેવાનું કે અહીં જે લખવું છે એ બાબતમાં ભારતીય અને ખાસ તો ગુજરાતી સર્જકો વિશે જાણકારી, માહિતી કે આંકડા ઉપલબ્ધ નથી. અહીં માત્ર ને માત્ર ખરા અર્થમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સર્જકોની વાત માંડવી છે. કૌંસ પુરો.)

અમુક કૃતિ, ખાસ તો નવલકથા, કવિતા કે નિબંધ દાયકાઓ - સદીઓ સુધી સમયની થપાટમાં ટકી જાય કાં વધુ નિખરી જાય છે. આવા સમયે એ અમર સર્જકોની સર્જન - પ્રક્રિયા વિશે જાણવું, સમજવું અને વિચારવું ગમે. એ કુતૂહલ ઉપજાવે અને ક્યારેક પ્રેરક બને. લેખકો - કવિઓ - નાટયકારની સમગ્ર સર્જન-પ્રક્રિયામાં ઊંડા ઉતરવા માટે તો ખૂબ સમય, સમજ અને લખવા સ્થળ જોઈએ જે શક્ય નથી.

આજે આશ્ચર્યજનક મુદ્દો હાથ ધરવો છે કે ખૂબ બધું લખનારા અને એની લોકપ્રિયતા લાંબો સમય ટકી રહે એ કેવી રીતે બનતું હશે? આ લેખક રોજ કેટલું લખતા હશે? બધાની ખબર ન પડે પણ અમુક વિશેની જાણકારી અચંબિત કરી મૂકનારી છે.


ધ ગ્રેટ જ્યોર્જ બર્નાર્ડ શૉ (૨૬ જુલાઈ, ૧૮૫૬-૨ નવેમ્બર, ૧૯૫૦)ની ઓળખ આપવાની ન હોય. 'પિગ્મેલિયન' (જેના પરથી 'સંતુ રંગીલી' બન્યું હતું) 'સુપરમેન' અને 'સેંટ જોન્સ' સહિત ૮૦ નાટક લખનારા શૉ સાહેબ પોતાના સમયના ટોચના નાટ્યકાર હતા. આ ઉપરાંત તેઓ પ્રર્વતમાન સમય પર કટાક્ષ માટે જાણીતા હતા. ૧૯૨૫માં નોબેલ પ્રાઈઝ જીતનારા આ લેખક રોજ પાંચ -પાંચ પાનાં લખતાં હતા. પાંચમા પાનાનું છેલ્લું વાક્ય અધૂરું રહી જાય તો એ વાક્ય અધૂરું મૂકી દેતા હતા. સંજોગવશાત કોઈ દિવસ સાડા ચાર પાનાં લખાય તો એ બાકીનું અડધું પાનું આગલા દિવસના પાંચ પાનાં સાથે લખીને કવૉટાની સરેરાશ જાળવતા હતા.


એચ. જી. વેલ્સ (હબર્ટ જ્યોર્જ વેલ્સ, ૨૧ સપ્ટેમ્બર, ૧૮૬૬-૧૩ ઑગસ્ટ, ૧૯૪૬) ઘણાં પ્રકારનું સાહિત્ય લખતા હતા પણ સાયન્સ ફિકશનમાં ખૂબ માહેર અને લોકપ્રિય. 'ફાધર ઑફ ધ સાયન્સ ફિક્શન'નું બિરૂદ જે મેળવનારા વેલ્સ સાહેબ રોજ સરેરાશ એક હજાર શબ્દો લખતા હતા.

અમર ચાર્લી ચેપ્લિન (સર ચાર્લ્સ સ્પેન્સર ચેપ્લિન, ૧૬ એપ્રિલ, ૧૮૮૯ - ૨૫ ડિસેમ્બર, ૧૯૭૭)ની દિગ્દર્શક, અભિનેતા, લેખક અને કમ્પોઝર તરીકેની કારકિર્દી ૭૫ વર્ષની રહી. 'ટ્રમ્પ'નું હુલામણું નામ મેળવનારા સર ચાર્લી ચેપ્લિન રોજ સરેરાશ હજાર શબ્દોનું ડિક્ટેશન આપતા હતા. આમાંથી એમની ફિલ્મના સરેરાશ ૩૦૦ શબ્દો મળતા હતા.


ચાર્લી ચેપ્લિન


એચ. જી. વેલ્સ


જ્યોર્જ બર્નાર્ડ શૉ


સર વિલિયમ ગોલ્ડિંગ

બ્રિટિશ કવિ, નવલકથાકાર અને નાટયકાર સર વિલિયમ જેરાલ્ડ ગોલ્ડિંગ (૧૯ સપ્ટેમ્બર, ૧૯૧૧ - ૧૯ જૂન, ૧૯૯૩) રોજ ત્રણ હજાર શબ્દ લખતા હતા. તેમને ૧૯૮૦માં બુકર અને ૧૯૮૩માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.

વિલિયમ ગોલ્ડિંગની માફક નોર્મન મિલર અને આર્થર કાનન ડોયસ પણ રોજ ત્રણ હજાર શબ્દોનું અવતરણ કરતા હતા. મૂળ નામ નાચેમ માલેચ મિલર (૩૧ જાન્યુઆરી, ૧૯૨૩ - ૧૦ નવેમ્બર, ૨૦૦૭) નોર્મન કિંગ્સલે મિલરના નામે લખતા હતા, જાણીતા હતા. બીજા વિશ્વ યુદ્ધ પછીના સાત દાયકામાં દરેક દશકામાં તેમણે એક - એક બેસ્ટ સેલર કૃતિ આપી હતી.

રોજ ત્રણ હજાર શબ્દો લખનારા સર આર્થર ઈગ્નાશિયલ કૉનન ડૉયલ (૨૨મે, ૧૮૫૯- ૭ જુલાઈ, ૧૯૩૦) સ્કોટિશ લેખક ઉપરાંત ડૉકટર હતા. લોકપ્રિય જાસૂસ શેરલૉક હૉમ્સને અમરતા બક્ષનારા ડૉયલે સાયન્સ ફિકશન, ઐતિહાસિક નવલકથા, નાટક, કાવ્ય અને પ્રેમકથા પણ લખ્યા હતા.

પૉલ થોમસ માન (૬ જૂન, ૧૮૭૫ - ૧૨ ઑગસ્ટ, ૧૯૫૫) જર્મન નવકથાકાર. ૧૯૨૯માં સાહિત્ય માટેનું નોબેલ પ્રાઈઝ મેળવનારા પૉલ માન રોજ સરેરાશ ૪૦૦ શબ્દ લખતા હતા.

અમેરિકન લેખક થોમસ વુલ્ફ (૩ ઑક્ટોબર, ૧૯૦૦ - ૧૫ સપ્ટેમ્બર, ૧૯૩૮) પોતાના પહેલા જ પુસ્તક 'લુક હોમવર્ડ'થી જાણીતા થઈ ગયા હતા. તેઓ રોજ ૧૮૦૦ શબ્દ લખાઈ ન જાય ત્યાં સુધી જંપતા નહોતા.

વિલિયમ સમરસેટ મોગમ (૨૫ જાન્યુઆરી, ૧૮૭૪ - ૧૬ ડિસેમ્બર, ૧૯૬૫) નાટક, નવલકથા અને ટૂંકી વાર્તા માટે જાણીતા હતા. સમરસેટ મૉગમ લખવાની આદત છૂટી ન જાય એટલે રોજ ઓછામાં ઓછા ૪૦૦ શબ્દ લખવાની પ્રેક્ટિસ રાખતા હતા.

સ્ટિફન એડવર્ડ કિંગ (જન્મ ૨૧ સપ્ટેમ્બર, ૧૯૪૭) હૉરર નવલકથામાં બહુ મોટું નામ. આ અમેરિકન લેખક ગમે તે થાય પણ રોજ બે હજાર શબ્દ લખે જ.

જેમ્સ જોયસ તરીકે લોકપ્રિય જેમ્સ ઑગસ્ટિન એલોસિયસ જોઈસ (૨ ફેબ્રુઆરી, ૧૮૮૨ - ૧૩ જાન્યુઆરી, ૧૯૪૧) નવલકથાકાર, કવિ અને વિવેચક હતા. 'યુલિસિસ' (૧૯૨૨) જેવી યાદગાર કૃતિ આપનાર, જેમ્સ જોયસે પોતાને શબ્દ, લીંટી કે પાનાની મર્યાદામાં બાંધ્યા નહોતા. તેઓ ગણીને વાક્ય લખે અને ખુશ થાય. એકવાર મિત્રે પૂછયું કે કેવો રહ્યો આજનો દિવસ? જેમ્સે ખુશખુશાલ ચહેરે જવાબ આપ્યોઃ 'ખૂબ સુંદર, આનંદદાયક, આજે મેં પૂરાં ત્રણ વાક્ય લખ્યાં.'

આનાથી વિપરીત બ્રિટિશ લેખક એન્થની ટ્રોલોપ (૨૪ એપ્રિલ, ૧૮૧૫ - ૭ ડિસેમ્બર, ૧૮૮૨) એક કાલ્પનિક પરગણા બારશેટ શાયર પરની રચનાઓ માટે જાણીતા હતા. તેઓ રોજ સવારે ૫.૩૦ વાગ્યે ઘડિયાળ લઈને બેસી જાય. તેઓ દર પંદર મિનિટમાં ૨૫૦ શબ્દ લખવાના આગ્રહી હતા.


કલ્પના - શક્તિ, શબ્દ - ભંડોળ અને અભિવ્યક્તિના સથવારે એક નવા - અનોખા વિશ્વને કાગળ પર ઉતારવું આસાન નથી, છતાં અશક્ય પણ નથી જ. સર્જનાત્મકતા સાથે શિસ્ત અને સાતત્ય હોય તો બહુધા એ થઈ શકે.

આપ લખો છો ખરા? શી પેટર્ન છે તમારી? ન લખતા હોય તો મજા ખાતર કંઈ પણ લખવાનો પ્રયાસ કરજો. શરત એટલી કે ગંભીરતા અને શિસ્ત હોવી જોઈએ. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ઓશોના અનુયાયીઓની અદ્ભુત હિન્દી (૨)





સૌ પહેલાં તો કવિશ્રી અનિલ જોશીના વિદાય લેખમાં એમની કવિતાની Punch Line ની ગરબડ સુધારી લઉં. આખા કાવ્યની દરેક પંક્તિનો અંત 'દે તાલ્લી'થી થાય છે, માત્ર છેલ્લી બે પંક્તિમાં પહેલી પંક્તિ તો 'દે તાલ્લી'થી જ પૂર્ણ થાય છે, પણ આખરી પંક્તિની પૂર્ણાહુતિ તો કવિતાને ચાર ચાંદ લગાડે છે. જુઓ તો ખરા!

કે ચોકથી પીછું ખઇરું ને લોક દોઇડા, દે તાલ્લી!
કે લેણદાર એટલાં વઇધાં કે ગામ છોઇડા, લે તાલ્લી...

ખઇરું, દોઇડાં, વઇધા, છોઇડાં અનિલભાઇની બોલીના લહેકામાં તમારા માટે ખાસ 'મુઇકું' છે.

*****

ત્રણ અઠવાડિયાના વિલંબ પછી બીજો ભાગ ક્ષમા સાથે.... પહેલા ભાગનો સાર એ હતો કે બુદ્ધની એટલે કે ગૌતમની વધતી જતી કીર્તિ અને પ્રતિભા ઉપર કાતર ચલાવવાના હેતુથી પુરોહિતો, પંડિતો, ધર્માધિકારીઓ સુંદરી નામની એક સ્ત્રી Plant કરે છે... હવે આગળ....

ધર્મનાં સ્થાપિત હિતોએ બુદ્ધને બદનામ કરવા વિશાળ ધનરાશિનો લોભ આપીને સુંદરી નામની પરિવ્રાજિકાને રાજી કરી દીધી. સુંદરી આ બધા સાથે ષડયંત્રમાં સંલગ્ન થઇ ગઇ છે. એ નિત્યસંધ્યા ગૌતમ અને એમના સમગ્ર ગણનાં નિવાસ જેતવન જતી'તી અને પરિવ્રાજિકાઓના (Followersના) સમૂહમાં રહીને પ્રાતઃ શ્રાવસ્તીમાં પ્રવેશ કરતી અને જયારે નગરવાસીઓ પૂછે કે કયાંથી આવે છે. ત્યારે એ કહેતી કે રાતભર શ્રમણ ગૌતમને રતિનાં રમણ કરાવી જેતવનથી આવી રહી છું.

આમ ભગવાનની (ગૌતમની) બદનામી ફેલાવા માંડી. પણ ભગવાન ચૂપ રહ્યા તે ચૂપ રહ્યા. ભિક્ષુઓ બધા આવી આવીને એમને કહે પણ ભગવાન તો હસે અને ચૂપ જ રહે. ધીરે ધીરે આ એક જ વાત સમસ્ત શ્રાવસ્તી નગરીની ચર્ચાનો વિષય બની ગઇ. લોકો રસ લઇ લઇને અને વાતને વધારી વધારીને ફેલાવવા માંડયા. હવે ભગવાન પાસે આવનારાઓની સંખ્યા રોજ રોજ ઓછી થવા માંડી. હજારો આવતા'તા, એમાંથી સેંકડો થયા અને પછી આંગળીથી ગણી શકાય એટલા જ લોકો બચ્યા. અને ભગવાન હસે અને બોલે 'જુઓ સુંદરી પરિવ્રાજિકાનું અપૂર્વ કર્મ, કચરો કચરો બળી ગયો અને સોનું સોનું બચી ગયું.' ભગવાનની શાંતિને અવિચળ જોઇને એ તથાકથિત ધર્મગુરુઓએ ગુંડાઓને રૂપિયા આપીને સુંદરીને મરાવી નાખી, ફૂલોના એક ઢગલામાં જેતવનમાં જ છુપાવી દીધી એની લાશ. ભગવાનની શાંતિથી સુંદરી એના કુકૃત્ય પર પસ્તાવા માંડી હતી. ભગવાને એને એક શબ્દ પણ નહોતો કહ્યો અને જેતવનના એના આવવા જવા ઉપર કોઇ રોક પણ નહોતી લગાડી. સુંદરીનો અંતરાત્મા જ એને કાપવા માંડેલો. આ કારણે એની હત્યા આવશ્યક બની ગઇ હતી. સુંદરી દ્વારા સત્યની ઘોષણાનો ડર પેદા થઇ ગયો' તો. વળી આ હત્યા ષડયંત્રને વધુ ઘેરું બનાવવાનો ઉપાય પણ હતો. સુંદરીની હત્યા પછી એ ધર્મગુરુઓએ નગરમાં ખબર ફેલાવી કે માલૂમ પડયું છે કે ગૌતમે પોતાના પાપના ભયથી સુંદરીને મરાવી નાખી છે. એમણે જઇને રાજાને પણ કહ્યું કે મહારાજ! અમે સુંદરી પરિવ્રાજિકાને નથી જોઇ રહ્યાં. દાળમાં કંઇક કાળું છે. એ શ્રમણ ગૌતમ પાસે જેતવનમાં જ રાતો પસાર કરતી હતી. રાજાએ જેતવનમાં સુંદરીની તલાશ કરવા સિપાહી મોકલ્યા ત્યારે મળી સુંદરીની લાશ...


આ ક્ષણે અહીં અટકીએ. આજે માંડણી અને સમાપન ધાર્યા કરતાં એટલા માટે સારાં થયાં કે ઓશોના અનુયાયીઓની ભાષા અને કહેણી બન્ને શ્રેષ્ઠ. હું તો માત્ર અનુવાદક લહિયો....


આજે આટલું જ... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# આધ્યાત્મિક કેન્દ્ર ને હિમાલયનું દ્વારઃ રોમાંચક ઋષિકેશ





કોઈ પણ સ્થળની મુલાકાત લઈએ તો એ સ્થળ આપણા માનસપટ પર કોઈ આગવી છાપ છોડીને જાય અને સ્થળ છોડીએ ત્યારે એ સ્થળ આપણાથી લેશમાત્ર પણ ન છૂટે અને આપણા મનમાં કાયમ માટે જગ્યા બનાવી લે... દેવોની ભૂમિ ઉત્તરાખંડમાં સ્વર્ગના દ્વાર તરીકે ઓળખાતું ઋષિકેશ કંઈક આવી જ વિશિષ્ટતા ધરાવે છે. ઋષિકેશ એ કોઈ સ્થળ નહીં, પણ એક ભાવના છે. ઋષિકેશ કે જ્યાં હિમાલયમાંથી કૂદતાં, ઊછળતાં, પોતાના મૂડમાં વહેતાં ગંગાજી શાંત અવસ્થામાં હિમાલયના પહાડોમાંથી ભારતમાં વિશાળ મેદાન વિસ્તારમાં આવીને વહે છે એવા ઋષિકેશની ધરતીનું સત્ત્વ જ કંઈક અલગ છે. ઋષિકેશમાં આધ્યાત્મિક અને માનસિક શાંતિનો અનોખો સંગમ છે. અહીંના કણ કણમાં મેડિટેશન રહેલું છે અને જીવમાત્ર એને કોઈ વિશેષ કોશિશ વિના અનુભવી શકે છે. અદ્દલ એમ જ કે જાણે હમણાં જ સ્થિર પ્રવાહમાં આવેલાં ગંગાજી દરેકનો તણાવ હરીને મનની સ્થિરતા આપતાં જતાં હતાં. જ્યારે જીવન અટકતું જણાય, જીવનમાં ક્યાંક મૂંઝવણ જણાય, ક્યારેક કંઈ જ ન કરીને ખાલી બેસી રહીને જિંદગીના દિવસોને વીતી જતા જોવાનું મન થાય ત્યારે ઋષિકેશ આંટો મારવો. બધા જ રસ્તાઓ આપોઆપ મળશે. અહીં જીવનમાં મૂંઝવતા સવાલના જવાબ મળે કે ન મળે, પણ અહી આવીને તમામ પ્રશ્નો આપોઆપ શૂન્ય થઈ જાય છે.

ઉત્તરાખંડમાં ગઢવાલ વિસ્તારમાં આવેલ ઋષિકેશ સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મનું મુખ્ય આસ્થા કેન્દ્ર અને યોગા કૅપિટલ છે. હિમાલયની તળેટીમાં આવેલ આ સ્થળ અવનવાં આકર્ષણ ધરાવે છે એટલે જ ઋષિકેશમાં દિવસો નહીં પણ મહિનાઓ પણ સરળતાથી વિતાવી શકાય. શહેરના કોલાહલથી દૂર ઋષિકેશનો તપોવન વિસ્તાર માંસ-મદિરા ફ્રી ઝોન છે અને અહીં વિવિધ દેવી-દેવતાઓનાં મંદિરો તથા આશ્રમો આવેલાં છે. ગંગાજીના ઘાટ પર અલગ અલગ કેફે અહીંનું મુખ્ય આકર્ષણ છે. અહીં કોઈ પણ કેફેમાં બેસીને જીવનની ક્ષણોને જાણે સ્લો મોશનમાં માણી શકાય છે. તપોવનનું મુખ્ય સ્થળ લક્ષ્મણ ઝૂલા છે જેની આસપાસ લગભગ તમામ કેફે આવેલા છે અને ચાલીને આ વિસ્તાર ફરી શકાય છે. અહીં ઠેર ઠેર મળતી લિજ્જતદાર ચાટ, ભેળ જીભને સ્વાદની ચટપટી સફર કરાવશે જ અને એ સ્વાદની લિજ્જત વારંવાર માણવા જેવી ખરી. ગઢવાલ ઉત્તરાખંડમાં ક્યાંય પણ ફરવા જવું હોય ઋષિકેશ એનું મુખ્ય મથક છે. ઋષિકેશથી જ આગળ દરેક સ્થળે જઈ શકાય. અહીં વિશ્વપ્રસિદ્ધ લિટલ બુદ્ધા કેફે છે જ્યાં બેસીને ગંગાજીમાં ડૂબતાં સૂરજની સોનેરી રોશની માણતાં માણતાં અહીંનું સલાડ કે અહીંની વિશિષ્ટ કોફીના ઘૂંટડા ભરતાં ભરતાં મનમાં શાંતિનો ગજબ એહસાસ થાય. લિટલ બુદ્ધા કેફેમાંથી ગંગાજીના ઘાટ પર શ્રદ્ધાળુને જોઈ શકાય, તરતી રાફ્ટમાં ખુશમિજાજ જનોની ખુશીને સ્પષ્ટ રીતે જોઈ શકાય, લક્ષ્મણ ઝૂલા પરથી પસાર થતા લોકોને જોઈ શકાય અને અસંખ્ય પક્ષીઓ ગંગાજીની સપાટી પર મહાલતાં જોઈ શકાય. ગંગાવ્યુ ફેકેના રૂફટોપ પરથી વહેતાં ગંગાજીને શાંતિથી બેસીને જોવાં તે એક લહાવો છે. આ બધી નાની નાની ક્ષણો કોઈ પણને પોતાના જીવનમાંથી ખુશીઓનો ખજાનો શોધવાનો મોકો આપે જ છે.



લક્ષ્મણ ઝૂલાથી ચાલતા રામ ઝૂલા તરફ જઈએ કે અલગ અલગ મેડિટેશન આશ્રમ, યોગા શીખવતાં યોગગુરુઓ, રસપ્રદ સંગીતનાં સાધનોનું એક આગવું બજાર, હેંડીક્રાફટનું બજાર, ખાણીપીણીનું બજાર વગેરે વચ્ચેથી પસાર થઈએ કે ફરી એક વાર બાળક બની જઈએ. એ સિવાય અલગ અલગ ગંગા ઘાટ તો ખરા જ જ્યાં વિશાળ પટમાં ગંગાજી મુક્તપણે વહેતાં હોય ત્યારે મનમાં ક્યાંક ભગીરથી રાજા ચાલતા દેખાય અને પાછળ પાછળ ગંગાજી. લક્ષ્મણ ઝૂલા પાસે સાંઈ ઘાટ છે જ્યાંથી ખૂબ જ ઓછી ભીડમાં ગંગાજીની કંપની માણી શકાય. અહીં જૂજ લોકો આવે છે. લક્ષ્મણ ઝૂલા પર આવતાં જ અહીંના નટખટ વાંદરાઓ તમારું સ્વાગત કરવા તૈયાર હોય છે. હાથમાં કોઈ ફળ ફળાદિ હશે તો બસ હકથી એ છીનવી લેશે અને તમારી સામે જ વટથી આરોગવા લાગશે. ઋષિકેશ સાથે અનેક પૌરાણિક કથાઓ જોડાયેલી છે. એવું કહેવામાં આવે છે કે સમુદ્રમંથન બાદ મહાદેવે અહીં જ વિષપાન કરેલું અને તે નીલકંઠ કહેવાયા. તેની યાદમાં અહીં પૌરાણિક નીલકંઠ મહાદેવનું મંદિર આવેલું છે. રામાયણ સાથે પણ આ સ્થળ જોડાયેલું છે. વનવાસ દરમિયાન ભગવાન શ્રી રામે અહીં પણ થોડો સમય એકાંતમાં વ્યતીત કરેલો અને તે જ સમયમાં શ્રી લક્ષ્મણજી દ્વારા પ્રભુને ગંગાજીને સામે કાંઠે જાવા માટે એક પુલનું નિર્માણ કરાયું જે આજે લક્ષ્મણ ઝૂલા તરીકે ઓળખાય છે. જૂના લક્ષ્મણ ઝૂલાની બાજુમાં જ હવે નવો લક્ષ્મણ ઝૂલા બનીને લગભગ તૈયાર છે. જૂના ઝૂલાની સ્થિતિને ધ્યાનમાં લઈને નવો તૈયાર કરવામાં આવ્યો છે.

આશરે નવમી સદીમાં આદિ શંકરાચાર્યએ વસાવેલું આ નગર આમ તો દેશનું આધ્યાત્મિક કેન્દ્ર અને હિન્દુ સંસ્કૃતિનું પ્રતિનધિત્વ કરે છે. આદિગુરુ શંકરાચાર્ય દ્વારા નિર્મિત ભરત મંદિર, લક્ષ્મણ મંદિર, શત્રુઘ્ન મંદિર જેવાં પૌરાણિક મંદિરો પણ અહી આવેલાં છે. અહીં સાંજ ઢળે કે પરમાર્થ આશ્રમના ઘાટ પર ગંગાજીની સંધ્યા આરતીની તૈયારીઓ શરૂ થાય અને બધા લોકો અહી હોંશે હોંશે ગોઠવાઈ જાય. આરતીની પાવક જ્યોતિનું વિશાળ પ્રતિબિંબ જયારે ગંગાજીના પટ પર દેખાય ત્યારે જાણે એમ લાગે કે મા ગંગા જીવમાત્રને પોતાના વાત્સલ્યથી ભીંજવી રહી છે. એ જ રીતે ત્રિવેણી ઘાટની આરતી પણ મુખ્ય આરતી તરીકે આગવું આકર્ષણ ધરાવે છે. ત્રિવેણીઘાટ એ ત્રણ પવિત્ર નદીઓના સંગમ પર આવેલો છે જેથી શ્રદ્ધાળુઓ પોતાના પાપોને ધોવાના ભાવથી શ્રદ્ધાની ડૂબકી લગાવે છે. અહી સ્નાન કરનારાનાં પાપોનું ગંગાજી પોતાનાં પ્રવાહમાં હરણ કરી લે છે એવી માન્યતા પુરાતન કાળથી ચાલતી આવે છે જેથી અહી યાત્રાળુઓ શ્રદ્ધાની ડૂબકી અચૂક લગાવે છે. વૈદિક મંત્રોચ્ચાર સાથે કલાક જેટલો સમય ચાલતી આ આરતી જીવનમાં એક વાર અચૂક માણવી જોઈએ. આપણાં ભુલાયેલાં નૈતિક મૂલ્યો, આધ્યાત્મિક ચેતના વગેરે ક્ષણ માત્રમાં જાગ્રત થઈ જાય છે. હિન્દુત્વનાં સાત્વિક મૂલ્યોથી પ્રભાવિત થઈને ઘણા વિદેશીઓ પણ પોતાનું સઘળું વેચીને અહી આધ્યાત્મિક જીવન વિતાવતા ધન્યતા અનુભવે છે. અહીં વિશ્વપ્રસિદ્ધ બેન્ડ બીટલ્સ પણ આકર્ષાયું હતું અને અહી જ સાધના કરી હતી. મહર્ષિ મહેશ યોગી દ્વારા સ્થાપિત આશ્રમમાં તેઓ ૧૯૬૮માં મેડિટેશન માટે આવ્યા હતા અને ત્યાર બાદ ચોર્યાસી કુટિયા તરીકે ઓળખાતી આ જગ્યા બીટલ્સ આશ્રમના નામથી પ્રસિદ્ધ થઈ. પ્રાકૃતિક સુંદરતાથી ભરપૂર આ આશ્રમ આજે રાજાજી નેશનલ પાર્કનો હિસ્સો છે અને અહીંયા પણ કલાકો વિતાવી શકાય છે. બીટલ્સ આશ્રમ ઉપરાંત અહીં સ્વર્ગાશ્રમ, મુનિ કી રેતી, ઓમકારનંદ આશ્રમ, મૂજી આશ્રમ, પરમાર્થ આશ્રમ, ઓશો આશ્રમ જેવા અલગ અલગ આશ્રમ આવેલા છે જે આધ્યાત્મિક મૂલ્યોને જાળવી રાખવા વિવિધ પ્રકારનાં મેડિટેશન અને આધ્યાત્મિક અભ્યાસક્રમ ચલાવે છે. આ ઉપરાંત ઋષિકેશમાં હેલ્થ સ્પા, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનું આયુષ કેન્દ્ર પણ છે. જ્યાં પ્રાકૃતિક સારવાર લઈ શકાય છે. અહીં શિરોધારા પણ ખૂબ જ જાણીતું છે.

કુંજાપુરી મંદિર જ્યાંથી સુંદર નજારાઓ માણી શકાય તેવું વાતાવરણ, વશિષ્ઠ ગુફા કે જ્યાં ગુરુ વશિષ્ઠએ ધ્યાન કર્યું હતું એવા અઢળક સ્થળો ઋષિકેશને માત્ર એક સ્થળ નહી પણ જીવનનો હિસ્સો બનાવે છે અને અહીં વધુ ને વધુ સમય વિતાવવાનાં કારણો આપે છે. હાલના ઋષિકેશનું વાતાવરણ એવું ગણી શકાય કે અહીં આજનો યુવાન હોય કે કોઈ વયસ્ક હોય દરેકને પોતાની જરૂરિયાત મુજબનો માહોલ અહીં મળી રહેશે. આધ્યાત્મ, શાંતિ , સૂકુન, એડવેન્ચર એક્ટિવિટીસ, યોગા, શાંત નદી કિનારો, પ્રાકૃતિક વાતાવરણ જેવું બધું જ મળી રહે તેવું સ્થળ. આધ્યાત્મિક સ્થળો, યોગનાં કેન્દ્રો અને સરસ કેફે દરેક સાથે ગંગાજીનું સાંનિધ્ય એથી વિશેષ શું જોઈએ બ્રેક માટે?

ઋષિકેશમાં લોકો લાંબા સમય માટે રહેતા હોય છે. અહીં ઘણા આશ્રમ છે જ્યાં રહીને જીવનને મેડિટેશન તરફ વાળીને એક અદ્ભુત બ્રેક લઈ શકાય. આ સિવાય અહીં હોસ્ટેલ કલ્ચર છે જ્યાં માત્ર ૨૦૦ રૂપિયા આસપાસ બેડ અને બ્રેકફાસ્ટ, જાતે રાંધી શકાય એવું રસોડું વગેરે સરળતાથી મળી રહે છે. પ્રવાસીઓ માટેનુ આકર્ષણ અહીંનું રિવર રાફ્ટિંગ છે. અહીં શિવપુરીમાં ગંગાજીના ધસમસતા પ્રવાહમાં રાફટિંગ કરવું એ યાદગાર અનુભવ બની રહેશે. એ સિવાય અહી ફલાયિંગ ફોકસ, બંજી જમ્પિંગ જેવી એડવેન્ચર એકિટવીટીઝ છે જે જીવનમાં યાદગાર ક્ષણોની ભેટ આપે છે. ઋષિકેશ રેલ અને વિમાન માર્ગે સરળતાથી પહોંચી શકાય. ઋષિકેશથી માત્ર ૧૫ કિમી દૂર જોલી ગ્રાન્ટ ઍરપૉર્ટ છે અને નજીકનું રેલવે સ્ટેશન હરિદ્વાર છે. ગુજરાતમાંથી યોગા એકસપ્રેસ ડાયરેક્ટ હરિદ્વાર સુધી જાય છે એ સિવાય દિલ્હીથી સરળતાથી બસ અને ટૅક્સી પણ મળી રહે છે. જીવનને શ્રેષ્ઠ ક્ષણોની ભેટ આપવી હોય તો એક વાર નહીં, પણ વારંવાર ઋષિકેશની મુલાકાત લેવી જ જોઈએ. અહી બેકપેકર્સ અને યોગાના રસિયાઓની અલગ જ દુનિયા છે. ટૂંકમાં અહી દરેક ઉંમરના સભ્યો માટે કંઈક ને કઈક તો છે જ જે તેમને માનસિક શાંતિ પ્રદાન કરે છે.

ગંગાજીને અહીં હિમાલય વિદાય આપીને ભારતનાં વિશાળ મેદાનોમાં, જંગલોમાં મુક્ત મને વહેવાનો માર્ગ બતાવે છે. બીટલ્સ આશ્રમમાં આમતેમ દોડતા વિચારો સ્થિર થતાં અનુભવાશે, સાંઈ ઘાટ પર જાતને મળ્યા હોય એવો અનુભવ થશે, લક્ષ્મણ ઝૂલા પર પોતાનામાં રહેલું બાળક જીવંત થશે, ત્રિવેણી ઘાટ પર પોતાની જાત સાથે ઊંડો સંવાદ થશે તો લિટલ બુદ્ધ કેફેમાં દોડતી જિંદગી જરાક સ્લો મોશનમાં મહાલતી દેખાશે.

ગંગાજીનું વહાલ દરેક ઘાટ પર અનુભવાશે દોસ્ત. ઋષિકેશ સ્થળ નહિ, પણ સ્વર્ગનું ઉંબર છે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# કાયમ કામમાં આવે એવી કેટલીક જબરી વેબસાઈટ્સ

## આને કામે લગાડો તો ફોનના મલ્ટિમીડિયાને સાચવવાની ઝંઝટ થશે ખતમ




ટેકનોલૉજીની દુનિયામાં શેરમાર્કેટ જેવી સ્થિતિ અનેકવાર આવી ચૂકી છે. એક સમયે આઈટી ક્ષેત્ર એટલો મોટો કડાકો બોલી ગયો હતો કે, એવું લાગતું હતું કે, આ ક્ષેત્ર ફરી ક્યારેય બેઠું નહીં થાય. વર્ષ ૨૦૦૯ પછી પોર્ટેબલ એપ્લિકેશન ડેવલપમેન્ટનો એક આખો યુગ શરૂ થયો. માહિતીસંચાર ક્ષેત્રે SMSનું સ્થાન 'વોટ્સએપ' નામની જાણીતી એપ્લિકેશને લેતાં સંવાદ પાછળનો ખર્ચ ઓછો થયો. ઈન્ટરનેટના પ્લૅટફૉર્મ પરથી ફ્રી સર્વિસનો આખો રાફડો ફાટ્યો. એક સમયે એવું લાગતું હતું કે, વેબસાઈટ ઇતિહાસ બની જશે. આ પછી બન્યું એવું કે, એપ્લિકેશનનો અઢળક ફાલ માર્કેટથી આપણા સુધી આવ્યો. એકસમયે રેર મનાતી G-mail સર્વિસ પ્રાઈમ ટાઈમમાં આવી ગઈ. એન્ડ્રોઈડ એપ્લિકેશનમાં G-mail ના આઈડીથી જે પરિવર્તન થયું એ સૌ કોઈ જાણે છે.

હવે માની લો કે, લગ્નપ્રસંગ છે અને એના ફોટો કે ડેટા શેર કરી-કરીને કંટાળી ગયા હોવ તેમ છતાં ડેટા સાચવવો જ છે તો એક મસ્ત વેબસાઈટ છે જે સાચવવા જેવી છે. આવો, એ વિશે જાણીએ...

'સેન્ડબિગ' જેવું નામ ધરાવતી આ વેબસાઈટનું કામ છે, જ્યાં ૩૦ જીબી સુધી કોઈ પણ ફાઈલનું આરામથી શેરિંગ કરી શકાય છે. સર્વિસ ડિઝાઈન એ રીતે કરવામાં આવી છે કે એ ઓપરેટ કરવી પણ સરળ છે. માત્ર ફોટો કે વીડિયો અપલોડ કરો અને લિંક જનરેટ કરો. પછી આ લિંક શેર કરીને સમગ્ર ડેટા જેને મોકલવાનો છે એને સેન્ડ કરી દો!

અહીં ખાસ વાત એ છે કે, લોગઈન કરીને આ ડેટાને કે તેની લિંકને કાયમી ધોરણે સાચવી શકાય છે. હા, ફોનનો ડેટા સેવ કરતી વખતે અપલોડનો સમય વધારે થતો હોય છે એટલે લેપટોપ કે પીસીમાંથી અપલોડ કરીને આખી લિંક સાચવવા કરતાં એ પેજ જ સાચવીને રાખી શકાય છે.

### આર્કાઈવ

વોટ્સએપ એપ્લિકેશનમાં ગમતી રીલ્સની લિંક સાચવીને થાકી ગયા હોવ અને લીંકનો લોડ ફોનમાં વધી ગયો હોય તો પહોંચી જાવ ઈઝ વેબસાઈટની આર્કાઈવ પર. અહીં ફોનની લિંક કોપી પેસ્ટ કરતા જાવ એટલે એક જ વિષયની ડિજિટલ ડાયરી તૈયાર.

ઑનલાઈન કોઈ આર્ટિકલ કે ન્યૂઝ વાંચવાની આદત હોય અને ફોન અચાનક બંધ થઈ જાય કે સ્વિચ ઑફ કરવો પડે તો ચિંતા નહીં. હિસ્ટ્રીમાંથી એની લિંક કોપી કરીને એ આખું વેબપેજ ઑફલાઈન પણ વાંચી શકશો. હા, આ વેબપેજ પરના ફોટો તથા બીજા મલ્ટિમીડિયાને સરળતાથી સેવ પણ કરી શકાય છે.

### વેબનોવેલ

ઑનલાઈન વાંચવું ગમતું હોય અને દુનિયાભરનાં પુસ્તકો જોવાં-જાણવાં હોય તો લોગઈન કરો વેબનોવેલમાં. સનાતન ધર્મથી લઈને ઇતિહાસના પાસા સ્ક્રિન પર જોવા મળશે. કોન્ટેટ એટલે એક નંબરનું અને લેખનશૈલી પણ જબરદસ્ત. હા, પહેલી વખત કોઈ અંગ્રેજી બૂક વાંચતા હશો અહીંયા તો અંગ્રેજી શબ્દકોષ અવશ્ય જોઈશે.

### ગૅમ

મોબાઈલમાં ગૅમ રમીને કંટાળો આવતો હોય તો ફ્લેશ મ્યુઝિયમમાં પહોંચી જાવ. અક્કલ કામ નહીં કરે એવી ગૅમ્સનો ખજાનો છે ફ્લેશ મ્યુઝિયમમાં. નામ ભલે મ્યુઝિયમ હોય, પણ ગૅમ્સ એકથી એક ચડિયાતી છે. સૌથી ખાસ વાત એ છે કે, આ માટે કોઈ જ એક્સ્ટ્રા ગ્રાફિક્સ કાર્ડની જરૂર નથી. ૨-ડી ગૅમ્સ રમવાની પણ એક અલગ મજા છે. એકવાર ગેમ શરૂ થઈ એટલે વાત ખતમ.

### મસ્તીનું પેજ

મસ્તી- મનોરંજન અને ફ્રીલાંસ કામ આ બધું એક જ જગ્યાએથી મળી રહે તો?

'ફેસબુક'નો ઉપયોગ કરતા હો અને નક્કામા પેજ ફોલો થયા હોય તો આ પેજ કામનું છે. નામ છે મુંબઈ કોવર્કિંગ.

નાના સ્ટાર્ટઅપથી લઈને આંતરપ્રિન્યોર સુધીના દરેક વ્યક્તિ એવી મસ્ત ટીપ્સ આપશે કે નાના ધંધામાં મોટી પ્રગતિ થશે. કંઈક મોટું કરવાનું વિચારતા હો તો લોકોના કેવા આઈડિયા કામ કરી જાય છે એ જોવા મળશે. હા, આ જ નામથી એની વેબસાઈટ પર ચેક કરવા જેવી છે.

### વીડિયો કોલની ઝંઝટ ખતમ

તમારા મિત્રોનું કે પરિવારનું મોટું ગ્રૂપ છે. ખાસ કરીને એમાંથી મોટા ભાગના વિદેશમાં છે. આવા સમયે એમનો અને આપણો સમય ફોન પર મૅચ ન થતો હોય તો 'સ્વાર્મ' પર લોગઈન અવશ્ય કરવું. સ્વાર્મ એક કોમ્યુનિટી વેબસાઈટ છે. જે વીડિયો કોલથી લઈને ગ્રૂપ બનાવવા સુધીનાં ફીચર્સ આપે છે.

આમાં કંઈ ન ફાવે તો આના જેવી જ 'સર્કલ' નામની સાઈટ પર આંટો મારવા જેવો છે. અહીં ગેરેન્ટી એ છે કે, એકથી એક ચડિયાતાં ફીચર્સ જોઈને મન મોહી જશે. ખાસ વાત એ છે કે, જે રીલ્સ જેવું ફોર્મેટ બનાવવું છે એ સરળતાથી બની જશે અને એને શેર પણ કરી શકશો. ■

### આઉટ ઑફ ધ બૉક્સ

*લાંબી-લાંબી લિંક શેર કરીને કંટાળ્યા હોવ તો 'શોર્ટ' નામની વેબસાઈટ પર સર્ફિંગ કરી લો. બ્લોગથી લઈને વીડિયો લિંક સુધીની સાઈટનું સોલ્યુશન મળી જશે.*

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ‘કાબિલ’ છે ગઝલનો ‘વૈભવ’

## ઠેસ પહોંચાડવી છે હૈયા ને? કોઈ તાજું ગુલાબ લઈ આવો


કાબિલ ડેડાણવી

ગુજરાતી ગઝલની પરવરિશ, હિફાઝત અને ઉછેર રાંદેર-સૂરતમાં થયો. મુશાયરા પ્રવૃત્તિથી ગઝલને લોકાભિમુખ અને વિદ્વતપ્રિય બનાવવામાં સૂરતના શાયરોએ ભેખ લીધેલો અને સૂરતને ગઝલનું મક્કા બનાવ્યું. વીસમી સદીના ચોથા-પાંચમા દાયકામાં શયદા સાહેબની આગેવાની હેઠળ મુંબઈ ગઝલનું થાણું બનવા માંડે છે. બેફામ, મરીઝ, બદરી કાચવાલા, આસિમ રાંદેરી, નસીમ નાઝ માંગરોળી, બાદરાયણ, શૂન્ય, સૈફ અને હરીન્દ્ર દવે જેવા માતબર શાયરોના મુંબઈ નિવાસથી મુંબઈને ગઝલની જાહોજલાલી મળી. આ કાફલામાં બીજાં પણ ઘણાં મહત્ત્વનાં નામ છે તેમાં એક મુખ્ય નામ છે જનાબ ‘કાબિલ ડેડાણવી,’

મુંબઈમાં વહોરા કોમના સાહિત્યશોખીન કુટુંબમાં ૧૬-૧૨-૧૯૨૭ના રોજ જન્મ થયો હતો. મૂળ નામ અબ્બાસ મુલ્લાં નૂરભાઈ ડેડાણવાલા એલએલ.બી. સુધી અભ્યાસ કરીને વકાલતનો વ્યવસાય અને સાથે સાથે સાહિત્યની ઉપાસના. એમણે ગઝલ, મુક્તક, નઝમ અને સોનેટના ક્ષેત્રમાં નેત્રદીપક પ્રદાન કર્યું છે. તખલ્લુસ રાખ્યું ‘કાબિલ ડેડાણવી’ આમ નામની સાથે ઠામનું પણ મહત્ત્વનું બંધન રાખ્યું.

જનાબ જલન માતરીએ નોંધ્યું છે કે બાળપણમાં ‘બહુરૂપી’માં આવતી ડિટેક્ટિવ વાર્તાઓના અતિલોકપ્રિય પાત્ર ચિત્રગુપ્ત વકીલની જેમ ડિટેક્ટિવ બનવાના કોડ પૂરા ન થયા, પણ વકીલ જરૂર બન્યા. ઈ.સ. ૧૯૬૧થી મુંબઈની હાઈ કોર્ટમાં સિવિલ સાઈડ ઉપર પ્રૅક્ટિસ કરી.

પાંચ દાયકાની ગઝલ સાધનાના ફળસ્વરૂપે એમના તરફથી ‘વૈભવ’ નામનો દળદાર કાવ્યસંગ્રહ મળ્યો છે. કાબિલ સ્વભાવે સંકોચશીલ, શરમાળ અને નમ્ર હતા, પણ મિજાજે સ્વતંત્ર હતા. પોતાના કાવ્યનો પરિચય આપતાં એમણે કહ્યું છે તે અક્ષરશઃ યથાર્થ છે:

**મનની ઉપર ભલેને અનુભવની થઈ અસર,**
**દિલનો તો એ જ હાલ છે રેશમ સમું રહ્યું,**
**‘કાબિલ’નું કાવ્ય એટલે વાણી અને વિચાર,**
**જાણે કે બે નદીઓના સંગમ સમું રહ્યું.**

કાબિલના કલામ કાબિલે દાદ જરૂર છે, પણ શરૂઆતમાં એમની એક ગઝલના એક શેરની વાત કરીએ. ગઝલનું શીર્ષક છે: ‘જવાબ લઈ આવો’ જે હરીન્દ્ર દવેએ ‘મધુવન’ સંગ્રહમાં આમેજ કરી છે. આ ગઝલનો બીજો શેર છે:

**ઠેસ પહોંચાડવી છે હૈયાને?**
**કોઈ તાજું ગુલાબ લઈ આવો.**

આશ્ચર્ય એક વાતનું કાયમ રહ્યા કરે છે કે મુંબઈ જેવા અતિધમાલિયા મહાનગરમાં કાબિલને આ શેર કેવી રીતે સ્ફુર્યો હશે!.. કવિઓ વસંતમાં કેસૂડાની, ગ્રીષ્મમાં ગુલમહોરની, વર્ષામાં મોગરા અને હેમંતમાં પારિજાતનાં ગુણગાન ગાય છે. અહીં ફૂલ છે ગુલાબનું, જે સદાબહાર છે.

ઋતુઓનાં બંધન જેને નડી શકતાં નથી એવું ગુલાબ જગત આખામાં બધાનું મનગમતું ફૂલ છે. કવિ વિશેષણ વાપરે છે કે તાજું ગુલાબ. તાજા ગુલાબનાં રૂપ, રંગ, મહેક, કોમળતા અને ઠસ્સો નિરાળો હોય છે.

આથી હૈયાને ઠેસ પહોંચાડવા માટે તાજા ગુલાબની માગણી થઈ છે. આ શેર તાજગીભર્યો બન્યો છે, પણ શેરમાં જે વ્યથા છે, વેદના છે, આક્રંદ છે તે ગુલાબના છોડમાં રહેલા કાંટા સમી છે.

કવિએ પોતાનું દિલ રેશમ જેવું હોવાનું કહ્યું છે. ગુલાબ જેવા મુલાયમ હૈયાને ઠેસ પહોંચાડનાર વારે તહેવારે ગુલાબ લઈને આવતાં હોય છે કારણ કે એ બધાં અગંત અગંત નામ હોય છે. એમના વિપુલ સર્જનમાં આવાં પાણીદાર મોતીઓનો ખજાનો બરકરાર છે.

ઉચ્ચ અભ્યાસ, સાથી શાયરોની સંગતિ અને સૂક્ષ્મ નિરીક્ષણમાં સંવેદના ભળે ત્યારે થતાં સર્જનમાં આપોઆપ નવીનતા અને વિશિષ્ટતા આવતાં હોય છે.

કાબિલના કવનને માણીએ તે પહેલાં એમના મુક્તકથી શરૂઆત કરીએ:

**હશે જેમાં કોઈ પ્રતિભાનો જાદુ**
**એ સર્જન કદાપી નહીં નાશ પામે**
**મટી પણ જશે તો એ ગૌરવની સાથે**
**અમર થઈ જવાનું વિસર્જનને નામે**
**છે ખુદ મારા વ્યક્તિત્વમાં એવી ખુશ્બો**
**ગજું શું કોઈનું મને ભૂલી બેસે**
**હજીય પુરાણા બધા મારા મિત્રો**
**કરે છે મને યાદ દુશ્મનને નામે**

*****

**હતા એ અમારી જવાનીના દિવસો**
**નશાનું એ વર્તુળ જગતભરની મસ્તી**
**હતો તારો સહવાસ સ્વપ્નની સૃષ્ટિ**
**મહોબતનો મીઠો શો લ્હાવો લીધો’તો**
**નથી કરવું ખંડેર મહેલોનું માતમ**
**પ્રસંગોનો ટૂંકસાર દોહરાવી લઉં છું.**
**પ્રભુની કનેથી અહીં જીવતાજીવત**
**અમે સ્વર્ગ કેરો પુરાવો લીધો’તો**

*****

**જીવનની શરૂઆત શૈશવનો વૈભવ**
**બપોરે જવાનીના કલરવનો વૈભવ**
**બધીયે અવસ્થામાં ગૌરવના રંગો**
**સમી સાંજે માણ્યા અનુભવનો વૈભવ.**

*****

કાબિલે બહુ અસરકારક અને સુંદર નઝમો લખી છે. પ્રિયતમા સાથેનું પ્રથમ મિલન કેવું હોય તેની પ્રતીતિ કરવી હોય તો એમની નઝમ ‘પહેલું મિલન’ વાંચવી રહી. એમના દિલના ભાવો એટલા હૃદયસ્પર્શી છે કે નઝમની નજાકતને ચાર ચાંદ લાગી જાય છે. એમની ૧૯ બન્દમાં ચતુષ્પદી પ્રકારની નઝમ ‘સુહાગરાત’માં સુહાગરાતનું રસભીનું વર્ણન છે. ચાલો બન્ને નઝમના થોડાક બન્દ જાણીએ:

**તારું પ્રથમ મિલન તો ગુલાબો સમું હતું!**
**મોસમ વિના વસંતનું વાતાવરણ હતું**
**ગીતોની એ રવાની કે બુલબુલ ભુલાઈ જાય,**
**ઝરણું જો સાંભળે તો શરમથી સુકાઈ જાય**
**સંગીત અને ગીતોનું એ એકીકરણ હતું.**

*****

**સોહામણા શયનને કાજે આ ખંડ સુંદર,**
**શોભિત છે પુષ્પ કેરા આભૂષણોથી એવો**
**શણગારમાં ડૂબેલી લાવણ્યની કુમારી,**
**ધરતીને તાલ દેતી જોતી હો જાણે મેળો.**

કાબિલની ગઝલોમાં સરળતા, સાદગી અને કોમળતા છે તો સાથે સાથે ગઝલના રંગ તગઝ્ઝૂલની તાજગી છે અને તસ્વવુફી તત્ત્વદર્શન પણ છે. ચાલો માણીએ એમની ગઝલોના થોડાક શેર:

**મહોબતના જગતમાં ખેલદિલી હોય છે આવી**
**હતો સાગર જો બેપરવા તો દોડીને ઝરણ આવ્યું.**
**ખુશીની વાત એથી તો નથી લખતો કવિતામાં**
**કોઈ કહેશે કે ‘કાબિલ’ની ગઝલમાં અવતરણ આવ્યું.**

*****

**એ તો ખુદ ચિત્ર છે. રેખાઓ વિનાનું ‘કાબિલ’!**
**કોણ નાહકની ભલા ખેંચે પ્રણયની તસવીર**

*****

**ખુલ્લી આંખો જિંદગી છે, બંધ આંખો મોત છે**
**પાપણો વચ્ચેનું અંતર જિંદગાની હોય છે.**

*****

**મેં તારી વફાને બિરદાવી**
**પણ તારી જફા પર ચૂપ હજી,**
**મેં ચાંદનું વર્ણન ખૂબ કર્યું**
**પણ દાગનું વર્ણન બાકી છે**
**સૌ વાત કરે છે ‘કાબિલ’**
**બર્બાદ થયો છે ઉલ્ફતમાં**
**એ વાત તો હું પણ માનું છું**
**એક તારું સમર્થન બાકી છે.**

*****

■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com


# ... છતાં સફળતા-સિદ્ધિ મળી શકે!

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના રડૂ ગામનો રજત કુમાર માત્ર સાત વર્ષની ઉંમરે બાળસહજ રીતે રમી રહ્યો હતો એ વખતે હાઈટેન્શન ઈલેક્ટ્રિસિટી લાઈનના સંપર્કમાં આવી ગયો. એને જબરદસ્ત કરંટ લાગ્યો. માતા-પિતાએ એને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કર્યો. એ બચી તો ગયો, પરંતુ ડૉક્ટરોએ એના બંને હાથ કાપવા પડ્યા.

માત્ર સાત વર્ષની ઉંમરે જિંદગીમાં અકલ્પ્ય અને આઘાતજનક વળાંક આવી ગયો એ પછી સ્વાભાવિક રીતે રજત ભાંગી પડ્યો હતો, પરંતુ માતા દિનેશકુમારી અને પિતા જયરામે હિંમત આપી. એને કહ્યું: ‘જીવનમાં જે સ્થિતિ આવે એ સ્થિતિનો સામનો કરવો જોઈએ.’

માતા-પિતા રજતને એવી ઘણી વ્યક્તિનાં ઉદાહરણ આપતા કે જેમણે હાથ કે પગ ગુમાવ્યા હોય છતાં એ બધા ફરી ઊભાં થયાં હોય અને એમણે જીવનમાં કશુંક કરી બતાવ્યું હોય...

માતા-પિતાની હૂંફ અને હિંમત વધારનારી વાતોને કારણે રજતને સંજોગો સામે લડવાનું જોમ મળ્યું. એણે ધીમે - ધીમે પોતાના પગની આંગળીઓથી લખવાની પ્રૅક્ટિસ શરૂ કરી દીધી. પોતાના પગની આંગળીઓને જ હાથ બનાવીને મહેનત શરૂ કરી. બીજી બાજુ, મોંની મદદથી ચિત્રકલા શીખવાનું શરૂ કર્યું અને તે મોંની મદદથી અદ્ભુત ચિત્રો બનાવવા લાગ્યો. એણે પગની આંગળીઓથી લેપટોપ પર કામ કરવાનું શરૂ કર્યું.


રજત કુમાર


અંકિતા તોપાલ

રજત કુમારે ડૉક્ટર બનવાનું વિચાર્યું હતું. ડૉક્ટર બનવા માટે ‘નીટ’ની પરીક્ષા આપી હતી. એણે એ પરીક્ષા પણ પાસ કરી દેખાડી પછી નેરચૌક મેડિકલ કૉલેજમાં સીટ પણ મળી ગઈ હતી, પરંતુ મેડિકલ બૉર્ડે શારીરિક અક્ષમતાને કારણે એને મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવાની મંજૂરી ન આપી. મેડિકલ બોર્ડના અધિકારીઓએ કહ્યું: ‘તારા હાથ નથી એટલે તું ડૉક્ટર નહીં બની શકે.’

રજત કુમારને આઘાત લાગ્યો. જોકે, એણે એ સ્થિતિ પણ સ્વીકારી લીધી. એ પછી એણે મનોવિજ્ઞાનની ડિગ્રી મેળવવા માટે અભ્યાસ શરૂ કર્યો ને એમાં માસ્ટર ડિગ્રી મેળવી લીધી.

ત્યાર બાદ રજત કુમારે શારીરિક રીતે અક્ષમ લોકોની કેટેગરીમાં જુનિયર ઑફિસ આસિસ્ટન્ટ (આઈટી)ની પરીક્ષા આપી અને એમાં એ પાસ થઈ ગયો. હવે એની નિમણૂક હિમાચલ પ્રદેશના સુંદરનગર ડિવિઝનના લોકનિર્માણ વિભાગમાં જુનિયર ઑફિસ આસિસ્ટન્ટ- આઈટી તરીકે થઈ છે.

આજે રજત કુમાર લોકનિર્માણ વિભાગમાં પોતાના પગની આંગળીઓની મદદથી લેપટોપ પર તમામ કામ સામાન્ય કર્મચારીની જેમ કરી રહ્યો છે.

કંઈક આવી જ વાત ઉત્તરાખંડની અંકિતા તોપાલની છે. અંકિતાને જન્મથી જ બે હાથ નહોતા. અંકિતા હાથ વિના જન્મી એટલે માતા-પિતાને આઘાત લાગ્યો હતો, પરંતુ અંકિતા સમજણી થઈ ત્યારથી એણે હાથને બદલે પગથી કામ કરવાનું શરૂ કરી દીધું હતું.

અંકિતાએ ગામમાં પ્રાથમિક અભ્યાસ કર્યો. એ પછી હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ ઋષિકેશમાં કર્યો અને કૉલેજ દેહરાદૂનમાં કરી. એણે ઇતિહાસમાં પોસ્ટ ગ્રેજ્યુએશન પણ કર્યું. અંકિતાના પિતા આઈ.ટી.આઈ.માં ડિરેક્ટર છે અને અત્યારે ટીહરીમાં ફરજ બજાવી રહ્યા છે. અંકિતાએ ‘જેઆરએફ’ની પરીક્ષા આપી અને આખા દેશમાં બીજો નંબર મેળવ્યો અંકિતાએ સાબિત કરી બતાવ્યું કે મનોબળ મક્કમ હોય તો શારીરિક અક્ષમતા હોવા છતાં પણ સિદ્ધિ મેળવી શકાય.

ઘણા વિદ્યાર્થી નાની નાની વાતમાં હામ હારી જતા હોય છે અને ડિપ્રેશનમાં સરી પડે છે. ઘણા વિદ્યાર્થી તો પરીક્ષામાં નાપાસ થાય તો જીવન ટૂંકાવી નાખે. ક્યારેક એવા કિસ્સા પણ જાણવા મળે કે કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને પરીક્ષા દરમિયાન તાવ આવ્યો હોય અને એણે પરીક્ષા આપવાનું જ ટાળી દીધું હોય! હમણાં - હમણાં વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે એવા કિસ્સાઓ વધી રહ્યા છે નાની-નાની વાતમાં હાર માની લેતા વિદ્યાર્થીઓએ રજત કુમાર અને અંકિતા તોપાલને રોલ મોડલ ગણી જિંદગીમાં હાર માન્યા વગર આગળ વધવું જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ૪૦ લાખ ડેડબોડી - ૧ ડાયરીઃ ઘૃણાની ઘડિયાળના ઘૂમતા કાંટા

**ટાઇટલ્સઃ**
**નફરતથી મોટું કોઈ હથિયાર નથી. (છેલવાણી)**

**‘જે પોતે ખુશ છે એ જ બીજાને ખુશ કરી શકે!’**
**‘કોમળ લાગણીથી તીક્ષ્ણ કોઈ હથિયાર નથી!’**

‘એક જ નિયમ યાદ રાખોઃ જીવનમાં બધી વાત પર હસી નાખો ને બીજું બધું કે બીજા બધાને ભૂલી જાઓ, આત્મપીડનની આ એકમાત્ર દવા છે ’

આવા અદ્ભુત વિચારો લખેલા કેવળ ૧૪ વર્ષની ઍન ફ્રેંક નામની છોકરીએ!


ધર્માંધ ને જૂઠા રાષ્ટ્રવાદી હિટલરની નાઝીસેનાના જાલિમ દમનને કારણે ઍન ફ્રેંકનો યહૂદી પરિવાર જર્મનીથી ભાગીને નેધરલૅન્ડ જતો રહેલો, પણ પછી ત્યાંય હિટલરસેનાએ આક્રમણ કર્યું એટલે જાન બચાવવા ફ્રેંક પરિવાર, એમસ્ટરડેમમાં કોઈ મિત્રના ઘરમાં ભંડકિયામાં ૩-૩ વરસ ગોંધાઈને જીવ્યો. ક્રૂર નાઝીઓનો ખૌફ એવો કે ભંડકિયામાંથી ૧ સેકંડ પણ નીકળાય નહીં ને માત્ર રેડિયો સાંભળીને બહારના જગત સાથે જીવવાનું! પરિવાર સાથે ગોંધાઈને જીવતી ઍન ફ્રેંકનો એક જ સહારો હતોઃ

એની ડાયરી.

મોત પહેલાં ૩-૩ વરસ, એક જ ઓરડીમાં પુરાઈને, એક દિવસ પણ બહાર ગયા વિના ઍન ફ્રેંકે ૧૨ જૂન ૧૯૪૨થી ૧ ઓગસ્ટ ૧૯૪૪ સુધી સતત ડાયરી લખી... પછી અચાનક એ ડાયરી અટકી ગઈ, કારણ કે ૧૯૪૪માં નાઝીઓએ એના પરિવારની ધરપકડ કરી ને ડાયરીલેખન કાયમ માટે થંભી ગયું. વિશ્વયુદ્ધના અંત પછી માત્ર ઍનનો બાપ ઓટો બચી ગયો, જેને દીકરીની ડાયરી મળી. એ ડાયરી દુનિયા સામે આવીઃ ‘ડાયરી ઑફ અ યંગ ગર્લ’ રૂપે...

એ નથી કોઇ રસઝરતી નોવેલ, કે કાવ્યસંગ્રહ કે મોટિવેશનલ કિતાબ, પણ એ સમયે બાઇબલ બાદ બીજા નંબરે સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકે એ બેસ્ટસેલર હતી.

હકીકતમાં ઍન ફ્રેંકની ડાયરી જન્મજાત જાલિમ માણસજાતને આઈનો દેખાડે છે કે વિશ્વયુદ્ધ ને હિટલરનું દમન એક ટીનેજર છોકરીના નોર્મલ જીવનને કેટલી હદે તહેસનહેસ-




છિન્નભિન્ન કરી નાખે છે. પળપળની માથે લટકતી તલવાર જેવું ટેન્શન કે ખબર નહીં ક્યારે ક્રૂર નાઝીઓ આવીને મારી નાખશે, છતાંય ઍન ફ્રેંકની જીવનમાંથી શ્રદ્ધા ઊઠી નહોતી. કૂણા હૈયામાં માણસજાત પર ભરોસો ટકેલો, જે માણસ કહેવાવાને લાયક નહોતી.

ફક્ત એક હવાબારી કે વેંટિલેશનમાંથી ટુકડો આકાશ ફક્ત એને જોવા મળે તોય ઍન ફ્રેંક કહેતી, ‘જ્યાં સુધી બહાર તડકો છે ને ઘેરાયેલાં વાદળાઓ વિનાનું ખુલ્લું આકાશ છે, ત્યાં સુધી હું ઉદાસ કઇ રીતે થઈ શકું?’ વિચાર કરો ૩-૩ વરસ એક જ રૂમમાંથી બહાર ગયા વિના, માથે મોત ઝઝૂમવા છતાં હજારો વીંછીઓના ડંખ જેવી એકલતા સામે બહાદૂરીથી લડવાની એ બાળકીમાં કઈ તાકાત હતી?

મજબૂર મૂંગી વેદના મોતથીય ઘાતક હોય છે. જે પરિવારે ઍનના પરિવારને છુપાવીને આશરો આપેલો એનો જુવાન છોકરો ‘પીટર’ એને ગમતો, ટીનેજર ફ્રેંક એ વિશે લખે છેઃ

‘ઘણીવાર જુવાન લોકો, પુખ્ત વયના માણસો કરતાં વધારે એકલવાયા હોય છે!’

‘ડાયરી ઑફ અ યંગ ગર્લ’ આમ તો ઍને એકલતાના ઇલાજરૂપે ‘કિટી’ નામની કાલ્પનિક મિત્રને સંબોધીને લખેલી. આજે આપણા સમાજ અને દુનિયામાં જ્યારે ધર્માંધતાની લોહિયાળ લહેર જોવા મળે છે ત્યારે ૧૩-૧૪ વરસની ઍન ફ્રેંકના વિચારો લાલબત્તી દેખાડે છે કે આપણે કેટકેટલી ‘ડાયરી’ઓની ડરામણી દિશા તરફ જઇ રહ્યા છીએ.

માથે મોત ઝળૂંબતું ત્યારે પણ ઍન ફ્રેંકે કહેલુંઃ ‘હું હજીય માનું છું કે લોકો મૂળે તો દિલના સારા જ હોય છે! પણ હું વેદના, મૂંઝારા ને મૃત્યુનાં પાયા પર આશાની ઇમારત કઇ રીતે ચણી શકું?’

**ઇન્ટરવલઃ**
**જીવન જ્યારે સૂકાઈ જાયે**
**કરુણા વરસંતા આવો (રવીન્દ્રનાથ ટાગોર)**

તમને થશે કે વળી આજે ૨૦૨૫માં એ ઍન જેવી છોકરીની આ કરુણકથા ફરીથી કેમ માંડી? એનું પણ કારણ છે. ઇતિહાસ, જે દરેક દૌરમાં વેશ બદલી બદલીને બહુરૂપિયાની જેમ ફરી ફરી આપણા ચહેરાની નજીક આવીને આંખ સામે તાકીને ‘બેટમેન’ ફિલ્મના જોકરની જેમ, વિકૃત રીતે હસીને બરાડે છે કે ‘હટ ભૂંડા માણસ, તું તો ભણીગણીને હજીય પશુનો પશુ જ રહ્યો છે!’

- તો પેલી કથાનું કારણ અને તારણ?

હમણાં હિટલરે જ્યાં યહુદીઓનો નરસંહાર કરેલો એ ઓશવિટ્ઝ કેમ્પમાં, જે લોકો ક્રૂર નાઝી સૈનિકોથી બચી ગયેલા એમણે ‘ધ લિબરેશન ઑફ ધ નાઝી જર્મન ડેથ કૈંપ’ની ૮૦મી વર્ષગાંઠ ઊજવી. ઊજવી શબ્દ ક્રૂર છે. હકીકતમાં એ કંપાવનારી ઘટનાને યાદ કરી. યાદ કરી અને એ લોકોએ આજે ૨૦૨૪-૨૫માં ફરીથી યહૂદીઓ વિરોધી વધતી નફરત વિશે નવી ચેતવણીઓ આપી.

વાત એમ છે કે બીજા વિશ્વયુદ્ધમાં ૪૦ લાખ યહૂદીઓની હત્યાઓ નાઝી સૈનિકોએ કરેલી એ વિશે પોલૅન્ડમાં એક સમારોહ યોજાયેલો, જેમાં જર્મની, યુક્રેન, બ્રિટન, ફ્રાંસ, પોલૅન્ડ વગેરેના નેતાઓ રાજાઓ હાજર હતા. એ બધા મહાનુભાવોએ ૧ અક્ષર પણ લેક્ચરબાજી ના કરી, પણ માણસજાતના સૌથી મોટા મનહૂસ હત્યાકાંડમાં બચેલા વૃદ્ધોના આક્રંદને કદાચ પહેલીને હવે છેલ્લી વાર સાંભળે રાખ્યા. સૌ સત્તાધારીઓ નતમસ્તક, નિઃશબ્દ મૌન સાથે બેઠા રહ્યા. ધર્માંધ હિટલરે, યહૂદીઓ વિરુદ્ધ જે નરસંહાર આચરેલો એમાં બચી ગયેલા વયોવૃદ્ધ મેરિસન ટસ્કે કહ્યુંઃ ‘ફરીથી ૮૦ વરસ બાદ યહુદીઓ વિરુદ્ધ નફરતની આગ ધીમીઆંચ પર ફેલાઇ રહી છે, એ આગ જે ૪૦ લાખ માણસોના નરસંહાર તરફ દોરી ગયેલી‘

તો ૯૯ વરસના ડૉ. લિયોન વેઇન્ટ્રાબ, જેમને ૧૯૪૪માં પરિવારથી દૂર ખેંચીને યહૂદીઓને ખતમ કરનારા મોતના કૅમ્પમાં ધકેલવામાં આવેલા, એમણે આજની વધતી અસહિષ્ણુતા વિશે ધ્રૂજતા અવાજે કહ્યું, ‘ત્યારના હિંસક વિચારની અસર આજે પણ આપણે યાદ કરીએ છીએ તેનો ફરીથી સામનો કરવા માટે પ્રયત્નો કરો’

**એન્ડ-ટાઇટલ્સઃ**
**આદમઃ આત્મકથા લખું?**
**ઇવઃ આત્મા છે?** ■

મુલાકાત

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# ગમગીનીએ આપી ગઝલ ગઝલે બક્ષી કામયાબી!

**એક વર્ષ પહેલાં ૨૬ ફેબ્રુઆરીએ પોતાના શ્વાસની અને પોતાની ગઝલદુનિયા સંકેલી લીધી એવા ૭૨ વર્ષીય ખ્યાતનામ ગાયક પંકજ ઉધાસની જીવનગઝલ... એમની એક દીર્ઘ મુલાકાતનો કેટલોક અંશ (ઉત્તરાર્ધ)...**



ગઝલને મળ્યો સુરીલો કંઠ
કંઠને મળી દર્દીલી ગઝલ...

**રાજકોટના** જાગનાથ પ્લૉટની ગરબીમાં ૫૧ રૂપિયા મળેલા - 'કામના' ફિલ્મના ગીત માટે ૫૦૧ મળ્યા... આટલાં વર્ષે કારકિર્દીની કેડી પર માત્ર આટલા જ કદમ આગળ વધાયું એનું ફ્રસ્ટ્રેશન પંકજને કોરી ખાવા લાગ્યું.

અચાનક શૂન્યાવકાશ સર્જાય ત્યારે બહુ જ ડિપ્રેસ-હતાશ થયેલી વ્યક્તિ બે જ વાત વિચારી શકે. એક આત્મહત્યા કરવાનું અને બીજું પ્રેમમાં પડવું...

પંકજને આત્મહત્યાનો વિચાર નહોતો આવ્યો- એ પ્રેમમાં પડ્યો. નિરાશાના દિવસોમાં બધી જ બાજુએથી જાકારો મળતો હોય ત્યારે આપણને સમજી શકે, જેના ખભા પર માથું ઢાળી વ્યથા વ્યક્ત કરી શકો એવી એક હમદર્દ પંકજને મળી પણ ગઈ. (જેનું નામ પંકજભાઈએ અમને ન આપ્યું) બહુ સમીપ આવી ગયેલી એ અનામી હમદર્દ સાથે લગ્નનું પણ નક્કી થઈ ગયું.

'બધું જ ગોઠવાઈ ગયું હતું ત્યાં ફરી કુદરતે ક્રૂર મજાક કરી. જેટલી ઝડપથી અમે નજીક આવેલાં તેથી વધુ ઝડપે દૂર હડસેલાઈ ગયાં...'

એ પ્રથમ પ્રેમની નિષ્ફળતાની વાત કરતી વખતે પંકજના સ્વરમાં ગમગીની ભળી ગઈ હતી.

એ નિષ્ફળ લવ સ્ટોરી પર હજુ પૂર્ણવિરામ મુકાયું હતું ત્યાં અચાનક પંકજના પેલા ગઝલપ્રેમી મિત્ર રમેશ સહાનીનું કાર્ડ આવ્યું: 'ટોરન્ટો (કેનેડા)માં હું સારી રીતે ગોઠવાઈ ગયો છું. બહુ દિવસથી મળ્યા નથી. આવી જા. અઠવાડિયા માટે પણ મળી જા...!'

ભારે લોભામણું એ નિમંત્રણ હતું. બધી જ વ્યથાને ભૂલી જવાનું એ તેડું હતું. પંકજ ભારત છોડી ભાગી જવા તૈયાર થઈ ગયો ..ટિકિટ પણ આવી ગઈ...

'પૈસા?'

'ભાઈ નિર્મલનો એક મિત્ર ટ્રાવેલ એજન્ટ મારી બધી જ વાતથી વાકેફ. મારા હાથમાં 'બૉમ્બે - ટૉરન્ટો ઍન્ડ બેક ટુ બૉમ્બે'ની રિટર્ન ટિકિટ પકડાવી દેતાં એણે કહ્યું: 'દોસ્ત, જા ભાગી જા! કમાય ત્યારે ટિકિટના પૈસા ચૂકવજે...!'

'આમ 'ક્રેડિટ' પર મળેલી એ ઍર-ટિકિટ વત્તા... ૨૦ ડૉલર લઈને પંકજે ભારત છોડ્યું અને હા, સામાનમાં એણે માત્ર સાથે લીધેલું એક માત્ર હાર્મોનિયમ..!

* * * * * * * *

'અને એ હાર્મોનિયમે જ ખરો રંગ રાખ્યો!'

અમારી મુલાકાતનો બીજો દૌર શરૂ થયો ત્યારે સ્મિત ફરકાવતાં પંકજે વાત આગળ વધારી:

'કેનેડામાં રહેવા માટે માત્ર એક મહિનાના જ વિઝા હતા, પરંતુ રમેશને ત્યાં થયેલી મિત્રોની એક પાર્ટીમાં મેં પેશ કરેલી ગઝલોનો દૌર એવો જામ્યો કે એક મહિને નહીં, પૂરા દસ મહિના પછી નવા ઉત્સાહ-જોમ સાથે ભારત પાછો ફર્યો!'

રમેશ સહાનીની પાર્ટીમાં ગાયેલી ગઝલોએ પંકજને કેનેડામાં અનેક મિત્રો આપ્યા. એમાંથી એકે રેડિયો પર અને બીજાએ ટીવી પર પંકજની ગઝલો પેશ કરવા માંડી. કેનેડાના ભારતીય શ્રોતાઓ ઝૂમી ઊઠ્યા. ઠેરઠેરથી પ્રોગ્રામની ઑફર આવવા માંડી. રાતોરાત પંકજનું નામ 'ભારતના મશહૂર ગઝલગાયક' તરીકે કેનેડામાં ગુંજી ઊઠ્યું.. એમાંય 'ઘુંઘરુ ટૂટ ગયે...' ગીતે ગજબની જમાવટ કરી દીધી હતી...

પંકજ ઉધાસ એ દિવસો યાદ કરીને ઉમેરે છે: 'મુખ્યત્વે એ ૧૦ મહિનાએ મને મુંબઈ પાછા ફરીને સંજોગો સામે લડી લેવાનું બળ આપ્યું, પણ...'

- પણ મુંબઈ પાછા ફરેલા પંકજનું નસીબ ફરી બે ડગલા પાછળ હડી ગયું. કેનેડામાં ભલે સફળ થયા, મુંબઈમાં કોણ ભાવ પૂછે? ફરી એક વર્ષ ભારે ખરાબ ગયું. છેક એક વરસ પછી ઈસ્ટ આફ્રિકા- નાઈરોબીના પ્રોગ્રામનું નિમંત્રણ આવ્યું.

'પણ એમાં હું નિષ્ફળ નીવડ્યો.' ખેલદિલીથી પોતાની અસફળતા સ્વીકારી લેતાં પંકજ ઉમેરે છે: 'કેનેડા કરતાં અહીં માહોલ સાવ જુદો હતો. આફ્રિકા રહેતા ભારતીયો પાકિસ્તાન અને આપણા અનેક ગઝલગાયકોને સાંભળી ચૂક્યા હતા. ત્યાંના શ્રોતા ટકોર કરવા માંડ્યા: 'બીજાની ગઝલો શા માટે પેશ કરો છો? એ તો અમે બધાએ એમના સ્વમુખે સાંભળી છે. તમારું પોતાનું રચેલું અને અગાઉ ક્યાંય પેશ ન થયેલું કાંઈ છે તમારી પાસે? તો સંભળાવો...'

મૂળ ગઝલની તમે નકલ પણ સારી રીતે પેશ કરો તોય તે અસ્સલ બની નથી જતી. આ વાસ્તવિકતા પંકજને સમજાઈ ગઈ.

'બેકારીના એ દિવસોમાં ઘરમાં પલાંઠી વાળી નવા નવા શાયરોની અજાણી ગઝલો વાંચવા માંડી, તેમાંથી પસંદગી કરી તર્જો તૈયાર કરવા લાગ્યો.'

આ તૈયારીમાં પંકજને એક ગુજરાતીનો સાથ મળી ગયો. મૂળ અમદાવાદના પણ મુંબઈના ફ્લ પરેડ પર રહેતા રજનીભાઈ કોઠાવાલા ગઝલના ગજબ શોખીન. નામી-અનામી શાયરો, ગાયકોનાં પુસ્તકોથી માંડી રેકોર્ડ્ઝ-કેસેટ્સનો અદ્ભુત સંગ્રહ કરેલો. પંકજ માટે પોતાનો એ સંગ્રહ રજનીભાઈએ ખુલ્લો મૂકી દીધો...

ધીમે ધીમે આપણે ત્યાં ગઝલની હવા જામવા લાગી હતી. તવાયફના કોઠે નજરબંધી થયેલી ગઝલોએ કરોડપતિની કોઠી અને ફાઈવ સ્ટાર હોટેલોમાં સ્થાન જમાવી દીધું. રાતોરાત ગઝલે ગજબનાક છલાંગ લગાવી. ગઝલગાયકોનું પૂર ઊમટ્યું. જગજિત સિંહ-ચિત્રા ઉપરાંત અનુપ જલોટા હતા. તલત અઝીઝ એ વખતે ગઝલની દુનિયાના સુપરસ્ટાર હતાં. રજનીભાઈને ત્યાં એક ખાનગી મહેફિલ હતી. પંકજને પણ આમંત્રણ મળ્યું. ત્યાં તલત અઝીઝ અને અનુપ જલોટા સાથે પહેલી વાર ઓળખાણ થઈ...

(સમય જતાં એ બન્ને પંકજના બહુ અંગત મિત્ર બની ગયા. અનેક મહેફિલો એ ત્રિપુટીએ સાથે ગજાવીને કેન્સર તથા થેલેસેમિયા દર્દીઓના લાભાર્થે અઢળક ધન એકઠું કર્યું હતું)

## પંકજ ઉધાસઃ લવ સ્ટોરી નંબર-ટુ...

**આ** જ અરસામાં પંકજને આઈ.બી.એચ. (ઈન્ડિયા બુક હાઉસ) તરફથી એક ઑફર ગઝલ કેસેટ તૈયાર કરવાની મળી. એ ઑફરની સાથે પંકજના જીવનમાં બે વ્યક્તિનો પ્રવેશ થયો. એક હતા કવિ-શાયર શેખાદમ આબુવાલા અને બીજી હતી ફરીદા! એ બન્નેના પ્રવેશ સાથે જ પંકજનાં નસીબની ગઝલ પણ ગુંજી ઊઠી.

પંકજે મહિનાઓની મહેનત પછી રેકોર્ડિંગ કર્યું, પણ કંપનીનું બજેટ ખૂટી જતાં રેકોર્ડિંગ અધવચ્ચે લટકી પડ્યું. ફરી કપરા દિવસોની બેઠંગી રફતાર શરૂ થઈ ગઈ.

પંકજ જ્યાં રહેતો તે 'ગીતા ભવન'ના પડોશમાં મદન અને ફિરોઝા નામનું પારસી યુગલ રહેતું. એમના કોચિંગ ક્લાસમાં ફરીદા અને નરગિસ નામની બે પારસી બહેન આવે. પંકજ પણ ત્યાં અવારનવાર જતો. ફરીદા-નરગિસ સાથે પરિચય થયો. મદન અંકલને ત્યાં ઘણી વાર નવરાશની પળોમાં એ બધાં સાથે પાનાં ટીચતાં. પેલું રેકોર્ડિંગ પૈસાના અભાવે પૂરું ન થયાની જાણ ફરીદાને થઈ. પરિચય વધતો ગયો તેમ પંકજની સંઘર્ષ કથની ફરીદાને સ્પર્શી જવા લાગી. એણે પંકજને હિંમત આપીઃ

'જો પંકજ, તારા અવાજમાં કૌવત છે. ઝૂકતો નહીં. આજે નહીં તો કાલે તું અચૂક ઝળકીશ.' ફરીદા મિત્રભાવે હિંમત આપે છે એમ સમજી પંકજ વાત હસી કાઢતો. એ જ દિવસોમાં પંકજનાં બા અને કાકા ગંભીર માંદગીમાં પટકાયાં. એક બાજુ ઘરમાં ગંભીર બીમારી હતી તો બીજી બાજુ ગઝલગાયકીની કારકિર્દી ડચકાં મારતી હતી. ચોતરફથી નિરાશા ઘેરી વળી હતી. ત્યારે મૂંઝાયેલા પંકજની મદદે ફરીદા આવી. રેકોર્ડિંગ માટે જોઈતી રકમની એણે ગોઠવણ કરી આપી...

'ના, ત્યારે અમે સારા મિત્રો જરૂર હતાં, પણ એકમેકના પ્રેમમાં તો નહોતાં જ!' ફરીદા સાથે પહેલી નજરે પ્રેમ થયેલો એ વાત હસીને ઈનકાર કરી દેતાં પંકજ કહે છે.

એ પહેલી નજરનો પ્રેમ ભલે ન હોય, પણ ધીમે ધીમે બન્ને જાણ્યે-અજાણ્યે એકબીજાંની નજીક આવી રહ્યાં હતાં. અચ્છા મિત્રો હોવા ઉપરાંત બીજું કંઈક અવ્યક્ત જેવું પણ હતું, જેને બન્નેમાંથી કોઈએ પ્રેમનું નામ નહોતું આપ્યું.

ફરીદાએ કરેલી મદદના પ્રતાપે પંકજની પહેલી કેસેટ ('આહટ'-૧૯૮૦) બજારમાં આવી. ઠીક ઠીક સફળ પણ થઈ.... એના પગલે ગઝલની રેકોર્ડ-કેસેટ તૈયાર કરતી 'મ્યુઝિક ઈન્ડિયા'ની ઑફર આવી ૩ વર્ષના કૉન્ટ્રાક્ટની!

દિવસો ફરી ઝડપથી પસાર થવા લાગ્યા. બીજા આલ્બમની જોરદાર તૈયારીઓ શરૂ થઈ ગયેલી. ચોતરફથી કાર્યક્રમોની ઑફર આવવા લાગી. પંકજની પોતાની પસંદગીની ગઝલો હિટ થવા માંડી.

ગઝલગાયકીમાં પંકજને પ્રાથમિક સફળતા જરૂર મળી હતી, પણ જોઈતો સિક્કો હજુ જમાવવાનો તો બાકી હતો.

ફરીદા આ બધા દિવસોમાં સાથે જ હતી. ખરી હૂંફ એની જ રહેતી. પંકજ એ દિવસો યાદ કરતાં અમારા દીર્ઘ ઈન્ટરવ્યૂમાં કહે છે:

'આ બધી દ્વિધા વચ્ચે હું ત્યારે અટવાયેલો જ હતો. આટઆટલી મહેનત, આટઆટલી નિષ્ઠા, ખુવાર થઈ જવાની તૈયારી છતાં ધાર્યા પરિણામ કેમ હાંસલ થતાં નથી એવા વિચારોથી હું ધૂંધવાયેલો હતો. પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો ત્યાં ફોન નહોતો. મકાનની નીચે એક રેસ્ટોરાં હતી. રેસ્ટોરાંનાં ફોનનું ચકરડું ઘુમાવ્યું. સામે છેડે ફરીદાએ રિસિવર ઊંચક્યું. પંકજનો અવાજ પારખી ફરીદા હજુ 'બોલ, પંકજ!' એ એટલું માત્ર બોલી હશે ત્યાં મને શું ધૂનકી ચડી કે કહી દીધું:

'ચાલ ફરીદા, હવે લગ્ન કરી લઈએ... લેટ અસ ગેટ મેરિડ!'

બે-ત્રણ વર્ષના પરિચયમાં ફરીદાને નિકટના મિત્ર તરીકે સ્વીકારનારા પંકજે એ ભરબપોરે પબ્લિક ફોનબૂથમાંથી માત્ર એક જ વાક્યમાં ફરીદાને લગ્નનો પ્રસ્તાવ મૂકી દીધેલો!



પત્ની ફરીદા તથા બે દીકરી નાયાબ - રેવા સાથે

'ત્યારે ફરીદાની શું પ્રતિક્રિયા હતી?'

'સડસડાટ બોલી ગયેલા મારા એ વાક્યના જવાબમાં ફરીદા કશું બોલી નહીં. સામે છેડે એકાદ મિનિટનું મૌન છવાઈ ગયું.... ફોન ગમે ત્યારે કટ થઈ જાય તો મારી પાસે ફરી ફોન કરી શકાય એટલા સિક્કા પણ નહોતા...! મારું હૃદય એક ધબકારો ચૂકી ગયું. વહેમ પડ્યોઃ કશી ગેરસમજ તો નથી થઈ ને? ત્યાં જ સામે છેડેથી ફરીદાનો અવાજ સંભળાયોઃ 'ઓકે... પંકજ!'

(એ ઘટના યાદ કરતાં કોઈની નજર લાગી જાય એવા કામણગારા પંકજના મુખ પર લજ્જાના જે શેરડા પડ્યા હતા એ મને આજે પણ યાદ છે!)

'ઍર ઈન્ડિયા' સાથે સંકળાયેલી પારસી ફરીદા સાથે પંકજ લગ્નસંબંધથી જોડાયા ત્યારે બન્ને પરિવાર તરફથી વિરોધ જાગ્યો હતો, પણ પછી બન્ને પક્ષે નમતું જોખી દીધેલું.

પંકજ-ફરીદા બન્નેને પહેલેથી સાંઈબાબામાં અખૂટ શ્રદ્ધા એટલે ૧૧ ફેબ્રુઆરી, ૧૯૮૨ના ગુરુવારે જ મિત્ર ફરીદા પંકજના જીવનમાં પત્ની રૂપે પ્રવેશી ગઈ. કવિ-શાયરની ભાષામાં કહીએ તો ગીતને મુખડું મળી ગયું અને દામ્પત્યજીવનની ગઝલનો આરંભ થયો!

ફરીદાના આગમન સાથે પંકજ જીવનમાં વધુ વ્યવસ્થિત થયો. કારકિર્દીમાં વધુ ધ્યાન પરોવ્યું. ક્યાં કાર્યક્રમ યોજવા- શી રીતે યોજવા - મહિનામાં આવા કેટલા પ્રોગ્રામોનું આયોજન કરવું વગેરે બધી જ જવાબદારી હવે ફરીદાએ સંભાળી લીધી હતી.

એ પછી તો માત્ર સાત-આઠ વર્ષના ગાળામાં પંકજે ભલભલા કસાયેલા ગાયકોને ઈર્ષા ઉપજાવે એવી રિદ્ધિ-સિદ્ધિ મેળવી લીધી હતી. પંકજે બીજા ગાયકોના બધા જ વિક્રમો કડડભૂસ કરી નાખ્યા હતા....

અત્યાર સુધી નિષ્ફળતાની ગમગીનીનો પડછાયો પાછળ પડ્યો હતો, પણ ફરીદાની 'હા' પછી લોકપ્રિયતાએ એવો પીછો પકડ્યો કે પંકજ ઉધાસે ત્યારથી લઈને એમના છેલ્લા શ્વાસ સુધી પાછળ વળીને ક્યારેય જોવું ન પડ્યું...!

૧૯૮૬-૮૭ દરમિયાનની અમારી આ મુલાકાત વખતે મુકેશ ભટ્ટ પંકજ પાસે એમની ફિલ્મ: 'નામ'માં ગીત 'ચિઠ્ઠી આઈ રે...' શૂટ કરવા ઇચ્છતા હતા, પણ પંકજ ફિલ્મમાં 'ઍક્ટિંગ' કરવી કે નહીં એની અવઢવમાં હતા. પાછળથી પંકજના એ ગીતે 'ચિઠ્ઠી આઈ રે...' કેવો તહેલકો મચાવ્યો મચાવ્યો એ પણ એક ઈતિહાસ છે!

અમારી એ વખતની મુલાકાતના અંતિમ દૌરમાં પંકજભાઈને મેં પૂછેલું:

જેના કામણગારા કસાયેલા કંઠ પાછળ શ્રોતા પાગલ છે, જેની કેટલીક ગઝલો સાંભળીને તમે મદહોશ થઈ પગનો ઠેકો આપવા માંડો એવો આ 'પંકજ ઉધાસ ખુદ પોતાને એક ગઝલગાયક તરીકે કઈ રીતે મૂલવે છે?'

આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં પંકજભાઈ થોડી વાર માટે મૌનમાં ડૂબી જાય છે. પછી નિખાલસતાથી કહે: 'જુઓ, હું સોએ સો ટકા પૂર્ણ ગાયક તો નથી જ.... ગાયક તરીકે રહેલી મારી ત્રુટિઓને હું જાણું છું. એને દૂર કરવી છે. સ્વરને હજુ કસવો છે... હું ક્લાસિકલ ગાયક હોવાનો ડોળ કે દંભ પણ નથી કરતો. શાસ્ત્રીય સંગીતનો હું પૂરો જાણકાર પણ નથી...'

'છતાં ગઝલગાયકીમાં સૌથી લોકપ્રિય તો નીવડ્યા ને?'

એનું 'રહસ્ય' છતું કરતાં પંકજ કહે:

'હા, બીજા ગાયકોમાં જે નથી એ મારામાં છે. મારો અવાજ મારી મિલકત છે - પ્લસ પોઈન્ટ છે. મારા કંઠમાં ગઝલગાયકીને અનુરૂપ કામણ છે. હલકભર્યા સ્વરમાં ઉર્દૂ લફ્ઝોને તાજગીથી તરબોળ કરી દેવાનું કૌવત છે..!'

૧૩ હજારથી પણ વધુ ગઝલોનો પંકજે અભ્યાસ કર્યો હોવાથી ઉચ્ચ કક્ષાના અઘરા ઉર્દૂ લફ્ઝોવાળી ગાયકીમાં નહીં પડતાં લોકોના હૃદયને સ્પર્શી જાય એવાં જ ગીત-ગઝલ પસંદ કર્યાં, જે એમની અનન્ય લોકપ્રિયતાનું એક વિશિષ્ટ પાસું બની ગયાં.

આમ પંકજ ઉધાસ સાથે ટુકડે ટુકડે, પણ એક લાંબી મહેફિલ જેવી એ મુલાકાતના અંતે આપણે એણે જ ગાયેલી ગઝલ ટાંકવી પડેઃ

***નશા કર હલકા સા,***
***લહુ મેં હો તહલકા સા...!***

* * * * * * * *

૪૪ વર્ષની ગાયક તરીકેની કરિયરમાં ૫૦થી વધુ મ્યુઝિક આલ્બમ ૭૦થી વધુ ફિલ્મનાં તથા અન્ય ગીતો 'પદ્મશ્રી' સહિત ૨૫થી વધુ વિવિધ અવાર્ડ્સ જેવી બીજી અનેક સિદ્ધિઓ ધરાવતા પંકજ ઉધાસ આજે સ-દેહે નથી, પણ એમની કામયાબીમાં સૂર પુરાવ્યા એવી પત્ની ફરીદા અને લીલીછમ ગઝલ જેવી બે યુવા પુત્રી નાયાબ અને રેવાનો હર્યોભર્યો પરિવાર છે. વૈભવી વિસ્તારમાં નાનો એવો બંગલો - પોતાનું ઘર છે અને આજેય લાખો ચાહકોનાં દિલમાં પંકજ ઉધાસનો હલકભર્યો સ્વર સ્મૃતિરૂપે હજુય ગુંજે છે - ગુંજતો રહેશે...

કહે છે કે મરણ કરતાં સ્મરણ સદાય બળૂકું હોય છે! ■

---

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# સરિતા જોશી સાથે કામ કરવાનો લહાવો મળ્યો

મોટી દીકરી દર્શના (લાડમાં અમે તેને ચેરી કહીને બોલાવતા)એ તો લગ્ન કરવાનો નિર્ણય લઈ લીધો. લગ્ન માટે તેણે તો શણગાર સજી મંડપમાં બેસવાનું હતું. પણ એ મંડપ માટેની, દીકરીના શણગારની બધી તૈયારીઓ તો મારે જ કરવાની હતી. એ કરવા માટે વિટામિન 'એમ' (મની = પૈસા)ની પહેલી જરૂર પડે અને એના જ મારે ફાંફાં હતાં. 'કુંવરબાઈના મામેરા'માં જેમ ભગવાન હાજર થઈ ગયા હતા એવું જ કશુંક મારી દીકરીના લગ્નમાં બને તો કેવું સારું એવા વિચાર મને આવી રહ્યા હતા. આ વાત કરતા મને યાદ આવી ગયું કે ભાંગવાડી થિયેટરના દિવસો દરમિયાન મેં 'કુંવરબાઈનું મામેરું' નાટકમાં મેં કુંવરબાઈનું પાત્ર ભજવ્યું હતું. એ નાટકનો પડઘો મને કેટલાક વર્ષ પછી સંભળાયો એવું મને લાગ્યું.

વિનયકાંત દ્વિવેદીએ મને મેસેજ મોકલ્યો કે 'સરિતા બહેને તને મળવા બોલાવી છે. કોઈ નાટકનું આયોજન તેઓ કરી રહ્યાં છે એ માટે તારી સાથે વાત કરવા માગે છે.'

સરિતા બહેન... સરિતા જોશી એટલે જૂની રંગભૂમિમાં અભિનયના અજવાળા પાથરી નવી રંગભૂમિમાં ઍક્ટિંગનું એવરેસ્ટ સર કરનારાં નંબર વન આર્ટિસ્ટ. ૧૯૭૫માં 'સંતુ રંગીલી' નાટક કર્યા પછી એમની ખ્યાતિનો ગુણાકાર થયો. એક સમય એવો આવ્યો કે સરિતા બહેન કે પદ્મા બહેન (સરિતા બહેનનાં મોટાં બહેન)ની હાજરી હોય એવાં અનેક નાટકો થતાં હતાં. અલબત્ત બંને બહેનોમાં સરિતાબહેનનો ડંકો વધુ જોરથી વાગતો હતો એ હકીકત કોઈ નકારી ન શકે. જૂની રંગભૂમિમાં કામ કર્યા પછી તેઓ નવી રંગભૂમિ પર બહુ જલ્દી અને બહુ સરસ રીતે ગોઠવાઈ ગયાં.

વિનુભાઈના 'સંભારણા'ના શો પછી મારી ખ્યાતિ ઘણી વધી ગઈ હતી. એ જ કારણસર મને સરિતાબહેનનું આમંત્રણ મળ્યું હોવું જોઈએ. સરિતા બહેને પ્રવીણ જોષી થિયેટરની સ્થાપના કરી કેટલાંક ઉત્કૃષ્ટ નાટકોની ભેટ આપી એમાં એક હતું 'દેવકી'. આ નાટકનું દિગ્દર્શન પણ તેમણે કર્યું હતું. હું મળવા ગઈ ત્યારે તેમણે 'દેવકી'માં કામ કરવા આમંત્રણ આપ્યું. નાટકમાં બે માતાના રોલ હતા. એક તેઓ જ કરવાના હતા અને બીજો રોલ મારે કરવાનો હતો. મેં તરત હા પાડી દીધી. એક તો રંગભૂમિનાં દિગ્ગજ કલાકાર સાથે કામ કરવાનો લહાવો મળી રહ્યો હતો. અને બીજી એટલી જ મહત્ત્વની વાત એ પણ હતી કે લગ્નની તૈયારી કરવાની હોવાથી મને પૈસાની બહુ જરૂર હતી. રિહર્સલ શરૂ થઈ ગયા. એક તરફ નવા નાટકની તૈયારી ચાલે અને બીજી તરફ દીકરીના લગ્નની તૈયારી આરંભી દીધી. બધે કેમ પહોંચી વળાશે એ વિચારો મને સતત આવતા હતા.

નવા નાટકમાં કામ કરવાની તક મળી, પણ મારી જરૂરિયાત ઘણી વધારે હતી. એટલે મેં જ્યોતિબહેન (વિનુ ભાઈનાં પત્ની)ને પણ વાત કરી રાખી હતી કે દીકરીનાં લગ્ન લેવાનાં છે તો બધું કેમ પાર ઉતરશે? જ્યોતિબહેને કાયમ મને સધિયારો - સાંત્વન આપ્યા છે.



માણસ જ્યારે ભીંસમાં હોય ત્યારે એને માત્ર આર્થિક મદદની જ જરૂર નથી હોતી. કોઈ પડખે ઊભું રહે, હિંમત આપે એ પણ એટલું જ જરૂરી હોય છે. એનાથી પગમાં તાકાત અને હૈયામાં જોમ આવી જાય છે. જ્યોતિબહેનના શબ્દો મને આજે પણ યાદ છે 'મહેશ્વરી, એક વાત યાદ રાખજે કે સારા પ્રસંગો ક્યારેય કોઈના અટકતા નથી. કોઈ ચિંતા કરવાની જરૂર નથી. ઈશ્વર બધું હેમખેમ પાર પાડશે.' એમના આ શબ્દો મારા માટે ટૉનિક સાબિત થયા.

માનસિક રાહત મળતા સરિતાબહેનના નાટકના રિહર્સલમાં જવાનો ઉત્સાહ બેવડાઈ ગયો. એક દિવસ હું ઘરે જવા નીકળતી હતી ત્યારે બીજે દિવસે અડધો કલાક વહેલા આવવા તેમણે જણાવ્યું. શું હશે ને શું નહીં એના અસંખ્ય વિચારો મગજમાં દોડવા લાગ્યા. સમય ત્રણ વાગ્યાનો હતો અને હું અઢી વાગ્યે પહોંચી ગઈ. 'મહેશ્વરી, તારો અવાજ બરાબર નથી. ડાયલોગ ડિલિવરી બરાબર નથી લાગતી અને એટલે સીનમાં ઉઠાવ નથી આવતો. મજા નથી આવી રહી,' સરિતાબહેને તો જાણે બૉમ્બ જ ફોડ્યો. હું ચોંકી ગઈ. રિહર્સલને પંદરેક દિવસ થયા પછી આ સાંભળવા મળી રહ્યું હતું.

ક્ષણવાર માટે હું સ્તબ્ધ થઈ ગઈ, પણ મારી મનોદશા ચહેરા પર કળાવા ન દીધી. મેં તરત સરિતાબહેન સાથે સંવાદ સાધ્યો અને કહ્યું કે 'તમે મને મળવા બોલાવી અને તમારા નાટકમાં મને રોલ આપ્યો એ દિવસે હું બહુ રાજી થઈ હતી. તમારાં જેવા કુશળ અભિનેત્રી સાથે કામ કરવા મળી રહ્યું છે એ મારા માટે રોમાંચની વાત હતી. મને વિચાર આવ્યો કે કાંતિ મડિયા સાથે કામ કરવાનો મોકો મળ્યો અને મને કેટલીક નવી બાબત શીખવા મળી એમ તમારી સાથે કામ કરીને પણ મને વધુ જાણવા - સમજવા મળશે એ બાબતે હું બહુ જ ઉત્સાહિત હતી. ડાયલોગ બોલવા બાબતે જો મારી કોઈ ભૂલ થતી હોય તો મને શીખવાડો. હું મહેનત કરવા તૈયાર છું. તમે કહેશો એ પ્રમાણે જ કરીશ અને તમને જોઈએ છે એ રિઝલ્ટ તમને આપીશ.' મારે તો કોઈ પણ હિસાબે કામ કરવું હતું. એ સમયે પહેલી જરૂરિયાત પૈસાની હતી અને બને એટલી મહેનત કરી બેગા કરવા હતા. અને બીજું કારણ હતું સરિતા જોશી સાથે કામ કરવાનો મોકો. એમની સાથે કામ કરતી વખતે એમને નિકટથી જોવાને કારણે કેટલીક નવી વાત મને શીખવા મળી. માતબર કલાકારની સાથે કામ કરવાથી કલાકારની અંદર છૂપી રહેલી આવડત જાગૃત થતી હોય છે.

'સિદ્ધાર્થ (સિદ્ધાર્થ રાંદેરિયા)નો સીન તારી સાથે આવે છે ત્યારે પ્રોબ્લેમ થાય છે. એ સીન જામતો નથી. પકડ નથી આવતી,' સરિતાબહેને ફોડ પાડી વાત કરી. અમારી વચ્ચે વાતચીત ચાલી રહી હતી ત્યાં તો ત્રણ વાગી ગયા અને આર્ટિસ્ટ એક પછી એક આવવા લાગ્યા. સિદ્ધાર્થ, અજિત વાચ્છાની, ટીકુ તલસાણિયા અને ફાતિમા શેખ નામની એક છોકરી આવી પહોંચ્યા. આ ફાતિમાને પછી દેવ આનંદે 'સૌ કરોડ' ફિલ્મમાં મોકો આપ્યો હતો. રિહર્સલ શરૂ થયા અને સિદ્ધાર્થ સાથેનો મારો સીન આવ્યો ત્યારે મેં એને સીધું પૂછ્યું કે 'સિદ્ધાર્થ, તને મારી સાથે શું પ્રોબ્લેમ થાય છે એ મને સમજાવ. મને શીખવાડ અને તું કહે એમ કરવા હું તૈયાર છું.' હવે સ્તબ્ધ થવાનો વારો સિદ્ધાર્થનો હતો. રિહર્સલમાં હું આ વાતનો ઉલ્લેખ કરીશ એની એને કલ્પના નહીં હોય. જોકે, સિદ્ધાર્થે કંઈ નથી એમ કહી વાતનો વીંટો વાળી દીધો. દરરોજની જેમ રિહર્સલ થયા. એક તરફ નાટક ઓપન થવાનો દિવસ નજીક આવતો હતો તો બીજી તરફ દીકરીના લગ્નની તારીખ પણ નજીક આવતી હતી. બંને મોરચા સંભાળી લેવા હું સજ્જ હતી. ■

## 'અરુણોદય' નાટકે તખ્તાની કાયાપલટ કરી

જૂની ગુજરાતી રંગભૂમિની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહી એમાં નાટક મંડળીઓ અને નાટ્ય લેખકોનું માતબર યોગદાન હતું. વીસમી સદીના બીજા દાયકાના પ્રારંભમાં જ અનેક નાટક મંડળીઓએ પ્રેક્ષકોને નાટક જોતા કર્યા. આ નાટ્ય મંડળીઓમાં આર્ય નીતિદર્શક નાટક સમાજ, આર્ય નાટ્ય સમાજ, આર્ય નૈતિક નાટક સમાજ, વિદ્યા વિનોદ નાટક સમાજ, સરસ્વતી નાટક સમાજ અને લક્ષ્મીકાન્ત નાટક સમાજ અગ્રણી માનવામાં આવે છે. રણછોડભાઈ, નર્મદાશંકર, છોટાલાલ શર્મા, ફુલચંદ શાહ, હરિહર દિવાન, મહાશંકર શર્મા, વિભાકર, ગૌરીશંકર વૈરાતી, શાયદા, લાલશંકર મહેતા જેવા નાટ્યલેખકોએ પણ ગુજરાતી રંગભૂમિના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. મણિલાલ ત્રિભોવનદાસ (પાગલ) સિદ્ધહસ્ત લેખક તરીકે નામના ધરાવતા હતા. તેમની કલમથી આપણને રા'માંડલિક, સંસાર લીલા, હંસાકુમારી અને મનોરમા જેવા ૧૦૦થી વધુ સફળ સામાજિક નાટકો મળ્યાં છે. અલબત્ત આ સર્વ લેખકોમાં શિરમોર એટલે રસકવિની ઉપમા મેળવનાર રઘુનાથ બ્રહ્મભટ્ટ. તેમણે કિશોરાવસ્થામાં (૧૭ વર્ષ) 'બુદ્ધદેવ' દ્વારા તખ્તા પર પદાર્પણ કર્યું અને રાતોરાત છવાઈ ગયા. તેમનું એક મહત્ત્વનું યોગદાન એ છે કે અન્ય લેખકોનાં નાટકો માટે પણ ગીત લખ્યા. પ્રભુલાલ દ્વિવેદી પણ માતબર લેખક. એવું માનવામાં આવે છે કે તેમના 'અરુણોદય' નાટકે ૧૯૨૧માં તખ્તાની કાયાપલટ કરી. આ નાટક ૪૦૦ નાઈટ ચાલ્યું હતું.

ઝબાન સંભાલ કે
હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય



કેટલીક કહેવત પાછળની કથા જાણીને કાયમ યાદ રાખવા જેવી હોય છે. ઘણાં વર્ષો પહેલાં ઉજ્જૈન નગરીમાં એક ઉતાવળિયા સ્વભાવનો માણસ રહેતો હતો. નાનીઅમથી વાતમાં ગુસ્સો કરવાની અને ધમાલ કરવાની એને ખરાબ આદત હતી. પત્ની ઘણીવાર સમજાવે, પણ તેના સ્વભાવમાં કોઈ ફરક નહોતો પડતો. એક વખત પત્ની નદી પર પાણી ભરવા જતાં પારણામાં સૂતેલા બાળકનું ધ્યાન રાખવા અને પોતે પાછી ન ફરે ત્યાં સુધી આઘાપાછા નહીં થવા સમજાવતી ગઈ. જોકે, થોડીવારમાં જ એને જમણવારનું અને દાન-દક્ષિણા માટે આમંત્રણ આવ્યું. જવામાં મોડું થશે તો દાન-દક્ષિણા નહીં મળે એ વિચાર આવ્યો. બાળકનું ધ્યાન પણ રહે અને દક્ષિણા લેવા પણ જઈ શકાય એવો ઉકેલ કેમ લાવવો એનું વિચારી રહ્યો હતો ત્યાં એનું ધ્યાન પાળેલા નોળિયા પર પડ્યું. ઘરની ફરતે સાપના ઉપદ્રવથી બચવા પાળેલો નોળિયો બાળકની રક્ષા કરશે એવું ધારી એ તો ઊપડ્યો પેટપૂજા કરવા.

થોડી વાર પછી નોળિયાએ એક સાપને બાળક તરફ આવતાં જોયો. નોળિયા તો સાપના જન્મજાત દુશ્મન એટલે થોડી જ વારમાં સાપને ખતમ કરી નાખ્યો. એટલી વારમાં આપણા ભાઈ પાછા ફર્યા અને જોયું તો નોળિયાનું મોઢું લોહીવાળું હતું. નોળિયાએ બાળકને મારી નાખ્યો હોવાની શંકા પડતાં રોષમાં આવીને તેણે તરત નોળિયાને ત્યાં ને ત્યાં મારી નાખ્યો. જોકે, પછી અંદર દોડી જઈને જોયું તો બાળક પારણામાં ઘસઘસાટ ઊંઘી રહ્યું હતું અને આસપાસ મરેલા સાપના ટુકડા વેરણછેરણ પડ્યા હતા. ભાઈસાહેબ તરત સમજી ગયા કે વફાદાર પાળેલા નોળિયાએ બાળકને મોતના મોંમાંથી ઉગાર્યું હતું અને પોતે વગર વિચાર્યે તેને જ મારી નાખ્યો હતો. આ ઘટનાને પગલે કહેવત પડી કે **વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય.**

## ENગ્લિશ વિંGLISH — IDIOM STORY



કહેવત પાછળની કથા ક્યારેક અચરજમાં મૂકી દે છે. આજે એનું એક ઉદાહરણ જોઈએ. Beat around the bush. Meaning: To circle the point; to avoid the point. Example: Stop beating around the bush and tell me what really happened. ઘણા લોકોને ગોળ ગોળ વાત કરવાની આદત હોય છે. મૂળ મુદ્દો ચાતરી જાય કે એના પર વાતચીત કેન્દ્રિત કરવાને બદલે આમતેમ ભટક્યા કરતા હોય છે. આવો સ્વભાવ કે આદત ધરાવતા લોકો માટે 'બીટ અરાઉન્ડ ધ બુશ' કહેવત પડી છે. આડીતેડી વાત છોડ, મૂળ મુદ્દાની વાત કર એમ જે કહેવાતું હોય છે એ જ આ અંગ્રેજી કહેવતનો ભાવાર્થ છે. બુશ એટલે ઝાડી-ઝાંખરા. કહેવતની મૂળ કથામાં ઝાડી-ઝાંખરાનો સંબંધ છે. This common phrase is thought to have originated in response to game hunting in Britain. While hunting birds, participants would beat bushes in order to draw out the birds. Therefore, they were beating around the bush before getting to the main point of the hunt: actually capturing the birds. આ કહેવતનો જન્મ એ સમયે બ્રિટનમાં રમાતી શિકારની રમતમાંથી થયો હોવાનું કહેવાય છે. પક્ષીઓનો શિકાર કરતી વખતે શિકારી સ્પર્ધકો ઝાડીઓમાં છુપાઈ ગયેલાં પક્ષીઓને બહાર કાઢવા મોટી લાકડી કે બંદૂકનાં નાળચાં ઝાડી પર વીંઝતાં જેથી સંતાઈને બેસેલાં પક્ષીઓ ગભરાઈને બહાર નીકળે અને શિકારીઓને તેમનો શિકાર કરવાની તક મળે.

## રાષ્ટ્ર ભાષા — कहावत की कथा

અનેક કહેવતો પાછળ રહેલી કથા જાણ્યા પછી કહેવતનો મર્મ સ્પષ્ટ થઈ જાય છે. पढ़ा खूब है, पर गुना नहीं પરથી વાત સ્પષ્ટ થઈ જશે. એક રાજાએ પોતાના પુત્રને વિદ્યા શીખવા ગુરુ પાસે મોકલ્યો. રાજકુમાર અને ગુરુનો પુત્ર સાથે અભ્યાસ કરવા લાગ્યા. એક દિવસ આચાર્યએ રાજકુમારનું શિક્ષણ પૂરું થયું હોવાની જાણકારી રાજાને આપી. રાજાને પુત્રની પરીક્ષા લેવાની ઇચ્છા થતાં ગુરુપુત્ર અને રાજકુમારને દરબારમાં બોલાવ્યા. હાથમાં ચાંદીની વીંટી મૂકી રાજકુમારને પૂછ્યું કે 'હથેળીમાં શું છે?' કુંવરે જવાબ આપ્યો કે 'સફેદ રંગની ગોળાકાર જેવી વસ્તુ છે જેની વચ્ચે કાણું છે.' આ સાંભળી ખુશ થયેલા રાજાએ એનું નામ જણાવવા કહ્યું. રાજકુમાર બોલ્યો, 'ઘંટીનો પથ્થર.' જવાબ સાંભળી રાજા નિરાશ થયો અને વિચારવા લાગ્યા કે આવું શિક્ષણ મેળવ્યું? પછી તેમણે એ જ સવાલ ગુરુજીના પુત્રને પણ કર્યો કે 'કહે તો મારી હથેળીમાં શું છે?' ગુરુપુત્રએ સટાક કરતો જવાબ આપ્યો કે 'ચાંદીની વીંટી'. રાજાને મનમાં થયું કે ગુરુએ મારા પુત્રને બરોબર શીખવ્યું નથી અને બધું જ્ઞાન પોતાના પુત્રને જ આપી દીધું લાગે છે. રાજાએ આ વાત ગુરુને કરી તો તેમનો જવાબ હતો કે 'બંનેને મેં સરખી વિદ્યા આપી છે. વિદ્યા આપી શકાય, અક્કલ ન આપી શકાય. રાજકુમાર પાસે વિદ્યા છે, પણ અક્કલનો અભાવ છે. ઘંટીનો પથ્થર હથેળીમાં ન રાખી શકાય એવી મામૂલી વાત એ સમજી ન શક્યો. એટલે રાજકુમાર पढ़ा खूब है, पर गुना नहीं આવો જ અર્થ ધરાવતી ગુજરાતી કહેવત ભણ્યો પણ ગણ્યો નહીં તમને જરૂર યાદ આવી ગઈ હશે.

## सगी बहिण — म्हणीची कथा

વ્યક્તિ માટે ઘણી વખત વિકટ પરિસ્થિતિ નિર્માણ થાય છે. હા પાડવી કે ના પાડવી એ સમજાય નહીં, મૂંઝવણમાં મુકાઈ જવાય. બેઉ બાજુ મુશ્કેલી. આ પરિસ્થિતિ દર્શાવતી મરાઠી કહેવત છે **इकडे आड आणि तिकडे विहीरा** મરાઠી શબ્દ આડનો અર્થ કૂવો થાય અને વિહીર એટલે પણ કૂવો કે વાવ એવો જ અર્થ થાય છે. ટૂંકમાં બંને બાજુ મુશ્કેલી. **काय करावे हे सूचत नसून अडचणीच्या स्थितीत सापडणे याला म्हणतात इकडे आड आणि तिकडे विहीर. हे करू के ते करू असा गोंधळ काही वेळा होतो. अशा पद्धतिची परिस्थितिचा उदाहरण रामायणात आढळतो.** આ પ્રસંગ રામ વનવાસ માટે રવાના થાય છે એ સમયનો છે. કૈકેયીને આપેલા વરદાનનું પાલન કરવા રાજા દશરથે રામને વનવાસ મોકલવા પડે છે. મંત્રી સુમંતના રથમાં બિરાજી રામ વનવાસ જવા રવાના થયા ત્યારે પ્રજાજનો અને રાજા દશરથ પણ રથની પાછળ પાછળ વનમાં પગપાળા જવા તૈયાર થઈ ગયા. જોકે, વૃદ્ધત્વને કારણે દશરથને ચાલવામાં મુશ્કેલી પડી રહી હોવાથી તેમણે સુમંતને બૂમ પાડીને કહ્યું કે 'સુમંત, રથ ધીમે હાંક. મને સાથે થવા દે.' રથમાં બિરાજમાન શ્રી રામના ધ્યાનમાં આ વાત આવી અને પોતાના દુઃખ કરતાં પિતાની વ્યથા તેમને વિશાળ લાગી. કાળજા પર પથ્થર મૂકીને એકવાર તો પિતાશ્રીની વિદાય લીધી હતી. એનું પુનરાવર્તન નહોતું થવા દેવું. એટલે શ્રી રામે મંત્રીને કહ્યું કે 'સુમંત, રથ ઝડપથી ચલાવ.' હવે મંત્રી દ્વિધામાં પડ્યો કે રાજા દશરથના કહેવા અનુસાર રથ ધીરે હાંકવો કે રામની વાત કાને ધરી ઝડપ કરવી. કોળિયો ગળે ન ઉતારી શકાય અને બહાર ઓકી પણ ન શકાય એવી પરિસ્થિતિમાં મંત્રી સુમંત મુકાઈ ગયા. એને જ કહેવાય **इकडे आड आणि तिकडे विहीर.** ગુજરાતીમાં આને સમકક્ષ કહેવત છે 'ઊલમાંથી ચૂલમાં પડવું.' ■

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# હેં, લગ્નમાં આને કોણે નોતરું આપેલું ?



'કન્યાના બાપાને બોલાવો. અબઘડી હાજર કરો. આકાશ કે પાતાળમાંથી હાજર કરો.'

આવો હુકમ કોણ કરી શકે ગોરમહારાજ?

રામ રામ રામ ભજો. ગોરને તો વર મરો, કન્યા મરો પણ દક્ષિણાનું તરભાણું નહીં, પણ દક્ષિણાનો દરિયો ભરવામાં રસ હોય. આ તો વરના પરમ પૂજ્ય પિતાશ્રી (જ્યાં સુધી લગ્ન ન પતે ત્યાં સુધી ગધેડાને ગરજે બાપ કહેવા પડે એવા વરનો બાપ ! ) વરના બાપને પાટલેથી ખાટલે અને ખાટલેથી પાટલે કરવો પડે.

'બોલો, સાહેબ શું હુકમ છે?'

કન્યાના બાપ રાજુલાલે નરમાશથી પૂછ્યું. રાજુલાલ હાંફળાફાંફળા થઇ ગયેલા. વર કન્યાનો હથેવાળો બાકી હોય, જાન ઊઘલી ન હોય ત્યાં સુધી કન્યાના બાપાને ટેન્શન હોય.

'રાજુલાલ, આ બધું શું માંડ્યું છે?' લોભશંકરે પૂછયું. વરના બાપનું નામ લાભશંકર હતું. લાભશંકર પ્રકૃતિએ અતિલોભી હોવાના કારણે સૌ પીઠ પાછળ લોભશંકર કહેતા.

'શેની વાત કરો છે રાજમાન રાજેશ્ર્વરી?' રાજુલાલે વરના બાપને માખણ લગાવ્યું .

'તમે બધુ જાણો છો અને અજાણ્યા થવાનો ડોળ કરો છો?' લોભશંકર બરાડ્યા.

'મારી દીકરી કોઇને લઇને ભાગી ગઇ એ અફવા તમારા સુધી પણ પહોંચી ગઇ, વેવાઇ? તેમાં કોઇ દમ નથી. દીકરી તો બ્રાઇડલ મેકઅપ કરવા પાર્લરમાં ગઇ છે. વેવાઇ આપણે તો સાત ભવનો સંબંધ જોડ્યો છે. પહેલાં ભવમાં શંકા કુશંકા કરશો તો આપણો સંઘ કાશીએ તો ઠીક, પણ કલોલ પણ નહીં જાય.' રાજુલાલે સ્પષ્ટતા કરી.

'અરે , રાજુલાલ તમે તો પિતળ છો તેમાં શંકાને કોઇ સ્થાન નથી,! પણ અમારી વેવાણ અને અમારી થનાર પુત્રવધૂ તો સોનાની લગડી છે.' લોભશંકરને વેવાણ પર ક્રશ હતો એટલે મોકે પે ચોકા લગાયા.

'જુઓ, જમણવારમાં ગુલાબજાંબુ ખૂટ્યા હતા. હું તેનો ઇન્કાર કરતો નથી. હું જાતે મારતી મોટરે કંદોઈને જઇ ત્યાંથી બસો કિલો ગુલાબજાંબુ લઇ આવ્યો છું હવે કોઇ તકલીફ નથી.' રાજુલાલે ઓશિયાળા થઇને ખુલાસો કર્યો.

' રાજુલાલ, હું એની વાત કરતો નથી.' લોભશંકરે ગુસ્સો થૂંક્યો.

'જુવો વેવાઇ સાહેબ, વાત થયા મુજબ બધા જાનૈયાને પહેરામણીમાં દસ ગ્રામ સોનાનો સિક્કો, તમને વેવાણને કાર મળી જશે.'

રાજુલાલનો શ્વાસ અધ્ધર થઇ ગયો. લોભશંકર જાન પાછી લઇ જાય તો રાજુલાલની ઇજ્જતનો ફાલૂદો અને ખીમો થઇ જાય.

'રાજુલાલ, અમે કયાં કંઇ માગ્યું છે? અમે તો ચપટી કંકુકન્યા લઇ જવાના છીએ. તમને છોકરીને આપવાનો જે ઉત્સાહ છે એ સારો છે. તમે જેટલું વધુ આપશો તેટલી તમારી દીકરી વધુ સુખી થશે.' લોભશંકર હિપોક્રસીનો હિટલર હતો.

'એય, છગન. વેવાઇ માટે અમેરિકન નટ આઇસક્રીમ લઇ આવ. કોલ્ડ ડ્રીંક લઇ આવ. વેવાઈ જ્વાળામુખી જેવા થઇ ગયા છે. તાજિયાની જેમ વેવાઇ સાને ટાઢા કરવા પડશે..' રાજુલાલે પોતાના દીકરાને ઓર્ડર કર્યો.. રાજુલાલ બે હાથ જોડી ગરીબડી ગાય જેવા થઇને ઊભો રહ્યો.

'રાજુલાલ, આ નાટકચેટક બંધ કરો. મારા સવાલનો જવાબ મને મળ્યો નથી. મને જવાબ નહીં મળે તો જાન લીલા તોરણે પાછી જશે.' રાજુલાલે આટઆટલું માખણ લગાવ્યાં છતાં લોભશંકર સંગદિલ રહ્યા.

'ભૈસાબ, હું તમારી ગાય છું, તમે મારી સામે નહીં પરંતુ, મારી દીકરી સામે તો જુવો. મારી ઇજ્જત તમારા પગમાં છે.' આમ કહી રાજુલાલે પોતાનો સાફો લોભશંકરના ચરણમાં ધર્યો... રાજુલાલની આંખમાંથી આલ્કાઇન એટલે કે પ્યોર પાણી જેવા આંસુ ટપકી રહ્યા હતા. ગમે તેવો પથ્થરદિલ પણ પીગળી જાય.

'રાજુલાલ, લગ્નમાં કોને કોને બોલાવ્યા તેની મને યાદી આપો. આ યાદી મારે અભી ને અભી અબઘડી જોઇએ છે. યાદી નહીં મળે તો મારો છોકરો લગ્નના ફેરા નહીં ફરે અને તમે ચક્કર ચક્કર ફરવા માંડશો.'

લોભશંકરે વેવાઈને સૂકી ધમકી આપી. સૂકી ધમકીથી વેવાઈને હાર્ટએટેક આવી જાય. ભીની ધમકી આપે તો દુનિયામાંથી ઉકલી જાય.

'તમારે એ યાદીથી શું મતલબ છે? લગ્નના માંડવે થનાર ખર્ચ તો કન્યાની કેડ પર નહીં. તમારે એક કાવડિયું કાઢવાનું નથી પછી હું કાળા ચોરને આમંત્રણ આપું તો તમારે શું લેવાદેવા? ' રાજુલાલ થોડા તપી ગયા.

'રાજુલાલ, અત્યારે લગ્નમાં આમંત્રણ હોય કે ન હોય કેટલાક ખાટસવાદિયા જમવાનું ઠુંસવા માન ન માન મૈં તેરા મહેમાનની ઇસ્ટાઇલથી ઘૂસી જતા હોય છે. અમદાવાદમાં એક સેલ્સટેકસ અધિકારીના દરજ્જાના અધિકારીને લગ્નમાં ઘૂસી મફત ખાવાનો હરામ ચસ્કો લાગેલ હતો. તદન મફત જયાફત ઉડાડવાના ચક્કરમાં રંગે હાથે નહીં પણ એંઠા મોં અને હાથે ઝડપાયા હતા. જો કે, સેલ્સટેકસ અધિકારી કેટરરે જીએસટી ભરેલ છે કે નહીં તેની ચકાસણીના ઓઠા હેઠળ લગ્નમાં આવ્યા હોત તો સ્વાદિષ્ટ ભોજન ઉપરાંત સ્વાદિષ્ટ લાંચ પણ પામ્યા હોત.' લોભશંકરે મફતિયાની પોથી ખોલી.

'હઅ્ ઠીંક છે' રાજુલાલ બોલ્યા.

'શું કંકોડા ઠીક છે? તમારે ત્યાં બિન બોલાયે મહેમાન આ ધમકયા છે.' લોભશંકરે રહસ્યોદઘાટન કર્યું.

'કોણ છે? કેટલા છે? પચીસસો રૂપિયાની થ્રી કોર્સ ડિનર ડીશ છે. મારો તો ભઠો બેસી જશે.' રાજુલાલે સવાલોની ઝડી વરસાવી.

'રાજુલાલ, પેલા ખૂણામાં જુવો. કંઇ ન દેખાય તો દૂરબીન, માઈક્રોસ્કોપ,પેરિસ્કોપ, ટેલિસ્કોપ લગાવો.' લોભશંકરે હાથ લાંબો કરી વાયવ્ય ખૂણે મફત આંગતુક દેખાડયો.


'અરે એની બુનનો ધણી કરું એવું રાજુલાલ એલફેલ બબડ્યા. કન્યાનો બાપ ટેન્શનમાં માનસિક સંતુલન ગુમાવી ગમે તે બોલે. આપણે આંખ આડા કાન કરવા પડે.'

લોભશંકરે જે સ્પોટ પર લાઇટ ફેંકેલી ત્યાં શ્યામાંગના મહિષાકુમારી ગુલાબજાંબુના બાઉલમાં મોઢું નાંખી ગુલાબજાંબુ વિથ ચાસણી રાડા ખાતી હોય તેવા ચાવથી ચબડ ચબડ ચબડ ચાવતી હતી. તેના મુખમાંથી લાળ રસ ટપકીને બાઉલને પવિત્રાણામ પવિત્ર કરતો હતો. તેનો હવે પછીનો ટાર્ગેટ અંગૂરરબડી, સમોસા વગેરે વગેરે હતો. એના તરફ મહિષાકુમારી આઇ મિન ભેંસે લમણું પણ વાળેલું નહીં. એ તો ગાંગરીને શીંગડા ઉલાળતી હતી. કન્યા પક્ષ, વરપક્ષ કે ઇવન દુલ્હન કે દુલ્હાએ આમંત્રણ આપ્યા વિના સિક્યુરિટીની ઐસી કી તૈસી કરીને બિન બુલાયેલ મહેમાનની જેમ આ ભેંસને જોઇ રાજુલાલ વૃક્ષ જમીનદોસ્ત થાય તેમ ફસડાઈ પડ્યા તે હજુ કોમામાં છે.

જોકે, ઘટના સ્થળેથી ભેંસનું કાચુંપાકું દબાણ હટાવવામાં આવ્યું તે પછી જ વર-વધૂનો હસ્ત મેળાપ થયો કુર્યાત સદા મંગલમ્. ■

વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# દુલેરાય કારાણીઃ કચ્છના લોકસાહિત્યના અમર રત્ન



શ્રી દુલેરાય કારાણી પત્ની સોનબહેન સાથે

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કચ્છી ભાષા માટે મને યુવા ગૌરવ પુરસ્કાર જાહેર થયા સોંત અભિનંદનની હારમાળાઓમાં મુંબઈથી એક અલાયદો ફોન એવો આવ્યો, વડીલ શ્રી પ્રવીણભાઈ વીરાનો. એમણે સન્માન બદલ પોતાની ખુશી વ્યક્ત કરી ગદગદિત કરી દીધા. ખેર, એ વાતનો દોર તો લાંબો ચાલ્યો પણ પુસ્તકોની વાત કરતાં તેઓ બોલ્યા, દીકરી! તને ડો કાંતિ ગોર અને રવિ પેથાણી દ્વારા સંપાદિત કરેલ 'દુલેરાય કારાણી સાહિત્ય વૈભવ ગ્રંથ' કુરિયર કરું? આમેય દુલેરાયબાપાની તિથિ આવે છે. સાંભળતા વેંત જ કચ્છના મેઘાણી તરીકે ઓળખાતા બાપા વિષે લખવા મન પ્રેરાયું.

કચ્છની માવજત, સંસ્કૃતિ અને લોકસાહિત્યની અનોખી મોસમોમાં પોતાનો જેઠવાળો પ્રભાવ મૂકી, દુલેરાય કારાણી કચ્છના ગૌરવ બનીને રહ્યા. કચ્છી સાહિત્ય અને લોકસાહિત્યના રસનો અમૃત વરસાદ વરસાવી જનારા કારાણીબાપા ૨૬ ફેબ્રુઆરી ૧૯૮૯ના રોજ વિદાય લઈને સાહિત્યની રસધારમાંથી ખુદ વહી ગયા. તે સમયના કચ્છના લોકસાહિત્યની એક સ્ફુરણાપૂર્ણ યાત્રાને જાણે પૂર્ણ કરી ગયા!

કચ્છ જિલ્લાના મુંદ્રા ગામમાં ૨૬ ફેબ્રુઆરી ૧૮૯૬ના રોજ તેમનો જન્મ. દસમા ધોરણ સુધીના અભ્યાસને પૂર્ણ કર્યા પછી, તેઓએ પ્રાથમિક શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી. પરંતુ તેમનો મન તો કાવ્ય અને સાહિત્યના દરિયામાં તરતો રહ્યો. જ્યારે પણ રાત્રે અનુકૂળ તક મળી, તેમણે ઉર્દૂ, અંગ્રેજી, સિંધિ, ફારસી અને વ્રજ જેવી ભાષાઓનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. મૌલિક અને ગહન વાંચનના આ અવસરોએ તેમની અંદર સાહિત્યનું તેજસ્વી તત્ત્વ ઊભું કરી દીધું.

લોકસાહિત્ય એ માનવજાતિની મૂળભૂત પરંપરાઓ, સંસ્કૃતિ અને વિચારધારાઓનું સંકલન છે. દુલેરાય કારાણી માટે, આ પ્રાચીન પરંપરાઓને તપાસવું અને તેમને લેખિત સ્વરૂપમાં લાવવું એ તેમનો હેતુ હશે જાણે! જ્યાં તેમણે લોકકથાઓ, ગીતો, નાટકો અને વાર્તાઓ સાંભળી અને તેમને સૌજન્યપૂર્વક લખી. તેમણે પોતાની સંશોધન યાત્રાઓથી કચ્છી સંસ્કૃતિના ખજાનાને ઉઘાડી દીધા, તેમની લખાણની શક્તિએ લોકસાહિત્યમાં વૈશ્વિક સ્વીકૃતિ મેળવી લીધી. 'કારા ડુંગર કચ્છ જા' નામે તેમણે પ્રોફેસર એલ.એફ. રશબ્રુકના અંગ્રેજી ગ્રંથ 'બ્લેક હિલ્સ ઓફ કચ્છ'નો અનુવાદ આપ્યો. ગુજરાત સરકાર તરફથી ૧૯૮૧માં 'ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત આ વ્યક્તિને આજ પણ, જ્યાં કચ્છી સાહિત્યની વાત આવે છે, ત્યાં તેમનું નામ ગૌરવપૂર્વક લેવામાં આવે છે.

તેમણે કચ્છડો ચિતમેં મેં ચુણકે (કચ્છી કાફી) નામે કચ્છ પર લખી આપેલી સુંદર રચના રજૂ કરી સત સત વંદુ છું,

ભાવાનુવાદઃ ગુજરાત સાહિત્ય અકાધમી ભરાં કચ્છી ભાષાલા મુંકે યુવા ગૌરવ પુરસ્કાર જાહેર થે ભેરી જ વધાઇયું ચાલુ થિઇ વિઇયું જેમેં મુંભઈસે હિકડો આઉગો ફોન આયો, મોભી શ્રી પ્રવીણભા વીરાજો. સન્માન ભધલ ઇનીજી ખુશી વ્યક્ત કેંધે ચોપડીએંજી ગાલમેં મુંકે પુછ્યોં, ધી, તોકે ડો કાંતિ ગોર ને રવિ પેથાણીજી સંપાદિત કરલ 'દુલેરાય કારાણી સાહિત્ય વૈભવ ગ્રંથ' કુરિયર કરીયાં? હુંઇ દુલેરાયબાપાજી તિથિ અચેતિ, હી સોંણવે જ કચ્છજા મેઘાણી તરીકે ઓરંખાઇંધલ બાપા વિસે લખેજો મન થ્યો આય.

કચ્છજી માવજત, સંસ્કૃતિ ને લોકસાહિત્યજી આઉગી મોસમેંમે પિંઢજો જેઠવારો પ્રિભાવ રખંધલ દુલેરાય કારાણી કચ્છના ગૌરવ ભનીને રયા. કચ્છી સાહિત્ય ને લોકસાહિત્યજે રસજો અમૃત પાન કરાઇંધલ કારાણીબાપા ૨૬ ફેબ્રુઆરી ૧૯૮૯જો વિડાય ગિની સાહિત્યજી ધુનિયાકે સુની કરી વ્યા. હુન સમોજે કચ્છજે લોકસાહિત્યજી હિકડી ચેતનવારી જાત્રાકે જાણે પુરી કરે વ્યા!

કચ્છજે મુનરેમેં ૨૬ ફેબ્રુઆરી ૧૮૯૬જો ઇનીજો જનમ. ડસમેં પૂંઢીયા પ્રાથમિક શિક્ષક તરીકે કારકિર્દી સરૂ કેં. પ ઇનીજો મન ત કાવ્ય ને સાહિત્યજે ધરિયેમેં તરંધો રોંધો હો. જેર પ રાતજો થોરો ટેમ જુડે હિની ઉર્દૂ, અંગ્રેજી, સિંધિ, ફારસી ને વ્રજ જેડી ભાષાએંજો અભ્યાસ કરીંધા વા. મૌલિક ને ઉનો વાંચન હિનીમેં સાહિત્યજો તેજસ્વી તત્વ ઊભો કરેમેં ભાગીધાર ભન્યા.

લોકસાહિત્ય ઇ માનવજાતિજી મૂર પરંપરા, સંસ્કૃતિ ને વિચારધારાએંજો સંકલન આય. દુલેરાય કારાણીલા, હી પ્રાચીન પરંપરાકે તપાસણું ને તેંકે લેખિત સરૂપમેં રજુ કેંણું ઇ ઇનીજો હેતુ હો! ઇની પિંઢજા કિઇક વરે ભ્રમણ ને સંશોધનમેં કચ્છા નેં તે મિંજાનુ કચ્છી સંસ્કૃતિજે ખજાનેકે ઉઘાડ કયો, હી લખાણજી શક્તિજે લિધે ઇનીકે લોકસાહિત્યમેં વૈશ્વિક સ્વીકૃતિ જુડઇ. 'કારા ડુંગર કચ્છ જા' નાંલે પ્રોફે. એલ.એફ. રશબ્રુકજે અંગ્રેજી ગ્રંથ 'બ્લેક હિલ્સ ઓફ કચ્છ'જો અનુવાધ પ ડીંનોં. ગુજરાત સરકાર ભરાં ૧૯૮૧મેં 'ગૌરવ પુરસ્કાર'સે સન્માનિત હિન ઉમદા વ્યક્તિકે અજ પણ, જિત કચ્છી સાહિત્યજી ગાલ થિએ ઉત ગૌરવસે જાધ કરેમેં અચેતા. ને અંતમેં ઇનીજી 'કચ્છડો ચિતમેં મેં ચુણકે' (કચ્છી કાફી) નાંલે કચ્છતે લિખલ લાટ રચના રજૂ કરે સત સત નમન કરીયાંતિ,

*કચ્છડો ચિત્તડે મેં ચુણકે,*
*જિગર મેં ઝણઝણ તો ઝણકે-કચ્છડો.*
*ધોમ ધુખેં ને લુખું લગેં, જિત ઉત્તર તો ઝણકે,*
*મિઠડા મોંઘા મીંય વસેં ને, રાત ભિની ભુણકે-કચ્છડો.*
*તાડા જિત તા કરી તવારૂં, કોયલડી ટહુકે,*
*કૂંજડિયેં જયું અચેં કતારૂં, કારાયલ કુણકે-કચ્છડો.*
*વનરાવન મેં કેસર સીં જીં, ડગડગ તો ડણકે,*
*કારાણી ચેં કચ્છ અસાંકે, રગરગમેં રણકે-કચ્છડો.*
*વલો કચ્છડો પૂર્વી ગોસ્વામી* ■

# સદીઓ જૂની પરંપરાગત કળાને જીવંત રાખવા માટે નવી પેઢી આ કળામાં જોડાય તે જરૂરી: દ્રૌપદી મુર્મુ


(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છની બે દિવસની મુલાકાતે આવેલા ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રૌપદી મુર્મૂજીએ ભૂકંપમાં મૃત્યુ પામેલા દિવંગતોની યાદમાં ભુજના ભુજિયા ડુંગરની ગોદમાં બનેલાં સ્મૃતિવન સ્મારકની મુલાકાત લીધી હતી.

ભુજના વાયુમથક ખાતે હાજર અગ્રણીઓએ રાષ્ટ્રપતિનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ તેઓ સ્મૃતિવન સ્મારકની મુલાકાતે પહોંચ્યાં હતાં.

અહીં તેમણે વૃક્ષારોપણ કરીને પર્યાવરણના જતનનો સંદેશ આપી, સ્મૃતિવન મેમોરિયલની વિવિધ સાત જેટલી ગેલેરીઓ નિહાળી જીવનની ઉત્પત્તિ અને માનવ જીવનના ક્રમિક વિકાસ સાથે ભૂકંપ જેવી આપદાઓ અંગે જાણકારી મેળવી હતી.

આ સાથે કચ્છને તારાજ કરનારા ઈ.સ ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપ બાદ કેવી રીતે ભાંગેલું કચ્છ ફરી બેઠું થયું તે અંગેની વિગતોથી તેઓ માહિતગાર થયાં હતાં.

તેમણે વિશ્વના સૌથી મોટા ભૂકંપ સિમ્યુલેટર પર ભૂકંપના કૃત્રિમ આંચકાનો પણ અનુભવ કર્યો હતો.

ત્યાર બાદ ભુજથી તેઓ હેલિકોપ્ટરમાં ધોરડો ખાતેના સફેદ રણમાં પહોંચ્યા હતાં. અહીં તેમણે પરંપરાગત કચ્છી કલા અને કસબ સાથે જોડાયેલાં કારીગરો સાથે સંવાદ સાધી તેમની કૃતિઓને રસપૂર્વક નિહાળી હતી. તેમણે કચ્છી રોગાન આર્ટ, મડ વર્ક, ભરત કામ અને વણાટ કામ સહિતની કારીગરીનું રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું અને કચ્છી કારીગરી સાથેની હસ્તકળાની વસ્તુઓના વિવિધ સ્ટોલ્સની મુલાકાત કરી હતી.

કારીગરો સાથે સંવાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે, વર્ષોથી સચવાયેલી આ પરંપરાગત કળા જીવંત રાખવા માટે આવનારી પેઢીએ પણ આ કળા શીખીને તેમાં જોડાવવું જરૂરી છે. રાષ્ટ્રપતિએ કચ્છી રોગાન આર્ટ સાથે આઠ પેઢીથી જોડાયેલા કારીગર એવા પદ્મશ્રી અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અબ્દુલગફુર ખત્રીએ રોગાન આર્ટના ઇતિહાસથી વાકેફ કરી શ્રીમતી દ્રૌપદી મુર્મુને રોગાન આર્ટથી બનેલા ટ્રી ઑફ લાઈફ - કલ્પવૃક્ષની ફ્રેમ સ્મૃતિચિહ્ન સ્વરૂપે ભેટ આપી હતી.

દરમ્યાન, પ્રવાસના છેલ્લા તબક્કામાં રાષ્ટ્રપતિએ ૫૦૦૦ વર્ષ પુરાણા પ્રાચીન નગર ધોળાવીરાની મુલાકાત કરી હતી. અહીં તેમણે મ્યુઝિયમ ઉપરાંત પ્રાચીન સિંધુ સંસ્કૃતિને ઉજાગર કરતી ધોળાવીરા સાઈટ પર જઈને હજારો વર્ષના ઇતિહાસ વિશે માહિતી મેળવી હતી. ■

# ભાવનગરથી સુરત સમુદ્રીમાર્ગે કાચુ દૂધ મોકલવાના ઐતિહાસિક કાર્યનો પ્રારંભ



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના ઘોઘાથી સુરતના હજીરા ખાતે કાચા દૂધને જળમાર્ગે પહોંચાડવાના ક્રાંતિકારી કાર્યનો પ્રારંભ થયો હતો. દૂધ ઉત્પાદકોની સંસ્થા માહી ડેરી દ્વારા સૌરાષ્ટ્રના દૂધને સમુદ્રી માર્ગે દક્ષિણ ગુજરાત પહોંચાડવાનું શરૂ કરાતા દૂધ પરિવહન ક્ષેત્રે ઇતિહાસ રચાયો હતો. આ ઐતિહાસિક કાર્યથી સમયમાં બચત અને પરિવહન ખર્ચમાં તો ઘટાડો થશે જ, પરંતુ તેની સાથે સાથે કાર્બન ઉત્સર્જન ઘટતાં પર્યાવરણનું પણ રક્ષણ થઇ શકશે. આત્મનિર્ભરતા અને ડિજિટલાઈઝેશન ક્ષેત્રે ઊંચી ઉડાન ભરીને માહી ડેરીએ અન્યો માટે રાહ ચિંધ્યો છે. ભાવનગરના ઘોઘાથી સુરતના હજીરા ખાતે કાચા દૂધને જળમાર્ગે પહોંચાડવાના ક્રાંતિકારી કાર્યનો તા.૧ માર્ચના રોજ એન.ડી.ડી.બી.ના ચૅરમૅન ડૉ. મીનેશ શાહના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

દૂધને જળમાર્ગે સુરત પહોંચાડવાના આ કાર્ય અંતર્ગત સમયની બચત સાથે દૂધ ઝડપથી પહોંચતા તેની ગુણવત્તા પણ વધુ સારી રાખી શકાશે. શનિવારે પ્રથમ દિવસે એક ટેન્કર દ્વારા ૩૦ હજાર લિટર દૂધ રો રો ફેરી સર્વિસ દ્વારા રવાના કરવામાં આવ્યું હતું. ■

# અમરેલીમાંથી પસાર થતી રેલવે લાઈન ઉપર ૯૫ કરોડના ખર્ચે ફોર લેન ઓવરબ્રિજ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલીમાં નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતી રેલવે લાઈનને કારણે રોડ પર ભારે ટ્રાફિક સમસ્યા સર્જાતી હતી. ટ્રાફિકના કારણે લોકોને પોતાના સ્થાને પહોંચવા માટે સમય લાગતો હતો, જેના કારણે લોકોએ આ રેલવે લાઈન પર બ્રિજ બનાવવા માગ કરી હતી.

આ સમસ્યા ઉકેલવા માટે અમરેલીના નગરજનો અને વેપારીઓની માગ આધારે વિધાનસભાના નાયબ દંડક અને ધારાસભ્ય કૌશિક વેકરિયાએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને આ સમસ્યાનું નિરાકરણ કરવા રજૂઆત કરી હતી. ધારાસભ્યની રજૂઆતને પગલે મુખ્ય પ્રધાને આ સમસ્યા ઉકેલવા ખાતરી આપી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના હેઠળ ૧૦૦ ટકા રાજ્ય સહાય અન્વયે આ લાઇન પર ચાર માર્ગીય ઓવરબ્રિજ બનાવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. આ કામ માટે રાજ્ય સરકારે કુલ રૂપિયા ૯૫ કરોડ ૧ લાખથી વધુ રકમની મંજૂરી આપી છે. જેથી આગામી દિવસોમાં ફોર લેન ઓવરબ્રીજનું કામ હાથ ધરાશે. ■



રાજકોટમાં કેવડા વાડી મેઈન રોડ પર સ્પીડબ્રેકરના કારણે બાઈક વીજપોલ સાથે ધડાકાભારે અથડાયું હતું જેમાં એક સગીરનું મૃત્યુ થયું હતું. (તસવીર: પ્રવીણ સેદાણી, રાજકોટ)

# જામનગરમાં એરપોર્ટથી પાઈલોટ બંગલા સુધી વડા પ્રધાન મોદીનો રોડ શો યોજાયો: જામસાહેબની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન મોદી બુધવારે રાત્રે જામનગર પહોંચ્યા હતાં. એરપોર્ટથી પાઇલોટ બંગલા સુધી તેમનો રોડ શો યોજાયો હતો. વડા પ્રધાનને આવકારવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યાં હતાં. એરપોર્ટથી લોકોનું અભિવાદન ઝીલીને વડા પ્રધાન પાઇલોટ બંગલા ખાતે પહોંચ્યા હતાં અને જામસાહેબ શત્રુશલ્યસિંહજીને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

વડા પ્રધાનની જામનગર મુલાકાતને લઈને વહિવટી સજ્જ થઈ ગયું હતું. જામનગર એરપોર્ટથી સર્કિટ હાઉસ સુધી વિશેષ કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો. સર્કિટ હાઉસમાં પણ એસપીજી કમાન્ડોની લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે આગમન થતાં મહાનુભાવો દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડા પ્રધાનના સ્વાગતમાં મંત્રી રાઘવજી પટેલ તથા મુળુ બેરા, સાંસદ પૂનમબેન માડમ સહિત ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

વડા પ્રધાન મોદી જામનગરમાં સર્કિટ હાઉસ ખાતે રાત્રે રોકાણ કરશે. રવિવારે બપોરે સુધી વનતારાની મુલાકાત લેશે. ત્યાર બાદ ગીર સોમનાથ ખાતે ગીર સોમનાથ તાલુકાના સ્થાનિક કાર્યકર્તાઓ, ભાજપના આગેવાનો સાથે શુભેચ્છા મુલાકાત કરશે. સાંજે સાસણગીર ખાતે આયોજિત વન વિભાગની કોન્ફરન્સમાં હાજરી આપશે. સાસણગીર ખાતે આવેલા સિંહ સદનમાં રાત્રિ રોકાણ કરશે. સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરે ભગવાન શિવની આરતી, પૂજન અને દર્શન કરી રાજકોટ એરપોર્ટ પર ભાજપના આગેવાનો સાથે બેઠક કરશે. ■

# આરટીઇ માટે સિંગલ ગર્લ ચાઇલ્ડ સર્ટિફિકેટ લેવા રાજકોટ મનપામાં ધસારો; ૨૦૨ સર્ટિ.ઇસ્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાપાલિકા દ્વારા આરટીઇ હેઠળ પ્રવેશ માટે સિંગલ ગર્લ ચાઇલ્ડ સર્ટિફિકેટ આપવાનું શરૂ કરાયાના પ્રથમ દિવસે ૨૦૨ સર્ટિફિકેટ ઇસ્યુ કરાયા હતા, દરમિયાન સવારથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં ફરી અરજદારોની લાંબી લાઇન લાગી છે. મહાપાલિકા દ્વારા જો ત્રણેય ઝોનલ કચેરીમાંથી આ સર્ટિફિકેટ આપવાનું શરૂ કરાય તો અરજદારોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવામાંથી મુકિત મળી શકે છે.

રાજકોટ મહાપાલિકા દ્વારા રાઇટ ટુ એજ્યુકેશન માટે એક માત્ર દીકરી હોવાનું સર્ટિફિકેટ આપવાનું શરૂ કરાયું છે અને આ અંગેની કામગીરી આગામી તા.૧૨ માર્ચ સુધી ચાલુ રહેશે ત્યાં સુધીમાં વાલીઓને સવારે ૧૦૩૦થી સાંજે ૬ સુધીમાં સર્ટિફિકેટ મેળવી લેવા અનુરોધ કરાયો છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નબળા વર્ગના બાળકોના શિક્ષણ અર્થે શાળા પ્રવેશ અર્થેના રાઇટ ટુ એજયુકેશન (આરટીઇ) હેઠળ જૂન ૨૦૨૫ના સત્રના પ્રથમ ધોરણના પ્રવેશ અર્થેની જાહેરાત થયેલ છે. જેમાં જે માતાપિતાને ફક્ત એક માત્ર દીકરી હોય તેઓને પ્રથમ ધોરણમાં પ્રવેશમાં અગ્રતા આપવાની જાહેરાત થઈ છે. ■

# રાજકોટ જિલ્લાના ૧૦૮ વિસ્તારો ૩૦મી એપ્રિલ સુધી નો ડ્રોન ઝોન જાહેર: અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ૧૦૮ વિસ્તારોને નો ડ્રોન ઝોન જાહેર કરવામાં આવ્યાં છે. આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.કે. ગૌતમએ જાહેરનામું પ્રસિદ્ધ કરી સરકારી કચેરીઓ, સબ સ્ટેશનો, મંદિર-મસ્જિદ, જળાશયો વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ સહિતના આ ૧૦૮ વિસ્તારોમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન, અથવા એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રિમોટ કંટ્રોલ, માઈક્રોલાઈટ, એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો.

રાજકોટ જિલ્લાના નો ડ્રોન ઝોન જાહેર કરાયેલા આ વિસ્તારોમાં એસસીએ ક્રિકેટ સ્ટેડીયમ, જલારામ મંદિર વિરપુર, ખોડલધામ મંદિર કાગવડ, છાપરવાડી ડેમ જેપુર, રાણીંગપુર ડેમ (તા.જસદણ) ગેલી અંબે મંદિર ભાડલા, મોજ ડેમ મોજીરા, વેણુ ડેમ, ઉપલેટા, ફુલઝર ડેમ ઉપલેટા, ઓલ ઈન્ડીયા રેડીયો સ્ટેશન તરઘડી, ન્યારી ડેમ રંગપર, આજી-૩ ડેમ, આઈઓસી પાઈપલાઈન પડધરી, ઈશ્વરીયા ડેમ, ન્યારીડેમ, ભાદર ડેમ તેમજ સબ જેલ ધોરાજી, સ્વામિનારાયણ મંદિર ફરેણી, ભાદર નદી નવાગઢ સહિતનો સમાવેશ કરાયો હતો.

ડ્રોન અંગેનું આ જાહેરનામું આગામી ૩૦ એપ્રિલ સુધી અમલમાં રહેશે. તેનું ઉલ્લંઘન કરનારા સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.આ જાહેરનામા ઉપરાંત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.કે. ગૌતમએ અન્ય આઠ જાહેરનામા પણ ધડાધડ પ્રસિધ્ધ કરી પ્રતિબંધાત્મક આદેશ કર્યો હતો. જેમાં જિલ્લામાં ફેઈલ ગયેલા કૂવા અને બીનજરૂરી ખુલ્લા બોર બંધ કરવા, ટિફિન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાઇકલ તેમજ ટુ-વ્હિલર ફોર વ્હિલર વાહન બિનવારસી મુકવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો.

તે ઉપરાંત મોબાઈલ ફોન અને વાહનોનું વેચાણ કરનારા વેપારીઓને જે તે ગ્રાહકનું પૂરેપૂરું નામ-સરનામું ફોટો આઈડી પ્રૂફ ફરજિયાત મેળવવા, મોબાઈલ સીમકાર્ડનું રજિસ્ટર નિભાવવા તેમજ ધાડ, લૂંટ ચોરીના ગુનાઓને અટકાવવા માટે હોટલો, સિનેમા હોલ, મોટા મંદિરો, જવેલર્સની દુકાનો, તથા હોસ્ટેલો પર બિલ્ડીંગની અંદર તેમજ જાહેર રોડને કવર કરે તે રીતે સારી કવોલિટીના સીસી ટીવી કેમેરા લગાવવા આદેશ કર્યો હતો. ■

# રાજકોટની શાંતિ હૉસ્પિટલને પીએમજેવાય યોજનામાંથી છ મહિના માટે સસ્પેન્ડ કરાઈ: ૨૩.૧૫ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની શાંતિ મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલને પીએમજેવાય યોજનામાથી છ મહિના માટે સસ્પેન્ડ કરી દેવાઈ હતી. આ યોજનામાં કરેલા ગોટાળા બદલ રૂ.૨૩.૧૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સાત દિવસમાં દંડની રકમ ભરપાઇ નહીં થાય તો વધુ કડક પગલાંના નિર્દેષ અપાયા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટની શાંતિ મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલમાં પીએમજેવાય યોજનાના લાભાર્થી દર્દીઓ દાખલ થાય ત્યારે તેમને રૂ.૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આપવાની હતી. ગત તા.૬ જાન્યુઆરીએ મનપાની આરોગ્ય વિભાગની ટીમે તથા તેના પહેલા ૧૯ ઓક્ટોબરે વીમા કંપનીની ટીમે વિઝિટ કરી તો હૉસ્પિટલ દ્વારા આ યોજના અંતર્ગતના કેટલાક નિયમોમાં ગેરરીતિ કરી હોવાનું જણાયું હતું. આરોગ્યની ટીમ અને વીમા કંપનીએ કરેલા રિપોર્ટ બાદ અધિક નિયામક તબીબી સેવાએ શાંતિ હૉસ્પિટલને છ મહિના માટે યોજનામાંથી સસ્પેન્ડ કરી દીધી હતી.



રાજકોટની શાંતિ મલ્ટી સ્પેશિયાલિસ્ટ હૉસ્પિટલને ગેરરીતિ બદલ પીએમજય યોજનામાંથી સસ્પેન્ડ કરાઈ હતી, હૉસ્પિટલને ૨૩.૧૫ લાખનો દંડ પણ ફટકારાયો હતો. (તસવીર: પ્રવીણ સેદાણી, રાજકોટ)

હૉસ્પિટલને આ યોજનામાથી સસ્પેન્ડ કરવાના કારણોમાં હોમ પોર્ટલ પર રજિસ્ટર થયેલા ડોક્ટર વિઝિટ દરમિયાન હાજર નહોતા, જીપીસીબીનું સર્ટિફિકેટ એક્સપાયર હતું અને રિન્યુ કરવા માટે કોઇ અરજી કરાઇ નહોતી, હૉસ્પિટલ દ્વારા બ્લડ રિપોર્ટની પ્રિન્ટમાં પણ ગોટાળા કરાયા હતા, એક્સ-રે મશીન જનરલ વોર્ડમાં જોવા મળ્યું હતું, દર્દીને કેશલેસ સારવાર આપવાની હતી તેના બદલે દર્દી પાસેથી રૂ.૧૪૯૦૦ ઉઘરાવતા હોવાનું પણ ખુલ્યું હતું.

આ તમામ ગેરરીતિ બાબતે ૧૯ ઓક્ટોબરે હૉસ્પિટલને નોટિસ અપાઈ હતી, જેમાં એ બાબત પણ ધ્યાને આવી હતી કે જે તબીબનું નામ પોર્ટલમાંથી હટાવી દેવાયું હતું તેના દ્વારા ૨૪ સર્જરી કરવામાં આવી હતી. આ તમામ બાબતોને ધ્યાને લઇને હૉસ્પિટલને કુલ ૨૩.૧૫ લાખનો દંડ ફટકાર્યો હતો. ૭ દિવસમાં ભરપાઇ નહીં કરાય તો વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

# નવી મુંબઈથી કન્ટેનર ટ્રેઈલર મારફતે કચ્છ આવી રહેલા ૬૭ લાખના બિયરના જથ્થાને સુરત પાસેથી સ્ટેટ મોનિટરિંગ સેલે ઝડપી પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં માદક પદાર્થોની ચિંતાજનક રીતે વધી રહેલી બદી વચ્ચે દેશની આર્થિક રાજધાની મુંબઈથી ૬૭ લાખનો બિયરનો જથ્થો ભરીને ગાંધીધામ તરફ આવી રહેલા કન્ટેનર ટ્રેઇલરને સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ સુરત પાસેથી ઝડપી લઇ, કુલ રૂા.૧,૦૨,૩૩,૧૫૬ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવા સાથે લખપતના પાનધ્રોના એક શખ્સને અટકમાં લીધો હતો.

આ કાર્યવાહી અંગે પોલીસે આપેલી માહિતી મુજબ, મુંબઈથી કચ્છ બિયરનો જથ્થો ડિલિવર કરવા એક કન્ટેનર ટ્રેઇલર આવી રહ્યું હોવા અંગે તેમની ટુકડીને મળેલી પૂર્વ બાતમીના આધારે સુરતથી ભરૂચ તરફ જતા ધોરીમાર્ગ પર ચોર્યાસી ટોલ પ્લાઝા નજીક વૉચ ગોઠવવામાં આવી હતી. આ દરમ્યાન ત્યાંથી પસાર થઇ ટ્રેઈલરને અટકાવવામાં આવ્યું હતું. વાહનમાં હાજર ગણપતસિંહ ભીમસિંહ રાઠોડે તેના ટ્રેલરમાં સિન્થેટિક ફાઈબર હોવાનું જણાવ્યું હતું. એસએમસીએ હ્યુન્ડાઈ લખેલા કન્ટેનરમાં તપાસ કરતાં અંદરથી ભારતીય બનાવટના અંગ્રેજી પ્રકારના બિયરનાં કુલ ૫૨૫૩૭ ટીન કિં.રૂા.૬૭,૨૪,૭૩૬ મળી આવ્યાં હતાં.

અટકમાં લીધેલા ગણપતસિંહે પોલીસને પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા દોઢ-બે માસથી ગાંધીધામના જયરાજસિંહ પુનાજી સોઢાનું ટ્રેઈલર ચલાવે છે અને જયરાજસિંહે નવી મુંબઈથી આ કન્ટેનરને ગાંધીધામ લઈ આવવા જણાવ્યું હતું. બાદમાં એક અજાણ્યા શખસે બિલ્ટી પણ આપી હતી, જે પછી પોર્ટમાં નો-એન્ટ્રીનો સમય પૂર્ણ થયા બાદ ટ્રેઈલર લઈને ગાંધીધામ આવવા નીકળ્યો હતો.

પોલીસે બિયરનો જથ્થો તેમ જ ટ્રેઈલર કિં. રૂા. ૩૫,૦૦,૦૦૦, એક ૫૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન, રોકડા રૂા.૩૪૨૦ અને કેટલાક દસ્તાવેજો સહિત કુલ રૂા.૧,૦૨,૩૩,૧૫૬નો મુદ્દામાલ કબજે કરવાની સાથે અન્ય આરોપી જયરાજસિંહ ઉપરાંત બે અજાણ્યા આરોપીઓ સામે ફરિયાદ નોંધી હતી. ■

# ભાવનગરમાં બાવળની કાટમાંથી નવજાત શિશુ જીવિત અવસ્થામાં મળી આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)


(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર: શહેરના ટોપ થ્રી સર્કલ નજીક આવેલ ડી માર્ટ પાછળ બાવળની કાંટમાં એક નવજાત શિશુ મળી આવ્યું હતું. પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના ટોપ થ્રી સર્કલ નજીક આવેલ ડી માર્ટ પાછળની શિવમ અમૃત સોસાયટી સામેના ભાગે આવેલ બાવળની કાંટમાં આજે વહેલી સવારે એક નવજાત શિશુ જોળીમાં લટકતી હાલતે મળી આવતા સ્થાનિકો દ્વારા પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક દોડી ગઈ હતી અને તપાસ કરતા નવજાત શિશુ જીવિત અવસ્થામાં હોય તેને સારવાર અર્થે સર ટી. હૉસ્પિટલ ખસેડાયું હતું. હાલ આ શિશુને એન.આઇ.સી.યુ. વોર્ડમાં દાખલ કરવામાં આવેલું છે. આ બનાવ અંગે ભરતનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# અબડાસામાં ટ્રક ચાલકો માટે બૉગસ ડ્રાઈવિંગ લાઇસન્સ ઈસ્યૂ કરવાના કૌભાંડનો એસઓજીએ પર્દાફાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અબડાસા તાલુકાના અંતરિયાળ વિસ્તારના ઓછું ભણેલા યુવાનો પાસેથી રૂપિયા મેળવીને તેમને ભુજ આર.ટી.ઓ. કચેરીના બૉગસ હેવી ડ્રાઇવિંગ લાઇસન્સ ઈસ્યૂ થતાં હોવાના કૌભાંડનો પશ્ચિમ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે પર્દાફાશ કરી, આ પ્રકરણના માસ્ટરમાઈન્ડ એવા દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના જીતેન્દ્ર દત્તાત્રેય ચૌધરી ઊર્ફે પિન્ટુ નામના શખ્સને દબોચી લીધો હતો. આરોપીએ અન્ય કેટલા લોકોને લાયસન્સ ઇસ્યુ કર્યા છે. તે સહિતની વિગતો માટે દસ દિવસના રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજુ કરીને ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

અબડાસામાં આવેલી અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાં માલ સામાનનું પરિવહન કરતાં અબડાસાના વિવિધ ગામના ૧૪ જેટલા ટ્રકચાલકો પાસે બૉગસ હેવી ડ્રાઈવિંગ લાઇસન્સ હોવાની એસઓજીને મળેલી નામજોગ બાતમીના આધારે બે દિવસ અગાઉ તમામ ૧૪ ટ્રક ડ્રાઈવરોને ડ્રાઈવિંગ લાઇસન્સ સાથે વાગોઠ ચેક પોસ્ટ ખાતે બોલાવ્યા હતા. એસઓજીએ 'એમ-પરિવહન' પોર્ટલ પર ડ્રાઈવિંગ લાઇસન્સના નંબર અને જન્મ તારીખની ઑનલાઈન ચકાસણી કરતાં તેમાં ઘણી વિસંગતતા જોવા મળી હતી.

આ લાઇસન્સ પીન્ટુભાઇ નામની વ્યક્તિ પાસેથી વાગોઠ ગામના ફરદીન અલીમામદ સુમરા અને ઈરફાન હારૂન કેર, વલસરા ગામના જુમા હારૂન મિયાંજી અને ઇસ્માઈલ ઇબ્રાહિમ દરાડ, મોકરશીવાંઢના સલીમખાન મોકરશી અને વાડાપધ્ધરના વચેટિયાઓ મારફતે બનાવ્યા હોવાનું અને ગૂગલ પેથી પીન્ટુભાઇને પેથી અને વચેટિયાઓના મારફતે રૂપિયા ચુકવીને બનાવ્યા: હોવાનું પોલીસ સમક્ષ કબૂલ્યું હતું. ■